गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजरातनी कॉपीराइट विभाग]

अनुक्रमांक ૫૮૯૩ वर्गांक

पुस्तकनुं नाम કેળવણી અંગે પત્રોનો ખુલાસો

विषय ૫૬·૨૩૬૩:૯

COMMENTARY

ON

S. PAUL'S EPISTLE TO THE

PHILIPPIANS

BY

J. F. STEELE, M. A., B. D

ફિલિપ્પીઓને

લખેલા પાઉલ પ્રેરિતના પત્રનો

ખુલાસો.

કર્તા

રેવ. જે. એફ. સ્ટીલ, એમ. એ., બી. ડી.

સુરત:

આયરિશ મિશન પ્રેસમાં એચ. આર. સ્કોટે છાપ્યો.

૧૯૧૪

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
૫૦૧૩

PRINTED AND PUBLISHED FOR THE GUJARAT TRACT AND BOOK SOCIETY
BY H. R. SCOTT, AT THE MISSION PRESS, SURAT

રૂમમાં કેદી રહીને પાઉલ પ્રેરિતે જે ચાર પત્રો લખ્યા તેમાં આજ પત્રનો ગુજરાતી ખુલાસો બાકી રહેલો હતો, તે પ્રસિદ્ધ કરતાં એટલુંજ જણાવવું દુરસ્ત લાગે છે કે આગલા ખુલાસાઓમાં જાહેર કરેલી પદ્ધતિ મુજબ આ પણ તૈયાર કર્યો છે. ડા. લાઇટ્ફુટ, ડા. વિન્સૅંટ તથા ડા. કૅનેડીનાં ભાષ્યો વિશેષ ઉપયોગી જણાયાં છે, પરંતુ તે સિવાય અન્ય પ્રખ્યાત અંગ્રેજ ટીકાકારોનાં પુસ્તકો વાંચી આ પત્રનો સપ્રમાણ અર્થ ગુર્જર શાસ્ત્રાભ્યાસીઓ સમક્ષ રજુ કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે. સદરહુ પુસ્તકોની ખોટ પૂરી પાડવાની ડા ટેલરે તથા રેવ. એચ. માર્ટિને વારંવાર કૃપા કરી છે, તે માટે એ સાહેબોનો ઘણોજ આભારી છું.

આનો પણ હસ્તલેખ તપાસવાનો શ્રમ લઇને મી. ઓબેદ તળસીભાઇએ ભાષાને લગતી કિમતી સૂચનાઓ કરી છે, તેમ ડા. એચ. આર. સ્કૉટ સાહેબે છાપવામાં અસાધારણ સગવડ કરી આપી છે, તેથી તેમનો અંતઃકરણપૂર્વક ઉપકાર માનવો આવશ્યક છે.

J. F. S.

અનુક્રમણિકા.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી	અશુદ્ધ.	શુદ્ધ.
૯	૩	છે,	છે.
૧૪	૪	સીથઓ	સાથીઓ
,,	૧૯	ખુલાસો	ખુલાસો
૨૨	૨૦	માને	માને.
૨૪	૧૨	પ્રમના	પ્રેમના
૩૮	૨૭	નિષ્યક્ષપાતી	નિષ્પક્ષપાતી
૩૯	૫	યોય	યોગ્ય
૪૧	૧૫	પ્રેમે ભરી	પ્રેમભરી
૪૪	૧	ખુલાસો	ખુલાસો.
૫૬	૧	મારા	મારાં
૬૬	૩	દેહમાન	દેહમાંના
૭૮	૧૯	જુદી જુદી	જુદાં જુદાં
૮૧	૨૦	સમજીને	સમજીને નીચે મુજબ અર્થ કરે છે
૮૯	૨૨	સર્વનામ	સર્વ નામ
૯૨	મથાળું	૨, ૧૧, ૧૨	૨; ૧૨.
૯૮	૧૮	(ઇ)	(ઈ)
૧૦૯	૧૯	આહિ	અહિ
૧૧૭	૪	નાખનારઓને	નાખનારાઓને
,,	૨૧	બોધકોને	બોધકોને
૧૩૩	૨૫	આધિક	અધિક
૧૩૭	૬	અદૃષ્ય	અદૃશ્ય
૧૪૩	૧૫	ટીકાકરો	ટીકાકારો
૧૪૪	૩૧	અર્થનો	અર્થના
૧૫૧	૧૩	કરી "	કરી ")
૧૫૬	૮	અહકારી	અહંકારી
૧૫૭	૩૨	જાતો	જોતો

પ્રસ્તાવના.

ફિલિપ્પી શહેર તથા તેના પ્રદેશ વિષે.

ગયે વરસે યુરોપખંડના અગ્નિ કોણમાં દારૂણ યુદ્ધ મચી રહ્યું હોવાથી વાચકવૃંદનું ધ્યાન બાલ્કન પર્વતના પ્રદેશ તરફ ખેંચાયુ હતુ. એ પહાડી મુલકના શૂરા લોકનો જે લડાયક સ્વભાવ અત્યારે જગપ્રસિદ્ધ થયો છે તે આજકાલનો નથી. જ્યારથી એ પ્રદેશ પર ઐતિહાસિક પ્રકાશ પડયો છે ત્યારથી ત્યા આગળ યુદ્ધોથી થયલી રાજ્યોની ચઢતી પડતી દૃષ્ટિગોચર થાય છે. એ પ્રદેશની હદ પર ફિલિપ્પી શહેર આવેલુ હતુ માટે ત્યાંના ઇતિહાસની કેટલીક મુખ્ય બિનાઓ અત્રે ધ્યાનમાં લેવાની આવશ્યક્તા દીસે છે.

બાલ્કન પર્વતોના અગ્નિકોણમાં આવેલા પાંગેઅસ નામના પહાડના ઢોળાવમાં ફ્નીકી લોકોએ પુરાતન કાળમાં સોનાની ખાણો શોધી કાઢી હતી તેમાંથી કાળાનુક્રમે વિવિધ જાતના લોકો દ્રવ્ય ખોદી કાઢતા. એ ખાણો પાસે પર્વતમાથી પાણીના ઝરાઓ ફુટી નીકળતા તેનુ પાણી ગાંગીટેસ નામની જે નાની નદી ડ્રામાના મેદાનમાં થઇને સ્ત્રુમોન નદીને મળતી તેમાં વહી જતુ. એ ઝરાઓ પાસે ખાણુ ખોદાવનારાએ કેટલાંક નાના પરાં બાધ્યાં હતાં તે "ક્રેનીડેસ" (એટલે "નાના ઝરાઓ") એ નામે ઓળખાતાં. આસરે ઇ. સ. પૂ. ૩૬૦માં નીઆપોલીસ આગળ આવેલા થાસૉસ બેટથી કેટલાક લોકો સોનુ ખોદી કાઢવાને માટે ત્યાં ગયા હતા, પરતુ થ્રેસના પહાડી લોકો વારવાર આવીને ખાણોમાંથી કાઢેલુ દ્રવ્ય લુટી લેતા તેથી મજકુર થાસૉસવાસીઓએ પશ્ચિમ દિશાએ આવેલા માકેદોનીઆ રાજ્યના ભૂપતિ ફિલિપને (ઇ. સ. પૂ. ૩૬૦–૩૩૮) પોતાનું દુઃખ જણાવીને તેની મદદ માગી. ફિલિપે લશ્કર સહિત આવીને થ્રેસીઓનો પરાજય કરી તેમનો ભય દૂર કર્યો, પરતુ મર્કટ ન્યાયની રૂએ વર્તીને તેણે એ જગ્યા પચાવી પાડીને પોતાના રાજ્યમાં ઉમેરી, ને ક્રેનીડેસ આગળ ગઢ બાંધીને પોતાના સ્મરણાર્થે તે જગ્યાનુ નામ ફિલિપ્પી પાડયુ. હેમસ નામના હારબધ પર્વતો તથા પાંગેઅસ પર્વત વચ્ચેની ખીણમાં થઇને સમુદ્ર ભણી જવાનો માર્ગ હતો ત્યાં આગળ આ ગઢ બાંધવામાં આવ્યો. ખાણમાથી ફિલિપને એક હજાર તાલંત જેટલી વાર્ષિક ઉપજ થતી, એથી તે પોતાના લશ્કરનો ખરચ નિભાવતો એમ ઇતિહાસકારો જણાવે છે.

ફિલિપના મરણ પહેલાં તેણે પોતાની યુદ્ધકળાએ કરીને આખા ગ્રીસ દેશનો માકેદોનીઆ રાજ્યમાં સમાવેશ કર્યો હતો. તથાપિ તેના પુત્ર આલેકસાંદરે પિતાના પરાક્રમને કોરે મૂકાવે એવી બહાદુરી દર્શાવી ઠેઠ હિન્દુસ્તાન સુધી અપૂર્વ

વિજયી કુચ કરીને "મહાન સિકંદર" એવુ પોતાનું કીર્તિસૂચક નામ જગતના ઇતિહાસરૂપી સ્મારકસ્તંભપર કોતરી કાઢ્યુ. તેનુ મરણુ ઇ. સ પૂ ૩૨૩ માં થયુ તે પછીનાં હુલ્લડોમાં આલેકસાદરે મળવેલુ મહારાજ્ય વિભાગેલુ થઇ તેના કેટલાક સેનાપતિઓ મધ્યે વહેંચાયુ. અને માકેદોનીઆ, સિરીઆ તથા મિસર એ ત્રણુ મુખ્ય વિભાગો વિવિધ રાજ્યકર્તાઓના હાથમા રહ્યા.

ઇ. સ. પૂ. ૨૧૫મા ફિલિપ નામે માકેદોનીઆનો એક રાજા હતો તેણે કાર્થેજના હાન્નીબાલ, જે રૂમનો કટ્ટો શત્રુ હતો, તેની સાથે કોલ કરાર કર્યો. એનું પરિણામ એવુ નીપજ્યુ કે રૂમી લશ્કરે માકેદોનીઆ પર ચઢાઇ કરી. જો કે ઇ સ. પૂ. ૨૦૫ માં સુલેહ કરવામા આવી તો પણુ લડાઇ ફરીથી જાગી ઉઠતાં (ઇ. સ. પૂ. ૧૯૭) માકેદોનીઆના લશ્કરનો ધાણુ વાળવામાં આવ્યો ને ફિલિપ રાજા પદભ્રષ્ટ થયો. તેના દીકરા પેર્શીઅસે રૂમના એક ખંડિયા રાજા સાથે લડાઇ કરી તેથી માકેદોનીઆનો ત્રીજો વિગ્રહ શરૂ થયો (ઇ. સ. પૂ. ૧૭૧). એને પરિણામે માકેદોનીઆના જુના રાજ્યનો સમૂળગો નાશ કરવામા આવ્યો. રૂમીઓએ તે રાજ્યના ચાર વિભાગ કરીને દરેકમા પ્રજાસત્તાક રાજ્ય સ્થાપ્યુ, તે વળી એવી સરતથી કે સદરહુ ચાર પ્રજાસત્તાક રાજ્યો વચ્ચ કોઇ પ્રકારની સંધિ ન કરવી. પરતુ એ નવા રાજ્યોમાં રૂમીઓ વિરૂદ્ધ હિલચાલ થયાને લીધે રૂમીઓએ ઇ. સ. પૂ. ૧૪૬ માં કરીથ શહેરને આગ લગાડી ભસ્મ કરી નાખ્યુ, ને પછી તમામ મુલક પોતાને તાબે કરી લઇ દક્ષિણુમા આખાયા ને ઉત્તરમાં માકેદોનીઆ એ બે રૂમી પ્રાંતની વ્યવસ્થા કરી.

રૂમી સામ્રાજ્યના છત્ર તળે આવવાથી માકેદોનીઆમા જે શાંતિ પ્રસરી તે ઇ. સ. પૂ. ૪૨ માં રૂમીઓથીજ ભગ થઇ. તે સમયે (જુલીઅસ કાઇસારના મરણુ પછી) કાઇસારના સાથીઓ તથા પ્રજાસત્તાક રાજ્યના પક્ષકારો રૂમની રાજ્યસત્તા મેળવવાને અર્થે બાથ ભીડતા હતા. પ્રજાસત્તાક સૈન્ય બ્રુટસ તથા કાશીઅસની સરદારી હેઠળ હતું ને કાઇસારની પદ્ધતિને ટેકો આપનારા લશ્કરના સેનાપતિઓ ઑક્ટેવીઆનસ તથા માર્કસ આંટોનીઅસ હતા. એ બે રૂમી લશ્કરો વચ્ચે ફિલિપ્પી આગળ મોટી તથા પ્રખ્યાત લડાઇ થઇ. યુદ્ધને પહેલે દહાડે કાશીઅસ મરાયો પરતુ બને પક્ષનું સમાન બળ જણુાયાથી કોઇની હાર-જીત થયલી ગણાઇ નહિ. વીસ દિવસ પછી યુદ્ધ ફરીથી ચાલ્યુ ત્યારે પ્રજા-સત્તાક રાજ્યનુ સૈન્ય હારી જવાથી રૂમનું બાદશાહી રાજ્ય દૃઢ રીતે સ્થાપિત થયું. પછી "ઑગસ્તસ" એ નામ ધારણુ કરીને ઑક્ટેવીઆનસ બાદશાહ થયો એ સુવિદિત છે.

ફિલિપ્પી આગળ મેળવેલા જયની યાદગીરીની ખાતર, તેમજ સરહદ પર એવી કિલ્લાબધ જગ્યાએ પોતાની રાજ્યસત્તા દૃઢ કરવાને અર્થે, ઑગસ્તસે સૈન્યના

જે સિપાઇઓએ નોકરીની મુદ્દત પૂરી કરી હતી તેઓમાંના કેટલાએક ત્યાં રાખીને શહેર વસાવ્યુ (જુઓ પ્રે. કૃ. ૧૬ ; ૧૨) ને પછી ઇતાલીથી એવા બીજા સિપાઇઓને ત્યાં રહેવા માટે મોકલ્યા તેથી ફિલિપ્પી શહેર તે રૂમી "કૉલોનીઆ" (colony) થઇ પડયુ. એજ પ્રકારનાં ઘણાં શહેરો રૂમી રાજ્યમાં (ને વિશેષે કરીને રાજ્યની સરહદ પર) સ્થાપિત થયાં હતાં. તેવાં શહેરો જાણે ખુદ રૂમ શહેરના ભાગ હોય એવી રીતે તેની વ્યવસ્થા કરવામાં આવતી. તેના શહેરીઓ લશ્કરી નિશાન સહિત સૈન્યની પેઠે પોતાના નવા વતન સુધી કુચ કરતા. દંતકથા પ્રમાણે રૂમ શહેરની અસલ હદ હળથી આકવામાં આવી હતી.તેવીજ રીતે દરેક "કૉલોનીઆ" ની હદ આકવામા આવતી. રૂમમાં જેવા કાયદા, અમલદારો, ચોબદારો ઇત્યાદિ હતા તેવાજ એવાં શહેરોમા પણ રાખવામાં આવતા. શહેરનાં નાણાં પર રૂમી સિક્કો તથા લેખ કરવામા આવતા, ને રૂમવાસીઓના સઘળા નાગરિક હક શહેરીઓને મળતા. પોતાના અધિકારીઓની સત્તા તળે રહી તેઓ પ્રાંતના મુખ્યાધિકારી કે હાકેમના અધિકારથી મુક્ત હતા.

એવાં કેટલાંક શહેરોને "ઇતાલીનો હક" ("જસ ઇતાલિકમ") આપવામાં આવતો, એ પણ ફિલિપ્પીવાસીઓને મળ્યો હતો. એ હક વિશેષ જમીનના માલકીપણાને લગતો હતો, ને તેને લીધે જમીનની મહેસુલ માફ થતી.

ફિલિપ્પી શહેર આવા હકને લીધે માનવત ગણાતું, કેવળ એમ નહિ પણ તેના ખાસ સ્થળને કારણે તેનુ માહાત્મ્ય સવિશેષ ગણાતું હતું. આડ્રીઆટિક સમુદ્રથી એશીઆ મેનર સુધી જે "એગ્નાટીઅન" નામનો રાજમાર્ગ બાંધેલો હતો તે ફિલિપ્પી પાસે થઇને ઉપરોક્ત ખીણ ઓળંગીને પૂર્વ દિશાએ જતો માટે તે માર્ગનુ સરક્ષણ કરનાર શહેરની આવશ્યકતાનો, તેમ વેપારને લગતાં જોઇતાં સાધન હોવાથી તેની આબાદીનો ખ્યાલ કરી શકાય એમ છે. ફિલિપ્પીને પૂર્વે હારબધ પર્વતો આવેલા છતાં પશ્ચિમે વિશાળ તથા કસદાર મેદાન હોવાથી એ પ્રદેશની સારી પેદાશ થતી. આજુબાજુનાં ગામો પર તેમ પહાડોને પૂર્વે આવેલા નીઆપોલીસ* બદર સુધી ફિલિપ્પી શહેરનો અમલ ચાલતો એમ કહેવાય છે. જો કે આમ્ફીપોલીસ તથા થેસ્સાલોનીકા અધિક મોટાં શહેર હતાં તોપણ ફિલિપ્પી તે પ્રદેશનું "પ્રથમ શહેર" કહેવાય છે, એ આશ્ચર્યકારક નથી (જુઓ પ્રે. કૃ. ૧૬ ; ૧૨). † માકેદોનીઆમાં મડળીનો પ્રથમ પાયો નાખવા માટે પાઉલ પ્રેરિત આવા શહેરને પસદ કરે એ કેવળ સ્વાભાવિક હતું. જ્યાં ઘણી લડાઇઓ સહિત રાજ્યોનો અસ્તોદય થયો હતો ત્યાં શાંતિના શરદારને નામે આવીને પાઉલે ખ્રીસ્તનુ

---

* હાલ કાવાલા બદર કે જે લડાઇને પરિણામે ગ્રીસ દેશને તાબે થયુ છે.

† આ વાકયના અર્થ વિષે મતફેર છે. ઉપર બતાવેલો અર્થ ગુજરાતી તરજુમામાં આપેલો છે; પરંતુ કેટલાએક ટીકાકારોનો એવો અભિપ્રાય છે કે તે પૂર્વથી આવતાં માકેદોનીઆનું પ્રથમ આવેલુ શહેર છે એવો અર્થ કરવો

સાર્વકાળિક રાજ્ય સ્થાપિત કરવા તથા રૂમ કરતાં વિશેષ મહિમાવાન એવા આકાશીય નગરના સઘળા હક્ક પમાડવા જે પ્રયાસ કર્યો તેથી રાજાઓ તથા સેનાપતિઓના પ્રયત્નો કરતાં અત્યુત્તમ પરિણામ થયું છે. હાલ ફિલિપ્પીની જગ્યાએ જઇને તપાસ કરીએ તો કેવળ ખંડિયેર માલમ પડે એવી તેની સ્થિતિ છે. પરતુ એ ખંડિયેર મનકલ્પિત દેવદેવીઓનાં ભજનસ્થાનનાં તથા ચક્રવર્તી રૂમી રાજ્યની ઇમારતોનાં છે. ત્યાં આગળ પાઉલે કરેલા કામને નિહાળીએ ત્યારે તો દરોગાને દર્શાવેલો તારણોપાય આજ સુધી જીવવત તથા પરાક્રમી જણાય છે, ને ફિલિપ્પીની સ્થાનિક મડળીની જો કે કંઇ નિશાણી રહેલી નથી તોપણ તે મડળીને પ્રેરિતે આપેલો બોધ તથા નમુનો આજ લગી જગતના ઘણા દેશોના વિવિધ લોકમાં સ્થાપેલી સાર્વત્રિક મડળીમાં અસરકારક માલમ પડે છે. ખરેખર પ્રભુના આત્મિક રાજ્ય આગળ માણુસમાત્રનું રાજ્યબળ કઇજ વિસાતનું નથી;—પછી એ રાજ્યબળ મહાન સિકંદર કે ઔગસ્તસ જેવાનું હોય તોપણ શું?

ફિલિપ્પીની મંડળી વિષે.

પાઉલની બીજી સુવાર્તાપ્રસારક મુસાફરીમાં પવિત્ર આત્મા તેને એશીઆ મૈનરના પશ્ચિમ કિનારા પર આવેલા ત્રોઆસ બંદર સુધી દોરી લાવ્યો. તે વખતે તેની સાથે સીલાસ તથા તીમોથી હતા (પ્રે. કૃ. ૧૫; ૪૦–૧૬; ૩). ત્રોઆસમાં તેને જે દર્શન થયું (પ્રે. કૃ. ૧૬; ૯) તેને લીધે તે આશીઆ મૂકીને એજીઅન સમુદ્ર ઓળંગી માકેદોનીઆ પ્રાંતમાં જવા માટે વહાણુમાં બેઠો. એ વેળાએ સીલાસ તથા તીમોથી સિવાય તેની સાથે લુક હતો એવું પ્રે. કૃ. ૧૬; ૧૧ માં આવેલા "અમે" શબ્દ ઉપરથી અનુમાન થાય છે ચારે ધર્મબોધકો બીજે દિવસે નીઆપોલીસ બંદર પહોંચ્યા ને ત્યાં મુકામ કર્યા વિના બારોબાર ફિલિપ્પી શહેર જવા સારૂ ચાલી નીકળ્યા. એગ્નાટીઅન સડક પર નવેક મૈલ ચાલીને (ખીણુમાં થઇ પર્વતોને ઓળંગીને) તેઓ ફિલિપ્પીમાં જઇ પહોંચ્યા. વિશ્રામવારે સભાસ્થાનમાં જઇને પ્રથમ યહુદીઓને સુવાર્તા પ્રગટ કરવી એ પાઉલનો રિવાજ હતો પરંતુ ફિલિપ્પીમાં યહુદી લોકો થોડા હોવાથી ત્યાં સભાસ્થાન ન હતું. શહેરમાં જે યહુદીઓ કે થયલા યહુદીઓ હોય તેઓ વિશ્રામવારનાં સેવાકાર્યો કરવા માટે નદીકાંઠે ભેગા થઇ જતા હશે એમ સમજીને પાઉલે તથા તેના સંગાથીઓએ સાબ્બાથને દિવસે ગાંગીટેસ નદી પર જઇ એવા ભક્તોનો શોધ કર્યો. ઇસ્રાએલના દેવને ભજનારો એકે પુરૂષ મળ્યો એમ જણાતું નથી, પરંતુ કેટલીક ધાર્મિક બાઇઓ યહોવાહની સેવા કરવા માટે ભેગી થયલી હતી (પ્રે. કૃ. ૧૬; ૧૩) તેઓને સુવાર્તિકોએ ધર્મબોધ કર્યો. પાઉલે કરેલી વાત પર પ્રભુનો એવો આશીર્વાદ થયો કે લુદીઆ નામે એક થુઆતીરાની થયલી યહુદેણુ (જે પોતાના વતનનાં પ્રખ્યાતિ પામેલાં રંગીલાં કપડાંનો ફિલિપ્પીમાં વેપાર કરતી) તેના મનમાં તારણુની વાત એવી ઠસી

ગઇ કે તેણે પ્રભુ ઇસુને કબૂલ કરીને પોતાના ઘરનાં માણસ સુદ્ધાં બાપ્તિસ્મા લીધું. જળસંસ્કાર દ્વારા ખ્રીસ્તી મડળીમાં દાખલ થયા પછી લુદીઆએ આગ્રહ કરીને સુવાર્તિકોની મેમાનગીરી કરી ને એમ ફિલિપ્પી શહેરની મડળીના પ્રથમ સભાસદે પ્રભુના સેવકો પર હેત રાખી તેમની બરદાસ્ત કરવાનો નમુનો આપ્યો. એ નમુના મુજબ સદરહુ મડળી પહેલાંથી વર્તતી એમ આ પત્ર ઉપરથી સિદ્ધ થાય છે (જુઓ ૪ ; ૧૫–૧૮). એ વેળાએ પાઉલે ફિલિપ્પીમાં કેટલા દિવસ ગાળ્યા એ વિષે નક્કી ખબર નથી, પરંતુ ત્યાંથી તે ચાલી નીકળ્યો ત્યાર પહેલાં મડળી સ્થાપિત થઇ હતી એમ પ્રે. કૃ. ૧૬ ; ૪૦ ઉપરથી માલમ પડે છે. વળી પ્રે. કૃ. ૧૬ ; ૧૬-૧૮ વાંચવાથી જણાશે કે તે વારવાર નદી પાસે પ્રાર્થનાની જગ્યાએ જતો. એક દિવસ ત્યાં જતાં એક જુવાન વિદેશી બાયડી મળી તેને અગમસૂચક આત્મા વળગેલો હતો. આ દેશના ભુવા લોકો આવેશમાં આવીને ધૂણુતાં ધૂણુતાં બોલે છે ત્યારે માતા તેઓમાં આવીને વાત કરે છે એમ લોકનું માનવુ થાય છે, તેજ પ્રમાણે ફિલિપ્પીના વહેમી મૂર્તિપૂજકો આ બાયડીની વાત તેમના દેવોએ કરાવેલી સમજતા. આ બાઇ કેટલાએક માણુસને કબજે રહેનારી ગુલામડી હતી ને તેણીની અગમસૂચક વાતોથી તેમને સારી પેદાશ થતી, એ સહજ સમજી શકાય છે. આ બાયડી સુવાર્તિકોની વાત સાંભળીને તેમની પાછળ ચાલી વારે વારે બૂમ પાડતી કે, “ આ માણુસો પરાત્પર દેવના સેવકો છે, જેઓ તમને તારણુનો માર્ગ પ્રગટ કરે છે.” એથી છેવટે અકળાઇને પાઉલે ઇસુ ખ્રીસ્તને નામે સદરહુ આત્માને બાયડીમાંથી નીકળવાનો હુકમ કીધો ને તેજ ઘડીએ તે શુદ્ધિમાં આવી. તેના લાલચુ માલિકોને પોતાને થયલા નુકસાનને લીધે ઘણોજ ગુસ્સો ચઢયો તેથી પાઉલ તથા સીલાસને પકડીને તેમને અધિકારીઓ આગળ ઘસડી લઇ ગયા. તેમના પર જે તહોમત નાખવામાં આવ્યું તેમાં ત્રણ વાત જણાય છે—(૧) આ માણુસો યહુદીઓ છે ; (૨) તેઓ શહેરમાં ધાંધળ મચાવે છે ; (૩) રૂમીઓને અનુચિત એવી રીતો તેઓ પ્રગટ કરે છે. આમાં તેઓએ સુવાર્તિકો પર ગુસ્સો કરવાનું ખરૂં કારણ છુપાવીને યહુદીઓ પ્રત્યે દ્વેષ, સુવ્યવસ્થાની ચાહના તથા રૂમીઓમાં પળાતી રીત વિષે અભિમાન—એ સર્વે લોકપ્રિય લાગણીઓ જાણી જોઇને દર્શાવી. એ તહોમત સાંભળીને શહેરીઓ પાઉલ તથા સીલાસની વિરૂદ્ધમાં થયા, એટલુંજ નહિ પણુ અમલદારોએ રીતસર તજવીજ કર્યા વિના તેઓને ફટકા મરાવીને બંદીખાને મોકલ્યા. ત્યાંના દરોગાને તેમને ચોકસાઇથી રાખવાનો હુકમ મળ્યો તેથી તેમને માંહેની અધારી ઓરડીમાં પુરીને તેમના પગ હેડમાં ઠોક્યા ! આવો અન્યાય સહન કરતાં પણુ પાઉલ તથા સીલાસ હિમ્મત હાર્યા નહિ પણુ ફટકાથી થયલા સોળની વેદના તથા હેડથી થતું દુઃખ છતાં તેઓ મધરાત્રે પ્રાર્થના કરતા તથા સ્તોત્ર ગાતા, એવી રીતે કે બધા કેદીઓ આશ્ચર્ય

પામીને સાંભળ્યા કરતા હતા. તેજ વેળાએ પ્રભુ પોતાના ભક્તોની વારે ધાયો એમ કહેવાય. એવો મોટો ધરતીકપારો થયો કે કેદખાનાના પાયા હાલી ગયા, તેનાં મજબૂત બારણાં ઉઘડી ગયાં ને કેદીઓનાં બંધનો છૂટાં પડી ગયાં! દરોગાએ જાગી ઉઠીને બારણાં ઉઘાડાં જોયાં ત્યારે કેદીઓ નાઠા છે ને તેમની ચોકસાઇ કરવાની જવાબદારી મારે શિર છે તેથી રૂમી કાયદા મુજબ મારે દેહાંત દડની શિક્ષા વેઠવી પડશે, એમ ધારીને તે નિરાશ થઇને તરવાર તાણી પોતાનો પ્રાણ લેવાની તૈયારીમાં હતો. એ જોઇને પાઉલે માંહેથી હાંક મારી કે, "અમે સહુ અહિ છીએ માટે તુ પોતાને કઇ ઇજા કરનો ના." એવી આનદદાયક વાત જાણે મનાયજ નહિ એમ તેના મનમાં હોય તેવી રીતે તે દીવો મગાવીને જુએ છે એટલે બધા કેદીઓ હાજર જણાય છે. ત્યારે કેવા અનર્થથી બચ્યો છું એનો વિચાર થવાથી તેને કપારી છૂટે છે ને માંહેલી ઓરડીમાં દોડીને તે પાઉલ તથા સીલાસને પગે લાગે છે. મરણની અણી પર આવી જવાથી આત્મિક કલ્યાણની અગત્ય સૂઝી હતી ને હવે સુવાર્તિકોને તુરગ આગળના ચોકમાં બહાર લાવીને તેણે પુછ્યુ કે, "ઓ સાહેબો, તારણ પામવા માટે મારે શું કરવુ જોઇએ?" અગાઉથી પાઉલ તથા સીલાસના નવા બોધ વિષે તેણે કઇક હકીકત સાંભળી હશે પણ તે વિષે નિશ્ચિત રહ્યો હતો. પરંતુ હવે થઇ ગયલા ભયદ્વારા પવિત્ર આત્માએ તેના મનમાં આત્મિક પ્રેરણા કરી છે માટે આ અગત્યનો સવાલ તે ખરા મનથી પુછે છે. તે પ્રશ્નનો જે ઉત્તર તેને આપવામાં આવે છે તેમા પ્રભુ ઇસુ ખ્રીસ્તની સુવાર્તાનો સક્ષિપ્ત સાર સમાયલો છે એ સુવિદિત છે "પ્રભુ ઇસુ પર વિશ્વાસ કર, એટલે તુ તારા ઘરના સુદ્ધાં તારણ પામશે." એ ઉત્તરથી કેટલા બધા ભયભીત પાપીઓને શાંતિ મળી ચુકી છે! તે રાત્રે ફિલિપ્પીના દરોગાનો ગભરાટ એ વચનથી દૂર કરવામાં આવ્યો. કેદ કરેલા પ્રેરિતોએ તેને તથા તેના ઘરનાં સઘળાં માણસોને પ્રભુનો આનદદાયક સદેશો કહી સભળાવ્યો, ત્યાર પછી તેનામાં ઉત્પન્ન થયલો નવો સ્વભાવ પ્રગટયો. ચોબદારોએ મારેલા ફટકાનો હજી કઇ ઉપચાર કરવામાં આવ્યો ન હતો પણ હવે રાત છતા પણ તે તેમની માવજત કરવા મડી જાય છે. તેમના સોળ ધોયા પછી દરોગો તેના ઘરનાં સઘળાં માણસ સહિત બાપ્તિસ્મા પામીને પ્રભુ ઇસુ ખ્રીસ્તને તારનાર તરીકે કબૂલ કરે છે, ને પ્રેરિતોને પોતાના ઘરની અદર લાવીને તે તેમને મેજ પાસે બેસાડીને જમાડે છે. તે વેળાએ એ રૂમી દરોગાના ઘરમાં દેવ પરના વિશ્વાસને કારણે અત્યાનંદ થાય છે. પ્રેરિતોના મનમાં જે આનંદ તેનો ખ્યાલ કરવો.

એ રાત્રે પ્રભુએ દરોગાના ઘરમાં તેમ પ્રેરિતોની સ્થિતિમાં મોટો ફેરફાર કરાવ્યો હતો. વળી શહેરના અમલદારોના મનમાં પણ સ્થિતિફેર થયો હતો. કેદખાનામાં બનેલી બિનાની ખબર તેમને મળી હતી કે નહિ એ જણાતું નથી, પરતુ તેમણે કરેલો અન્યાય તેમને માલમ પડ્યો, માટે દહાડો ઉગતાં તેઓએ

દરોગા પાસે ચોબદારોને મોકલી કહાવ્યું કે, "તે માણસોને છોડી દે." વિશ્વાસી થયલા દરોગાએ અતિ ઘણા હરખ સાથે તેમને એ સદેશો સભળાવ્યો હશે, પરતુ પાઉલ એમ ને એમ ચાલ્યા જવાની સાફ ના પાડે છે. તેણે મુગે મોઢે પ્રભુને લીધે દુઃખ સહન કર્યું હતું પરંતુ પ્રભુના કામમા અધિક નડતર ન થાય તે કારણથી તે ઉતાવળા અમલદારોને તેમની જોખમભરેલી ભૂલની પુરેપુરી જાણ પમાડવા માગતો હશે. માટે ચોબદારોની રૂબરૂમાં તે દરોગાને જણાવે છે કે અમે એમ ગુપચુપ નીકળવાના નથી. અમલદારોએ બે મોટા અપરાધ કર્યા છે, એટલે કાયદેસર તજવીજ કરી અમારો ગુન્હો સાબિત કરવો હતો તે કર્યા વિના અમને સજા કરી છે, ને વળી અમે રૂમી પ્રજાના હક ભોગવનારા છીએ એમ છતાં તેઓએ જાહેર રીતે અમને ફટકાનો માર ખવડાવ્યો છે એ રૂમી કાયદાઓનુ અપમાન કરાવનારી ભૂલની જોખમદારીથી છૂટવાનું મન હોય તો તેઓ પોતે આવીને અમને છોડાવે. એ સદેશો સાંભળીને અમલદારોના હાંજા ગગડી તો ગયા હશે. પોતે આવીને કાલાવાલા કર્યા ત્યારે પ્રેરિતો કેદમાંથી નીકળ્યા. ત્યાંના શહેરીઓ રૂમી હોવાથી રૂમી પ્રજાના હક જાળવવાને આતુર હોયજ, માટે તેઓ અમલદારોની ભૂલ વિષે જાણે તો કદાપિ સરકાર સુધી વાત જાય એ બીકથી અમલદારો પ્રેરિતોને શહેર છોડવાની વિનતી કરે છે. લુદીઆને ત્યાં મડળીના લોકોની મુલાકાત લીધા પછી પાઉલ તથા સીલાસ ત્યાથી વિદાય થયા ને એગ્નાટીઅન માર્ગે ચાલીને આમ્ફીપોલીસ તથા આપલોનિયામાં થઇને થેસ્સાલોનીકામાં ગયા.

પછીના વૃત્તાંતમાં આવેલાં સર્વનામ ઉપરથી જણાય છે કે આ વખતે લુક ફિલિપ્પીમાં રહ્યો. ત્યાર પછી પાઉલની તહેનાતમાં લુકની હાજરીદર્શક "અમે" સર્વનામ પ્રે. કૃ. ૨૦; ૫ માં આવે છે. એટલે પાઉલ ત્રીજી મુસાફરી પુરી કરીને યરૂશાલેમ જતો ત્યારે લુક તેની સાથે ફિલિપ્પીથી ગયો એમ માલમ પડે છે. તે દરમિયાન લુક ફિલિપ્પીમાંજ રહ્યો એવી સાબિતી નથી; બીજી મડળીઓમાં તે ફર્યો હશે, પરતુ સ્પષ્ટ છે કે બીજી મુસાફરીમાં પાઉલ લુકને ફિલિપ્પીમાં મૂકી ગયો ને ત્રીજી મુસાફરીને અતે તેને ત્યાંથી સાથે લઇ ગયો.

તીમોથી પણ ફિલિપ્પીમાં રહી ગયો હશે એવુ લાગે છે, પણ તેજ મુસાફરીમાં તે પાઉલ સાથે બેરીઆમાં જણાય છે, ને પાઉલ આથેન્સ ગયો ત્યારે સીલાસ સાથે તીમોથી બેરીઆમા રહ્યો (પ્રે. કૃ. ૧૭; ૧૪, ૧૫). કરીથમાં ત્રણે સુવાર્તિકોની ફરીથી મુલાકાત થઇ એમ પ્રે. કૃ. ૧૮; ૫ ઉપરથી જણાય છે.

ત્રીજી મુસાફરીમાં એફેસસમાંથી નીકળીને પાઉલ માકેદોનીઆમાં થઇને કરીથ ગયો હતો (પ્રે. કૃ. ૧૯; ૨૧ ૨૦; ૧, ૨. ૨ કરીં. ૧; ૧૫, ૧૬: ૨; ૧૩: ૭; ૫) ત્યારે ફિલિપ્પીઓની મુલાકાત લીધી. તે મુસાફરી પુરી

કરીને કરીંથથી બારોબાર યરૂશાલેમ જવાનો ઇરાદો હતો, પરંતુ ઘણા યહુદીઓ વહાણમાં બેસીને પર્વ પાળવા સારૂ યરૂશાલેમ જતાં તેઓએ તેને મારવાનું કાવતરૂં કર્યું જણાયાથી પાઉલે એ વહાણમાં બેસવાનો વિચાર માંડી વાળ્યો. માકેદોનીઆમાં થઇને પાછો ગયો ત્યારે ફિલિપ્પીઓની મુલાકાત કરીને તેણે ત્યાં પાસ્ખા પર્વ પાળ્યું. ત્યાર પછી લુક સહિત તે ત્રોઆસ જવા નીકળ્યો, ત્યાં તેના બીજા સગાથીઓ તેની રાહ જોતા હતા (પ્રે. કૃ. ૨૦; ૫). એ મુલાકાત પછી આ પત્ર લખતાં સુધીમાં પાઉલ ફિલિપ્પીઓને મળ્યો ન હતો.

કેટલીએક મંડળીઓમાં પાઉલના અધિકારની વિરૂદ્ધ હિલચાલ થઇ હતી, તે નિયમશાસ્ત્ર વિષે આવેશી યહુદી ખ્રીસ્તીઓથી થયલી જણાય છે. પરંતુ ફિલિપ્પીમાં એવી હિલચાલ કદી થયલી જણાતી નથી, તેનું એજ કારણ હોવું જોઇએ કે ત્યાં યહુદી લોકની વસ્તી ન હોવાથી એવા દુશ્મનોની વાત ત્યાં વજનદાર ગણાતી ન હતી. એ ગમે તેમ હોય પણ નિઃસંદેહ છે કે પાઉલ બીજી મંડળીઓ પાસેથી મદદ લેતો ન હતો ત્યારે તે ફિલિપ્પીઓનાં દાન સ્વીકારતો. ફિલિપ્પીથી વિદાય થયા પછી તે થેસ્સાલોનીકામાં રહેતો ત્યારે પણ તેઓએ અનેક વાર તેની મદદ કરી (જુઓ ૪; ૧૬ ને સરખાવો ૧ થેસ્સા. ૨; ૯). વળી કરીંથમાં તે દોઢ વરસ રહ્યો ત્યારે પણ તેઓ તેની મદદાર્થે દાન મોકલતા (૪; ૧૫. સરખાવો ૨ કરી. ૧૧; ૮, ૯). ખ્રીસ્તને લીધે તેમના પર વિપત્તિ આવી (૧; ૨૯) એમ છતાં તેઓ ઉદારતાથી પ્રભુના કામને ટેકો આપતા (૨ કરીં ૮; ૨). એવા આસ્થિત ભક્તો પર પ્રેરિતની ખાસ માયા રહે એ સ્વાભાવિક હતું. એ માયાનાં પ્રમાણ આ પત્રમાં ઠેકાણે ઠેકાણે જણાય છે (જુઓ ૧; ૭, ૮: ૨; ૨, ૧૨: ૪; ૧, ૧૦ ઇત્યા).

તથાપિ કોઇ પણ મંડળી સપૂર્ણ નથી. આ પત્ર લખતી વેળાએ ફિલિપ્પી મંડળીમાં કંઇક અશાંતિ થઇ હતી, એવું જણાય છે. ડા. લાઇટ્ફુટે માકેદોનીઆની સ્ત્રીઓ વિષે વિવેચન કરીને બતાવી આપ્યું છે કે તે પ્રાંતની બાઇઓને વિશેષ છૂટ તથા માન મળતાં હતાં. ફિલિપ્પીમાં લુદીઆએ વિશ્વાસ કરવામાં પહેલ કરી હતી, ને થેસ્સાલોનીકામાં તથા બેરીઆમાં ઘણી આબરૂદાર બાયડીઓ ખ્રીસ્ત ભણી વળી હતી (પ્રે. કૃ. ૧૭; ૪, ૧૨). ફિલિપ્પી મંડળીમાં દાખલ થયલી એવી બે બાયડીઓ વચ્ચે કંઇક અણબનાવ થયો હતો, એની મંડળીમાં માઠી અસર થવાથી પક્ષાપક્ષી થતી હતી. આ પત્રમાં પ્રેરિત એ બે બાઇઓને બોધ કરે છે તથા કરાવે છે (૪; ૨, ૩), એટલુંજ નહિ પણ નમ્રતા તથા ઐક્ય રાખવાની ઘણી સૂચનાઓ આપીને (૧; ૨૭: ૨; ૧૪ ઇત્યા.) શાંતિ કરાવવાનો ઉપાય સૂચવે છે, ને વળી આ બાબત ખુદ પ્રભુ ઇસુનો નમુનો ફિલિપ્પીઓ આગળ અત્યુત્તમ રીતે ધરીને તેમને તેનું અનુસરણ કરવાનો અનુપમ સુબોધ આપે છે.

પ્રેરિત આ પ્રત્રમાં ફિલિપ્પીઓની ફરીથી મુલાકાત કરવાની આશા જણાવે છે (૨ ; ૨૪), એ આશા સફળ થઇ એમ ૧ તીમ. ૧ ; ૩ ઉપરથી માલમ પડે છે, ત્યાર પછી આ મડળીની વાત નવા કરારમાં આવતી નથી, પણ મડળીના ઇતિહાસ ઉપરથી જણાય છે કે ઇગ્નાટીઅસ રૂમ જતો હતો ત્યારે તે ફિલિપ્પીમાં થઇને ગયો, ને ત્યાર બાદ ત્યાંની મડળીએ તેના મિત્ર પોલીકાર્પ પાસે કાંઇક બોધ વચનોની માગણી કરી તેથી તેણે તેમના પર પત્ર લખ્યો.

પત્રના કર્ત્તા વિષે.

આ પત્ર પાઉલનો લખેલો છે એ નિઃસદેહ છે. તે તેના સર્વમાન્ય પત્રોમાં ગણાતો નથી ખરો, કેમકે કેટલાએક તે વિષે વાંધો ઉઠાવી ગયા છે. પરંતુ આધુનિક વિદ્વાનોના મત મુજબ તે સર્વમાન્ય જેવોજ ગણાય છે. તેમાં દર્શાવેલી લેખનશલી તથા વપરાયલા શબ્દો સર્વમાન્ય પત્રોના જેવાંજ છે, એટલુંજ નહિ પણ પાઉલ પ્રેરિત અતિ પ્રિય ખ્રીસ્તી ભાઇઓ પર લખે એવી મિત્રાચારી ભરી ઢબથી આ પત્ર લખવામાં આવ્યો છે, એમ ખાતરીપૂર્વક કહી શકાય.

બાહ્ય પુરાવો પણ સર્વમાન્ય પત્રોના પુરાવા જેવોજ જણાય છે. પહેલા સૈકાને અતે કરીથની મડળી પર **રૂમના કલેમેંટે** લખેલા પત્રમાં આ પત્રનાં કેટલાંક વાક્યોની (એટલે ૧ ; ૧૦, ૨૭ : ૨ ; ૫-૧૧, ૧૫ : ૪ ; ૧૫ની) કરેલી સૂચનાઓ સભવિત ગણાય છે. બીજા સૈકામાંનાં લખાણમાંથી નીચે મુજબ પુરાવો મળે છે:—

ઇગ્નાટીઅસના પત્રોમાં (ઇ. સ. ૧૧૦) ૨ ; ૩, ૧૭ : ૩ ; ૧૫ : ૪ ; ૧૩ની સૂચનાઓ છે.

પોલીકાર્પના ઉપરોક્ત પત્રમાં (ઇ. સ. ૧૨૦ પહેલાં) ફિલિપ્પીઓ પર લખેલા પત્ર વિષેની વાત આવે છે ને આ પત્રનાં કેટલાંક વાક્યોના પ્રતિધ્વનિ જણાય છે (જેમકે ૧ ; ૨૭ : ૨ ; ૨-૫, ૧૦, ૧૬ : ૩ ; ૧૮ : ૪ ; ૧૦).

જસ્ટીન માર્ટર (ઇ. સ. ૧૫૦ પહેલાં) ૩ ; ૨૦ની સૂચના આપે છે, ને તેજ વખતના **માર્શીઓન**ના નિયમગણમાં આ પત્રનું નામ સમાયલું છે. **મુરાટોરી**એ શોધી કાઢેલા અપૂર્ણ લેખમાં જે નિયમગણ તેમાં પણ આ પત્રનું નામ આવે છે.

લાયન્સ તથા વીએનની મંડળીઓએ ઇ. સ. ૧૭૭ માં થયલી સતાવણી વિષે આશીઆ તથા ફ્રુગીઆની મડળીઓ પર ખબરપત્ર લખ્યો તેમાં ૨ ; ૬ ઉતારવામાં આવે છે.

મેલીટો (ઇ. સ. ૧૬૦-૧૯૦) ૨ ; ૬ : ૩ ; ૧૯ : ૪ ; ૮ ઉતારે છે. બીજા સૈકાને અતે **આલેકસાંદ્રીઆનો કલેમેંટ** આ પત્ર પાઉલનો

છે એમ જણાવીને તેમાંથી ઘણાં વાક્યો ઉતારે છે. તેવીજ રીતે ઇરેનેઅસ ૪; ૧૪ ઉતારે છે ને તર્તલીઅન માર્શીઓનની વિરૂદ્ધ લખીને ફિલિપ્પીઓને લખેલાં પાઉલનાં વચન તરીકે આ પત્રનાં અનેક વાક્યો ઉતારે છે. આફ્રિકીલાટીન તથા સીરી ભાષાંતરોમાં પણ તે સમાયલો છે, માટે બાહ્ય પુરાવો પુરેપુરો છે એમ હરકોઇ કબૂલ કરશે.

આવા પુરાવાને લીધે આ પત્ર પાઉલનો લખેલો છે એમ માનવુ આવશ્યક છે.

પ્રસંગ તથા પ્રયોજન વિષે.

પત્રની વાત ઉપરથી જણાય છે કે એપાફ્રોદીતનું ફિલિપ્પી પાછું જવુ એ આ પત્ર લખવાનો પ્રસગ હતો. એ ભાઇ ફિલિપ્પીઓનુ દાનાર્પણ પ્રેરિત પાસે લાવ્યો હતો (૪; ૧૮), ને મુસાફરીમાં અથવા તો રૂમમાં લીધેલા શ્રમને લીધે તે ઘણોજ માંદો થઇને મરણની અણી પર આવ્યો હતો (૨ ; ૨૫–૨૮). એ મદવાડની ખબર ફિલિપ્પીઓ તરફ જવાથી એપાફ્રોદીત મનમાં અતિશય દુ:ખી થઇને તેમની ફિકર દૂર કરવા માટે પાછો જવાને ઉત્સુક થયો હતો. તેને પાછો મોકલીને પાઉલ તેની સાથે આ પત્ર રવાના કરે છે. એપાફ્રોદીત દાન સાથે કાગળ લાવ્યો હશે, ને તેના મદવાડ વિષેનો કાગળ પણ કદાપિ આવ્યો હશે. એ કાગળમાં સમાયલી વાતોની સૂચનાઓ આ પત્રમાં જણાય છે એવો કેટલાએક ટીકાકારોનો અભિપ્રાય છે. એટલુજ સ્પષ્ટ છે કે આ પત્રમાં મડળીએ મોકલેલા દાનને લીધે પ્રેરિત તેમનો ઉપકાર માને છે, તેમજ પોતાની તથા પોતાના કામની ખબર આપે છે, ને તીમોથીને મોકલવાનુ વચન આપીને પોતે છૂટયા પછી તેમની મુલાકાતે આવવાની વકી જણાવે છે. વળી મડળીમાં જે અશાંતિ ફેલાઇ હતી એ વિષે સુબોધ કરવાની ને યહુદી પક્ષકારો તથા દુષ્કર્મીઓ વિષે ચેતવણી આપવાની આ તકનો તે ઉપયોગ કરે છે.

સ્થળ તથા સમય વિષે.

આ પત્ર લખવાના સ્થળ વિષે હાલ મતભેદ નથી. જ્યાં અગરક્ષક પલટણ તથા કાઇસારના ઘરનાં માણસો મળે (૧ ; ૧૩, ૧૪ : ૪ ; ૨૨) એવા શહેરમાં કેદી રહીને પાઉલે આ પત્ર લખ્યો એ નિર્વિવાદ છે. ત્યાં આગળ પણ તેના કામનો છેવટનો નિર્ણય થવાનો હતો (૨ ; ૨૩, ૨૪) એવી આ પત્રમાં સૂચનાઓ મળી આવે છે. એવાં કારણોથી રૂમ શહેર આ પત્ર લખવાનુ સ્થળ જણાય છે. પાઉલે જો કાઇસારીઆમાં આ પત્ર લખ્યો હોત તો માકેદોનીઆમાં નહિ પણ રૂમમાં જવાની આશા બતાવત એમ ખાતરીથી કહી શકાય (જુઓ પ્રે. કૃ. ૧૯; ૨૧. રૂમી. ૧૫ ; ૨૨–૨૯). માટે સાંપ્રત કાળના વિદ્વાનો માને છે કે પ્રેરિતે રૂમ મુકામે કાચી કેદમાં રહીને આ પત્ર લખ્યો. કાચી કેદનું બધન બે વરસ સુધી

૫૦૧૩

હતું (પ્રે. કૃ. ૨૮; ૩૦), માટે આ પત્ર લખવાનો સમય એ બે વરસની અંદર આવવો જોઇએ એ સ્પષ્ટ છે. ઇ. સ. ૬૧ થી તે ૬૩ સુધી સદરહુ બંધન રહ્યું એમ માનવામાં આવતું હતું પરંતુ ઐતિહાસિક પુરાવા ઉપરથી જે નવી ગણત્રી થઇ તે પ્રમાણે ઇ. સ. ૫૯ થી ૬૧ સુધી પાઉલ રૂમમાં કેદી રહ્યો હશે એમ હાલ ધારવામાં આવે છે. આ બે વરસ દરમિયાન પત્ર કયે વરસે લખવામાં આવ્યો એ વિષે આ પત્રના સંબંધમાં વિદ્વાનોનો વિશેષ મતભેદ માલમ પડે છે. ઘણા ખરા અર્વાચીન ટીકાકારોનો એવો અભિપ્રાય છે કે મજકુર બે વરસને અંતે—પ્રેરિતનો છૂટકાનો વખત પાસે હતો ત્યારે—આ પત્ર લખાયો, પણું બીજે પક્ષે ડા. લાઇટ્ફુટ, ડા. હૉર્ટ તથા ડા સાડે જેવા જગપ્રસિદ્ધ સાક્ષરોનો મત એવો થયો છે કે રૂમ પહોંચ્યા પછી એક વરસની અંદર પાઉલે આ પત્ર લખ્યો, ને ત્યાં રહ્યાનાં બે વરસનો અંત પાસે આવ્યો ત્યારે બંધનમાં લખાયલા અન્ય ત્રણ પત્રો (એફે. કલો. તથા ફિલે.) રવાના કરવામાં આવ્યા.

બંને પક્ષની દલીલ તપાસીને દરેક અભ્યાસી પોતાની મેળે આ મતભેદ વિષે અભિપ્રાય બાંધી શકે એવી રીતે બેહુ મત માનવાનાં દર્શાવેલાં કારણો રજુ કરવાની કોશિશ અત્રે કરવામાં આવશે.

(क). આ પત્ર પાઉલના બંધનના છેલ્લા દિવસોમાં લખેલો હોવો જોઇએ એમ માનવાનાં મુખ્ય કારણો નીચે મુજબ બતાવવામાં આવે છે:—

(ક) આ પત્ર લખવામાં આવ્યો ત્યાર પહેલાં રૂમમાં મંડળીનો બહોળો વિસ્તાર થયલો હતો તેમજ સુવાર્તાનું અધિક કામ કરવામાં આવ્યું હતુ એમ ૧; ૧૨–૧૭ ઉપરથી જણાય છે, તેથી અનુમાન થાય છે કે રાજધાનીમાં ઘણા દિવસ રહ્યા પછી પાઉલે આ પત્ર લખ્યો.

(ખ) લુક તથા આરીસ્તાર્ખસ પાઉલ સાથે રૂમમાં આવ્યા હતા (પ્રે. કૃ. ૨૭; ૨), વળી રૂમમાં લખેલા અન્ય પત્રો મોકલતી વેળાએ એ બે ભાઇ પ્રેરિત સાથે હતા (કલો. ૪; ૧૦, ૧૪ ફિલે. ૨૪). પરંતુ આ પત્રમાં તેમનાં નામ આવતાં નથી એથી એવું અનુમાન થાય છે કે રૂમમાંના બંધનનાં બે વરસ પુરાં થયા પહેલાં તેઓને બીજી કોઇ મંડળીમાં મોકલવામાં આવ્યા હતા, ને તેઓના ગયા પછી આ પત્ર લખાયો.

(ગ) રૂમ તથા ફિલિપ્પી વચ્ચે પાઉલ તથા એપાફ્રોદીતના સંબંધમાં જે પત્રવ્યવહારની સૂચનાઓ આ પત્રમાં સમાયલી છે તે ઉપરથી જણાય છે કે પ્રેરિતના રૂમમાં પહોંચ્યા પછી ને આ પત્ર લખ-

વાની વેળા અગાઉ સદરહુ બે શહેરો વચ્ચે એક પછી એક એવી ચાર મુસાફરીઓ થયલી હતી, તે નીચે મુજબ:—

(૧) પ્રેરિતની રૂમ પહોંચ્યાની ખબર ફિલિપ્પી મોકલવામાં આવી.

(૨) પ્રેરિતની મદદાર્થે ઉઘરાણું કરીને ફિલિપ્પીઓએ એપાફ્રોદીતને રૂમ મોકલ્યો (૨; ૨૫: ૪; ૧૮).

(૩) એપાફ્રોદીત રૂમમાં ઘણો માંદો છે એવી ખબર ફિલિપ્પીઓને પહોંચાડવામાં આવી (૨; ૨૬).

(૪) તત્સંબધી ફિલિપ્પીઓને થયલી ફિકરની ખબર એપાફ્રોદીતને રૂમમાં મળી.

એટલી બધી મુસાફરીઓમાં ઝાઝો વખત ગયો તેમજ પાઉલ ઉપર મદદ મોકલવામાં વિલંબ થયો હતો એવુ અનુમાન ૪; ૧૦ ઉપરથી કરાય છે, તેથી આ મત માનનારાઓ કહે છે કે, પ્રેરિતના રૂમમાં રહ્યાને પહેલે વરસે આ પત્ર લખી શકાયજ નહિ.

(ધ) વળી પત્રમાં જણાવેલી વસ્તુસ્થિતિ પરથી અનુમાન કરાય છે કે કેદમાંથી છૂટવાનો વખત પાસે હતો ત્યારે પાઉલે આ પત્ર લખ્યો. આના સબધમાં પાઉલની હાલત ઉપરથી બે મુખ્ય દલીલ રજુ કરવામાં આવે છે.

(૧) તેના બધનના દુઃખમાં ખાસ વધારો થયલો હતો એવી આ પત્ર સાક્ષી પુરે છે, એવો દાવો કરવામાં આવે છે. તે સ્થિતિફેરનુ કારણુ ઇ. સ ૬૨ માં થયલું બર્રસ નામના સૈનિક અમલદારનુ મરણુ ને તેની જગ્યાએ નીમેલા ટીગેલીનસની ક્રૂર સખ્તાઇ (તેમજ નેરો બાદશાહની ઉપપત્ની પૌમ્પેઆની વિરૂદ્ધતા) કહેવાય છે.

(૨) આ પત્રમાં પાઉલ પોતાની એવી ખાતરી જણાવે છે કે છૂટી જવાનો વખત હવે પાસે છે ને તે થોડીવારમાં ફિલિપ્પી આવવાની વાત જણાવે છે (૨; ૨૪) તેથી સદરહુ બે વરસને અતે આ પત્ર લખવાનો સમય થયલો માનવો જોઇએ.

ઉપર આપેલાં ચાર કારણો પ્રથમ વજનદાર જણાય છે એ નિ સદેહ છે, પરંતુ ડા. લાઇટ્ફુટે તે વિષે જે વિદ્વત્તાપૂર્ણ વિવેચન કર્યું છે તે ધ્યાનમાં લઇએ તો ઉપરોક્ત દલીલોના નીચે મુજબ ઉત્તર મળે છે.

(ક) પાઉલે રૂમીઓ પર પત્ર લખ્યો ત્યારે રૂમમાં (હા, કાઇસારના ઘરમાં પણ) ઘણા ખ્રીસ્તીઓ હતા એ રૂમી. ૧૬ માં સમાયલી ક્ષેમકુશળની વાત ઉપરથી માલમ પડે છે. વળી તે ઇતાલીમાં ઉતર્યો ત્યારે પુતીઓલીમાં ખ્રીસ્તી ભાઇઓ મળ્યા, એટલુંજ નહિ પણ રૂમના ખ્રીસ્તી ભાઇઓ તેના આવવાની ખબર સાંભળીને આપીફિરમ તથા ત્રણ ધર્મશાળા સુધી તેને લેવા માટે આવ્યા હતા; તેમને જોઇને પાઉલે દેવની સ્તુતિ કરી ને હિમ્મત પકડી (પ્રે. કૃ. ૨૮; ૧૩–૧૫). પરંતુ રૂમની મડળી તે વેળાએ ફિલિપ્પી મડળી જેવી વ્યવસ્થિત થયલી ન હતી તેમ તે જાહેર રીતે ખ્રીસ્તની સુવાર્તા ફેલાવનારી મડળી પણ ન હતી તેથી અન્ય લોકનું ધ્યાન તે તરફ ખેંચવામાં આવ્યું ન હતું, એવુ ત્યાંના યહુદી રહેવાસીઓની વાત ઉપરથી જણાય છે (પ્રે. કૃ. ૨૮; ૨૨) પાઉલના આવવાથી મડળીની આસ્થા તથા હિમ્મત વધી જાય એ સ્વાભાવિક હતું તેને પોતાના ભાડે રાખેલા ઘરમાં (કાચી કેદમાં, એટલે સિપાઇઓની પહેરેગીરી તળે) રાખવામાં આવ્યો ને ત્યાં તેની મુલાકાત કરવાને માટે ઘણા લોક આવતા તેઓને તે બોધ કરતો (પ્રે. કૃ. ૨૮; ૩૦, ૩૧). પાઉલ ખ્રીસ્તની સુવાર્તાને લીધે કેદી થયા છતાં સુવાર્તાની સેવામાં આટલી હોંસ રાખે છે એ જોઇને મડળીના લોકને બહુ ઉત્તેજન મળ્યુ (૧; ૧૪) ને એમ પ્રેરિતના આસ્થિત શ્રમથી એટલુંજ નહિ પણ ધર્મજાગૃતિ પામેલી મડળી વડે સુવાર્તાની ઘણી વૃદ્ધિ થઇ. કેવળ પાઉલની પહેરેગીરી કરનારા પ્રેટોરિયમ નામની પલટણના સિપાઇઓમાં એમ નહિ પણ શહેરના બીજા લોકોમાં પણ સુવાર્તાની ઘણી સફળતા થઇ હતી (૧; ૧૨, ૧૩). આવુ શુભ પરિણામ લાવવા સારૂ ઘણો વખત જોઇતો હતો એમ માનવાનુ સબળ કારણ નથી. ઉંઘમાં પડેલી મડ- ળીમાં ધર્મજાગૃતિ થવા લાગે છે ત્યારે તે અગ્નિની પેઠે ત્વરાએ ફેલાય છે, એવો અનેક વાર અનુભવ થયો છે. વળી મડળી જાગૃત થાય છે ત્યારે બહારના લોક પર અસર થતાં વાર લાગતી નથી. રૂમમાં મડળી ન હોત તો સુવાર્તાની સૂચવેલી વૃદ્ધિ થતાં વાર લાગે એમ નો ધારી શકાત, પરંતુ રૂમની મડળીની વસ્તુસ્થિતિ ને પ્રેરિત સાથે આવેલો ખ્રીસ્તનો સંપૂર્ણ આશીર્વાદ (રૂમી. ૧૫; ૨૯) એ ધ્યાનમાં લેતા કબૂલ કરવુ પડે છે કે તે શહેરમાં સુવાર્તાનો બહોળો ફેલાવો કરવાને અર્થે લાંબા વખતની આવશ્યકતા ન હતી.

(ખ) પાઉલના પત્રોમાં તેના સાથીઓનાં જે નામ આવે છે તે ઉપરથીજ અમુક પત્રના સમય વિષે સપ્રમાણ નિશ્ચય કરવો દુર્લભ જણાય છે (રૂમમાંથી અન્ય ત્રણ પત્રો લખતી વેળાએ એ ને એજ સાથીઓ તેની તહેનાતમાં હશે તોપણ એફેસીઓને લખેલા પત્રમાં તેઓમાંના કોઇનું નામ નથી, ને કલોસ્સીમાં એક નામ આવે છે કે જે ફિલેમોનના પત્રમાંનાં નામોમાં સમાયલું નથી). આ પત્રમાં આરીસ્તાર્ખસનું નામ નથી એ ઉપર આધાર રાખી શકાય એમ નથી. આરીસ્તાર્ખસ પાઉલ સાથે ઠેઠ રૂમ સુધી આવ્યો એમ માનીએ* તોપણ તેનો ફિલિપ્પી સાથે કંઇ ખાસ સબંધ ન હોત તો આ પત્રમાં તેનું નામ લખવાની જરૂર પાઉલને ન જણાત. પાઉલના સાથીઓના સલામ આ પત્રમાં સામાન્ય રીતે કહેવડાવવામાં આવે છે (૪; ૨૧) ને તે ભાઇઓમાં આરીસ્તાર્ખસ એક હતો કે નહિ એ ખાતરીથી કહેવાય નહિ. પરંતુ લુક વિષેની વાત જૂદી છે. તેનો ફિલિપ્પી સાથે ખાસ સબંધ હતો (જુઓ પૃષ્ઠ ૭) માટે આ પત્ર લખતી વેળાએ તે પાઉલ સાથે હોત તો તેનુ નામ ઘણુ કરીને લખવામાં આવત એમ માનવુ સકારણ કહેવાય વળી તે હોત તો ૨ ; ૨૦, ૨૧ માં લખેલી વાત તેને લાગુ પડત નહિ એ નિઃસદેહ હોવાથી ત્યાં પણ તેના વિષે કઇ ખાસ ખુલાસો આવત એમ કદાપિ ધારી શકાય. આવાં કારણોથી અનુમાન થાય છે કે વહાલો વૈદ લુક આ પત્ર લખતી વેળાએ પ્રેરિતની પાસે ન હતો.

હવે આ પત્ર લખ્યાને સમયે લુક પાઉલ સાથે રૂમમાં ન હતો એ ઉપરથી પત્ર પ્રેરિતના બંધનના છેલ્લા દિવસોમાં લખાયો એ સાબિત થાય છે કે કેમ? એ સવાલ કરવાની અગત્ય પડે છે. પાઉલે લુકને કોઇ મડળીની ખબર લેવા અથવા તો કોઇ ઠેકાણે સુવાર્તા પ્રગટ કરવા મોકલ્યો હશે એવુ જ્યારે સર્વાનુમતે માનવામાં આવે છે ત્યારે રૂમમાં રહ્યાને પહેલે વરસે ન મોકલ્યો હોય, વારૂ? બીજે વરસે તો મોકલે પણ પહેલે વરસે નજ મોકલે, એમ ધારવાનું એકે કારણ જણાતુ નથી, તેથી આ બીજી દલીલ પર આધાર રાખી શકાય એમ દીસતું નથી. પાઉલ વારવાર પોતાના સાથીઓને બીજી મડળીઓમાં મોકલતો એ નિર્વિવાદ છે (જુઓ ૨ ; ૧૯, ૨૩. કલો. ૪ ; ૧૦). માટે રૂમમાં પહોંચ્યા પછી

* ડા લાઇટ્ફુટ એમ ધારે છે કે મુરા બંદરે વહાણ બદલાયુ ત્યારે આરીસ્તાર્ખસ બારોબાર માકેદોનીઆમાં ગયો હશે, પરંતુ એનું કઇ પ્રમાણ નથી.

તેણે લુકને થોડી વારને માટે બીજે કોઇ સ્થળે મોકલ્યો હોય, એ કંઇ અસંભવિત નથી

(ગ) મુસાફરીઓ વિષે ડા. લાઇટ્ફુટે ઘણીજ ઝીણી તપાસ કરીને વિવેચન કર્યું છે. તે તો એવી સૂચના કરે છે કે કદાપિ ચારને બદલે બેજ મુસાફરીઓ કરવામાં આવી હશે. ઉપર લખ્યા મુજબ આરીસ્તાર્ખસ જો મુરા બદરે વહાણ ન બદલતાં બારોબાર માકેદોનીઆમાં ગયો હોત તો તેની મારફતે ફિલિપ્પીઓને પાઉલના રૂમ જવા વિષે ખબર વહેલી મળી શક્ત—અર્થાત્ પહેલી કહેલી મુસાફરીની જરૂર ન રહેત વળી જો ધારીએ કે એપાફ્રોદીત એટલુંજ જાણતો કે ફિલિપ્પીઓ પાસે મારા મદવાડની ખબર ગઇ છે તો ત્યાંથી સદેશો આવ્યા વગર તે સમજે કે ભાઇઓ મારે લીધે ફિકરમાં હશે, ને એમ ચોથી મુસાફરી ચારમાથી બાદ કરી શકાય એમ છે. પરંતુ એવી અનિશ્ચિત વાતો પર આધાર ન રાખતાં ચારે મુસાફરી સ્વીકારીએ ને એમાં કેટલો વખત ગયો હશે તે તપાસીએ.

રૂમથી ફિલિપ્પી સુધીનો સીધો માર્ગ બ્રંડુસીઅમ* તથા ડુર્હાખીઅમ થઇને જતો. મુસાફરો આપ્પીઅન નામને માર્ગે થઇને રૂમથી બ્રડુસીઅમ જતા એ રસ્તો ૩૬૦ માઇલનો હતો. ત્યાંથી વહાણમાં બેસીને આડ્રીઆટિક સમુદ્ર ઓળંગીને ઇલુરીકમ પ્રાંતમાંના ડુર્હાખીઅમ બદરે પહોંચાતું. એ બદરથી એગ્નાટીઅન માર્ગ શરૂ થતો ને તે સડકે ૩૭૦ માઇલની મુસાફરી પછી ફિલિપ્પી આવતું. માટે કુલ ૭૩૦ માઇલનો રસ્તો હતો ને સમુદ્રની મુસાફરી જુદી.† રૂમીઓનાં લખાણ ઉપરથી જણાય છે કે રૂમથી ફિલિપ્પી સુધીની મુસાફરી એક મહિનામાં થતી. પરતુ સાધારણ મુસાફર એ સુવ્યવસ્થિત રાજમાર્ગે પર રોજ સુખેથી ૨૦ માઇલનો રસ્તો કાપી શકે એમ ગણીએ તો દોઢ મહિનાની અદર એ મુસાફરી કરતાં જરાએ હરકત પડે નહિ એ સ્પષ્ટ છે. ત્યારે ચાર મુસાફરીને માટે છ મહિના ગણીએ ને

---

* હાલ બ્રિડીસી બંદર કે જ્યા થઇને હિન્દુસ્તાન તથા વિલાયતની ટપાલ આવ જા કરે છે.

† અનુકૂળ સમયમાં સમુદ્રની મુસાફરી એકજ દિવસની હતી પણ પવન ઉલટો હોય તો વધારે વાર લાગે. ઉદાહરણ,—બીજી મુસાફરીમાં પાઉલ ત્રોઆસ મૂકીને બીજે દિવસે નીઆપોલીસ પહોચ્યો (પ્રે. કૃ. ૧૬, ૧૧), પણ ત્રીજી મુસાફરીમાં એજ સમુદ્રવાટે પાછા જતાં પાંચ દિવસ થયા (પ્રે. કૃ. ૨૦ ; ૬).

વળી બન્ને મુસાફરીઓ વચ્ચે એક મહિનાની વાર થયલી ધારીએ તો પાઉલના રૂમમાં પહોંચ્યા પછી નવ મહિનાને અંતે આ પત્ર લખી શકાય એ સિદ્ધ છે. (ઉધરાણું કરવામાં કે મોકલવામાં વિલંબ થયો હતો એમ માનવું સકારણ નથી—જુઓ ૪; ૧૦ નો ખુલાસો). માટે સદરહુ ચાર મુસાફરીઓમાં રોકાયલા વખતની દલીલ ઉપરથી આ પત્ર પાઉલના રૂમી બંધનના પહેલાજ વરસને આખરે લખી શકાય નહિ, એ અભિપ્રાય સપ્રમાણ જણાતો નથી.

(ધ) હવે પત્રમાં સૂચવેલી વસ્તુસ્થિતિ ઉપરથી જે દલીલ કરવામાં આવે છે તે તપાસતાં માલમ પડે છે કે તે દલીલના જે બે ભાગ તેમાં વિરૂદ્ધતા છે. પોમ્પેઆની વિરૂદ્ધતા તથા ટીગેલીનસની કઠોરતાને લીધે પ્રેરિતના બંધનમા અધિક દુઃખ થયું હોત તો વહેલાં છૂટવાની આશા રાખવાનું શું કારણ જણાત ' શું એવાં દુષ્ટો તથા બાદશાહનાં માનીતાઓની દુશ્મનાઇને લીધે આટલી બધી નિરાશા ન ઉપજત કે છૂટી જવાની આશા રહેતજ નહિ? પરંતુ એવી દેખીતી વિરૂદ્ધતા છતાં બેમાથી એક દલીલ સકારણ તો હશે એમ ધારીને તે અનુક્રમે તપાસીએ.

(૧). પાઉલના બંધનમાં દુઃખનો વધારો થયો હતો એવી આ પત્રમાં એકે સૂચના માલમ પડતી નથી (જુઓ ૧; ૧૨ નો ખુલાસો). પ્રેરિતને થયલું જે વિશેષ દુઃખ સૂચવાય છે તે નિર્મળ સુવાર્તાના શત્રુઓના વર્તનથી થયું દીસે છે. આ પત્રમાં આનંદનો ઉભરો વિશેષ જણાય છે એમ આગળ જતાં માલમ પડશે. હવે જો કે પાઉલને અધિક દુઃખ થયું હોત તો પણ તે આનંદ કરી શકત એવું તેણે ફિલિપ્પીના કેદખાનામાં બતાવી આપ્યું હતું. પરંતુ ટીગેલીનસના કર્યાથી તેને પોતાના ભાડે રાખેલા ઘરમાંથી કાઢવામાં આવ્યો ને સખ્તાઇથી કેદખાનામાં પુરવામાં આવ્યો એ વાતનું કંઇજ પ્રમાણ નથી. લુક જણાવે છે કે "પાઉલ પોતાના ભાડાના ઘરમાં પુરાં બે વરસ રહ્યો" (પ્રે કૃ. ૨૮; ૩૦), એ ઉપરથી સ્પષ્ટ છે કે પાઉલને કાચી કેદમાં રાખવાની રીતમાં સદરહુ બે વરસ દરમિયાન કંઇ ફેરફાર થયો નહિ, ને વળી અનુમાન

થાય છે કે બે વરસને અતે તેને છોડી મૂકવામાં આવ્યો. રૂમમાં પાઉલનું બધન બે વરસનું હતું એમ મનાતુ આવ્યુ છે ને લુકની સાક્ષી પરથી માનવુ પડે છે કે એ બ વરસની અદર તેને સખત કેદમાં રાખવામાં આવ્યો ન હતો, માટે આ પેટા દલીલ સપ્રમાણુ મનાય એમ નથી.

વળી હાલ માનવામા આવતી કાલમાનની વિગતથી આ દલીલ અધિક શકાશીલ જણાય છે અંગરક્ષક પલટણનો ભલો સરદાર બર્રસ ઇ. સ ૬૨ મા મરણ પામ્યો ત્યારથી ટીગેલીનસની સરદારી શરૂ થઇ જુની ગણત્રી પ્રમાણે પાઉલ ઇ સ ૬૧ થી તે ૬૩ સુધી રૂમમા કેદી રહ્યો, એટલે ટીગેલીનસ જેવો મોટો સરદાર જો એવા ગરીબ બોધક પર જુલમ ગુજારવા માગે તો ગુજારી શકત, એમ કબૂલ કરવુ પડતુ પરતુ વિદ્વાનોએ રૂમના ઇતિહાસની વિગત તપાસવાથી એવો અભિપ્રાય બાધ્યો છે કે આજ સુધી સ્વીકારેલી ગણત્રીમા ભૂલ થઇ છે ફેલીકસને ઠેકાણે ફેસ્તસ ઇ. સ ૬૦ માં કાઇસારીઆમા હાકેમ થયો એ અભિપ્રાય ઉપરથી પાઉલ ૬૧ મા રૂમમા પહોચ્યો એમ મનાતું જો કે હજીએ પાઉલના જીવનચરિત્રના કાલમાનની વિગત વિષે વિદ્વાનોમા એકમત થયો નથી તો પણ જેઓ જુની ગણત્રીમાં અલ્પતમ ફેરફાર કરે છે તેઓ માને છે કે ફેસ્તસ ઇ. સ. ૫૮ મા હાકેમ થયો માટે પાઉલ ઇ. સ ૫૯ થી તે ૬૧ સુધી રૂમમા કેદી રહ્યો એ ગણત્રી જેઓ સ્વીકારે છે તેઓને માનવું પડે છે કે પાઉલના બધનના અત સુધી બર્રસની સરદારી હતી

(૨) આ પત્ર લખતી વેળાએ પાઉલ થોડી વારમાં છૂટવાની આશા રાખતો એ નિર્વિવાદજ છે (જુઓ ૨ ; ૨૪). પરતુ ફિલેમોન પર લખતાં તે એજ આશા રાખીને ફિલેમોનને ઉતારો તૈયાર કરવાનું ફરમાવે છે (ફિલે. ૨૨), માટે બધનમાં લખેલા અન્ય ત્રણુ પત્રો પછી આ પત્ર લખવામાં આવ્યો એ આ દલીલથી સાબિત થતું નથી એ સિદ્ધ છે. પાઉલે જ્યારે અપીલ કરી ત્યારે તેના મનમા એવી ખાતરી હોવી જોઇએ કે મારા પર જગતના સઘળા યહુદીઓમાં હંગામો ઉઠાવવાનુ જે તહોમત મૂકવામાં આવ્યું (પ્રે. કૃ. ૨૪ ; ૫) તેનો પુરાવો છેજ નહિ (સરખાવો પ્રે. કૃ. ૨૫ ; ૧૮ : ૨૬ ; ૩૧, ૩૨) માટે કાઇસાર આગળ તપાસ થતાં જરૂર છૂટી જઇશ. વળી રૂમમાં આવ્યા પછી તેની એવી વકી જણાય છે કે તપાસ થશે ત્યારે હુ નિરપરાધી ઠરીશ (પ્રે. કૃ. ૨૮ ; ૧૭-૧૯). તથાપિ (ગમે તે કારણુથી) તપાસની ઘણીવાર થઇ. વહાણુ ભાંગ્યાને લીધે મુકરદમાનો તુમાર ગુમ થઇ ગયો હશે, એટલે કાગળોની નકલો કાઇસારીઆથી

મગાવવાની જરૂર પડી હશે. વળી યહુદીઓ સાક્ષીઓને શોધવાને બહાને મુદ્દત પડાવે; નેરો બાદશાહ કામ વિષે બેદરકાર હોવાથી વાર લગાડે;* એવાં એવાં કારણોથી તપાસ મુલતવી રાખવામા આવી હશે. વખતો વખત જણાય કે થોડી મુદ્દતમાં કામ ચાલવાનો સભવ છે, ત્યારે છૂટવાનો વખત પાસે છે એવી આશા પાઉલના મનમાં વિશેષ સ્ફુરે. વળી કામ ફરીથી મુલતવી રાખવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે, નિરાશા ઉત્પન્ન થાય. આ પત્ર લખતી વેળાએ પ્રરિતને તપાસ વ્હેલા થવાની આશા હતી ખરી, પરતુ તેના ધારવા મુજબ તપાસ થયલી હોવીજ જોઇએ, એવુ અનુમાન કરાય એમ નથી.

(ख) પાઉલને છોડવાનો વખત પાસે હતો તે વેળાએ આ પત્ર લખવામાં આવ્યો એ ઉપરોક્ત ચાર કારણોથી સિદ્ધ થતું નથી એમ માનવુ પડે છે. હવે તે પાઉલના રૂમી બધનના પહેલા વરસની અદર લખાયો એની સાબિતી આપવા માટે ડા. લાઇટ્ફુટે જે દલીલ રજુ કરી છે તે તપાસીએ.

(ક) પહેલી દલીલ એવી છે કે પાઉલે લખેલા અન્ય પત્રો સાથે આ પત્ર સરખાવતાં માલમ પડે છે કે તે રૂમીઓને લખેલા પત્રને વિશેષ મળતો આવે છે, ને એથી જણાય છે કે પાઉલે ઘડેલી પત્રોરૂપી સાકળમાં આ પત્ર તો પહેલા લખેલા પત્રો તથા એફેસી ઇત્યાદિ પત્રોરૂપી કડીઓની વચ્ચે આવતાં તેમને જોડી દેવાની ગરજ સારે છે. આ દલીલને ટેકો આપવા માટે રૂમી સાથેના મળતાપણાની નીચે મુજબ વિગત આપવામાં આવે છે.

વિષય.	ફિલિ.		રૂમી.
સભાસદોનું સ્મરણ તથા તેમને જોવાની ઇચ્છા... ...	૧; ૩, ૪, ૭, ૮	=	૧; ૮–૧૧.
ઉત્તમ વાનાં પારખી લેવાં ...	૧; ૧૦	=	૨; ૧૮.
નમ્ર તથા પરાર્થે ભાવ રાખીને સંપમાં રહેવું	૨; ૨–૪	=	૧૨; ૧૦, ૧૬-૧૯.

*યહુદી ઇતિહાસકાર જોસેફ્સ (યુસફ) કેટલાક યહુદી યાજકોની વાત જણાવે છે કે જેઓને આશરે આ સમયે ત્રણ વરસ સુધી પોતા પર નાખેલા તહોમતની તપાસની રાહ જોતાં જોતાં રૂમમાં રહેવું પડયુ.

વિષય.	ફિલિ.	રૂમી.
પુનરૂત્થાન પામેલા ખ્રીસ્તનું પ્રભુત્વ.	૨ ; ૮–૧૧	=૧૪ ; ૯, ૧૧.
વાસ્તવિક તથા કૃત્રિમ સુનત .	૩ ; ૩	= ૨ ; ૨૮.
યહુદી ધર્મના સંબધમાં પ્રરિતને મળેલા લાભ	૩ ; ૪, ૫	=૧૧ ; ૧.
ન્યાયીપણું–પોતાનું તથા દેવનુ	૩ , ૯	=૧૦; ૩ : (૯; ૩૧, ૩૨).
ખ્રીસ્તની સમાનતામાં બદલાવુ	૩ ; ૧૦, ૧૧, ૨૧	= ૬ ; ૫ : ૮ ; ૨૯.
પાપનું પરિણામ	૩ ; ૧૯	= ૬ ; ૨૧ : (૧૬; ૧૮).
પસંદ અર્પણ	૪ ; ૧૮	=૧૨ ; ૧.

એ ઉપરાંત કેટલાએક અસાધારણ ગ્રીક શબ્દો બને પત્રોમાં મળી આવે છે, જેમકે "આતુર અપેક્ષા" (રૂમી. ૮ ; ૧૯. ફિલિ. ૧ ; ૨૦). "અનુરૂપ" (રૂમી. ૮ ; ૨૯. ફિલિ. ૩ ; ૨૧). "કાયર કરવું" (રૂમી. ૧૨ ; ૧૧. ફિલિ. ૩ ; ૧) ઇત્યા. આવા મળતાપણા ઉપરથી દલીલ આપવામાં આવે છે કે અગાઉ લખેલા પત્રો સાથે ફિલિપ્પીઓનો ખાસ સંબધ છે.

આ દલીલ વિષે ઘણા ખરા ટીકાકારો એવો વાંધો લે છે કે માત્ર ચરચેલા વિષયો તથા વપરાયલા શબ્દ પરત્વે મુકાબલો કરવાથી પાઉલના પત્રો લખવાનો સમય જણાય નહિ. દરેક મડળીની અગત્ય મુજબ પ્રેરિત પત્રોના વિષયો પસંદ કરતો ને એ વિષયોને અનુકૂળ પડતા શબ્દ વાપરતો. તેથી સ્પષ્ટ છે કે ઉપર આપેલી ટીપથી એવુ અનુમાન ન કરવુ કે રૂમીઓને પત્ર લખ્યા પછી જે પહેલો પત્ર પાઉલે લખ્યો તે આ પત્ર હોવો જોઇએ.

હવે આ જવાબ સકારણ છે એમ કબૂલ કરવું પડે છે. રૂમીઓના પત્રમાં ચરચાયલા વિષયો વિષે કોઇ પણ વેળાએ બીજી કોઇ મડળી પર લખતાં પાઉલ રૂમીઓના પત્રને મળતોજ લેખ મોકલે, એ નિઃસદેહ છે. વળી એફેસીઓને લખેલા પત્રમાં રૂમીના પત્ર જેવી વાતો આવે છે એ બતાવવામાં આવ્યું છે (જુઓ એફે. નો ખુલાસો પૃષ્ઠ ૮) ; તેથી માલમ પડે છે કે પાઉલના બોધમાં કેટલીક સામાન્ય વાતો સમાયલી છે કે જેને લીધે તેના વિવિધ પત્રો એક બીજા સાથે સાંકળની કડીઓની પેઠે જોડાયલા નથી પણ સુવાર્તારૂપી દોરી પરના મણકાની પેઠે પરોવાયલા છે. માટે ડા. લાઇટ્ફુટની આ પહેલી દલીલ ખાતરીપૂર્વક લાગતી નથી એવો જે ઘણા વિદ્વાનોનો અભિપ્રાય તે યુક્ત દીસે છે,

પરંતુ કેદમાં લખેલા પાઉલના પત્રો તપાસતાં જણાય છે કે આ પત્રમાં પાઉલ રૂમીના પત્ર જેવાજ દષ્ટિબિંદુથી મંડળી તરફ જુએ છે, ને એશીઆ મૈનરની મડળીઓને તે જૂદાજ દષ્ટિબિંદુથી નિહાળે છે. આ પત્રના ત્રીજા અધ્યાયમાંનો બોધ રૂમીઓના પત્રમાં સમાયલા બોધને મળતો આવે છે એનુ કારણ એટલુજ છે કે બને પત્રોમા દષ્ટિબિંદુ એ ને એજ છે. રૂમી મડળી પર પાઉલે લખ્યુ ત્યારે એના મનમાં જે ધાસ્તી તે એ કે, નિયમની કરણીઓ વિષે યહુદી પક્ષના બોધકોના શિક્ષણથી ખ્રીસ્તની નિર્મળ સુવાર્તામા હાનિકારક મેળવણી કદાપિ થાય. ફિલિપ્પીઓ પર લખતી વેળાએ એના મનનાં એજ બીતિ હજીએ જણાય છે (જુઓ ૩; ૨, ૯). એફે. તથા કલો. પત્રો લખતી વેળાએ એ બીતિ નથી દેખાતી પણ કલોસ્સેમાં આવેલા બોધકોનું જે દૂનોની મધ્યસ્થી તથા વૈરાગ્યવૃત્તિ વિષે શિક્ષણ અપાતું તેથી મડળીઓના લોક ખ્રીસ્તથી અલગ થશે એવી ફિકર જણાય છે. હવે એ નવા પાખડ વિષેની ખબર જાણ્યા પછી પાઉલ પ્રિય ફિલિપ્પીઓ પર લખીને એ વિષે એકે સૂચના ન આપતાં જુની પદ્ધતિ મુજબ નિયમથી જે ન્યાયીપણું તે વિષે ચેતવણી આપે તો એનો એટલોજ ખુલાસો હોવો જોઇએ કે જુના પાખડથી ફિલિપ્પીઓને જોખમ થવાનો ખાસ સભવ હતો, પણ નવા પાખડ વિષે તેમને ચેતવણી આપવાની જરૂર લાગતી ન હતી.

પરતુ એશીઆ મૈનરમાં પ્રગટ થતા પાખંડનો ચેપ ફિલિપ્પી મડળીને લાગેજ નહિ એમ ધારવાનું કારણ સૂઝતું નથી, તેમજ ફિલિપ્પીઓ પર યહુદી પક્ષકારોથી કઇ ખાસ અસર થવાનો સભવ હતો એનુ કઇ પ્રમાણ નથી. આપણે પાછળ જોયુ છે કે ફિલિપ્પી મડળી પ્રથમ એ અસરથી મુક્ત રહેતી ને ત્યાંની વસ્તુસ્થિતિને લીધે એ મડળીને સદરહુ અસર કદી લાગી નહિ એમ ધારવુ સકારણ છે. આ પત્ર લખ્યાના સમય અગાઉ યહુદી પક્ષકારોથી મડળીઓમા બગાડ થવાનો વિશેષ ભય થયો હતો. એટલામાં એ ભય ઘણે દરજ્જે મટી ગયો હતો તો પણ તોફાન પછીની મદ પડતી લેહેરો હજુ વાતી હતી, ને રૂમમાં તેનો કઇક અનુભવ થયાથી પાઉલ તત્સબધી પોતાના વહાલા ફિલિપ્પીઓને ચેતવણી આપે છે. પછી એ ભય મટી ગયો ને તેને ઠેકાણે નવુ જોખમ નજરે પડયુ છે એમ એશીઆ મૈનરના ખ્રીસ્તીઓ પર લખતી વેળાએ પ્રેરિતને જણાયાથી તેણે એફે તથા કલો. પત્રોમાં નવા દષ્ટિબિંદુથી નવાજ પ્રકારનુ શિક્ષણ આપ્યુ, એમ ધારવુ અસભવિત નથી.

(ખ) ડા. લાઇટ્ફુટની બીજી દલીલ મડળીની વ્યવસ્થાને લગતી છે. તેણે એવો અભિપ્રાય જણાવ્યો કે એફે. તથા કલો. માં સાર્વત્રિક મડળીના ઐક્ય વિષે જે બોધ આપેલો છે તે નવા પ્રકારનો છે. એ ઉપરથી અનુમાન કરવુ કે આ પત્રના સમય પછી મડળીની વ્યવસ્થામાં અધિક વૃદ્ધિ થયલી હોવી જોઇએ, નહિ તો એફે. તથા કલો. માં સમાયલો બોધ આપી ન શકાત.

એના જવાબમાં કહેવાય છે કે રૂમથી મોકલેલા પત્રો એટલા મોટા અતરે લખાયલા ન હતા કે મડળીની વ્યવસ્થામા ધારેલી વૃદ્ધિ થવા માટે જોઇતો વખત મળે. પાઉલે કેદના પહેલા વરસમાં આ પત્ર લખ્યો ને બીજે વરસે એફે ઇત્યા. પત્રો લખ્યા, એમ ધારીએ તોપણ માત્ર એક વરસને અતરે મડળીની વ્યવસ્થામાં આટલી બધી વૃદ્ધિ નહિ થઇ હોય કે પ્રેરિતને સાર્વત્રિક મડળીના ઐક્ય વિષે લખવાની અગત્ય જણાય. માટે મડળી વિષેની નવી વાતનો બીજો કોઇ ખુલાસો શોધવાની જરૂર જણાય છે.

આ પણ સકારણ જવાબ છે એમાં સદેહ નેથી. તથાપિ ઉપરોક્ત અતરમા મડળીની સ્થિતિમાં નહિ પણ મડળી સબધે પાઉલના વિચારોમાં મોટી વૃદ્ધિ થયલી હતી એમ કહેવામાં વાધો નથી. એશીઆ મૈનરથી જે ખબર આવી હતી તેને લીધે પાઉલના વિચારો નવી દિશામાં દોરવાઇ ગયા, એ સ્પષ્ટ છે. હવે આ પત્ર લખ્યા પહેલાં એ ખબર મળી હોત તો એમાં નવા વિચારની કઇ સૂચના આવવાનો સભવ રહેત કે નહિ એ વિષે વિચાર કરવાનો છે.

એમ બધી વાત ધ્યાનમાં લેતાં જણાય છે કે ડા. લાઇટ્ફુટની આ બે દલીલ જો કે અપૂર્ણ છે તો પણ એમાં એટલુજ વિચારવા જેવુ માલમ પડે છે કે ફિલિપ્પીઓ પર લખતાં પાઉલ જુના દૃષ્ટિબિદુથી બોધ કરે છે ને બધનના અન્ય પત્રો લખતાં નવા દૃષ્ટિબિદુથી જુએ છે. પરતુ એ સ્થિતિફેરનું કારણ સ્પષ્ટ રીતે ન જણાયાથી ઉપરના વિવેચનને પરિણામે એટલુંજ માનવુ પડે છે કે પ્રથમ ફિલિપ્પી ને પછી એફે. કલો. તથા ફિલે. એ અનુક્રમે બધનના પત્રો લખવામાં આવ્યા, એમ ધારવું શક્ય છે પણ ખાતરીપૂર્વક નથી.

સદરહુ પત્રોનો અભ્યાસ કરતાં તે લખવાના ક્રમ વિષે કઇ સૂચના મળે છે કે નહિ એ તપાસીએ. મને એમ લાગે છે કે પત્રોનો મુકાબલો કરવાથી એવી બે સૂચનાઓ મળી આવે છે, તે નીચે મુજબ :—

(ક) પ્રેરિતે આ પત્ર લખ્યો ત્યારે સુવાર્તાના કામમાં તેને મદદ કરનારા ઘણા હતા (૧ ; ૧૪–૧૭). કેટલાએક તો વિપરીત ભાવથી કામ કરતા પરતુ મડળીના ઘણા ખરા લોક દેખીતી રીતે પ્રેરિતને મદદ કરતા. પણ કલોસ્સીઓ પર પત્ર લખતી વેળાએ માત્ર ત્રણ યહુદી વિશ્વાસીઓ પ્રેરિત સાથે હતા, ને તેઓમાંના બે રૂમના રહીશ ન હતા એ જાણીએ છીએ (કલો. ૪ ; ૧૦, ૧૧). હવે પાઉલ જેવો પ્રખ્યાત પ્રેરિત રૂમમાં આવીને ઘણાજ આવેશથી કામ કરવા લાગે તો પણ ત્યાં રહ્યાને પહેલે વરસે સ્થાનિક મડળીનો એકજ યહુદી વિશ્વાસી તેની પાસે રહે, ને બીજે વરસે તેના

બંધનને લીધે ઉત્તેજિત થઇને મડળીના ઘણા ખરા ભાઇઓ તેની સાથે સુવાર્તા પ્રગટ કરવાનુ કામ હાથમાં લે એ અસભવિત છે. બીજે પક્ષે પ્રેરિત આવે ને મડળીના લોક તેના નમુનાથી ઉત્તેજિત થઇને મદદ કરવા લાગે તો પણુ તેના બોધને લીધે યહુદી રિવાજોને ચુસ્ત રીતે વળગનારા રફતે રફતે ઠંડા પડીને તેનો ત્યાગ કરે, તેમ જેઓ પહેલા માત્ર દેખીતી રીતે તેની સાથે કામ કરતા તેઓ ઉઘાડી રીતે વિરૂદ્ધ થાય એમ બનવું સભવિત કહેવાય. અર્થાત્ આ પત્રમાં વર્ણવેલી વસ્તુસ્થિતિ પ્રથમની હતી ને કલોસ્સીમાં સૂચવેલી સ્થિતિ પછીની હતી, એમ માનવુ યુક્ત દીસે છે.

(ખ) ઉપર કહેલા ત્રણુ યહુદી ખ્રીસ્તીઓ વિષે કલો. ૪ ; ૧૧ માં એમ લખ્યુ છે કે, "તેઓ મને દિલાસો દેનારા થયા છે." અસલ શબ્દોના કાળ ઉપરથી ભૂતકાળના કોઇ અમુક પ્રસંગે આ ભાઇઓના વિશ્વાસુપણાથી પ્રરિતને આશ્વાસન થયુ હતું, એવી સૂચના થાય છે. આ પત્ર લખતી વેળાએ જે વિરૂદ્ધતા શરૂ થઇ હતી તેને લીધે પાઉલ દુ ખી થયો ને તે દુ ખને સમયે ઉપરોક્ત ભાઇઓ તેને આશ્વાસનરૂપ થઇ પડયા, એમ માનવું ઉચિત લાગે છે. કોઇ પણ સ્થાને પ્રભુનુ કામ શરૂ થાય છે ત્યારે તે વિષે પ્રથમ જીજ્ઞાસા વિશેષ દેખાય છે ; એ જીજ્ઞાસાથી ઘણા લોકો વાત સાંભળવા ભેગા થાય ને બોધની ઉત્તમતા માને એને લીધે વિરોધીઓ આવેશમાં આવીને કામમાં ખલેલ પહોં- ચાડવાના પ્રયત્નો કરે ને બોધકોને સતાવે. એ લોકવિરૂદ્ધતાને લીધે કાચા વિચારના શોધકો ઠંડા પડી જાય, એટલે પોતાનું કામ સફળ થયલું માનીને વિરોધીઓ નરમ પડે ને ત્યાર પછી કામ સાધારણ રીતે શાંતિએ ચાલે—એવો ઘણીવાર અનુભવ થયો છે. રૂમમાં પણ એમજ બન્યુ હશે. હવે દુ ખમાં કે સુખમાં, સતાવણીમાં કે શાંતિમાં જેઓ વિશ્વાસુ રહે છે તેઓથી સંકટને સમયે ઉપદેશકોને ખરો દિલાસો મળે છે, ને રૂમમાં શાંતિ થઇ ત્યારે પાઉલ સદરહુ ત્રણુ ભાઇઓ વિષે જણાવે છે કે વિશેષ વિરૂદ્ધતા થતી ત્યારે પણુ એમના વિશ્વાસુપણાથી મને આશ્વાસન થયું—એમ ધારવુ સ્વાભાવિક છે. આ વાતમાં પણુ કલોસ્સીના પત્ર અગાઉ આ પત્ર લખવામા આવ્યો એ વાતની સૂચના રહેલી દીસે છે.

માટે પાઉલ પ્રેરિતે રૂમમાં રહ્યાને પહેલે વરસે આ પત્ર લખ્યો એ શક્ય છે એટલુંજ નહિ પણ સભવિત છે એવુ અનુમાન કરવુ ઉચિત છે. અર્થાત્ જુની ગણુત્રી મુજબ ઈ. સ. ૬૧ ને અતે કે ૬૨ ની શરૂઆતમાં (નવી ગણુત્રી મુજબ ઈ. સ. ૫૯–૬૦ માં) આ પત્ર લખવામાં આવ્યો એવો સભવ છે.

પત્રમાં સમાયલા શિક્ષણ વિષે.

આ પત્રમાં સબદ્ધ વિવેચનરૂપી શિક્ષણ મળતું નથી. તે વહાલા મિત્રો પર લખેલા કાગળ જેવો છે. તેમાં ફિલિપ્પીઓ સાથે પાઉલ કેવી શુદ્ધ મિત્રાચારી રાખતો એ સ્પષ્ટ માલમ પડે છે. પત્રની પ્રસ્તાવના પછી તે તેમને પોતાની તથા પોતાના કામની ખબર જણાવે છે, ને પોતાની સ્થિતિના વિચાર ઉપરથી તેમની સ્થિતિ યાદ આવતી હોય તેવી રીતે તે તેમને દિલાસાદાયક તથા ઉત્તેજક બોધ કરે છે. તેઓ તારનારના પગલામાં ચાલીને નમ્રતાથી એક બીજાને ઉત્તમ ગણે માટે તે (૨ જા અધ્યાયમાં) ખ્રીસ્તનો ઉત્તમ નમુનો તેઓની આંખ આગળ મનોહર રીતે રજુ કરે છે. પછી ફરીથી રૂમમાંની વાત પર આવતાં તે તેમની ખબર લેવા માટે તીમોથીને મોકલવાનો ઇરાદો જણાવે છે ને પોતે તેમની પાસે જલદી આવવાની આશા જાહેર કરે છે; વળી એપાફ્રોદીતની ખબર પણ લખીને તેનુ વખાણુ કરે છે. છેલ્લી આજ્ઞાઓ આપીને તે પત્ર સમાપ્ત કરવાનો હોય એવી રીતે ૩ જો અધ્યાય શરૂ થાય છે પરતુ પોતાના પ્રિય ભાઇઓની સુદૃઢતાને અર્થે સુનતીઓની વાત કાઢતાં તેને પોતાનુ જીવનસૂત્ર યાદ આવે છે માટે તેનો ખુલાસો કરીને સત્પંથમાં દોડવાનો તથા આકાશીય શહેરના વતનીઓને શોભતી ચાલ ચાલવાનો તે બોધ કરે છે. છેલ્લે (૪ થા અધ્યાયમાં) કુસપ કરનારી બાઇઓને ખાસ બોધ આપીને તે આખી મડળીને કેટલીક અગત્યની આજ્ઞાઓ કરે છે, ને તેમની ઉદારતાને લીધે આભાર માનીને ક્ષેમકુશળની વાત સાથે પત્રની સમાપ્તિ કરે છે. એમ આ પત્રમાં પ્રેરિત પોતાની ખબર મોકલીને ફિલિપ્પીઓની સ્થિતિને લાગુ પડે એવો બોધ નિખાલસ મિત્રભાવથી આપે છે એ સ્પષ્ટ છે. (વધુ ખુલાસાને માટે જુઓ પત્રનું પૃથક્કરણ).

પત્રનાં ખાસ લક્ષણો વિષે.

આ પત્રમાં પ્રીતિ પ્રધાનરૂપ માલમ પડે છે. પ્રભુની સંગતમાં જે વહાલા ભાઇઓ તેઓ પ્રત્યે પ્રભુના સેવકોએ શુદ્ધ પ્રેમ રાખવો તે અહિં પ્રત્યક્ષ રીતે દેખાઇ આવે છે. સુવાર્તામાં ફિલિપ્પીઓની સગત વિષે પ્રેરિત પ્રભુનો ઉપકાર માને છે, ને તેઓમાં પ્રભુનું કામ સપૂર્ણ થતું જશે એવી તે ખાતરી જણાવે છે. તેમને તે જાણે પોતાના હૃદયમાં રાખતો હોય એવુ તે તેમના પર હેત કરે છે તેથી તે તેમની મુલાકાત કરવા માટે ઘણો ઉત્સુક થાય છે. તેઓ પણ પ્રીતિમાં વધતા જાય એવી તેની અપેક્ષા છે ને તેઓમાં જે અશાંતિ તે દૂર થતાં તેઓ

ઐક્યના બંધનમા રહે માટે તે તેમની આંખ આગળ ખ્રીસ્તની આદર્શરૂપી પ્રીતિ ધરે છે. તેઓના સ્સ્થાપનને અર્થે તે જીવતો રહેવા રાજી છે પરંતુ તેમની ખાતર તે પોતાનો જીવ પણ અર્પિત કરવા તૈયાર છે. તેમની મુલાકાત કરવા તે બનતી ઉતાવળે આવવાનું વચન આપે છે એટલુજ નહિ પણ પ્રિય તીમોથીને વહેલાં મોકલવાની ગોઠવણ કરે છે તેમજ એપાફ્રોદીતને તે વિદાય કરે છે. દૈહિક વાનાં પર પ્રેરિત લક્ષ આપતો નથી પરંતુ ફિલિપ્પીઓએ મોકલેલા દાનની મારફતે તેમની કાળજી તથા ઉદારતા દર્શાવવામાં આવે છે એમ સમજીને તે ઘણોજ આભાર માને છે ને તેમનાં અગાઉથી આપેલાં અનેક દાન સભારે છે. અર્થાત્ ફિલિપ્પીઓ ખરેખર પાઉલના વહાલા તથા ઇષ્ટ ભાઇઓ,—તેના આનંદાસ્પદ તથા મુગટરૂપ—હતા એવુ આ પત્રમાં માલમ પડે છે.

વળી આ પત્રમાં **આનંદ** પર ઘણો ભાર મૂકવામાં આવે છે, એ સ્પષ્ટ છે. ફિલિપ્પીઓના હકમા પાઉલ નિત્ય આનંદથી વિનતી કરતો. તેઓ પ્રમના બંધનમાં અભિન્ન રહે તો તેનો આનંદ સંપૂર્ણ થાય, એમ હતુ. પોતાને થતા દુ ખને લીધે તેનો આનંદ જતો નથી. જો કે પ્રભુની સેવામાં જીવ આપવો પડે તોપણ મરણ પામતાંજ આનંદ કરૂં, એવો તેનામાં ભાવ જણાય છે મંડળીનઃ લોકની કાળજીને લીધે તેને આનંદ થયો ને તેઓ પણ આનંદ કરે એવી તે ખાસ ઇચ્છા જણાવે છે. ફરી ફરીને તે તેમને પ્રભુમાં આનંદ કરવાનુ ફરમાવે છે.

આના જેવો ખાસ પ્રીતિ તથા આનંદ ભર્યો પત્ર પાઉલનાં લખાણમાં જણાતો નથી, માટે તેનો અભ્યાસ કરતાં કરતાં આપણે માગવુ કે પ્રેરિતના જેવી પ્રીતિ તથા આનંદ પ્રભુ પરના વિશ્વાસને કારણે આપણને પણ બક્ષવામાં આવે.

આ પત્રથી મળતા સમયાનુસાર બોધ વિષે.

હાલની મંડળીને લાગુ પડે એવો જે અગત્યનો બોધ આ પત્રમાંથી મળે છે તે નીચે મુજબ :—

(ક) ખ્રીસ્તની મંડળીના સભાસદોમાં **નમ્રતા**ની અગત્ય છે. બે બાઇઓની અભિમાની ભાવનાને લીધે ફિલિપ્પી જેવી વિશ્વાસુ મંડળીમા અશાંતિ ફેલાયલી સૂચવાય છે. હાલની મંડળીમાં પણ અતિશય સ્વાભિમાનથી ઓછું નુકસાન થતુ નથી. તથાપિ આ પત્રમાં ખ્રીસ્તનો જે નમુનો દર્શાવવામાં આવે છે તે નમ્રતા ભર્યો છે. પોતે નમીને તારનાર ઊચ્ચસ્થાને બિરાજમાન થયો છે, ને તેની સાથે આપણે આકાશીય સ્થાનોમાં મહિમા પામવો હોય તો તેની સાથે નમ્ર થવુ જોઇએ. તેના નમુનાનુસાર બીજાઓનુ પરમ હિત શોધતાં આપણે સ્વાર્પણ કરનારી નમ્રતાથી બધુ કરવુ. વળી પાઉલ પોતે પણ આ પત્રમાં નમ્રતા વિષે આદર્શરૂપ

જણાય છે. જેને લીધે દૈહિક અભિમાન થાય એ બધાં વાનાંનું નુકસાન વેઠીને તે ખ્રીસ્તનું ગ્રહણ કરવા મહેનત કરે છે, તથાપિ પોતાને સંપૂર્ણ થયલો સમજતો નથી. તે શ્રમ લઇને આગળ દોડે છે પરતુ હજીએ દોડવાનું બાકી રહેલું છે એમ કબૂલ કરે છે. એવી નમ્રતા ધારણ કરનારાઓને પરિપૂર્ણ મહિમા આપવા સારૂ તારનાર આવશે એ જાણીને આપણે પણ ગર્વિષ્ટ ભાવનો ત્યાગ કરીને નમ્રતાથી તારનારનું (તથા પ્રેરિતનું) અનુકરણ કરીએ.

(ખ) વળી મડળીમાં **સંપની** અગત્ય છે. ઇશ્વરકૃપા પામવામાં સહભાગિયા છીએ એમ જાણીને એક મનના થવું, એકજ જીવથી વિશ્વાસમાં દૃઢ રહીને સુવાર્તાનું કામ કરવું. એક મનોભાવ રાખીને એક બીજાનાં વાનાં ધ્યાનમાં લેવાં ને એક બીજાની સહાય કરવી. કચકચ તથા અણબનાવ દૂર કરીને દેવનાં નિષ્કલંક છોકરાને શોભે એવી રીતે સર્વની આગળ શુદ્ધ સત્ય પ્રકાશ દેખાડી આપવો. વળી મડળીમાં જોઇતું ઐક્ય ન હોય તો ફાટફુટ વધાર્યાને બદલે બન્ને પક્ષકારોને સુબોધ આપીને શાંતિ કરાવવાને મહેનત કરવી.

(ગ) સુવાર્તા વિષેની **આસ્થાની** અગત્ય છે. ખ્રીસ્તની સુવાર્તાની નિર્મળતા વિષે તેમજ સુવાર્તાની વૃદ્ધિ વિષે પ્રેરિત આ પત્રમાં કેટલી બધી આસ્થા જણાવે છે! ફિલિપ્પીમાં કોઇ પણ પ્રકારના અસત્યનો ચેપ ન ફેલાય એવી રીતે તે પાણી આગળ પાળ બાંધવાની કોશિશ કરે છે. વળી સુવાર્તા ફેલાવવામાં પાઉલની કેટલી બધી આસ્થા! બધનમાં પણ સુવાર્તા પ્રગટ કરવાનો પ્રસંગ મળે છે ને બધનને લીધે મડળીના લોકો ઉત્તેજિત થયા છે એમ જોઇને તે હરખાય છે. કેટલાક મારી વિરૂદ્ધમાં છે તો પણ તેઓ સુવાર્તા જાહેર કરે છે ને એમ ખ્રીસ્તની વાત પ્રગટ કરાય છે એ જાણીને તેને અત્યાનંદ થાય છે. તેની આતુર આસ્થાને લીધે તેને ખ્રીસ્ત સાથે વિસામો પામવાની ઇચ્છા છતાં તે ખ્રીસ્તનું રાજ્ય વધારવા માટે જીદગીનું દુઃખ સહન કરવા રાજી છે. ખ્રીસ્તના જ્ઞાનની ઉત્તમતાને લીધે તે બધાંનું નુકસાન વેઠવામાં લાભ સમજે છે ને સુવાર્તામાં કહેલા આશીર્વાદોનું ગ્રહણ કરવાને અર્થે તે પહેલવાનના જેટલો શ્રમ લઇને પોતાની આગળ મૂકેલી દોડ દોડે છે. આવી આસ્થા મડળીના સર્વે કામદારો તથા સભાસદોમાં હોય તો ગુજરાતમાં ખ્રીસ્તનું કેટલું બધું કામ થઇ શકે!

(ધ) સુવાર્તાના કામની મદદાર્થે ઉદારતાની અગત્ય છે. ફિલિપ્પી મંડળીની ઉદારતાને લીધે તેનું ખાસ વખાણ અહિં કરવામાં આવે છે. એ મંડળીના પ્રીતિપૂર્ણ ઉદાર ભાવને લીધે પાઉલ પ્રેરિત પહેલાંથીજ તેમનાં દાન સ્વીકારતો. પ્રભુને આપણાં અર્પણ માન્ય થાય માટે ઉદારતાથી તથા આનંદથી આપીએ. વળી ફિલિપ્પીઓના નમુના મુજબ પહેલાં પોતાને પછી પોતાનું પ્રભુને અર્પીએ. એમ કરવાથી સ્વર્ગીય ચોપડામાં આપણા લેખામાં મોટું પ્રતિફળ કરાવનારાં અધિક દાન જમે કરવામાં આવશેજ આવશે. પ્રભુએ આપણને ઉદારતાથી આપ્યુ, માટે આપણે ઉદારતાથી તેને આપીએ !

પત્રનું સંક્ષિપ્ત પૃથક્કરણ.

૧ ; ૧—૧૧. પત્રની પ્રસ્તાવના.

પદ ૧, ૨. ક્ષેમકુશળની વાત.

પદ ૩–૧૧. ઉપકારસ્તુતિ સહિત પ્રેરિતની પ્રાર્થના.

૧ ; ૧૨—૪ ; ૨૦. પત્રના ખાસ વિષયને લગતી વાત.

(अ) રૂમના સમાચાર. પ્રેરિતનાં કામ, હાલત તથા મનોવૃત્તિઓની હકીકત. ૧ ; ૧૨—૩૦.

(ક) રૂમમાં સુવાર્તાના કામની હકીકત. પદ ૧૨–૧૭.

(ખ) તે કામની સ્થિતિના સબંધમાં પ્રેરિતના મનમાં થતા વિચારો. પદ ૧૮–૨૬.

(ગ) એ વિચારોના સંબંધમાં ફિલિપ્પીઓ વિષે પોતાની કાળજી દર્શાવીને પાઉલ ચેતવણીરૂપી બોધ કરે છે. પદ ૨૭–૩૦.

(आ) મંડળીને આપેલો બોધ. સપ તથા પ્રીતિમય નમ્રતા વિષે. ૨ ; ૧—૧૮.

(ક) સપ તથા નમ્રતા વિષે વિનંતી. પદ ૧–૪.

(ખ) નમ્રતાના સબંધમાં ઇસુએ આપેલા નમુનાની હકીકત પદ ૫–૧૧.

(ગ) ખ્રીસ્તના આધીનતાપૂર્ણ નમુના ઉપરથી આપેલો વ્યાવહારિક બોધ પદ ૧૨–૧૮.

(इ) રૂમથી સંદેશિયાઓને મોકલવા વિષે. તીમોથી તથા એપાફ્રોદીતને લગતા સમાચાર. ૨ ; ૧૯—૩૦.

(ई) ચેતવણીરૂપી બોધ. પ્રેરિતના અનુભવને આધારે આપેલી અસત્ય મત વિષે ચેતવણી. ૩ ; ૧—૨૧.

(ક) પત્ર સમાપ્ત કરનારી ટુંકી આજ્ઞાઓ શરૂ કરતાં પ્રેરિત સ્વપુણ્ય પર ભરોસો ન રાખવા વિષે ચેતવણી આપીને પોતાના અનુભવથી બતાવી આપે છે કે ખ્રીસ્તમાં જે સર્વોત્તમ લાભ તે મેળવવા માટે બીજા બધાંનું નુકસાન વેઠવું ઉચિત છે. પદ ૧–૧૧.

(ખ) ખ્રીસ્તી જીંદગીની દોડ દોડવાની પોતાની રીત જાહેર કરીને પાઉલ બધા વિશ્વાસીઓની અપૂર્ણતા સૂચવીને આગળ વધવાની અગત્ય સિદ્ધ કરે છે. પદ ૧૨–૧૬.

(ગ) સુવાર્તાના શત્રુઓની વર્તણુક તથા તેમના પરિણામ વિષે ચેતવણી આપીને પ્રેરિત ખ્રીસ્તની રાહ જોનારાઓની ધન્યતા વર્ણવે છે. પદ ૧૭–૨૧.

(ઉ) છેલ્લી આજ્ઞાઓ. ૪; ૧—૯.

(ક) પ્રભુમાં સ્થિર રહેવું. પદ ૧.
(ખ) સંપ વિષે ખાસ બોધ તથા વિનંતી. પદ ૨, ૩.
(ગ) વિવિધ વિષયોને લગતો સામાન્ય બોધ. પદ ૪-૯.

(ઊ) કૃતજ્ઞતાદર્શક પ્રકરણ. મોકલેલા દાન માટે આભાર માનીને પ્રેરિત પોતાનો સંતોષી સ્વભાવ પ્રગટ કરે છે. ૪; ૧૦—૨૦.

પદ ૨૧-૨૩. ઉપસંહાર. ક્ષેમકુશળ તથા આશીર્વચનની વાત.

પદ ૨૧, ૨૨. ક્ષેમકુશળ.

પદ ૨૩. આશીર્વચન.

પત્રનું વિસ્તીર્ણ પૃથક્કરણ.

૧; ૧—૧૧. પત્રની પ્રસ્તાવના.

પદ ૧, ૨. ક્ષેમકુશળની વાત.

પાઉલ પોતાને તથા તીમોથીને નામે ફિલિપ્પીમાંના સંતો પર તેમ મંડળીના અધ્યક્ષો તથા સેવકો પર લખીને (૧) ઇશ્વરપિતા તથા પુત્રથી તેમને કૃપા તથા શાંતિ થાય, એવું આશીર્વચન ઉચ્ચારે છે (૨).

પદ ૩—૧૧. ઉપકારસ્તુતિ સહિત પ્રેરિતની પ્રાર્થના.

પહેલાંથી સુવાર્તાના કામમાં ફિલિપ્પીઓની સંગત હોવાને લીધે (૩) પાઉલ નિત્ય આનંદ સહિત તેમના હકમાં વિનંતી કરે છે (૪), ને તેમનું સ્મરણ કરતાં દેવનો ઉપકાર માને છે (૫).

એ આનંદ તથા ઉપકારસ્તુતિનું કારણ એ તો તેની એવી ખાતરી છે કે તેઓમાં જેણે શુભ કામની શરૂઆત કીધી છે તે ખ્રીસ્તના આવવા સુધી તે કામ સંપૂર્ણ કરતો જશે (૬) તેમના વિષે એવી નિશ્ચયતા રાખવી કેવળ સ્વાભાવિક કહેવાય, કેમકે પ્રેરિતને થયલી વિપત્તિ સમયે તેઓ ઇશ્વર કૃપાના સંબંધમાં તેના સહભાગિયા હોવાથી તે તેમને જાણે પોતાના હૃદયમાં રાખે છે (૭). ઇશ્વરને સાક્ષી રાખીને તે જણાવે છે કે ખ્રીસ્તની પ્રીતિમાં રહ્યાને લીધે હુ તમ સર્વની ઘણીજ અભિલાષા રાખું છું (૮).

તેઓના હકમાં તેની જે ખાસ પ્રાર્થના તે આ કે તેઓની પ્રીતિ સુજ્ઞાન તથા સુબુદ્ધિમાં અધિકાધિક વધતી જાય (૯) એ માટે કે ઉત્તમ વાનાં પારખી લઇને તેઓ ખ્રીસ્તના આવવા સુધી નિર્મળ તથા નિર્દોષ રખાય (૧૦) ને, દેવના મહિમા તથા સ્તુતિને અર્થે, ઇસુ ખ્રીસ્ત દ્વારા મળતું ન્યાયીપણાનું જે ફળ તે વિષે ભરપૂર થાય (૧૧)

૧; ૧૨—૪; ૨૦. પત્રના ખાસ વિષયને લગતી વાત.

(અ) રૂમના સમાચાર. પ્રેરિતનાં કામ, હાલત તથા મનોવૃત્તિઓની હકીકત. ૧; ૧૨—૩૦.

(ક) રૂમમાં સુવાર્તાના કામની હકીકત. પદ ૧૨-૧૭

પ્રેરિતની જે બિનાઓ બની છે તેને લીધે સુવાર્તાનો વિશેષ ફેલાવો થયો છે (૧૨), કેમકે અંગરક્ષક પલટણમાં તથા રૂમના બીજા લોકોમાં તેનાં બંધન ખ્રીસ્તને લીધે વેઠેલાં માલૂમ પડ્યાં છે. (૧૩). તેમ મંડળીના ઘણાખરા ભાઇઓ તેનાં બંધનને લીધે

વિશ્વાસની નિશ્ચયતા તથા હિમ્મત પામીને દેવની વાત પ્રગટ કરવા લાગ્યા છે (૧૪). કેટલાએક એવા છે કે જેઓ પ્રેરિતની અદેખાઇ કરીને વિરૂદ્ધતાથી સુવાર્તા પ્રગટ કરે છે, પરંતુ બીજાઓ શુભેચ્છાથી કામમાં મદદ કરે છે (૧૫). સુવાર્તાને લીધે પાઉલ આ બંધનનું દુઃખ સહન કરે છે એમ સમજીને આ ભાઇઓ પ્રીતિથી કામ કરે છે (૧૬), પણ પહેલા કહેલા વિરોધીઓ ખરા મનથી નહિ પણ પક્ષાપક્ષીથી ખ્રીસ્તની વાત જાહેર કરે છે, એમ જાણીને કે અમારી આ હિલચાલને લીધે પાઉલ વધતો દુઃખી થશે (૧૭).

(ખ) તે કામની સ્થિતિના સબંધમાં પ્રેરિતના મનમાં થતા વિચારો. પદ ૧૮-૨૬

ગમે તે રીતે ખ્રીસ્તની વાત પ્રગટ કરવામાં આવે–ઢોંગથી હોય કે ખરાપણાથી હોય તોપણ–તારનાર પ્રગટ કરાય છે એમ જાણીને પાઉલ આનંદ કરે છે ને વળી કરશે (૧૮). આ હિલચાલમાં મારો પણ આત્મિક લાભ સમાયલો છે, એમ સમજીને તે ધારે છે કે ફિલિપ્પીઓની વિનંતીઓને લીધે ખ્રીસ્તના આત્મા વડે મને એવાં દાન મળશે કે જે મારા પૂર્ણોદ્ધારના કામમાં આવશે (૧૯). ગમે તેમ થાય તો પણ તે એવી આતુર અપેક્ષા રાખે છે કે હુ શરમિંદો થવાનો નથી પરતુ આજ સુધી બન્યુ છે તેમ હું પુરી હિમ્મત રાખીને મારા દેહમાં ખ્રીસ્તનું માહાત્મ્ય જાહેર કરીશ—પછી એ જીવનથી થાય કે મરણથી (૨૦) કેમકે મને જીવવું એ ખ્રીસ્ત છે ને મરવું એ લાભ છે (૨૧) કામની સફળતાને માટે જીવનમાં રહેવાની જરૂર હોય તો શું પસદ કરવું એ સૂઝતું નથી (૨૨). મરણને કે જીવનને પસદ કરવું એ વિચાર કરતા ગુચવણ થાય છે એક પાસે મરણદ્વારા ખ્રીસ્ત કને જવાની ઉત્કંઠા છે, ને એ તો મારે માટે હજાર દરજ્જે સારૂ કહેવાય (૨૩). પરંતુ હુ જીવતો રહુ એ તમારે કાજે વિશેષ જરૂરનું હોવાથી (૨૪) મને ખાતરી થાય છે કે હું જીવતો રહેવાનો–તમારી સાથે તમારો વિશ્વાસ વધારવા તથા તમને આનંદ પમાડવા હુ રહેવાનો (૨૫). એમ હુ ફરીથી તમારી મુલાકાત કરીશ ત્યારે પ્રભુ ઇસુમાં તમે મારા વિષે જે વડાઇ કરો છો તેમાં વધારો થશે (૨૬)

(ગ) એ વિચારોના સબંધમાં ફિલિપ્પીઓ વિષે પોતાની કાળજી દર્શાવીને પાઉલ ચેતવણીરૂપી બોધ કરે છે. પદ ૨૭-૩૦.

એટલુંજ (કહુ છુ કે) ખ્રીસ્તની સુવાર્તાને શોભે તેવી ચાલ ચાલવી, ને એમ હું આવીને પોતે તમારી વર્તણુક જોઉં અથવા તો દૂર રહીને તમારી ખબર સાભળું તો પણ તમારા વિષે એવી ખબર પડે કે તમે એક જીવથી, સુવાર્તાની વાત સારૂ મહેનત કરતાં ને દુશ્મનોની કંઇ પણ બીક ન રાખતાં, એક આત્મામાં સ્થિર રહો છો (૨૭) તમારી એવી દૃઢતા તથા એકતા સાબિત કરી આપે છે કે દુશ્મનોનો નાશ થવાનો પણ તમારૂં તારણ થવાનું—એ બધું ઇશ્વરથી છે એમ સમજવું (૨૮). ખ્રીસ્તને લીધે તમને જે કૃપાદાન આપવામાં

આવ્યાં તેમાં તેને પ્રત્યે વિશ્વાસ કરવાનું સમાયલું છે કેવળ એમ નહિ પણ તેને લીધે દુ.ખ સહન કરવાનુ પણ સમાયલું છે (૨૯). મને સતાવણી પામતા તમે પોતે જોયા છે, ને હવે મારી સતાવણી થાય છે એવી ખબર તમને મળી છે. તેજ સતાવણીને લીધે તમને પણ દુઃખ થાય છે (૩૦)

(આ) મંડળીને આપેલો બોધ. સંપ તથા પ્રીતિમય નમુના વિષે. ૨ ; ૧—૧૮.

(ક) સપ તથા નમ્રતા વિષે વિનંતી. પદ ૧-૪

પ્રભુ ઇસુમા રહેવાથી જે સુબોધ, જે પ્રેમનું ઉત્તેજન, જે આત્માની સગત, જે ખરી મમતા તથા દયા [પ્રાપ્ત થાય છે] (૧) [તે સર્વ યાદ રાખતા] મને જે તમારા વિષે આનંદ થયો છે તે પૂર્ણ કરો—એટલે એક મનના થઇને એકજ પ્રેમ રાખો, એક જીવના થાઓ, એને એજ [આત્મિક]વાનાં પર મન લગાડો (૨) પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કશું કરો મા, પણ નમ્રભાવ રાખીને પોતા કરતા એકબીજાને શ્રેષ્ઠ ગણો (૩). સ્વાર્થી થઇને પોતાનાંજ વાનાં પર લક્ષ આપવું નહિ, પણ બીજાઓનાં વાનાં પર પણ લક્ષ આપવું (૪).

(ખ) નમ્રતાના સબધમાં ઇસુએ આપેલા નમુનાની હકીકત. પદ ૫-૧૧.

આ વિષે ખ્રીસ્ત [આદર્શરૂપ છે માટે તે]ના જેવા મનોભાવ રાખવો (૫) તે ખરો દેવ હોવા છતાં દેવ સમાન હોવાનું પકડીજ રાખવું, એવું તેણે ગણ્યું નહિ (૬). પણ દાસનું રૂપ ધારણ કરીને ને માણસની પ્રતિમામા અવતરીને તેણે પોતાને ખાલી કર્યો (૭); એટલુજ નહિ પણ જ્યારે માનવ સરખો દેખાયો ત્યારે પણ તેણે નમ્રતા બતાવી એટલે મરણને આધીન થયો, ને તે વળી વધસ્તંભનું મરણ ! (૮) એ તેની વિશેષ નમ્રતાને લીધે દેવે તેને વિશેષ ઉંચો કીધો ને સહુ કરતાં શ્રેષ્ઠ નામ તેને આપ્યું છે (૯) એ માટે કે તેને નામે સઘળાં—આકાશમાનાં, પૃથ્વી પરનાં તથા પૃથ્વી તળેનાં—ઘુટણ ટેકવે (૧૦), ને વળી કે પ્રત્યેક જીભ, ઇશ્વર પિતાના મહિમાની ખાતર, એવી કબૂલાત આપે કે ઇસુ ખ્રીસ્ત તે પ્રભુ છે (૧૧)

(ગ) ખ્રીસ્તના આધીનતાપુર્ણ નમુના ઉપરથી આપેલો વ્યાવહારિક બોધ. પદ ૧૨-૧૮.

ફિલિપ્પીઓને "વહાલા" કહીને વિનંતી કરે છે કે જેમ તેઓ હમેશ આજ્ઞાધીન રહ્યા તેમ (તે હાજર હોય કેવળ તે સમયે નહિ પણ તે ગેરહાજર હોય ત્યારે વિશેષ સભાળ રાખીને) તેઓ બીક તથા ધ્રુજારીસહિત પોતાનું તારણ સાધવાનું કામ કરતા જાય (૧૨). [તે કામમાં વિશેષ મહેનત કરવી] કેમકે ઈશ્વર પોતાની પસંદગી મુજબ તેઓમાં ઇચ્છવાની તથા કરવાની શક્તિ પ્રેરીને એ કામ સાર્થક કરે છે (૧૩). કચકચ તથા વિખવાદ તજીને બધું કરવું (૧૪) એ માટે કે તેઓ નિરપરાધી તથા નિર્મળ, આ હઠીલા

જમાનામાં દેવનાં છોકરાં, એવા દેખાય. જગતના લોકો મધ્યે જીવનદાયક ઈશ્વરવચન ધરી રાખીને તેઓએ અંધારામાં પ્રકાશ આપનારા જ્યોતિઓ સરખો દેખાવ દેવો (૧૫). એમ થાય તો ખ્રીસ્ત આવશે ત્યારે પાઉલને વડાઇ કરવાનું આ શુભ કારણ મળે કે, "હુ વૃથા દોડ્યો નહિ, તેમ મેં વૃથા શ્રમ કીધો નથી" (૧૬). પરંતુ તેઓ જે વિશ્વાસરૂપી અર્પણ પ્રભુ આગળ ચઢાવે છે તે પૂર્ણ કરવા સારૂ પ્રેરિતનું જીવાર્પણ જોઇતું હોય તો તેને આનંદ થશે— તેઓ સાથે તે એ અર્પણમા આનંદ કરશે (૧૭) તેમ તેઓએ એવે અવસરે આનદ કરવો—પ્રેરિત સાથે આનંદ કરવો (૧૮)

(૬) રૂમથી સદેશિયાઓને મોકલવા વિષે. તીમોથી તથા એપાફ્રોદીતને લગતા સમાચાર. ૨; ૧૯—૩૦.

તીમોથીને ફિલિપ્પીમાં મોકલવાનો ઇરાદો જણાવીને પ્રેરિત તેમની ખબર સાંભળીને ઉલ્લાસ પામવાની આશા દર્શાવે છે (૧૯). તીમોથીને મોકલવાની જરૂર આથી થાય છે કે તેના જેવી ચિન્તા રાખનાર કે તેના સરખા સ્વભાવનો બીજો કોઇ હાલ પાઉલ પાસે નથી (૨૦) દિલગીરી સાથે જણાવે છે કે બીજા બધા વિશેષ ખ્રીસ્તના વાનાં નહિ પણ પોતાનાં વાનાં શોધે છે (૨૧). પરંતુ ફિલિપ્પીઓ જાણે છે કે તીમોથી કેવો પરખાયલો થયો છે—દીકરો બાપ પ્રત્યે વર્તે તેમ સુવાર્તાનો ફેલાવો કરવામાં તેણે પાઉલ સાથે રહી પ્રભુની સેવા કીધી છે (૨૨) માટે પાઉલના કામનો નિર્ણય જણાય કે તરત તીમોથીને મોકલશે (૨૩). પરંતુ પ્રભુમા તે એવી ખાતરી રાખે છે કે હુ પોતે છૂટીને થોડી વારમાં ફિલિપ્પીમા હાજર થઇશ (૨૪)

એટલામા એપાફ્રોદીતને તરત પાછો મોકલવો, એવી ગોઠવણ કરવાની જરૂર પડી છે. એપાફ્રોદીત તો પ્રેરિતનો ભાઇ તથા સાથી કામદાર તથા સહયોદ્ધા જણાયો છે, તેમ તે ફિલિપ્પીઓનો મોકલેલો તથા તેમના તરફથી પાઉલની ગરજ પુરી પાડનાર સેવક છે (૨૫). તેને મોકલવાની અગત્ય એ માટે પડે છે કે તે ફિલિપ્પી-ઓની મુલાકાત કરવા ઘણોજ આતુર છે. વળી તેને મંદવાડ થયો એવી ખબર તેમની પાસે ગઇ છે તેથી તે બહુ ઉદાસ રહે છે (૨૬). તેના મદવાડની ખબર ખરી હતી,—તે અતિશય માંદો થયો હતો—મરણની અણી પર હતો પરંતુ પ્રભુએ તેના પર દયા કરી. વળી પ્રેરિત ઉપર પ્રભુએ કૃપા કરી કહેવાય કેમકે તેને કશર ન થયો હોત તો પ્રેરિતના દુઃખમાં ઘણોજ વધારો થાત (૨૭). પાઉલ તેને વિશેષ આતુરતાથી મોકલે છે એમ જાણીને કે તેના આવવાથી ફિલિપ્પીઓ આનંદ કરશે. એ તેમના આનંદને લીધે પ્રેરિતનું દુઃખ ઓછું લાગશે (૨૮). માટે સર્વ પ્રકારના આનંદ સહિત એપાફ્રોદીતનો અંગીકાર કરવો, ને એવા સદ્‌ભક્તોને માન આપવું (૨૯). તેઓની ખાતર પ્રેરિતની સેવા કરતાં કરતાં તેણે પોતાનો જીવ જોખમમાં નાખ્યો ને એમ મરણની અણી પર આવ્યો હતો (૩૦)

(૬) ચેતવણીરૂપી બોધ. પ્રેરિતના અનુભવને આધારે આપેલી અસત્ય મત વિષે ચેતવણી. ૩ ; ૧—૨૧.

(ક) પત્ર સમાપ્ત કરનારી ટુકી આજ્ઞાઓ શરૂ કરતાં પ્રેરિત સ્વપુણ્ય પર ભરોસો ન રાખવા વિષે ચેતવણી આપીને પોતાના અનુભવથી બતાવી આપે છે કે ખ્રીસ્તમા જે સર્વોત્તમ લાભ તે મેળવવા માટે બીજા બધાનું નુકસાન વેઠવું પડે છે. પદ ૧-૧૧.

"પ્રભુમા આનંદ કરો" એવી આજ્ઞા આપીને પાઉલ જણાવે છે કે ફરી ફરીને એને એજ વાત લખવી એ તેને કાયર કરતું નથી, તથાપિ તેથી તેઓનું દૃઢીકરણ થાય છે (૧) પછી કુતરાઓથી, દુષ્ટ કામદારોથી તથા કૃત્રિમસુનત કરનારાઓથી સાવધાની રાખવાની આજ્ઞા આપે છે (૨).

ખરા સુનતીઓ તો ખ્રીસ્તીઓ છે, કેમકે તેઓ

(અ) દેવના આત્માએ ભજન કરે છે;

(આ) ખ્રીસ્ત ઇસુમા વડાઇ કરે છે, તથા

(ઇ) દેહ પર ભરોસો રાખતા નથી (૩)

પોતાની વાત કાઢીને પાઉલ જણાવે છે કે જેને લીધે [યહુદીઓથી] દેહ પર ભરોસો રખાય છે એવા વાના મારી પાસે પણ છે. હા, ગમે તે દેહ પર ભરોસો રાખનારો હોય તો પણ તેના કરતાં મારી પાસે દેહ પર ભરોસો રાખવાના કહેવાતા કારણો અધિક જણાય, એમ છે (૪) એ કારણ નીચે મુજબ છે.

(અ) આઠ દિવસની ઉમરે મારી સુનતક્રિયા કરવામાં આવી.

(આ) હુ ધર્મપિતૃ ઇસ્રાએલ (એટલે યાકુબ) ના વંશમાં જન્મ્યો છું.

(ઇ) બિન્યામીનના માનવંત કુળનો છું

(ઉ) હેબ્રીઓના વંશમાનો હુ હેબ્રી (યહુદીધર્મના જુના રિવાજોને વળગનાર).

(એ) નિયમપાલન વિષે હું ફરોશી પથનો (માટે ધર્મચુસ્ત) (૫).

(ઐ) આસ્થા વિષે આટલો આવેશી હતો કે હુ મંડળીને સતાવતો.

(ઓ) નિયમમાં જે ન્યાયીપણું સમજાય છે તે સંબંધે હું નિરપરાધી જણાતો (૬)

પરંતુ ઉપરોક્ત લાભરૂપી ગણાતાં વાનાં મેં ખ્રીસ્તની ખાતર નુકસાન જેવાં ગણ્યા (૭) હા, ગમે તે દૈહિક લાભરૂપી વાનું હોય તો પણ ખ્રીસ્ત ઇસુ મારા પ્રભુના જ્ઞાનની ઉત્તમતાને કારણે હુ તે બધાંને નુકસાનરૂપે લેખવુ છું ખ્રીસ્તને લીધે મેં બધાનું નુકસાન વેઠયુ છે ને તે કચરારૂપ સમજું છુ, એ માટે કે ખ્રીસ્તને પ્રાપ્ત કરીને હુ અત્યુત્તમ લાભ પામું (૮) ને એમ તેનામાં

ર્માિક રીતે રહેનારો માલમ પડુ,—એટલે નિયમશાસ્ત્ર પાળવાથી પ્રાપ્ત થયલું એવું મારૂં પોતાનું ધારેલુ ન્યાયીપણું સાથે રાખીને એમ નહિ, પણ ખ્રીસ્ત પર વિશ્વાસ રાખવાથી જે ન્યાયીપણુ મળે છે—અર્થાત્ દેવથી જે ન્યાયીપણુ વિશ્વાસ ઉપર આધાર રાખે છે એ ન્યાયીપણા સહિત હુ ખ્રીસ્તમાં રહેતો જણાઉં (૯), ને એમ તેને તથા તેના પુનરૂત્થાનમા રહેલા પરાક્રમને તથા તેના દુ:ખના ભાગિયાપણાને જાણીને તેના મરણને અનુરૂપ થતો જાઉં (૧૦), એ માટે કે હુ કોઇ પણ રીતે મુએલામાથી જે પુનરૂત્થાન તે લગી પહોંચી જાઉં (૧૧)

(ખ) ખ્રીસ્તી જીદગીની દોડ દોડવાની પોતાની રીત જાહેર કરીને પાઉલ બધા વિશ્વાસીઓની અપૂર્ણતા સૂચવીને આગળ વધવાની અગત્ય સિદ્ધ કરે છે. પદ ૧૨–૧૬

આટલામા પ્રેરિત પામી ચુકયો કે સપૂર્ણ થયો, એવો તે દાવો કરતો નથી. પરતુ તે પાછળ લાગે છે એ માટે કે જેને સારૂ ખ્રીસ્તે તેનું ગ્રહણ કર્યું છે તેનું તે ગ્રહણ કરે (૧૨). ફિલિપ્પીઓને "ભાઇઓ" કહીને તે નમ્રતાથી પોતાની અપૂર્ણતા કબૂલ કરે છે, પરંતુ કહે છે કે "એક કામ કરૂ છું, એટલે જે પછવાડે તે વિસરીને ને જે અગાડી તે તરફ હાથ પ્રસારીને (૧૩) ખ્રીસ્ત ઇસુમાં દેવના ઊચેના તેડાના ઇનામને અર્થે નિશાન ભણી ધાઉં છુ" (૧૪). ખ્રીસ્તીઓમા જેટલા વિશ્વાસમા પાકા હોય તેટલાએ એજ નમ્ર ભાવ રાખીને કષ્ટ કરીને દોડવું બીજા પ્રકારનો ભાવ [અભિમાની ભાવ] કોઇ પણ વાત વિષે હોય તો આગળ વધતાં વધતાં તેઓ તે વિષે અધિક જ્ઞાન પામશે (૧૫) એટલુજ ભૂલવુ નહિ કે જ્યાં પહોચ્યા છીએ ત્યાથીજ આગળ ને આગળ, એને એજ માર્ગમા, ચાલતા જવુ (૧૬).

(ગ) સુવાર્તાના શત્રુઓની વર્તણુક તથા તેમના પરિણામ વિષે ચેતવણી આપીને પ્રેરિત ખ્રીસ્તની રાહ જોનારાઓની ધન્યતા વર્ણવે છે. પદ ૧૭–૨૧

ફરીથી "ભાઇઓને" સબોધીને પ્રેરિત તેમને એકયમાં રહીને તેનું અનુકરણ કરવાનું ફરમાવે છે, તેમ તેના નમુનાનુસાર ચાલનારાઓ પર લક્ષ રાખવાનું કહે છે (૧૭). બીજી રીતે ચાલનારા ઘણા છે તેમના વિષે પાઉલે ઘણીવાર ચેતવણી આપી હતી, ને હવે રૂદન સહિત ફરીથી ચેતવણી આપે છે (૧૮) અંતે તેમનો વિનાશ થવાનો છે; તેઓ પોતાના ઉદરની સેવા કરનારા છે; તેઓ દૈહિક વાના પર લક્ષ આપે છે (૧૯). [પરતુ એવા કુકર્મીઓની રીતોથી આપણે દૂર રહેવું] કેમકે આકાશીય શહેરના વતની છીએ; ત્યાથી આપણો પૂર્ણોદ્ધાર કરવા માટે પ્રભુ ઇસુ આવનાર છે માટે તેની રાહ જોઇએ છીએ (૨૦). તે એટલો પરાક્રમી છે કે પોતાની શક્તિએ કરીને તે સઘળાંને પોતાને આધીન કરે છે, ને એજ પ્રેરકશક્તિ મુજબ તે આપણી નમ્રાવ-

સ્થાનાં શરીરનું એવી રીતે રૂપાંતર કરશે કે તે તેના પોતાના મહિમાના શરીરને અનુરૂપ થઇ જશે. (૨૧).

(૩). છેલ્લી આજ્ઞાઓ. ૪; ૧—૯.

(ક) પ્રભુમાં સ્થિર રહેવું. પદ ૧.

ફિલિપ્પીઓને "મારા વહાલા તથા ઇષ્ટ ભાઇઓ, મારા આનંદ તથા મુગટરૂપ" કહીને પાઉલ ઘણી પ્રીતિ સહિત તેમને પ્રભુમા ટકી રહેવાનું ફરમાવે છે. (૧)

(ખ) સપ વિષે ખાસ બોધ તથા વિનંતી. પદ ૨, ૩

અશાંતિ કરનારી બાઇઓને—યુઓદીઆને તેમજ સુન્તુખેને—સરખી રીતે બોધ કરવામા આવે છે કે પ્રભુની સંગતમાં રહી એક મનની થવું જોઇએ. (૨)

વળી "ખરો જોડીઓ" એવો ત્યાં એક ભાઇ છે તેને વિનંતી કરવામાં આવે છે કે સદરહુ બાઇઓને આત્મિક સહાય આપવી. જો કે હાલ તેઓમાં અણબનાવ છે તો પણ અગાઉ તેઓએ પાઉલ સાથે, કલેમેંટ સાથે તથા બીજા સાથી કામદારો સાથે સુવાર્તા ફેલાવવામા શ્રમ લીધો હતો. આ પાછળ કહેલા સાથી કામદારોનાં નામ આપેલા નથી; એટલુંજ કહેવાય છે કે તેઓનાં નામ જીવનપુસ્તકમા લખેલા છે. (૩).

(ગ) વિવિધ વિષયોને લગતો સામાન્ય બોધ. પદ ૪-૯.

આ બોધ નીચે મુજબ છે:

(અ) પ્રભુમા હમેશ આનંદ કરવો; એ બોધની પુનરૂક્તિ કરીને પ્રેરિત કહે છે "હું ફરી કહું છું કે આનંદ કરો" (૪)

(આ) તમારી કોમળતા બધા માણસના જાણવામાં આવે, એવી રીતે (પ્રભુ પાસે છે, એમ જાણીને) વર્તો (૫).

(ઇ) કોઇ પણ વાત વિષે ચિંતાતુર ન થવું, પણ બધી બાબત વિષે પ્રભુની ઉપકારસ્તુતિ કરીને તેને તમારી વિનંતીઓ જણાવો (૬). એમ કરવાથી દેવની અચિંત્ય શાંતિ ખ્રીસ્ત ઇસુમાં તમારાં હૃદયોની તથા મનના સઘળા વિચારોની પહેરેગીરી કરશે (૭).

(ઉ) [ઉત્કૃષ્ટ વાનાં ધ્યાનમાં લેવાં એટલે] જે કાંઇ સત્ય, જે કાંઇ આદરયુક્ત, જે કાંઇ યથાન્યાય, જે કાંઇ શુદ્ધ, જેમા પ્રીતિનું આકર્ષણ હોય, જે સુકીર્તિમાન હોય—એમ જે કંઇ ઉત્કૃષ્ટ તથા પ્રશંસનીય હોય તે ધ્યાનમાં લો (૮).

(એ) પ્રેરિતના બોધ તથા નમુના પ્રમાણે વર્તવું; એમ કરવાથી દેવની સમક્ષતામાં હમેશ રહેવા પામશો (૯).

(ક) કૃતજ્ઞતા દર્શક પ્રકરણ. મોકલેલા દાન માટે આભાર માનીને પ્રેરિત પોતાનો સતોષી સ્વભાવ પ્રગટ કરે છે. ૪; ૧૦-૨૦.

ફિલિપ્પીઓના દાન છેવટે ફરીથી આવ્યાં છે એને લીધે પ્રેરિત પ્રભુમા ઘણોજ આનંદ કરે છે. તેઓની આજ સુધી કાળજી ન હતી, એમ નહિ, પણ દાન મોકલવાનો પ્રસગ મળ્યો ન હતો (૧૦) પાઉલ તગીમા હોવાથી આ દાનમાં આનંદ માને છે એમ નથી, કેમકે તેની ગમે તે હાલત હોય તેમાં પણ સતોષ રાખતાં શિખેલો છે (૧૧) નમ્ર થવું હોય તો પણ થવાય છે, પુષ્કળતામાં રહેવું હોય તો પણ રહેવાય છે હરેક પ્રકારે તૃપ્ત થવાનો તથા ભૂખ્યો રહેવાનો, પુષ્કળતા ભોગવવાનો તથા તગી વેઠવાનો જે મર્મ તે તેને જણાવવામા આવ્યો હતો (૧૨). તેને પ્રશક્રમી કરનાર જે ખ્રીસ્ત તેનામા રહીને તે સર્વના સંબંધમાં સમર્થ થયો હતો (૧૩).

એમ છતાં તેની વિપતિમા ફિલિપ્પીઓએ ભાગ લીધો તે વખાણ પામવા યોગ્ય કામ છે (૧૪) તેઓ આવું સુકૃત્ય કરે એમા નવાઇ નથી કેમકે તેની બીજી મુસાફરીમાં જ્યારે માકેદોનીઆમા મડળીનો પાયો નાખ્યો ત્યારે આપ લે કરવા વિષે ફિલિપ્પી સિવાય બીજી કોઇ મડળી સાથે તેની સગત ન હતી (૧૫) તે થેસ્સાલોનીકામા હતો ત્યારે તેઓએ અનેક વાર દાન મોકલીને તેની ગરજ પુરી પાડી હતી (૧૬)

એવી વાત કરતા તે તેમને સારૂં લગાડીને અધિક દાન કઢાવવાની યુક્તિ કરતો નથી પણ તેમને લેખે વધારે ને વધારે ગણાય એવું પ્રતિફળ મેળવવા ચાહે છે (૧૭) તેની પાસે બધાં જોઇતાં વાનાં છે—એપાફ્રોદીત પાસેથી તેમના દાન પામ્યા પછી તેની પાસે પુષ્કળ છે—ભરપુરી છે તેમનું અર્પણ તો સુગધીદાર વાસ, માન્ય યજ્ઞાર્પણ તથા દેવને પસદ પડતું છે (૧૮). એના બદલામાં "મારો દેવ" પોતાની સપત્તિ પ્રમાણે તેમની સર્વ ગરજ મહિમાએ ખ્રીસ્ત ઇસુમા પુરી પાડશે (૧૯), એ આપણો દેવ તથા બાપ છે તેને યુગોયુગ સુધી મહિમા થાઓ. આમેન (૨૦)

પદ ૨૧-૨૩. ઉપસંહાર. ક્ષેમકુશળ તથા આશીર્વચનની વાત.

પદ ૨૧, ૨૨. ક્ષેમકુશળની વાત.

ફિલિપ્પીમા ખ્રીસ્ત ઇસુની સગતમાં રહેનારા સઘળા સતોને પાઉલ સલામ કહે છે, ને વળી તેની સાથે જે સુવાર્તિકો તેમની સલામ કહેવડાવે છે (૨૧).

વળી રૂમના વિશ્વાસીઓ ને વિશેષે કરીને રાજ્યમહેલમાં રહેનારાઓ, ફિલિપ્પીઓને સલામ કહેવડાવે છે (૨૨)

પદ ૨૩. આશીર્વચન.

"પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તમારા આત્મા સાથે થાઓ" એ આશીર્વચનથી પ્રેરિત આ પત્રને સમાપ્ત કરે છે.

પત્રનો ખુલાસો.

અધ્યાય ૧ લો.

૧—૧૧. પત્રની પ્રસ્તાવના.

• આ પ્રસ્તાવનાના બે વિભાગ કરાય એમ છે,—(૧) ક્ષેમકુશળની વાત (પદ ૧, ૨). (૨) ઉપકારસ્તુતિ સહિત પ્રાર્થના (પદ ૩ —૧૧).

૧, ૨. ક્ષેમકુશળની વાત.

૧ ફિલિપ્પી મધ્યે ખ્રીસ્ત ઇસુમાં જે સર્વ પવિત્રો છે,—અધ્યક્ષો
તથા સેવકો સુદ્ધાં,—તેઓ જોગ લખિતંગ ખ્રીસ્ત ઇસુના દાસો પાઉલ
તથા તીમોથી. ૨ દેવ આપણા બાપથી તથા પ્રભુ ઇસુ ખ્રીસ્તથી તમને
કૃપા તથા શાંતિ થાઓ.

આ વાક્યોમાં પાઉલ પોતાના સાધારણ રીત મુજબ ત્રણ બાબત રજુ કરે છે; (૧) જેઓ પર પત્ર લખવામાં આવે છે તેઓનુ વર્ણન, (૨) લખનાર વિષેની હકીક્ત, (૩) આશીર્વચન.

ફિલિપ્પી મધ્યે ખ્રીસ્ત ઇસુમાં જે સર્વ પવિત્રો છે· ફિલિપ્પી શહેર તથા મડળી વિષે જુઓ પ્રસ્તાવના (પૃષ્ઠ ૧–૯). એ મડળીના લોકોને પાઉલ "ખ્રીસ્ત ઇસુમાં પવિત્રો" કહે છે તે તેની સાધારણ

પદ ૧ રીતાનુસાર છે. ગલાતીઓને તેમજ થેસ્સાલોનીકીઓને લખેલા પત્રો સિવાય પાઉલના મડળીઓ પર લખેલા સર્વ પત્રોમાં વિશ્વાસીઓનું આવુજ વર્ણન કરેલું છે (જુઓ રૂમી. ૧; ૧. એફે ૧; ૧. કલો. ૧; ૧ના ખુલાસાઓ). "પવિત્ર"નો મૂળાર્થ "જુદુ કરાયલુ" થાય છે. જુના જમાનાની મડળી ખાસ યહોવાહની સેવાને અર્થે જુદી કરાયલી હતી તે ઉપરથી તે "પવિત્ર" કહેવાતી (નિર્ગ. ૧૯; ૬. પુન. ૭; ૬. દા. ૭; ૨૨ ઇત્યા.); પરંતુ યહોવાહને માટે જે જુદું કરાયલું તે શુદ્ધ હોવુ જોઇએ (જુઓ લેવી. ૧૧; ૪૪), તેથી"પવિત્ર"નો અર્થ "શુદ્ધ" થયો. યહુદી મડળી કરારના લોહી'વડે આર્પિત થઇ (નિર્ગ. ૨૪; ૬—૮). તેમજ ખ્રીસ્તી મડળી ત્રાતાના અમૂલ્ય લોહી વડે પ્રભુને અર્પિત હોવાથી (૧ પીત. ૧; ૨) તેમાં ઈશ્વર શુદ્ધતા માગે છે (૧ પીત. ૧; ૧૬). માટે "પવિત્રો" એ નામમાં એવી સૂચના રહેલી છે કે (૧) ખ્રીસ્તીઓ ખાસ ઈશ્વરની સેવાને અર્થે જુદા કરાઇને અર્પિત થયા છે (૧ પીત. ૨; ૯), ને વળી (૨) પવિત્રતાનાં સુલક્ષણ દેખાડવાને તેઓ બંધાયેલા છે

(૧ પીત. ૧ ; ૧૫). અર્થાત્ આ સંજ્ઞા ઈશ્વર આગળ આપણી સ્થિતિ તેમ આપણી ફરજ સંભરાવે છે.

જેઓ પવિત્રો કહેવાવા યોગ્ય છે તેઓ કેવળ ખ્રીસ્ત ઇસુમાં પવિત્ર હોય છે. ખ્રીસ્તની સંગતમાં આવી રહેવાથીજ પ્રભુને અર્પિત થવાય તેમ શુદ્ધતા પામી શકાય. પાપનું પ્રાયશ્ચિત્ત કરવા સારૂ પોતાનો જીવ આપ્યા પછી પુનરૂત્થાન પામેલા દેવપુત્ર સાથે વિશ્વાસરૂપી સંબધ વડે જોડાવાથીજ પવિત્ર કરાઇએ છીએ. હવામાં જેમ પક્ષિ, પાણીમાં માછલું તથા ભૂમિમાં જડ રહે છે તેમ જ્યારે ખ્રીસ્તમાં રહી તેનાજ પર જીવનનો આધાર રાખીએ ત્યારે તેના આત્મા વડે આપણું પવિત્રીકરણ થાય છે (યોહા. ૧૭ ; ૨૩).

પાઉલ ફિલિપ્પી મધ્યેના સર્વ સતો પર લખે છે. ફિલિપ્પીઓના સબધમાં આ "સર્વ" શબ્દ આ પત્રમાં ઠેકાણે ઠેકાણે વપરાયલો છે (જુઓ પદ ૪, ૭, ૮, ૨૫ : ૨ , ૧૭, ૨૬ : ૪ ; ૨૧) તેથી પ્રેરિત અપક્ષપાતથી બધાં ભાઇબેનો ભણી સરખી નજરે જુએ છે, એવી સૂચના કરવામાં આવે છે. મડળીમાં સહેજ તકરાર થયલી દીસે છે (જુઓ પ્રસ્તાવના, પૃષ્ઠ ૮), પરતુ પાઉલ સુલેહ કરવા માગે છે (પદ ૨૭. ૨ ; ૧-૪ : ૪ ; ૨, ૩) માટે કોઇનો પક્ષ ન ધરતાં તે સામાન્ય રીતે સર્વને આશીર્વાદ તથા બોધ આપે છે.

અધ્યક્ષો તથા સેવકો સુદ્ધાં... ઉપર કહ્યા પ્રમાણે આ પત્ર આખી મડળી ઉપર લખેલો જણાય છે, પરતુ સર્વ સભાસદો સાથે પ્રેરિત ખાસ મડળીના સ્થાનિક હોદ્દેદારોને પણ જોડી દે છે, તેનુ કારણ એવુ દીસે છે કે પાઉલની મદદ માટે જે દાન મડળી તરફથી મોકલવામાં આવ્યુ હતું (૪, ૧૮) તે મોકલવામાં ઉક્ત હોદ્દેદારો સાધનભૂત થયા હશે, માટે આભારપત્રમાં તેમનાં નામ લખવાં સ્વાભાવિક હતું.

સદરહુ હોદ્દેદારો બે પ્રકારના જણાય છે, એટલે અધ્યક્ષો તથા સેવકો. ફિલિપ્પીમાં બને પ્રકારના હોદ્દેદારો અનેક જણાય છે. એક અધ્યક્ષની સત્તા તળે રહેનાર અનેક સેવકો કામ કરતા, એવી આ મડળીની બધારણ પદ્ધિત ન હતી, એ સ્પષ્ટ છે. અહિં "વડીલ" એ નામના અભાવનું કારણ શોધતાં નિષ્પક્ષપાતી શાસ્ત્રાભ્યાસીને માલમ પડશે કે "અધ્યક્ષ" તથા "વડીલ" એ બે નામ એકજ પ્રકારના હોદ્દેદારને અર્થે વાપરવાનો પાઉલ પ્રેરિતનો રિવાજ હતો. તેનાં ભાષણો તથા લખાણોમાં "અધ્યક્ષ" શબ્દ બીજા ત્રણ ઠેકાણાંમાં આવે છે. (૧) એફેસસના વડીલોને મિલેતસ બદરે બોલાવીને તેણે તેમને કહ્યું કે, "તમે પોતા સંબધી તથા જે ટોળા ઉપર પવિત્ર આત્માએ તમને અધ્યક્ષો ઠરાવ્યા છે તે સર્વ સંબધી સાવધાન રહો, એ માટે કે દેવની મડળી જે તેણે પોતાના લોહીથી ખરીદી તેનું તમે પાલણ કરો" (પ્રે. કૃ. ૨૦ ; ૨૮). (૨)

તીમોથી પર લખીને પ્રેરિત અધ્યક્ષનાં જોઇતાં લક્ષણો વર્ણવે છે (૧ તીમ. ૩; ૨-૭) તેમાં શિખવવાની તેમ મડળી પર અધિકાર કરવાની શક્તિ સમાયલી છે, ને તેજ પત્રમાં તે લખે છે કે, "જે વડીલો સારી રીતે અધિકાર કરે છે ને વિશેષે કરીને જેઓ ઉપદેશ કરવામાં તથા શિખવવામાં મહેનત કરે છે, તેઓને બમણા માન યોગ્ય ગણવા" (૧ તીમ. ૫; ૧૭). (૩) તીતસ પર લખતાં પાઉલ તેને લાયક વડીલોને નિમવાની ફરજ સભરાવીને કહે છે કે, "કેમકે અધ્યક્ષે દેવના કારભારીના જેવા નિર્દોષ હોવુ જોઇએ" (તીત. ૧; ૭). આ વાતો ધ્યાનમાં લીધાથી ખાતરીપૂર્વક કહી શકાય કે પહેલી સુવાર્તા પ્રસારક મુસાફરીના વખતથીજ પાઉલ મડળીઓમાં સ્થાનિક હોદ્દેદારો તરીકે વડીલોને ઠરાવતો (પ્રે. કૃ. ૧૪; ૨૩), તે વડીલોને તે કોઇ વખતે "અધ્યક્ષ" નામથી ઓળખાવતો. માટે અહિં જે અધ્યક્ષોની વાત આવે છે તેઓને ફિલિપ્પી મડળીના વડીલો સમજવા સકારણ છે.

યહુદી સમાજોમાં અધિકાર કરનારા હોદ્દેદારોનું સાધારણ નામ "વડીલ" હતું, માટે યરૂશાલેમની આદ્ય ખ્રીસ્તી મડળીમાં તે નામથી ઓળખાતા સત્તાધારીઓ જણાય છે (પ્રે. કૃ. ૧૧; ૩૦: ૧૫; ૬) એ સ્વાભાવિક કહેવાય. તે મડળીની વ્યવસ્થા મુજબ પાઉલ પોતાની સ્થાપેલી મડળીઓમાં "વડીલો" ઠરાવે એમાં કઇ નવાઇ જેવુ ન હતું, પરતુ વિદેશી મડળીઓમાં વડીલના કાર્ય સૂચક કોઇ યોગ્ય ગ્રીક શબ્દ વાપરવાની રીત પેસે એ કેવળ લોકાચારને અનુસરતું હતું. એવો શબ્દ "અધ્યક્ષ" (એટલે "દેખરેખ રાખનાર") હતો. જુના કરારના સપ્તતિ તરજુમામાં તે શબ્દનો ઉપયોગ થયો હતો. ગુજરાતી તરજુમામાં તેના વિવિધ અર્થ કરેલા છે, જેમકે "કારભારી" (૨ રા. ૧૧; ૧૮), "મુકાદમ" (૨ કાળ. ૩૪; ૧૨), "ઉપરી" (નહે. ૧૧; ૯, ૧૪, ૨૨), "અધ્યક્ષ" (યશા. ૬૦; ૧૭). વળી વિદેશીઓના સમાજના હોદ્દેદારોને જે નામો આપવામાં આવતાં તેમાં "અધ્યક્ષ" નામ પણ હતું, એવો કેટલાક ભાષા શાસ્ત્રીઓનો અભિપ્રાય છે. વડીલો મડળીનાં સર્વ કારોબાર પર દેખરેખ રાખનારા અધિકારી હતા માટે વિદેશી મડળીઓમાં તેઓને તેમના કાર્યસૂચક "અધ્યક્ષ" સંજ્ઞા લાગુ કરવામાં આવે, એ સ્વાભાવિકજ હતું. ફિલિપ્પીમાં તેમને એજ નામ અપાતું એવું અહિં માલમ પડે છે.

અધ્યક્ષોની સાથે "સેવકો" જોડાયલા છે. સેવકો અધ્યક્ષોની સહાયતા કરનારા હોદ્દેદાર હતા, એ સર્વાનુમતે મનાય છે. સેવકોને જોઇતાં સુલક્ષણોનું વર્ણન ૧ તીમ. ૩; ૮-૧૩ માં કરેલું છે. નવા કરારમાં "સેવક" શબ્દ ઘણું કરીને સાધારણ અર્થે વપરાય છે—પ્રેરિતો પણ સેવકો છે (૧ કરીં. ૩; ૫). પરંતુ પ્રેરિતોના જમાનામાં તે શબ્દ ખાસ મડળીમાં ઉતરતા દરજ્જાના હોદ્દેદાર

સૂચવવા સારૂ વપરાવા લાગ્યો, ને તેનો એ ખાસ અર્થ આ વાક્યમાં તેમજ તીમોથીને લખેલા પહેલા પત્રનાં ઉપર કહેલાં વાક્યોમાં સ્પષ્ટ છે. પ્રે કૃ. ૬ ; ૧-૬માં જે સાત ભાઇઓની નિમણુકની હકીકત આપેલી છે તેઓ "સેવક" કહેવાતા નથી—માત્ર મેજની સેવાનુ કામ કરવાને માટે તેઓની નિમણુક થયલી કહેવાય છે. મજકુર નિમણુકની હકીકત ઉપરથી જણાય છે કે ખાસ દાનની વહેંચણી કરવાને અર્થે તેઓને ઠરાવવામાં આવ્યા હતા. એ સાત ભાઇઓ પહેલાજ "સેવકો" હતા, એવુ સાધારણે મનાય છે, પરતુ કેટલાએકનું એવુ ધારવુ છે કે તેઓને પછીના "સેવકો" કરતાં અધિક અધિકાર મળ્યો હતો—અર્થાત્ કે તેઓ પછીના "વડીલો" જેવા હોદ્દેદારો હતા. એ ગમે તેમ હોય પણ પછીના "સેવકો" સદરહુ સાત ભાઇઓના કાર્ય સરખુ કામ કરતા હતા, એ સપ્રમાણ વાત છે. ઉઘરાણું કરવુ તથા વહેંચવુ, ગરીબોની ખબર લેવી તથા તેમના ખપ પુરા પાડવા, એ પુરાતન મડળીના સેવકોનું કામ લેખાતુ. એ કામ તેઓ અધ્યક્ષોની દેખરેખ હેઠલ કરતા હતા, માટે એપાફ્રોદીતની હસ્તક જે દાન પાઉલની પાસે મોકલવામાં આવ્યુ, તે ઉઘરાવવાની તથા પહોંચાડવાની વ્યવસ્થા કરનારા અધ્યક્ષો તથા સેવકો હતા, ને તેટલાજ માટે તેમનાં નામ અહિં આવે છે એ સભવિત છે.

કેટલાક વિદ્વાનોનો એવો મત જણાય છે કે ઉઘરાણા ઇત્ય હિસાબી કામ પર દેખરેખ રાખવા માટે અધ્યક્ષોને વડીલોમાથી ચુટી કાઢવામા આવતા આ મત મુજબ સર્વ અધ્યક્ષો તો વડીલ હતા, પરતુ સર્વ વડીલો અધ્યક્ષો ન હતા આ મતને ઝાઝો ટેકો મળ્યો નથી, ને યરૂશાલેમની મંડળીમા એ રીતની વ્યવસ્થા ન હતી એ પ્રે કૃ. ૧૧ ; ૩૦ પરથી જણાય છે સ્કૉટલાડના એક પ્રેસ્બિટેરિયન લેખકે એવો અભિપ્રાય જણાવ્યો છે કે વડીલોમાથી અધ્યક્ષો તથા સેવકો બંને ચુટી કાઢવામા આવતા હતા, એટલે હિસાબી કામ ઉપર જે વડીલોને મુખ્યાધિકારી ઠરાવવામા આવતા તેઓ "અધ્યક્ષો," ને તેજ કામમા તેમના મદદનીશ વડીલો તેઓ "સેવકો" કહેવાતા આ મતને કઇ શાસ્ત્રીય કે ઐતિહાસિક ટેકો મળતો નથી શાસ્ત્રની વાત પરથી બે પ્રકારના સ્થાનિક અમલદારો જણાય છે, એટલે વડીલ (કે અધ્યક્ષ) ને સેવક તેમા અધ્યક્ષો કે વડીલો મડળીના સર્વ કાર્ય પર દેખરેખ રાખતા, ને વળી પાળકો તરીકે મડળીના સભાસદોનું આત્મિક પોષણ કરતા, ને સેવકો અધ્યક્ષોની મદદાર્થે દૈહિક સેવાકાર્ય વિષે વિશેષ મહેનત કરતા. દરેક મંડળીમાં અધ્યક્ષો કે વડીલો અનેક હતા. રૂમના ક્લેમેંટના પત્રમા (ઇ. સ. ૯૬) અધ્યક્ષને "વડીલ" નામ લાગુ કરવામાં આવે છે, પરતુ ઇગ્નાટીઅસે લખેલા પત્રોમા (ઇ સ ૧૦૦-૧૧૮) અધ્યક્ષ, વડીલ તથા સેવક એ ત્રણ પ્રકારના હોદ્દેદારોની વાત કરેલી છે. તેથી સાબિત થાય છે કે વડીલો પર સત્તા કરનાર ધર્માધ્યક્ષનો પ્રથમ દાખલો બીજા સૈકાની શરૂઆતમાં બન્યો હશે.

રૂમી. ૧૨; ૬—૮. ૧ કરીં. ૧૨; ૨૮. એફે ૪; ૧૧ માં જે વિવિધ હોદ્દાઓની હકીકત આપેલી છે તેઓ ઘણુ કરીને ખાસ કૃપાદાનોને લીધે થયલા અનિત્ય હોદ્દા જણાય છે સ્થાનિક મંડળીઓની કાયમ વ્યવસ્થામા અધ્યક્ષો તથા સેવકો, એ બે પ્રકારના હોદ્દેદારો અહિ સૂચવવામાં આવે છે, તેઓ મંડળીમા પાળકો, સત્તાધિકારીઓ, મદદગારો ઇત્યા. તરીકે પ્રભુનું કામ કરતા હતા

તેઓ જોગ લખિતંગ ખ્રીસ્ત ઈસુના દાસો પાઉલ તથા તીમોથી. આ પત્રની શરૂઆતમાં પાઉલ પોતાના નામ સાથે તીમોથીનું નામ જોડી દે છે, એ ઘટતું છે. ફિલિપ્પીની મડળીની સ્થાપના થતી વખતે તીમોથી પાઉલની સગાથે હતો (પ્રે. કૃ. ૧૬; ૧-૧૨: ૧૭; ૧૪). પ્રેરિતની ત્રીજી સુવાર્તા પ્રસારક મુસાફરીમાં કરીંથ શહેર જઇ આવતાં તીમોથીએ બે વખત ફિલિપ્પીઓની મુલાકાત લીધી હતી (પ્રે. કૃ. ૧૯; ૨૨: ૨૦; ૪ સરખાવો રૂમી. ૧૬; ૨૧). આ પત્ર લખતી વેળાએ પણ તેને ત્યાં મોકલવાનો પાઉલનો ઇરાદો જણાય છે (૨; ૧૯, ૨૦) તે ઉપરથી તીમોથીનો ફિલિપ્પી શહેર સાથેનો ગાઢો સંબંધ સિદ્ધ થાય છે. પરન્તુ પત્ર લખવામાં તીમોથી કઇ ભાગ લેતો નથી, એ સ્પષ્ટ છે. પદ ૩થી માંડીને પાઉલ એક વચનમાં લખે છે, ને ૨; ૨૦માં તીમોથીને અર્થે ત્રીજા પુરૂષના સર્વનામનો ઉપયોગ કરે છે. એવી રીતિએ ૧ તથા ૨ થેસ્સા. ૨ કરી. કલો તથા ફિલે. ના પત્રોની પ્રસ્તાવનાઓમાં તીમોથીનું નામ પણ સમાયલું છે.

પોતાના વહાલા ફિલિપ્પીઓ પર લખતાં પાઉલ પ્રેરિતપદનો અધિકાર ધારણ કરતો નથી (સરખાવો ૧ તથા ૨ થેસ્સા. તથા ફિલે.). પ્રેમે ભરી મિત્રાચારીથી લખેલા પત્રમાં પદવીપર આધાર રાખવાની શી જરૂર? વધસ્તંભે મરણ પામેલો ઇસુ તે દેવનો ખ્રીસ્ત (અભિષિક્ત) ઠર્યો છે, ને તેના દાસ તરીકે લખુ છું, એવી સૂચના આપતાં પાઉલ આ પત્ર શરૂ કરે છે (સરખાવો રૂમી ૧; ૧). પાઉલ ને તીમોથી તેમજ પ્રભુની સેવાને અર્થ પોતાને અર્પણ કરનારા સર્વ વિશ્વાસીઓ ખ્રીસ્ત ઇસુના દાસો થઇ ખુશીથી તેને આધીન રહેતાં તેની સેવા કરનારા થાય છે (જુઓ રૂમી. ૬; ૨૨. ૧ કરી. ૭; ૨૨). અધિકાર કરવાનો હક ખ્રીસ્ત ઇસુનો છે તેમ આધીનતાયુક્ત સેવાની ફરજ ખ્રીસ્તીઓને શિર રહેલી છે. પ્રભુ ઇસુ દેહધારી હતો ત્યારે તેણે પોતે સર્વની સેવા કરી પોતાના શિષ્યોને એક બીજાની સેવા કરવાનો નમુનો આપ્યો (મા. ૨૦; ૨૮. યોહા. ૧૩; ૧૨–૧૬), માટે ફિલિપ્પીઓ તેમજ સર્વ ખ્રીસ્તીઓએ સમજવું કે "સેવક" એ હરકોઇ વિશ્વાસીને મળેલી માનપૂર્વક પદવી છે (સરખાવો ૨ કરી. ૪; ૫). આ વાત ફિલિપ્પીની કેટલીક વિશ્વાસેણો ભૂલી ગઇ હતી. ગુજરાતના ઘણા ખ્રીસ્તીઓ એ વાત ધ્યાનમાંએ લેતા ન હોય, એવુ દીસે છે.

દેવ આપણા બાપથી તથા પ્રભુ ઈસુ ખ્રીસ્તથી તમને કૃપા તથા શાંતિ થાઓ. (જુઓ રૂમી. ૧; ૭. એફે. ૧; ૨. કલો. ૧; ૨ના ખુલાસાઓ). આ ઉપરાંત પાઉલના બીજા પાચ પત્રોમાં

પદ ૨.

(એટલે રૂમી. ૧ તથા ૨ કરી. ગલા. તથા એફે. માં) આ પ્રસ્તાવનારૂપી આશિષ મળે છે. તે વડે વાંચનારાના હકમાં કૃપા તથા શાંતિ યાચવામાં આવે છે. "કૃપા" શબ્દમા નાલાયક ઉપર રાખેલી રહેમની સૂચના

સમાયલી છે. માનવપુત્રોમાં પુણ્ય કે યોગ્યતા હોત તો ઈશ્વરની રહેમ "કૃપા" ન કહેવાત (રૂમી. ૧૧ ; ૬). નાલાયક પાપીઓ પર પરમેશ્વર પ્રીતિ કરે છે ને તે પ્રીતિએ કરીને મનુષ્યને દયાદાન બક્ષે છે, એ "કૃપા" કહેવાય છે. કૃપાથી આપેલી આત્મિક આશિષને લીધે માણસ જે નવી આત્મિક સ્થિતિમાં આવે છે તે પણ "કૃપા" કહેવાય છે (રૂમી. ૫; ૨ ગલા. ૫ ; ૪). વળી તે પુનર્જન્મિત સ્થિતિમાં આવવાથી આત્મિક કામ કરવાની જે યોગ્યતા કે શક્તિ ઉપજે છે તે પણ "કૃપા" કહેવાય છે (એફે. ૪ ; ૭). એવી કૃપા પામવાથી—એ કૃપા વડે ઈશ્વર સાથે સમાધાન તથા મિલાપ પામવાથી (રૂમી. ૫; ૧. ૨ કરીં. ૫; ૧૮–૨૧) મનની ખરી શાંતિનો ઉદ્ભવ થાય છે.

આ અમૂલ્ય દાનો ઈશ્વર પિતા તથા તેના વહાલા પુત્ર પાસેથી મળે છે. ઈશ્વર તો કૃપાનિધિ છે ને તેના કૃપારૂપી ભડારમાંનો ખજાનો ઇસુ ખ્રીસ્તની મારફતે મનુષ્યોને બક્ષવામાં આવે છે (યોહા. ૧ ; ૧૪, ૧૬). દેવપુત્ર કૃપા-સહિત અવતર્યો (૨ કરી. ૮ ; ૯), ને અવતરીને તેણે પોતાના જીવને સાટે કૃપા પૂર્ણ કીધી. એ કૃપાને લીધે શાંતિનો દેવ (૪ ; ૯) પોતાના પ્રિય પુત્રને આસરે શાંતિ અપાવે છે (યોહા. ૧૪ ; ૨૭. એફે. ૨ ; ૧૫). ઈશ્વરના વૈરી સમાન હોવાથી જે માનવી સ્વભાવની અવ્યવસ્થા તે ઈશ્વરની કૃપા પ્રાપ્ત થવાથી અલોપ થાય છે ને પ્રભુના મિલાપમાં આવવાથી મન સ્વસ્થ તથા શાંત બને છે.

અહિં ખ્રીસ્ત પ્રભુ કહેવાય છે ને ઈશ્વર પિતા સાથે કૃપા તથા શાંતિ બક્ષવામાં જોડાયલો છે તેથી સૂચવાય છે કે પાઉલ તેને દેવ સમાન ગણતો (સરખાવો ૨ ; ૯–૧૧).

૩–૧૧. ઉપકારસ્તુતિ સહિત પ્રાર્થના.

પ્રસ્તાવનાના આ મુખ્ય વિભાગમાં પ્રેરિત જણાવે છે કે પહેલાંથીજ તમે ફિલિપ્પીઓ મારા કામમાં ભાગ લેતા તેથી હુ હમેશાં આનદ સહિત તમારૂં પ્રાર્થનામાં સ્મરણ કરતા ઈશ્વરનો આભાર માનુ છું (પદ ૩–૫). પછી એ ઉપકારસ્તુતિના સબધમાં તેમની થનાર પરિપૂર્ણતા વિષે તેનો જે દઢ તથા પ્રેમયુક્ત નિશ્ચય તે જણાવવામાં આવે છે (પદ ૬- ૮). ત્યારબાદ તેમના હકમાં પ્રાર્થના કરતાં તે એવુ માગે છે કે તેઓ જ્ઞાનયુક્ત પ્રીતિમાં એવી રીતે વધી જાય કે ઉત્તમ પારખી લઇને તેઓ ન્યાયના દિવસને સારૂ પરિશુદ્ધ થાય ને ન્યાયી-પણાનાં ફળથી ભરપૂર કરાઇને ઈશ્વરનો મહિમા તથા પ્રશસા કરનારા થાય (પદ ૯–૧૧).

[3]પહેલાજ દિવસથી તે આજ દીન સુધી સુવાર્તા [ની વૃદ્ધિ]ને અર્થે તમારી જે સંગત તેને લીધે [4]તમો સર્વને સારૂ મારી દરેક

વિનંતીમાં હમેશાં આનંદ સહિત વિનંતી કરતાં, ૫ હું જ્યારે જ્યારે
તમારૂં સ્મરણ કરૂં છું ત્યારે ત્યારે મારા દેવનો ઉપકાર માનું છું.
૬ કેમકે મને આજ વાત વિષે ખાતરી છે કે જેણે તમારામાં શુભ
કામનો આરંભ કર્યો તે ઇસુ ખ્રીસ્તના દહાડા સુધી તે સંપૂર્ણ કરતો
જશે. ૭ તમ સર્વ વિષે એવો મનોભાવ રાખવો મને તો યથાયોગ્ય
છે, કેમકે મારાં બંધનોમાં તેમજ સુવાર્તાનો પ્રત્યુતર તથા સાબિતી
આપવામાં તમે બધા કૃપામાં મારા સહભાગિયા હોવાથી હું તમને
મારા અંતઃકરણમાં રાખું છું. ૮ કેમકે દેવ મારો સાક્ષી છે કે ખ્રીસ્ત
ઇસુના હ્રુદયમાં હું તમ સર્વની કેટલી બધી અભિલાષા રાખું છું.
૯ વળી હું એવી પ્રાર્થના કરૂં છું કે તમારી પ્રીતિ હજુ જ્ઞાનમાં તથા
સર્વ [પ્રકારની] પારખ બુદ્ધિમાં અધિકાધિક વધતી જાય, ૧૦ એ સારૂ
કે જે ઉત્તમ તે તમે પારખી લો કે તમે ખ્રીસ્તના દહાડાને અર્થે
નિર્મળ તથા નિર્દોષ થાઓ, ૧૧ ને ન્યાયીપણાનું જે ફળ ઇસુ ખ્રીસ્તને
આસરે છે તેથી તમે, દેવના મહિમા તથા સ્તુતિને અર્થે, ભરપૂર
થાઓ.

પહેલાજ દિવસથી તે આજદીન સુધી સુવાર્તા[ની વૃદ્ધિ]ને અર્થે તમારી જે સંગત તેને લીધે...પ્રેરિત ફિલિપ્પી વિશ્વાસીઓ વિષે આનંદ સહિત ઉપકારસ્તુતિ કરે છે તેનું કારણ અહિં જણાવવામાં આવે છે.

પદ ૩.

સુવાર્તાનો સદેશો તેમની પાસે આવ્યો ત્યારથી સુવાર્તા પ્રસારક પાઉલના કામને ટેકો તથા ઉત્તેજન આપતાં આપતાં તેઓ હમેશાં તેના સેવાકાર્યમાં ભાગ લેતા પ્રેરિત ફિલિપ્પી શહેર છોડીને થેસ્સાલોનીકા ગયો ત્યારે તેની મદદાર્થે તેઓએ અનેકવાર દાન મોકલ્યાં હતાં (૪; ૧૬) વળી હાલ તેઓએ રૂમમાં બધાયલા પ્રેરિતના નિર્વાહને અર્થે ભેટ મોકલી છે. યરૂશાલેમના ગરીબ ભાઇઓને સારૂ વિદેશી મડળીઓમાં ઉઘરાણું કરવામાં આવ્યું તેમાં આ લોકોએ સારી રીતે ભર્યું હતું,--હા, દરિદ્રી સ્થિતિમાં છતાં શક્તિ ઉપરાંત પણ આનંદમય ઉદારતાથી તેઓએ ભર્યું હતું (૨ કરી. ૮; ૧-૪) એમ કરતાં કરતાં તેઓ પાઉલની સંગત રાખનારા તરીકે પ્રસિદ્ધ થયા હતા. વળી કેવળ પૈસા આપીને તેઓએ પોતાની સગત સાબિત કીધી એવું નહતું, પરંતુ પહેલવહેલાં તેઓએ પોતાને પ્રભુને તથા પ્રભુના સેવકને સોંપી દીધા હતા (૨ કરી ૮; ૫). અર્થાત્ પ્રથમથીજ પ્રભુના કામમાં તેઓ વાસ્તવિક રીતે પાઉલની સગત કરતા, ને એ સિદ્ધ થયલી વાત સંભારતાં તે પ્રભુનો ઉપકાર માને છે,

"સગત" શબ્દ વિષે જુઓ ફિલે. ૬નો ખુલાસો આ શબ્દનો મૂળાર્થ "સામાન્યતા" છે એ ઉપરથી સૂચવાય છે કે સુવાર્તા ફેલાવવામાં આ વિશ્વાસીઓ પાઉલના જેવી પોતાની ફરજ સમજીને તે કામમાં સામાન્યતા દર્શાવતા—તેનું કામ જાણે અમારૂં કામ છે એમ ધારીને તેઓ સુવાર્તાની વૃદ્ધિ કરવામાં હરેક રીતિએ તેની મદદ કરતા તથા તેને પ્રત્યે દિલસોજી જણાવતા. પ્રેરિતના ધારવા પ્રમાણે આવો ભાવ ઉપકાર માનવાનુ મોટું કારણ હતું.

તમો સર્વને સારૂ મારી દરેક વિનંતીમાં હમેશાં આનંદ સહિત વિનંતી કરતાં... પ્રેરિત કેવે પ્રસગે ઉપકારસ્તુતિ કરે છે તે આ વાક્યમાં કહેલુ છે ફિલિપ્પીઓના હકમાં વિનંતી કરતી વખતે તે હમેશાં
પદ ૪. પ્રભુનો ઉપકાર માનતો. "હમેશાં" અર્થનો શબ્દ પાઉલની ઉપકારસ્તુતિયુક્ત પ્રાર્થનાઓના સબધમાં વારવાર વપરાય છે (જુઓ રૂમી. ૧; ૧૦. કલો. ૧; ૪. ૧ થેસ્સા. ૧; ૨. ફિલે ૫). પ્રાર્થના વેળાએ પાઉલ આ મડળીનાં ભાઇબહેનોના હકમાં જે ખાસ વિનંતીઓ કરતો તે સર્વને સારૂ કરતો (જુઓ પદ ૧ નો ખુલાસો) ને વળી આનંદ સહિત કરતો. મડળીમાં તકરારો થતી હશે તોએ પ્રેરિત સમજતો કે ફિલિપ્પીઓ ખ્રીસ્તના ભાવિક લોક છે, માટે પોતે દુઃખી છતાં તે પ્રભુ આગળ તેમને લીધે આનદ કરતો કરતો તેમના હકમાં આશીર્વાદ માગતો.

"આનદ" શબ્દ આ પ્રત્રમાં ઘણીવાર આવે છે (જુઓ પદ ૧૮, ૨૫: ૨; ૨, ૧૭, ૧૮, ૨૮, ૨૯ ૩; ૧˙ ૪; ૧, ૪, ૧૦). આ પત્રનો સારાંશ એ "આનંદ" છે, એવુ એક ભક્ત કહી ગયો છે. ખ્રીસ્તીઓની સદ્વૃત્તિ તથા સુભક્તિ જોઇને પાઉલ આનદ પામતો એ વાતના તેના લખેલા પત્રોમાં અનેક દાખલાઓ છે (જુઓ ૨ કરી. ૨, ૩: ૭; ૪, ૧૩. ૧ થેસ્સા. ૨; ૧૯, ૨૦: ૩; ૯) માટે ફિલિપ્પીની નમુનારૂપી મડળીના સદ્ભાવનું પ્રમાણ જોઇને તે આનંદ કરે એ અજાયબ જેવુ નથી. તેઓમાં તેનાં પોતાનાં કરેલાં કામનું શુભ ફળ જોઇને તે અત્યંત આનંદ કરે એ કેવળ સ્વાભાવિક છે. ઈશ્વરકૃપાથી ગુજરાતના ઘણા સુવાર્તિકોને એજ પ્રકારના આનંદનો અનુભવ કરવાનો પ્રસગ આવે!

હું જયારે જયારે તમારૂં સ્મરણ કરૂં છું ત્યારે ત્યારે મારા દેવનો ઉપકાર માનું છું. ઉપર આવેલી વાતથી જણાયું કે પ્રેરિત નિત્ય આ લોકના હકમાં આનંદથી વિનતી કરતો, ને આ વાક્ય ઉપરથી માલમ
પદ ૫. પડે છે કે પ્રાર્થનામાં તે તેમનું સ્મરણ કરતો ત્યારે (વિનંતીને દરેક પ્રસગે) તે તેમની સગતને લીધે ઈશ્વરનો આભાર માનતો. ઉપકારસ્તુતિનુ કારણુ ગલાતી સિવાય બીજી મડળીઓમાં પણ પાઉલને મળી આવ્યુ હતું (જુઓ રૂમી. ૧; ૮. ૧ કરી. ૧; ૪. એફે. ૧, ૧૬. કલો. ૧; ૪. ૧ થેસ્સા.

૧; ૨ : ૨; ૧૩) પરંતુ સહુ કરતાં ફિલિપ્પીની મંડળી તેને વિશેષ આનંદ પમાડનારી નીવડી હતી. તે વિષે એવો પ્રસંગ થયો નહતો કે જેનું સ્મરણ કરવાથી નિરાશ કે દુઃખી થવાય. સ્મરણ કરવાને દરેક પ્રસંગે જે મંડળી અથવા તો માણસ વિષે પ્રભુના ભક્તો ઈશ્વરનો ઉપકાર માની શકે તેને ધન્ય છે.

પાઉલ ઈશ્વરને "મારો દેવ" કહે છે, તે ધ્યાનમાં લેવા લાયક છે. તે ઈશ્વરનો હતો ને ઈશ્વરની સેવા કરતો હતો (પ્રે. કૃ. ૨૭; ૨૩) માટે તે ઈશ્વરને "મારો દેવ" કહેવાને યોગ્ય ઠરી ચુક્યો હતો (સરખાવો રૂમી. ૧; ૮. ૧ કરી. ૧; ૪. ૨ કરી. ૧૨; ૨૧. ફિલે. ૫), તેમાં તે સર્વ ખ્રીસ્તીઓને માટે આદર્શરૂપ છે.

ઉપર મુજબ પ્રેરિત ફિલિપ્પીઓ માટે ઉપકારસ્તુતિ કરે છે ત્યારે તે એવી નિશ્ચયતાથી કરે છે કે તેઓ સદ્‌માર્ગમાં ટકી રહી અંતે પરિપૂર્ણ કરાશે. એ નિશ્ચયતા હવે પદ ૬–૮માં જાહેર કરવામાં આવે છે.

કેમકે મને આજ વાત વિષે ખાતરી છે કે જેણે તમારામાં શુભ કામનો આરંભ કર્યો તે ઈસુ ખ્રીસ્તના દહાડા સુધી તે સંપૂર્ણ કરતો જશે. ફિલિપ્પીઓ વિષે કરેલા ગતકાળના અનુભવને

પદ ૬. લીધે પ્રેરિતનો એવો નિશ્ચય છે કે તેઓમાં ઈશ્વરે પોતાનું તારણ સાધક કામ આરંભ્યું છે (૨; ૧૩. સરખાવો રૂમી. ૧૪; ૨૦), ને હવે ઈશ્વરનું વિશ્વાસુપણું તેમજ તેઓનો આસ્થિત ભાવ ધ્યાનમાં લેતાં તે નિશ્ચયતાથી જાણે છે કે પ્રભુના આવવાના દિવસ સુધી તેઓમાં એ કામ પૂર્ણ થતું જશે. સુવાર્તા ફેલાવવામાં આ લોકો પહેલાંથીજ પ્રેરિતની સાથે ભાગ લેતા (પદ ૩) તેથી તેઓમાં ઈશ્વરના શુભ કામનો આરંભ થયલો જણાતો. એ શુભ કામમાં તેઓનો જે ભાગ (૨; ૧૨) તે તેઓ કરતા જશે, એવું પ્રેરિતનું માનવું છે (સરખાવો હેબ્રી. ૬; ૯-૧૨), માટે ઈશ્વર પોતાનું આરંભેલું કામ અધુરૂં મૂકશે નહિ પણ પુરૂં કરશે એવો તેનો દૃઢ નિશ્ચય છે. ઘણીવાર અગમબુદ્ધિ ન હોવાને લીધે માણસ પોતાનું આરંભેલું કામ અધુરૂં મૂકે છે તે વિષે ખ્રીસ્ત ચેતવણી આપે છે (લુક ૧૪; ૨૬-૩૪); પરંતુ ઈશ્વરના કામ વિષે એવું થતું નથી. કોઇ માણસમાં ઈશ્વરનું કામ બગડયું માલમ પડે તો તે માણસે વિશ્વાસવડે ઈશ્વરની કાર્યકારક પ્રેરકશક્તિનો સ્વીકાર કર્યો નથી (હેબ્રી. ૩; ૮, ૯) એમ જાણવું. ઈશ્વરના તારણ સાધક કામની પરિપૂર્ણતા વિષે શાસ્ત્રનાં અનેક અચળ વચનો આપણને આપેલાં છે (ઉદાહરણ–ગીત. ૧૩૮; ૮. યોહા. ૧૦; ૨૮. રૂમી. ૮; ૩૦. ૧ કરીં. ૧, ૮. ૧ થેસ્સા. ૫; ૨૩, ૨૪. યહુ. ૨૪, ૨૫). તે વચનો માનીને આપણે વિશ્વાસે કરીને પોતાને ઈશ્વરના સમર્થ હાથમાં સોંપવા એ માટે કે પરિપૂર્ણ તારણ સુધી વૃદ્ધિ પામતા જઇએ.

"આરંભ કરવો" અર્થનો અસલ શબ્દ કેવળ પાઉલનાં લખાણુમાં મળે છે (જુઓ ૨ કરીં. ૮ ; ૬. ગલા. ૩ ; ૩). તેની સાથે "સંપૂર્ણ કરવું" અર્થનો શબ્દ હમેશ જોડાયલો હોય છે. આ બે શબ્દોમાં યજ્ઞની સૂચના રહેલી છે એવો ડા. લાઇટફુટનો અભિપ્રાય થયો હતો, પરતુ એ અભિપ્રાય સપ્રમાણુ ગણાતો નથી.

આ વાક્યમાં ઈશ્વરનુ નામ ન લખતાં પાઉલ તેના કરેલા કામથી તેને ઓળખાવે છે. એજ પ્રમાણે પ્રેરિતનાં અન્ય લખાણોમાં ઈશ્વર નીચે લખેલાં કામ કરનાર તરીકે સૂચવાય છેઃ—(૧) ખ્રીસ્તને તેમ ખ્રીસ્તીઓને સજીવન કરનાર તરીકે (રૂમી ૮ ; ૧૧), (૨) કૃપામાં તેડનાર તરીકે (ગલા. ૧ ; ૬. ૧ થેસ્સા. ૫ ; ૨૪), (૩) પ્રેરિતોને પ્રેરણા કરનાર તરીકે (ગલા. ૨ ; ૮), (૪) આત્મા આપી ખ્રીસ્તીઓમાં ચમત્કારિક કૃત્યો કરનાર તરીકે (ગલા ૩ ; ૫).

તારણનુ કામ "ઇસુ ખ્રીસ્તના દહાડા સુધી" (એટલે ખ્રીસ્તના બીજી વાર આવવા સુધી) સપૂર્ણ થતુ જશે. ખ્રીસ્તના આવવાની આશા વડે પાઉલ વિપત્તિમાં દિલાસો પામતો (૧ કરીં. ૧૫ ; ૫૧, ૫૨. ૧ થેસ્સા. ૪ ; ૧૭). તેનાં પ્રથમ લખાણોમાં જીવતો રહી પ્રભુનો દહાડો જોવાની આશા સ્ફૂરતી જણાય છે, પરતુ આ પત્રમાં તે મરણને લાભકારી ગણીને તેને ખ્રીસ્ત પાસે જવાનું દ્વાર સમજે છે (પદ ૨૧–૨૩). ખરૂં છે કે મરણ સમયે ખ્રીસ્તનુ આવવું દરેકના વિષે થાય છે, પરતુ તે ઉપરાંત એવો દિવસ આવવાનો છે કે જેમાં પ્રભુ ઇસુ મહિમામાં પ્રગટ રીતે આવશે. ખ્રીસ્તે પોતે જણાવ્યુ છે કે તે દહાડો ઇન્સાફનો દિવસ થશે (મા. ૭, ૨૨, ૨૩. લુક ૧૭, ૨૯, ૩૦) માટે તે તેને ન્યાયકાળ કહે છે (મા. ૧૦ ; ૧૫ · ૧૧ ; ૨૨, ૨૪ · ૧૨, ૩૬). તેમાં ખ્રીસ્તના લોક ઉઠાડાઇને સર્વકાળના જીવનમા પ્રવેશ કરશે (યોહા. ૬ ; ૩૯, ૪૦, ૪૪, ૫૪). તે દિવસનાં જુદાં જુદાં નામ પાઉલનાં લખાણમાં મળી આવે છે, જેમકે

"તે દિવસ" કે "તે દહાડો"–૧ કરી. ૩ ; ૧૩. સરખાવો રૂમી. ૧૩ ; ૧૨. ૧ થેસ્સા. ૫ ; ૪. ૨ થેસ્સા ૧ ; ૧૦.

"ખ્રીસ્તનો દહાડો"—પદ ૧૦ · ૨ ; ૧૬.

"પ્રભુ (ઇસુ)નો દિવસ (દહાડો)"—૧ કરી. ૫ ; ૫. ૨ કરીં. ૧ ; ૧૪. ૧ થેસ્સા. ૫ ; ૨. ૨ થેસ્સા. ૨ ; ૨.

"આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો દિવસ" ૧ કરી. ૧ ; ૮.

તે દિવસે ખ્રીસ્ત પોતાના સતોમાં મહિમા પામશે, કેમકે તેઓમાં તેનું શુભ કામ પરિપૂર્ણ થયલું જણાશે. "સુધી"ના અસલ શબ્દનો "અર્થે" એવો તરજુમો વારંવાર થાય છે, તેથી સૂચવાય છે કે તારણનું કામ તે ખ્રીસ્તના આવવાને માટે ખરી તૈયારી છે, ને તે દિવસે તેનું ખરૂં પરિણામ જણાશે. તે દિવસે જેઓને શરમિંદા થવુ ન પડશે તેઓને ધન્ય છે!

જુના કરારના ભવિષ્યવાદીઓનાં લખાણુમા "યહોવાહના દિવસ" વિષે ઘણી વાત સમાયલી છે તે વાતનો સબધ પાઉલથી સૂચવેલા "પ્રભુના દિવસ" સાથે નિકટ છે. ભવિષ્યવાદીઓના સદરહુ શિક્ષણ વિષે ડા ડેવિડ્સને લખ્યુ છે કે, "યહોવાહનો દિવસ એટલે જગત આગળ યહોવાહ પોતાને પૂર્ણ રીતે પ્રગટ કરશે તે સમય તે વેળાએ તે અધર્મનો ઇન્સાફ કરશે, ને વળી મનુષ્યો મધ્યે ઉદ્ધાર સબધીના પોતાના મહાન મનોરથો પુરા કરશે. તે દિવસે થવાનો ઇન્સાફ આખી માનવજાતને લાગુ પડશે, પરંતુ તે પ્રથમ ઇસ્રાએલીઓમાંના પાપીઓને લાગશે. તથાપિ તે દિવસે માત્ર ઇન્સાફ કરવો એવો ઇશ્વરનો ઇરાદો નથી, મજકુર ઇન્સાફ વડે જગત આગળ યહોવાહ વિષેનુ જ્ઞાન પ્રગટ કરવાનો ઇરાદો પણ છે. વળી યહોવાહ વિષેનુ આ જ્ઞાન તારણુસાધક હોય છે"

• **તમ સર્વ વિષે એવો મનોભાવ રાખવો મને તો યથાયોગ્ય છે.** ફિલિપ્પી શહેરના ખ્રીસ્તીઓ અત સુધી વિશ્વાસુ રહીને પરિપૂર્ણ થશે એવી જે ખાતરી પ્રેરિતે બતાવી છે તેવી ખાતરી રાખવી તેને કેવળ

પદ ૭.

ઘટિત હતુ, એવુ અહિ જણાવવામા આવે છે. સુવાર્તાની સગતમાં રહેનારા દરેક સત વિષે એવી ભાવના રાખવી ઉચિત છે, પરતુ સુવાર્તાના કામમાં પાઉલ તથા ફિલિપ્પીઓ વચ્ચે વિશેષ ગાઢો સબધ થયો હોવાથી તેણે તેઓ પ્રત્યે એવી ભાવના ન રાખી હોત તો એ ગેરઇન્સાફ કહેવાત. સદરહુ સબધની સૂચના પદ ૩માં આપેલી હતી ને હવે આ વાક્યમાં તેનો સ્પષ્ટતર ખુલાસો કરવામાં આવે છે.

કેમકે મારાં બંધનોમાં તેમજ સુવાર્તાનો પ્રત્યુત્તર તથા સાબિતી આપવામાં તમે બધા કૃપામાં મારા સહભાગિયા હોવાથી હું તમને મારા અંતઃકરણમાં રાખું છું. પાઉલ સકટમાં પડ્યો ત્યારે કેટલાક ખ્રીસ્તીઓ તેનુ દુઃખ વધારવા તૈયાર થયા હતા (પદ ૧૭) પરંતુ ફિલિપ્પી ખ્રીસ્તીઓનો ભાવ જૂદોજ હતો. તેના બદીવાન થઇને રૂમમાં પહોંચ્યાની ખબર સાંભળીને તેઓ જાણે તેની વહારે ધાયા, ને તેના પર વિશેષ પ્રેમ દેખાડી તેની વિપત્તિમાં ભાગ લેનારા થયા. એ ઉપરથી પ્રેરિત સમજતો કે સુવાર્તાવડે પ્રગટેલી ઈશ્વરકૃપામા તેમનો પણ મારા જેવોજ હિસ્સો છે. વિધર્મીઓએ લીધેલા વાંધાઓના જવાબ તે આપતો અથવા તો સુવાર્તાની સત્યતાની સાબિતી કરતો ત્યારે આ સુવાર્તાવડે મને જે કૃપા પ્રાપ્ત થઇ છે તે મારા વહાલા ફિલિપ્પીઓ પણ પામ્યા છે, એમ જાણીને તે નિત્ય તેમને હૃદયમાં રાખતો. તેમને પ્રાપ્ત થયલી કૃપા જોઇને તે તેમને હૃદયમાં રાખતો, ને વળી તેજ પ્રાપ્ત થયલી કૃપાના કારણુથી તે ખાતરીથી માનતો કે તેઓમાં જે ઈશ્વરનુ તારણુસાધક કામ શરૂ થયુ તે પરિપૂર્ણ થશેજ.

"હૃદયમાં રાખવુ" પ્રીતિયુક્ત સ્મરણુસૂચક શબ્દસમૂહ છે (સરખાવો ૨ કરી. ૭; ૩). "તમે મને હૃદયમાં રાખો છો," એવો તરજુમો પણ થઇ શકે પરતુ પદ ૮ ઉપરથી જણાય છે કે અહિં પાઉલે કરેલી પ્રીતિ સૂચવાય છે.

સુવાર્તા પ્રગટ કરવામાં બે પ્રકારનો બોધ કરવો પડે છે, (૧) બચાવ પ્રત્યુત્તર આપવો, એટલે લીધેલા વાંધાઓનો તોડ કાઢીને સાંભળનારાનાં મનમાં વિરોધ તથા વહેમ કાઢી નાંખવા. (આ શબ્દ વળી પદ ૧૬. પ્રે. કૃ. ૨૨; ૨૫; ૧૬. ૧ કરી. ૯; ૩. ૨ કરી. ૭; ૧૧ ૨ તીમ. ૪; ૧૬. ૧ પી. ૩ ૧૫માં આવે છે). એવો પ્રત્યુત્તર પાઉલે રૂમના યહુદીઓ આગળ કર્યો હ (પ્રે. કૃ. ૨૮; ૧૭-૨૩). (૨) સાબિતી આપવી, એટલે સુવાર્તાના સત્ય વિ દૃઢ નિશ્ચય ઉપજે એવો સપ્રમાણ બોધ કરવો કે શ્રોતાજનો વિશ્વાસ કરે. બે પ્રકારના બોધ અહિં સાથે જોડાયલા છે, ને પાઉલનાં ભાષણ વાચવાથી માલ પડશે કે તેના કરેલા ઉપદેશમાં બને પ્રકારની વાત સમાયલી છે. તેના નમુનાનુસ વર્તીને બોધકોએ લોકના મનની ભૂલો કે શકાઓ દૂર કરવાને માટે મહેનત કર એટલુંજ નહિ પણ હૃદયરૂપી ભોંયમાથી કાંટાતુલ્ય વહેમ કાઢીને તેમાં સુવાર્તા જીવવત બી વાવી દેવાં—જુની ઇમારતની ઝુકી રહેલી ભીંતો તોડી પાડવી એટલુ નહિ પણ અચળ પાયા ઉપર નવી આત્મિક ઇમારત દૃઢ રીતે બાંધવી.

કેમકે દેવ મારો સાક્ષી છે કે ખ્રીસ્ત ઈસુના હૃદયમાં હું ત સર્વની કેટલી બધી અભિલાષા રાખું છું. ફિલિપ્પીઓ ઉપર પાઉલ

પદ ૮. પ્રીતિ માત્ર નામની કે ઉપર ઉપરની નથી. તે તેઓ પોતાના અતઃકરણમાં રાખતો એ વાતનો સાક્ષી અતઃકરણ પારખનાર ઈશ્વર છે. સવિશેષ નિશ્ચયતા સૂચવવાને અર્થે દેવની સાક્ષી ર કરવાનો પ્રેરિતનો રિવાજ છે (જુઓ રૂમી. ૧, ૯. ૨ કરી ૧; ૨૩. ૧ થેસ્સ ૨; ૫, ૧૦). વળી પાઉલની પ્રીતિ કેવળ સાધારણ મનુષ્ય પ્રેમ નથી. ખ્રીસ્ત સાથે તેની સગત એવી ગાઢ છે કે ખ્રીસ્ત પોતે તેનામા રહે છે (ગલા. ૨; ૨૦ માટે તેના અતઃકરણની જે પ્રીતિ તે ખ્રીસ્તના હૃદયની રહેમભરી પ્રીતિ અહિં આવેલા "હૃદય" અર્થનો જે અસલ શબ્દ તેનો મૂળાર્થ "આંતરડાં" (જુઓ કલો. ૩; ૧૨નો ખુલાસો), ને નવા કરારમાં તે કૃપારૂપી માયા સૂચ છે (જુઓ ૨, ૧). એવી ખ્રીસ્તના જેવી માયાળુ પ્રીતિથી પાઉલ ફિલિપ્ ખ્રીસ્તીઓને ચાહતો હતો. તેમની મુલાકાત કરવાની આકાંક્ષા હતી એટલુ નહિ પણ તેઓ પૂર્ણ તારણ સુધી વધી જતાં સર્વ આત્મિક આશીર્વાદોથી ભર થાય એવી પણ તેની ઇચ્છા જણાય છે. એ ઇચ્છા હવે પ્રાર્થનામાં જાહેર થાય

વળી હું એવી પ્રાર્થના કરૂં છું કે તમારી પ્રીતિ હજુ જ્ઞાન તથા સર્વ [પ્રકારની] પારખબુદ્ધિમાં અધિકાધિક વધતી જા

પદ ૯. પદ ૪મા જે વિનતીની સૂચના કરી હતી તે વિનતી અ જણાવવામાં આવે છે. ફિલિપ્પીઓના હકમાં પ્રેરિતની ખાસ માગણી તે આ કે આત્મિક જ્ઞાન તથા શુભાશુભ પારખવાની સુબુદ્ધિ સબધમાં તેઓની પ્રીતિ વધારે ને વધારે થાય. તેઓમા ખરી પ્રીતિ તો દેખ

દે છે. પાઉલ પર તેઓ જે પ્રીતિ દેખાડે છે તે તેઓના હૃદયોમાં પવિત્ર આત્માએ વહેવડાવેલા આત્મિક પ્રેમને લીધે છે, ને એ નિયમની સપૂર્ણતારૂપી તથા સપૂર્ણતાના બધનરૂપી પ્રીતિનો તેઓમાં હજુ બહોળો વધારો થતો જાય એવી પાઉલની વિનતી છે. આ ચઢીઆતી મડળીના હકમાં પાઉલ સર્વોત્તમ કૃપાદાન યાચે (૧ કરી ૧૩; ૧૩) એ ઘાટેત છે.

સમજ વગરની પ્રીતિ તો નહિ પણ પરમજ્ઞાન સહિતની પ્રીતિ અહિ યાચવામાં આવે છે. આત્મિક સમજણ સાથે ન હોય તો પ્રીતિ પાયા વગરની કહેવાય, ને દેવની ખરી પ્રીતિ હોય ત્યાં સુજ્ઞાનનો વધારો થવાનોજ. વળી તેવી ખરી સુજ્ઞાનયુક્ત પ્રીતિ સાથે સારાસાર તથા શુભાશુભ પારખવાની સુબુદ્ધિ એવી રીતે જોડાયલી છે કે જેનામા ઐશ્વરી પ્રીતિગુણ વધેલો છે તે એ પ્રીતિના પ્રમાણમાં સારૂં નરસુ પારખી જાણે છે (પદ ૧૦). શુ કરવુ, શુ ન કરવુ, ને વળી કરવા જેવુ કામ શી રીતે કરવુ એ આવા વૃદ્ધિ પામેલા ભક્તને સૂઝે છે. એ વાતનો ઉત્તમ દાખલો પાઉલ પ્રેરિત પોતે હતો. તે હરેક પ્રસગે કેવી નિર્દોષ નિપુણતાથી વર્તતો તેના ઉદાહરણ તરીકે વાંચો રૂમી. ૧૪ ૧ કરી ૮–૧૦.

આવી પ્રીતિની દરેક ખ્રીસ્તીને જરૂર છે એટલુજ નહિ પણ આવી પ્રીતિમાં દરેકે વધતા જવુ. હજુ ફિલિપ્પીઓમાં સમજણ સહિતની પ્રીતિના વધારાની અગત્ય જણાતી એવુ આ પત્રમાં સૂચવેલુ છે (૪; ૨). ગુજરાતી મડળીઓમાં આ શ્રેષ્ઠ ગુણની નિત્ય વૃદ્ધિ થાય એવી પ્રાર્થના કર્યા વગર આપણે રહેવુ નહિ.

સુજ્ઞાન તથા આત્મિક સમજણના સબધમાં આશીઆની મડળીઓના હકમાં પણ પ્રેરિતે પ્રાર્થના કરી તે એફે. ૧; ૮. કલો. ૧; ૯, ૧૦ જોવાથી માલમ પડશે. ખ્રીસ્તની મડળીની વિશેષ અગત્ય તે આત્મિક જ્ઞાન સહિત પ્રીતિ છે એ વાતની ના પાડી શકાશે નહિ.

એ સારૂ કે જે ઉત્તમ તે તમે પારખી લો કે તમે ખ્રીસ્તના દહાડાને અર્થે નિર્મળ તથા નિર્દોષ થાઓ. સુજ્ઞાન સહિતની પ્રીતિમાં

પદ ૧૦ જે કોઇ વધે છે તેની પારખ શક્તિ એવી ખીલે છે કે સારા નરસાની તુલના કરી જે શ્રેષ્ઠ હોય તે તે અચુક રીતે શોધી કાઢીને પસદ કરે છે (સરખાવો રૂમી. ૨; ૧૮. "ઉત્તમ" અર્થનો મૂળ શબ્દ કૃદંત છે તેના ક્રિયાપદનો એક અર્થ "ફેર પડવો" છે, એ અર્થ ૧ કરીં. ૧૫; ૪૧. ગલા. ૪; ૧માં જણાય છે. જે વાતોમાં ફેર પડે છે તેમાં અમુક વાત શ્રેષ્ઠ હોવી જોઇએ તેથી "ઉત્તમ" જેવા અર્થમાં આ શબ્દ વપરાય. જુઓ મા. ૬; ૨૬. ૧૦; ૩૧: ૧૨; ૧૨. લુક. ૧૨; ૭, ૨૪. ગલા. ૨; ૬). વખતો વખત જૂદી જૂદી રીતો તથા અનેક પ્રકારનાં કૃત્યોમાંથી શ્રેષ્ઠ રીત કે કૃત્ય પસદ કરવાના પ્રસગો આવે છે ત્યારે જ્ઞાન સહિતની પ્રીતિમાં વધેલો ખ્રીસ્તી જે ઉત્તમ

તે પારખીને પસંદ કરે છે. એનું એવુ પરિણામ નીપજે છે કે પ્રભુનો જે દિવસ આવનાર છે (પદ ૬) તે ન્યાયકાળને માટે તે શુદ્ધ થતો જાય છે.

અહિં આવેલા શુદ્ધતા સૂચક બેઉ શબ્દ ધ્યાનમાં લેવા લાયક છે. "નિર્મળ" અર્થનો શબ્દ આ વાક્ય સિવાય ૨ પીત. ૩; ૧મા આવે છે, ને તેને મળતુ નામ ૧ કરીં. ૫; ૮ (નિષ્કપટપણુ), ૨ કરી. ૧; ૧૨ (શુદ્ધ મન), ૨ કરીં. ૨; ૧૭ (સાચાઇ) એટલાં વાક્યોમા મળે છે. સદરહુ શબ્દની વ્યુત્પત્તિ વિષે મતફેર છે. મૂળાર્થના સબધમાં કેટલાએકનુ એવુ માનવુ છે કે સુરજના તડકામાં તપાસતાં જેમાં કઇજ મેલ જણાય નહિ એવી ચીજની સૂચના આ શબ્દમાં રહેલી છે. બીજાઓનો એવો અભિપ્રાય છે કે ફેરવી ફેરવીને તપાસતાં જેમાં મેળવણી માલમ ન પડે તેવી ચીજ સૂચક આ શબ્દ છે. વ્યુત્પત્તિ ગમે તેવી હોય તો પણુ આ શબ્દનો અર્થ મેળવણી વગરનુ કે નિર્મળ એવો થાય છે. ભાષા શાસ્ત્રીઓ જણાવે છે કે જેના ખરાપણા વિષે કઇ પણુ ખામી જણાતી નથી તેવી ચીજ આ શબ્દ દર્શાવે છે, એ ઉપરથી માલમ પડે છે કે વાસ્તવિક પ્રીતિમાં વધેલો વિશ્વાસી ઉત્તમ આચરણુ પસદ કરીને એવી આત્મિક શુદ્ધતા પામતો જાય છે કે અતે તેની આત્મિક જીવનવૃત્તિમા કોઇ પ્રકારની કૃત્રિમ મેળવણી મળશે નહિ. ઇન્સાફને દિવસે ન્યાયીપણાના સૂર્યના પ્રકાશમાં અથવા તો ખ્રીસ્તના સુપડા વડે તેની તપાસ થશે તો પણુ તે નિર્મળ જણાશે.

"નિર્દોષ" અર્થનો શબ્દ આ સિવાય નવા કરારના બીજા બે વાક્યોમાં મળે છે. તેનો અર્થ "ઠોકર વગરનુ" છે. પરતુ એક વાક્યમા તે "ઠોકર ન ખાનાર" એ અર્થે વપરાય છે (પ્રે. કૃ. ૨૪, ૧૬) ને બીજા વાક્યમા તેનો અર્થ "ઠોકર ન ખવડાવનાર" જણાય છે (૧ કરી. ૧૦; ૩૨). આ વાક્યમા કેવો અર્થ કરવો એ વિષે મતફેર છે, પરતુ બને અર્થ સાથે જોડેલા સમજીએ તો અસ્થાને કહેવાય નહિ. ઘણુ કરીને ફિલિપ્પીઓ પોતે ઠોકર ખાધા વગર રહે એ પાઉલની પ્રાર્થના છે (સરખાવો યહુ. ૨૪, ૨૫), પરતુ અધારામા રહીને ઠોકર ખાનાર બીજાઓને ઠોકરના કારણુરૂપ થઇ પડે છે, એવુ યોહાન પ્રેરિત સૂચવે છે (૧ યોહા. ૨; ૧૦, ૧૧), ને ઠોકર ખવડાવવા વિષે પાઉલના પત્રોમા અનેક ચેતવણીઓ આવે છે (રૂમી. ૧૪; ૧૩. ૧ કરી. ૮ ૧૩. ૨ કરી ૬; ૩) માટે "પોતાની વર્તણુકમાં તેમ પોતાના ભાઇના સબધમાં નિર્દોષ" એવો અહિ અર્થ કરીએ તો વાધો નથી.

ને ન્યાયીપણાનું જે ફળ ઈસુ ખ્રીસ્તને આસરે છે તેથી તમે દેવના મહિમા તથા સ્તુતિને અર્થે ભરપૂર થાઓ. ન્યાયકાળે ખ્રીસ્તી માણુસ નિર્મળ તથા નિર્દોષ જણાય એ તો આવશ્યક છે,

પદ ૧૧. પરતુ તે સાથે તે "ન્યાયીપણાના ફળથી ભરપૂર" હોવો જોઇએ. દુષ્ટ કામ તજી દેવામાં ખ્રીસ્તી માણુસનું કર્તવ્ય પુરૂ કરાતુ નથી,—તે

ઉપરાંત તેણે શુભ કૃત્યો કરવાં જોઇએ. પાપ વિષે મરણ પામવુ એટલુજ નહિ પણ ન્યાયીપણા વિષે સજીવ થવું અધારૂં તજવુ તે સાથે અજવાળામાં ચાલવુ. જુનું માણસપણુ ઉતારીને નવુ માણસપણુ પહેરી લેવુ–એવી ઘણી સૂચનાઓ પાઉલના પત્રોમાં મળે છે. અસત્યરૂપી મેલ તથા ઠોકર ખવડાવનારા વિષયો સબધે આપણે ખાલી થવુ, એટલુજ નહિ પણ ન્યાયીપણાનાં શુભ ફળથી ભરપૂર થવુ. "ન્યાયીપણાનુ ફળ" એટલે ન્યાયીપણાથી ઉપજતાં સુકૃત્યો તથા સદ્ગુણો (જુઓ આમોસ ૬; ૧૨. યા. ૩; ૧૮). એ ફળ આત્માનાં ફળ (ગલા. ૫; ૨૨) તેમ અજવાળાનાં ફળ (એફે. ૫; ૯) કહેવાય છે એ ઉચિત છે. પરતુ અહિં આવેલુ નામ મૂળ નામ ધારીએ તો વાંધો નથી. "ન્યાયીપણુ" એટલે નિયમ વડે જે ન્યાયીપણુ તે નહિ (૩; ૯) પણ ખ્રીસ્ત પરના વિશ્વાસથી ન્યાયી ઠર્યાને લીધે જે દેવનુ ન્યાયીપણુ આપણામાં શરૂ થાય છે તે છે. આવા ન્યાયીપણારૂપી છોડવો આપણામાં ખ્રીસ્તને હાથે રોપાય છે, ખ્રીસ્તના કર્યાથી તે છોડવો ફળ ઉપજાવનારો પણ થાય છે, માટે આ ન્યાયીપણાનું ફળ ઇસુ ખ્રીસ્તને આસરે છે એ પાઉલનુ વચન યથાયોગ્ય જણાય છે. ખરૂં જોતાં ખ્રીસ્તથી જુદા રહેતાં આપણે જંગલી જૈતુનની ડાળી જેવા છીએ (રૂમી. ૧૧, ૧૭, ૨૪) અથવા તો જંગલી દ્રાક્ષ ઉપજાવનારા છીએ (યશા. ૫; ૪), પણ ખ્રીસ્ત પરના વિશ્વાસ વડે તેની સગતમાં આવીએ છીએ ત્યારે ખ્રીસ્તના ન્યાયીપણારૂપી જીવનના ભાગીદારો થઇને ન્યાયીપણાનાં ફળ પુષ્કળતાથી ઉપજાવવાને શક્તિમાન કરાઇએ છીએ (૪; ૧૩. યોહા. ૧૫; ૪, ૫, ૮, ૧૬. રૂમી. ૫; ૧૭ ૬; ૨૨: ૭; ૪. કલો. ૧; ૧૦).

નિર્દોષ થવાથી તથા ન્યાયીપણાનાં શુભ ફળ વિષે ભરપૂર થવાથી ખ્રીસ્તીઓ દેવનો મહિમા પ્રગટાવીને તેની સ્તુતિ કરે છે. ખ્રીસ્તના કામનું અત્ય પ્રયોજન ઈશ્વરનો મહિમા છે (૨; ૧૧), ને ખ્રીસ્તના કામનું યોગ્ય પરિણામ ખ્રીસ્તીઓની વર્તણુકમાં જણાય છે ત્યારે ઈશ્વર પિતાના સદ્ગુણો વિષે પ્રત્યક્ષ પ્રમાણુ રજુ કરવામાં આવે છે એમ કહેવાય. ઈશ્વરના સર્વ ગૌરવયુક્ત સદ્ગુણો તેનાં કાંઇ કામમા જણાય છે ત્યારે તેનો મહિમા પ્રગટે છે. ખ્રીસ્તીઓના પૂર્ણોદ્ધારમાં તે સદ્ગુણોનો વૈભવ વિશેષ રીતે જાહેર થાય છે માટે જે શુદ્ધતા તથા ન્યાયી કૃત્યોની પાઉલ અહિં અપેક્ષા રાખે છે તેથી તેના વહાલા ફિલિપ્પીઓનુ તારણુ થશે, એટલુજ નહિ પણ ઈશ્વરનો મહિમા થશે.

ઈશ્વરનો મહિમા માણુસ વડે જાહેર કરવામાં આવે છે ત્યારે તેની સ્તુતિ થાય છે, માટે મહિમા તથા સ્તુતિનો ઠેકાણે ઠેકાણે ગાઢો સબધ જણાય છે (એફે. ૧; ૬, ૧૨. ૧ પીત ૧; ૭. પ્રક. ૫; ૧૩).

પાઉલના લખાણુમા "દેવનો મહિમા" ઇશ્વરનાં સદ્લક્ષણોના પ્રશસનીય વૈભવ સૂચક છે (રૂમી. ૩; ૭,૨૩: ૪; ૨૦: ૧૧; ૩૬: ૧૫; ૭. ૧ કરીં. ૧૦; ૩૧. ફિલિ. ૨;

૧૧. ૧ તીમો ૧; ૧૧, ૧૭), એટલુંજ નહિ પણ ઉદ્ધાર કરવાનાં વિવિધ કામમાં ઇશ્વરના સદ્ગુણોના પ્રગટવામા એ મહિમા રહેલો લેખાય છે (રૂમી. ૬, ૪: ૯, ૨૩: ૧૫; ૭. ૨ કરી ૪; ૬. એફે ૧; ૬, ૧૨, ૧૪. કલો. ૧; ૧૧. ૨ થેસ્સા ૧; ૯) તેમજ ઇશ્વરની સમક્ષતાનુ જે ગારવ તારણ પામેલાઓનુ આશાસ્પદ છે તેને અર્થે પણ આ શબ્દ વપરાય છે (રૂમી ૨, ૧૦: ૫, ૨. ૮; ૧૮, ૨૧. ૯; ૨૩. એફે. ૧; ૧૮ કલો ૧, ૨૭ ૩; ૪. ૧ થેસ્સા. ૨; ૧૨. તીત. ૨, ૧૩).

ઉપર મુજબ ફિલિપ્પી ખ્રીસ્તીઓના હકમાં પ્રેરિત પ્રાર્થના કરે છે તેઓ સુજ્ઞાનયુક્ત આત્મિક પ્રીતિમાં વૃદ્ધિ પામતા જાય, ને એથી બધી વાતો પારખીને શ્રેષ્ઠ વાનાં પસદ કરે એવી રીતે કે ખ્રીસ્તના આવવાના દિવસને સારૂ તેઓ પુરા નિષ્કલંક થઇને ખ્રીસ્તના કર્યાથી ન્યાયીપણાનાં સઘળાં શુભ ફળ ઉપજાવવામાં પરિપૂર્ણ થાય, ને એમ તેઓ વડે ઈશ્વરનો સ્તુતિપાત્ર મહિમા જણાય, એવી વિનંતી પાઉલ પોતાના વહાલા શિષ્યો વિષે કરે છે. આ ઉત્તમ પ્રાર્થનામાં માગેલા આશીર્વાદો ગુજરાતના સઘળા ખ્રીસ્તીઓને પ્રાપ્ત થાય, એવુ નિરતર માગીએ.

૧; ૧૨—૪; ૨૦. પત્રના ખાસ વિષયને લગતી વાત.

(અ). રૂમના સમાચાર. પ્રેરિતના કામ, હાલત તથા મનોવૃત્તિઓની હકીકત. ૧; ૧૨–૩૦.

પત્રના આ વિભાગના ત્રણ પેટા ભાગ કરાય એમ છે. તેમાં પ્રેરિત

(ક) રૂમમાં સુવાર્તાના કામની હકીકત આપે છે (પદ ૧૨-૧૭).

(ખ) તે કામની સ્થિતિના સબધમાં પોતાના મનમાં થતા વિચારો જણાવે છે (પદ ૧૮-૨૬).

(ગ) તે વિચારોના સબધમાં ફિલિપ્પીઓ વિષે પોતાની કાળજી દર્શાવીને તેઓને ચેતવણીરૂપી બોધ કરે છે (પદ ૨૭-૩૦).

(ક) પ્રેરિત રૂમમાં સુવાર્તાના કામની હકીકત આપે છે (પદ ૧૨-૧૭)

૧૨ હવે ભાઇઓ, હું ચાહું છું કે તમે એ જાણો કે મારા
વિષે થયલી બિનાઓ તો સુવાર્તાના પ્રચારને અર્થે [સાધનભૂત]
નીવડી છે, ૧૩ એવી રીતે કે આખી પ્રેટોરિયમ [પલટણ]માં તથા
બીજા બધાઓમાં મારાં બંધનો ખ્રીસ્ત [ના સંબંધ]માં છે એવાં
પ્રગટ થયલાં છે. ૧૪ વળી ભાઇઓમાંના ઘણાખરા, મારાં બંધનોના
કારણથી પ્રભુમાં ખાતરી પામીને, દેવની વાત નિર્ભયતાથી બોલવા
અધિકતર હિંમતવાન થયા છે. ૧૫ કેટલાએક તો અદેખાઇ તથા
વિરોધથી ને વળી કેટલાએક શુભેચ્છાથી ખ્રીસ્તને પ્રગટ કરે છે. ૧૬ આ

તો પ્રીતિથી [કરે છે] એવું જાણીને કે સુવાર્તાના પ્રત્યુત્તરને અર્થે હું નિમાયલો છું; [૧૭] પણ પેલા તો મારાં બંધનોમાં વિપત્તિ ઉપજાવવાનું ધારીને ખરા મનથી નહિ પણ પક્ષાપક્ષીથી ખ્રીસ્તને પ્રગટ કરે છે.

પાઉલ કેદી કરાયો ત્યારે દેશેદેશ સુવાર્તા પ્રસારક કામનુ પ્રતિબંધ થયુ છે એવા વિચારથી તેના મનમાં નિરાશા ઉપજી હશે, પરતુ રૂમમાં આવ્યા પછી તે સમજી ગયો કે હુ બધનમાં છું તો પણ પ્રભુના વાત બધ થઇ નથી (પ્રે. કૃ. ૨૮; ૩૦, ૩૧. સરખાવો ૨ તીમો. ૨; ૯). તેની મુલાકાત કરનારાઓને તે સુવાર્તા પ્રગટ કરતો તેમજ પ્રેટોરિયમ નામની પલટણના જે સિપાઇઓ વારા ફરતી તેની ચોકી કરતા તેઓને તે પ્રભુની વાત શિખવતો એવુ જણાય છે. તે પલટણના સિપાઇઓ કાઇસારના અગરક્ષકો હતા, માટે રાજમહેલના બધા નોકરો તથા અમલદારો સાથે તેમનો સહવાસ થતો, તેથી જે સુવાર્તાને લીધે પાઉલ બધનમાં હતો તેની કંઇક જાણ તમામ દરબારી માણસોમાં પ્રસરી ગઇ. વળી રૂમની મડળીના ઘણાખરા ખ્રીસ્તીઓ પર પાઉલને થતું દુઃખ એવું અસરકારક થઇ પડયુ કે તેઓ સુવાર્તાના કામમાં આસ્થિત થઇને નિર્ભયતાથી તારણનો સમાચાર ફેલાવતા. તથાપિ રૂમના ખ્રીસ્તીઓમાં બે પક્ષ પડેલા જણાય છે. કેટલાક ભાઇઓ પ્રેરિતને વળગી રહીને નિખાલસ મનથી પ્રભુની નિર્મળ વાત પ્રગટ કરતા. પરતુ જે વિશ્વાસીઓમાં નિયમશાસ્ત્ર વિષે યહુદી મતની અસર રહેતી તેઓ પાઉલે પ્રગટેલી કૃપારૂપી સુવાર્તાને નકારીને મુસાના નિયમ પાળવાની અગત્ય સાથે ઇસુ મશીહ વિષેનો ઉપદેશ કરતા. એમ કામ કરવાનો પ્રસગ સારો મળે છે, ઘણા વિશ્વાસીઓ કામ કરવાને માટે ઉત્તેજિત થયલા છે, પરતુ કેટલાએક વિરોધ-ભાવથી તથા પોતાનો પક્ષ તાણીને કામ કરે છે—એવી ખબર પાઉલ આ પેટા ભાગમાં આપે છે.

હવે ભાઇઓ, હું ચાહું છું કે તમે એ જાણો કે ... પાઉલના અન્ય પત્રોમાં આના જેવી જરૂરી ખબર જાહેર કરનારી વાત ઠેકાણે ઠેકાણે મળે છે (જુઓ
૧ કરીં. ૧૧; ૩. કલો. ૨; ૧. સરખાવો રૂમી. ૧; ૧૩:
૫૬ ૧૨. ૧૧; ૨૫ ઇત્યા.). ફિલિપ્પીઓનાં મન પ્રેરિતની સ્થિતિ વિષે તથા તેના કામ વિષે ચિતાતુર થયાં હશે એ ચિતા દૂર કરવા સારૂ તે શરૂઆતમાં જે વિશેષ જાણવા જેવી વાત કરવા ચાહે છે તેની આ પ્રસ્તાવના છે.

મારા વિષે થયલી બિનાઓ તો સુવાર્તાના પ્રચારને અર્થે [સાધનભૂત] નીવડી છે. પાઉલને જે થયુ હતુ તેથી સુવાર્તાનો અટકાવ થયો હશે એવી વાંચનારાઓનાં મનમાંની ભીતિ અહિ સૂચવાય છે. કદાપિ એપાફ્રોદીત સાથે મોકલેલા કાગળમાં તેઓએ એવી ભીતિ જણાવી પણ હશે. તથાપિ એવી ભીતિ રાખવાનું કારણ નથી, ઉલટું મારા પર આવેલું દુઃખ

સુવાર્તાની વૃદ્ધિ કરવાનું કારણ થઇ પડયું છે, એવુ પાઉલ અહિ જણાવે છે. રૂમમાં બદીવાન થઇને આવવાથી તેને અણધારેલાં ઠેકાણાંમાં તથા અણધારેલી રીતિએ સુવાર્તા પ્રસારક કામ કરવાની તક મળી હતી. એ વાતની ખબર આપતાં પ્રેરિત જાણે ફિલિપ્પીઓને યાદ દેવડાવે છે કે માણસના ખ્યાલમાં ન આવે એવી અચિંત્ય રીતિએ પ્રભુ પોતાના રાજ્યનો ફેલાવો કરાવે છે. ઉપદેશના કામને દેખીતું વિઘ્ન નડે ત્યારે જાણવુ કે આવી અડચણો વડે પણ ઈશ્વર પોતાનો મહિમા જાહેર કરાવે છે.

"પ્રચાર" અર્થના અસલ શબ્દમાં એવી સૂચના રહેલી છે કે જેમ ગીચ ઝાડી મધ્યે વૃક્ષો કાપતાં કાપતા સીધી તથા નિષ્કટક સડક બને છે તેમ વિઘ્નરૂપી અડચણોનો નાશ કરતો કરતો પ્રભુ પોતાનો તારણનો માર્ગ આગળ વધારતો જાય છે. એજ શબ્દ પદ ૨૫માં વિશ્વાસની વૃદ્ધિ દર્શક છે, વળી ૧ તીમ. ૪; ૧૫માં તે સામાન્ય આત્મિક વૃદ્ધિ સૂચક છે. એના ધાતુને જુદો પ્રત્યય લગાડવાથી વિરૂદ્ધ અર્થનુ ક્રિયાપદ બને છે તે ૧ થેસ્સા. ૨; ૧૮. ૧ પીત. ૩; ૭માં મળે છે. તેનો અર્થ "ઝાડ કાપીને રસ્તામાં નાંખવાં," એટલે "અટકાવવુ" થાય છે એમ સુવાર્તાનો અટકાવ તો કરવામાં આવે છે પરતુ ઈશ્વર બધાં વિઘ્નો દૂર કરી પોતાનો માર્ગ ખોલી સિદ્ધ કરનાર છે માટે અટકાવનારાઓથી પાછા હઠવુ નહિ (પદ ૨૭).

કેટલાએક ટીકાકારો આ વાકય ઉપરથી એવુ અનુમાન કરે છે કે પાઉલે કાઇસાર આગળ પોતાનો પ્રત્યુત્તર આપ્યો હતો (પદ ૭) ને ત્યાર પછી તેના પર અધિક સખ્તાઇ કરવામા આવી હતી, પરતુ એ અનુમાન નિરાધાર દીસે છે પ્રે કૃ ૨૮, ૧૬, ૩૦, ૩૧મા વર્ણવેલી કાચી કેદની અહિ સૂચના છે એમ માનવુ સકારણ છે (જુઓ પ્રસ્તાવના પૃષ્ઠ ૧૬, ૧૭).

એવી રીતે કે આખી પ્રેટોરિયમ [પલટણ]માં તથા બીજા બધાઓમાં મારાં બંધનો ખ્રીસ્ત [ના સંબંધ]માં છે એવાં પ્રગટ થયલાં છે. આ વખતે રૂમમાં સુવાર્તાનો પ્રસાર શી

પદ ૧૩ રીતે થતો તેની હકીકત અહિ આપવામાં આવે છે.

"પ્રેટોરિયમ"માં પાઉલનાં બધનોનુ કારણ જણાયાથી સુવાર્તાની વૃદ્ધિ થઇ હતી. "પ્રેટોરિયમ" શબ્દનુ ગ્રીકરૂપ સુવાર્તાઓમાં તથા પ્રેરિતોનાં કૃત્યમાં મળી આવે છે. ગુજરાતી તરજુમામાં એ શબ્દ માર્ક ૧૫; ૧૬માં રાખેલો છે પરતુ બીજાં ઠેકાણાંમાં "મહેલ" (મા. ૨૭; ૨૭) અથવા "દરબાર" (યોહા. ૧૮; ૨૮, ૩૩; ૧૯; ૯. પ્રે. કૃ. ૨૩; ૩૫) એ અર્થ કરવામાં આવે છે. સદરહુ અર્થ ખરા છે કેમકે પ્રાંતિક હાકેમનું રહેઠાણ આ શબ્દ વડે સૂચવાય છે. પરતુ રૂમમાંના રાજમહેલને અર્થે આ શબ્દ કદી વાપરવામા આવતો નથી, એવુ પ્રવીણ ભાષા શાસ્ત્રીઓનુ માનવુ છે, તેથી કાઇસારનો મહેલ અહિં સૂચવાય છે એ

અસંભવિત છે. આ શબ્દનો અસલ અર્થ "સેનાપતિનો તંબુ" જણાય છે. બાદશાહ લશ્કર સાથે રહેતો ત્યારે તે સેનાપતિ લેખાતો માટે તેનો તંબુ "પ્રેટોરિયમ" કહેવાતો. વળી તેના તંબુની આજુબાજુ ચોકી કરનારા અંગરક્ષક સિપાઇઓને પણ આ નામ આપવામાં આવતું, માટે ઓગસ્તસ બાદશાહે જે દશ હજાર અંગરક્ષક યોદ્ધાઓની ખાસ પલટણ બનાવી તે "પ્રેટોરિયમ પલટણ" નામે ઓળખાતી. વળી રૂમમાં એ પલટણની છાવણી પણ "પ્રેટોરિયમ" કહેવાતી એવુ કેટલાકનુ માનવુ છે. અહિં "બીજા બધાઓમાં" એ પુરૂષ સૂચક શબ્દો સાથે આવ્યા હોવાથી અનુમાન થાય છે કે "પ્રેટોરિયમ"નો અર્થ બાદશાહી અંગરક્ષક પલટણ હોવો જોઇએ.* એ પલટણના સિપાઇઓના પહેરામાં પાઉલ રહેતો તેથી વારાફરતી તેની ચોકી કરતાં કરતા ઘણા સિપાઇઓ તેની બધી હકીકત જાણી બીજાંઓને જાહેર કરે, ને એમ આખી પલટણમાં પ્રેરિતના બધા મામલાની ખબર ફેલાય, એમ ધારવુ યુક્ત છે.

અંગરક્ષકો ઘણા ગુન્હેગારોની ચોકી કરતા હશે પણ આ કેદી છેક નવી રીતનો જણાતો. તે દુષ્ટ ગુન્હેગાર નહિ પણ ધાર્મિક વિદ્વાન હતો ધર્મ પ્રસારનેજ લીધે તેને કેદ કરવામા આવ્યો હતો ને તેનાથી મનાતા ધર્મ સ્થાપક ઇસુ ખ્રીસ્ત પ્રત્યે તે અસાધારણ આસ્થા દેખાડતો હતો. સદરહુ ખ્રીસ્તની ખાતર બંધનમાં રહેતાં તે થયલા સંકટને કારણે હરખાતો પણ હતો. આવા કેદીનો ધર્મબોધ સાભળવાને અંગરક્ષક સિપાઇઓનાં મનમાં સ્વાભાવિક જીજ્ઞાસા ઉત્પન્ન થાય, વળી બોધ સાંભળીને કેટલાક સત્યશોધકો પણ થાય, એ આશ્ચર્યકારક નથી. પાઉલને રૂમમાં લાવનાર સુબેદારે તેના પર ઘણી માયા દર્શાવી હતી (પ્રે. કૃ. ૨૭; ૪૩) તેવી માયા પ્રેટોરિયમ પલટણના ઘણા સિપાઇઓનાં મનમાં ઉપજી હશે, તેથી કાઇસારના દરબારીઓ સાથે તેમનો ગાઢો સબંધ હોવાથી બાદશાહી નોકરો તથા હજુરીઓમાં આ નવા ઉપદેશની ખબર તેઓ ફેલાવે, એ સ્વાભાવિક હતું (જુઓ ૪; ૨૨). આવી રીતે જ્યાં સાધારણે સુવાર્તાનો પ્રવેશ બહુજ મુશ્કેલીથી થઇ શકત ત્યા, એટલે રૂમના બાદશાહની તહેનાતમા, ઈશ્વરના અકળ મનોરથ મુજબ ને પાઉલને થયલી વિપત્તિને આસરે, પ્રભુ ઇસુ ખ્રીસ્તની સુવાર્તાનો બહોળો ફેલાવો કરવામાં આવ્યો. રૂમના શહેરીઓમાં પણ સુવાર્તા ફેલાઇ એ નિઃસદેહ છે, કેમકે શહેરના લોકો પાઉલની મુલાકાત કરવા સારૂ તેની પાસે આવતા એ લુકના વૃત્તાંત પરથી જણાય છે (પ્રે. કૃ. ૨૮; ૩૦).

*રૂમના ઇતિહાસમાં પ્રવીણ એવા બે ત્રણ વિદ્વાનોનો આવો અભિપ્રાય થયો છે કે રૂમમાંની ન્યાયસભામા અંગરક્ષક પલટણના સરદારો સમાયલા હોવાથી ન્યાયસભાને પણ "પ્રેટોરિયમ" નામ આપવામાં આવ્યુ હશે, પરતુ એ અભિપ્રાયને જોઇતો ટેકો મળ્યો નથી.

વળી ભાઇઓમાંના ઘણાખરા, મારા બંધનોના કારણથી પ્રભુમ
ખાતરી પામીને, દેવની વાત નિર્ભયતાથી બોલવા અધિક
હિંમતવાન થયા છે. કેટલાક ટીકાકારો "પ્રભુમાં
પદ ૧૪. શબ્દનો સંબધ "ભાઇઓ" સાથે સમજે છે, ને તેવો સ
અગ્રેજી તેમજ ગુજરાતી બૈબલમા દર્શાવેલો છે. પરતુ "પ્રભુમાના ભાઇઓ
એ શબ્દો નવા કરારમાં અન્ય સ્થળે જોડાયલા નથી, પણ "પ્રભુમાં ખાત
રાખવી" એ શબ્દ સમૂહ ઘણાં વાક્યોમાં જણાય છે (૨ ; ૨૪. રૂમી. ૧૪ ; ૧
ગલા. ૫ ; ૧૦. ૨ થેસ્સા. ૩ ; ૪), તેમ અહિં પણ એજ સમૂહ સમજવામ
વ્યાકરણના નિયમ મુજબ હરકત નથી, તેથી ઘણાખરા ટીકાકારોના મત મુજ
ઉપર આપેલો તરજુમો ઉચિત સમજવો. આ તરજુમા પ્રમાણે વાક્યનો એ
અર્થ થાય છે કે પાઉલના રૂમમાં આવ્યા પહેલાં ત્યાંના ભાઇઓ અલ્પારથા
અલ્પવિશ્વાસને લીધે સુવાર્તા પ્રગટ કરવાની હિંમત ધરતા ન હતા. પરતુ પ્રેરિ
કેવી હિંમત તેમજ કેવી હોંસ બતાવે છે તે જોઇને—બધનમા પડયો છે ને તપા
થયે જીવનું પણ જોખમ થાય એવી સ્થિતિમાં છે, છતાં ખ્રીસ્તને લીધે આ બ
સહન કરતાં નિર્ભયતાથી હરકોઇને ત્રાતાની વાત પ્રગટ કરે છે ને સુવાર્તાની ખાત
જીવાર્પણ કરવા પણ તત્પર રહે છે એ જાણીને--તેઓમાંના ઘણાખરાને બહુ
હિંમત આવી. થોડા તો ઢોંગી કે બાયલા જેવા હશે તેઓ નાહિમ્મત રહેજ
પરતુ પાઉલના નમુનાને લીધે ભાઇઓના વિશેષ મોટા ભાગને "પ્રભુમાં ખાતરી'
થઇ. પ્રભુત્વ પામેલા ખ્રીસ્ત સાથે અમારો પણ સબધ છે, તે તો બળ આપના
તથા રક્ષણ કરનાર છે, તેની સેવામાં અમારે પણ નિર્ભયતાથી બનતા પ્રયત્ને
કરવાની ફરજ છે—એવો નિશ્ચય પામીને મડળીના માણસો "દેવની વાત," એટલે
ખ્રીસ્તની સુવાર્તા, પ્રગટ કરવા લાગ્યા. એમ પાઉલના બધનના કારણથ
અણધારેલી ભોંયમાં સુવાર્તારૂપી બી વાવવાનો તેને પ્રસગ મળ્યો, એટલુંજ નહિ
પણ તેને અનુસરીને બીજા ઘણા વાવનારાઓ રૂમના વિશાળ ખેતરની વિવિધ
પ્રકારની જમીનમાં બી નાખવા મડી ગયા. ખરેખર પાઉલને જે થયુ હતુ તે
વડે સુવાર્તાનો ઘણોજ પ્રચાર થયો. પોતાની ધારણા મુજબ તે જો કેદી તો નહિ
પણ મુસાફર તરીકે રૂમમા આવ્યો હોત તો આટલુ કામ જવલ્લેજ થઇ શકત.
ઈશ્વરના માર્ગ અશોધ્ય છે, પરતુ તે સર્વોત્તમ માર્ગ હોય છે.

આખા નવા કરારમાં અહિંજ "દેવની વાત" એ નામ ખ્રીસ્તની સુવાર્તાને અર્થે આવેલું છે. સુવાર્તા "ખ્રીસ્તની વાત" (કલો. ૩ ; ૧૬), "પ્રભુની વાત" (૧ થેસ્સા. ૧ ; ૮ : ૪ ; ૧૫), "વધસ્તંભની વાત" (૧ કરીં. ૧ ; ૧૮), "સત્યની વાત" (એફે. ૧ ; ૧૩), "જીવનની વાત" (ફિલિ. ૨ ; ૧૫), "રાજ્યની વાત" (મા. ૧૩ ; ૧૯), એવાં નામથી ઓળખાય છે. તેને "દેવની વાત" કહેવાનાં અનેક કારણો સાંભરી આવે છે. તે દેવથી યોજેલી,

તૈયાર કરાવેલી તથા પ્રગટ કરાયલી છે. એ વાત વડે ઈશ્વર હરકોઇને સાર્વકાળિક જીવન બક્ષવા ચાહે છે, માટે દરેક ખ્રીસ્તી માણુસે પ્રભુમાં પૂર્ણ ભરોસો રાખીને નિર્ભયતાથી આ તારણુસાધક વાત હરકોઇને પ્રગટ કરવી જોઇએ. વળી મંડળીના બધા સભાસદો આ વાત ફેલાવવાને પોતાની ફરજ સમજે એવું શિક્ષણુ તથા એવો નમુનો મંડળીના આગેવાનોએ નિરંતર આપવાં.

કેટલાએક તો અદેખાઇ તથા વિરોધથી ને વળી કેટલાએક શુભેચ્છાથી ખ્રીસ્તને પ્રગટ કરે છે. પાઉલનાં બંધનથી ઉત્તેજિત થયલા ભાઇઓ એકજ પ્રકારના ન હતા. કેટલાએક તો બદીવાનની
પદ ૧૫.
અદેખાઇ કરીને જાણે તેની સામા થઇને દેવની વાત બોલતા હતા! આ વાત એટલી વિચિત્ર છે કે મંડળીના ઘણા સદ્‌ભક્તોને એવોજ અનુભવ થયો ન હોત તો કદાપિ માનવામાં ન આવત. પ્રખ્યાત ધર્મ સુધારક જૉન કાલ્વિન લખી ગયો છે કે, "મને થયલા અનુભવ ઉપરાંત પાઉલ અહિં કશું જણાવતો નથી." ખ્રીસ્તીઓમાં મતભેદ થયાથી જુદા જુદા પક્ષો બધાય છે ત્યારે ઘણી વાર ખ્રીસ્તની મૂળ વાત કરતાં પક્ષના ખાસ મત અધિક અગત્યના લેખાય છે, તેથી ખ્રીસ્તનું કામ કરવામાં પણુ તેઓ પક્ષ તાણીને એક બીજાની અદેખાઇ રાખી ત્રાતાનો વિજય તો નહિ પણુ પક્ષનો વિજય તાકે છે. રૂમમાં એમજ બન્યું હતું. ત્યાં નિયમશાસ્ત્રનાં વિધિયુક્ત સુકૃત્યો પર ભરોસો રાખનારા યહુદી ખ્રીસ્તીઓ હતા, એવું અધ્યાય ૩ નો ખુલાસો જોવાથી માલમ પડશે (તે સાથે સરખાવો કલો. ૪; ૧૧). તે લોકોએ જોયું કે પાઉલની પ્રગટેલી કૃપાયુક્ત સુવાર્તા જય પામતી જાય છે ત્યારે તેઓ અદેખાઇથી પાઉલના ખાસ બોધની વિરૂદ્ધ થવા લાગ્યા. તેઓ તો ખ્રીસ્તને પ્રગટ કરતા, પણુ એવી રીતે કે તેને માનનારાઓ મુસાના નિયમ પાળવાની જરૂર સમજે. એટલે જે મતનુ રૂમી મંડળી પર ખાસ લખેલા પત્રમાં પાઉલે ખંડન કર્યું હતું તેજ મત આ લોકો વિરૂદ્ધભાવથી પ્રગટ કરવા લાગ્યા.

તથાપિ રૂમના બધા ખ્રીસ્તી ભાઇઓ એવા ન હતા. બીજે પક્ષે પાઉલ વિષે તથા પાઉલે પ્રગટ કરેલી શુદ્ધ સુવાર્તા વિષે કેટલાએકની પુરેપુરી પ્રસન્નતા હોવાથી તેઓ દેવની વાત પ્રગટ કરવામાં ખરી સપ્રેમ મદદ કરતા. "શુભેચ્છા" અર્થના અસલ શબ્દનો તરજુમો બહુધા "પ્રસન્નતા" થાય છે (જેઓ ૨; ૧૩. એફે. ૧; ૫, ૯. ૨ થેસ્સા. ૧; ૧૧). ખ્રીસ્તાવતારની ખબરમાં માણુસ પ્રત્યે દેવની પ્રસન્નતા પ્રગટ થઇ છે (લુક ૨; ૧૪), ને તેજ ખબરમાં આ શુભેચ્છક ભાઇઓની પણુ પ્રસન્નતા જણાય છે, માટે તેઓ શુદ્ધ મનથી સુવાર્તાના કામમાં પાઉલને ટેકો આપતાં ખ્રીસ્તને પ્રગટ કરતા.

"પ્રગટ કરવું" એટલે રાજદૂત તરીકે જાહેર કરવું. સુવાર્તાના સંબંધમાં આ શબ્દ અનેક વાર આવે છે. "ખ્રીસ્તને" પ્રગટ કરવાની વાત પ્રે. કૃ. ૮;

૫. ૨ કરીં. ૧ ; ૧૮ : ૪ ; ૫ માં આવે છે, એ ઉપરથી જણાય છે કે પ્રભુના રાજદૂતનો ખાસ વિષય તે પ્રભુ ઇસુ ખ્રીસ્ત છે (સરખાવો ૧ કરીં. ૨ ; ૨).

આ તો પ્રીતિથી [કરે છે]* એવું જાણીને કે સુવાર્તાના પ્રત્યુત્તરને અર્થે હું નિમાયલો છું. બને પ્રકારના બોધકોનું અધિક વર્ણન કરતાં પ્રેરિત આ વાક્યમાં પાછળ કહેલા શુભેચ્છકો વિષે જણાવે છે કે
પદ ૧૬. તેઓમાં ખરી પ્રીતિ છે. પ્રભુની પ્રીતિથી ખેંચાઇને (સરખાવો યોહા. ૧૮ ; ૩૭) તેઓ તેના પર તેમજ તેના સેવક પાઉલ પર વાસ્તવિક પ્રેમ રાખતાં દેવની વાત બોલતા હતા. પાઉલ પોતાના કરેલા કઇ ગુન્હાનો પ્રત્યુત્તર આપવા સારૂ અત્રે આવ્યો નથી પરતુ સુવાર્તા વિષેનો પ્રત્યુત્તર આપવા (પદ ૭) તે પ્રભુથી ઠરાવેલો છે, એવુ સમજીને તેઓ તેના પ્રત્યે પ્રેમાળ દિલસોજી બતાવતાં તેના કામને ખરો ટેકો આપતા.

અસલમાં એવી સૂચના રહેલી છે કે સર્વે શત્રુઓથી સુવાર્તાનો બચાવ કરવા સારૂ પાઉલને પહેરેગીર તરીકે ખડો રાખવામાં આવ્યો હતો (સરખાવો લુક ૨ ; ૩૪. ૧ થેસ્સા. ૩ ; ૩). તેને ઈશ્વરનો ઠરાવેલો સૈનિક જાણીને આ શુભેચ્છકો સંકટને દિવસે તેની વહારે ધાયા હતા માટે તેઓને ધન્યવાદ ઘટે છે. પ્રભુના દરેક યોદ્ધાની એવી મદદ કરનારા પોતે પ્રભુના ખરા સૈનિકો સાબિત થાય છે.

પણ પેલા તો, મારાં બંધનોમાં વિપત્તિ ઉપજાવવાનું ધારીને, ખરા મનથી નહિ પણ પક્ષાપક્ષીથી ખ્રીસ્તને પ્રગટ કરે છે. આગળ કહેલા વિરોધીઓના પ્રયત્નના ભેદની હકીકત અહિં આપેલી
પદ ૧૭ છે. તેઓ શુદ્ધ ભાવથી ખ્રીસ્ત વિષેની ખબર ફેલાવતા નહિ પણ પાઉલના બોધથી ઉપજેલી જીજ્ઞાસાનો લાભ લઇને તેઓ પોતાના ખાસ મત પ્રસિદ્ધ કરતા. તેમની કામ કરવાની રીતિ સૂચક બે અસલ શબ્દો ધ્યાનમાં લેવા લાયક છે. "ખરા મનથી નહિ" એટલે "મેળવણી વિના નહિ." ખ્રીસ્તની વાત જાહેર કરવાની તેમની ઇચ્છા સાથે અશુદ્ધ હેતુની મેળવણી હતી, કેમકે અદેખાઇથી તેઓ પાઉલનો બોધ ઉલટાવવા ચાહતા. "પક્ષાપક્ષી" શબ્દનો અર્થ (વ્યુત્પત્તિ મુજબ) "વેતનીના જેવો ભાવ" થાય છે. ધણીનુ કહેવું ગમે તેવુ હોય તો પણ વેતનીને તે માનવાની જરૂર પડે છે, તે ઉપરથી "પક્ષકાર જેવો ભાવ" એ અર્થ થયો, કેમકે પોતાની ટોળીનું ધારવું ગમે તેવુ હોય તો પણ પક્ષકાર તેને વળગી રહે છે (જુઓ રૂમી. ૨ ; ૮ નો ખુલાસો).

---

* કેટલાએક વિદ્વાનો પદ ૧૬, ૧૭ નો એવો તરજુમો કરે છે કે "જેઓ પ્રીતિના છે તેઓ .", "જેઓ પક્ષાપક્ષીના છે તેઓ..." પરંતુ ઉપર આપેલો તરજુમો યુક્ત દીસે છે.

આ વિરોધીઓ પોતાના પક્ષનો મત ખરો છે કે ખોટો એ પર ધ્યાન આપ્યા વગર એ મતની ચઢતી કરવા મથતા હતા. આવા ભાવથી થતા અનર્થ ગ્રા. ૩: ૧૪, ૧૫થી માલમ પડશે (ત્યાં આ શબ્દનો તરજુમો "ચરસાચરસી" કર્યો છે).

"પ્રગટ કરે છે" અર્થનો ગ્રીક શબ્દ પદ ૧૫માં વપરાયલા શબ્દથી જૂદો છે આનો વિશેષ અર્થ "સદેશિયાની પેઠે પ્રગટ કરવુ" થાય છે. પ્રભુ પાસેથી આવેલા સદેશિયાઓ તો અધિકારથી ઈશ્વરી જ્ઞાન પ્રગટ કરે છે પણ આ લોકનું "જ્ઞાન" પૃથ્વી પરનું, દૈહિક તથા શૈતાની કહેવાય (યા. ૩; ૧૫). તેઓ પ્રભુના ખરા સદેશિયાની વિરૂદ્ધ થતાં એમ ધારતા હશે કે પાઉલ કેદમાં હોવાથી અમારૂં કામ અટકાવવા અશક્ત છે. દુઃખના મારથી નિરાશ થઇને તે હિંમત હારશે ને એમ અમારા મતનો વિજય થશે. અદેખાઇ તથા તરફદારીને લીધે તેઓ પ્રભુના ખરા સેવક પર વધતી વિપત્તિ આણવા તૈયાર છે, તે ઉપરથી આ લોક કેવા મતાંધળા બની ગયા હતા એનો ખ્યાલ થઇ શકશે.

આ દુઃખકર હકીકતમાં હરકોઇ ખ્રીસ્તી બોધકને સારૂ અગત્યની ચેતવણી રહેલી છે. પોતાના પક્ષ કે શાખાના ખાસ મત સત્યની કસોટીએ પારખ્યા વગર ચુસ્ત રીતે માનવામાં આત્મિક જોખમ રહેલું છે. વળી એ ખરા મનથી માનીએ તોપણ ધર્મબોધ કરવામાં એવી વાતો પર વિશેષ ભાર ન મૂકતાં ખ્રીસ્તની સાર્વજનિક સુવાર્તા શુદ્ધ ભાવથી પ્રગટ કરવી. અન્ય મત માનનારાના કામનો બિગાડ કરવાના પ્રયત્નથી તથા તેમને દુ ખી કરવાથી નિત્ય દૂર રહેવું, ને સઘળી અયોગ્ય હરીફાઇ પડતી મૂકીને કેવળ શુદ્ધ ભાવથી પ્રભુની નિર્મળ સુવાર્તા ફેલાવવી. એ સુવાર્તાની વિરૂદ્ધ જે કઇ મત હોય તેનું (જરૂર પડે ત્યારે) ખંડન કરવામાં કંઇ બાકી રાખવુ નહિ.

(ખ) પ્રેરિત સુવાર્તાના કામની ચાલતી સ્થિતિના સંબંધમાં પોતાના મનમાં થતા વિચારો જણાવે છે. (પદ ૧૮–૨૬).

[18]તો શું? એટલુંજ કે હરેક રીતિએ, ગમે તો ઢોંગે કે સત્યતાએ
પણ, ખ્રીસ્તને પ્રગટ કરવામાં આવે છે; ને તેમાં હું આનંદ કરૂં છું
ને વળી આનંદ કરીશ. [19]કેમકે હું જાણું છું કે તમારી વિનંતી વડે
તથા ઇસુ ખ્રીસ્તના આત્માના દાન વડે એ મને તારણને અર્થે
[સાધનરૂપ] થઇ પડશે; [20][એ તો] મારી [એવી] આતુર અપેક્ષા
તથા આશા પ્રમાણે [છે] કે હું કશામાં શરમાઇશ નહિ પણ સર્વ
[પ્રકારની] હિંમતથી, જેમ હમેશાં તેમ હમણાં પણ, મારા શરીરમાં
ખ્રીસ્તનું મહત્વ જણાવવામાં આવશે—પછી તે જીવનથી હોય કે
મરણથી. [21]કેમકે મને જીવવું એ ખ્રીસ્ત ને મરવું એ લાભ છે.

[૨૨] પણ દેહમાં જીવવું એ જો મારા કામનું ફળ હોય તો શું પસંદ
કરીશ એ હું જાણતો નથી. [૨૩] આ બે વચ્ચે હું તો ગુંચવણમાં
છું,—[દેહ છોડીને] ચાલ્યા જવું તથા ખ્રીસ્ત સાથે હોવું એની મને
અભિલાષા છે, કેમકે એ તો ઘણે દરજ્જે અધિક સારૂં છે. [૨૪] પરંતુ
[મારે] દેહમાં રહેવું તમારી ખાતર અધિક અગત્યનું છે. [૨૫] વળી એ
વાતની [મને] ખાતરી હોવાથી હું જાણું છું કે હું રહેવાનો; હા, તમ
સર્વની સાથે, તમારા વિશ્વાસની પ્રગતિ તથા આનંદને અર્થે, હું
રહેવાનો છું, [૨૬] એ સારૂ કે તમારી મધ્યે મારા ફરી હાજર થવાથી
મારા વિષે તમારૂં વડાઇ કરવાનું કારણ ખ્રીસ્ત ઇસુમાં અધિક થાય.

પાઉલ અમારા જેવા ભાવનો માણસ હશે એમ ધારીને ઉપર કહેલા પક્ષકારોની એવી અપેક્ષા થઇ હતી કે અમારા કામની સફળતા જોઇને તે ખિન્ન થઇ જશે. પરતુ પાઉલનો ભાવ જુદાજ પ્રકારનો હતો. અવિશ્વાસીઓમાં સુવાર્તા પ્રગટ થાય છે એ તેને આનંદદાયી વાત લાગે છે. સ્વપુણ્યની મેળવણી સહિત બોધ ખ્રીસ્તીઓમાં થતો ત્યારે પાઉલ એ બોધની સામી ટક્કર ઝીલતો એ ગલાતીઓને લખેલા પત્ર ઉપરથી જણાય છે. પરતુ મૂર્તિપૂજક વિદેશીઓમાં ત્રાતાની સુવાર્તા કૃત્રિમ મેળવણી સાથે પ્રગટ કરાય છે ત્યારે મેળવણી ભણી ન જોતાં પાઉલ ખ્રીસ્તની વાત તો પ્રગટ થાય છે એટલામાં આનંદ માને છે.

પછી પોતા વિષે વિચાર કરતાં પાઉલને એવું લાગે છે કે આ બધા બનાવોથી થતું દુઃખ હું જો આત્માએ આપેલી ધીરજથી સહન કરૂં તો તેમાં મારો પણ આત્મિક લાભ છે. ગમે તેમ થાય તો પણ હુ ખ્રીસ્તનો મહિમા દર્શાવવા માગું છું. જીવુ કે મરૂં તો પણ મારૂં એજ કર્તવ્ય છે. મોત આવે તો મને લાભ છે ને જીવતો રહું તો ખ્રીસ્તનું કામ કરવાનેજ અર્થે જીવું, માટે એમાંનું શું પસંદ કરવું તે મને સુઝતું નથી. પરતુ મડળીના લોકોમાં હજીએ મારે ખ્રીસ્તનું કામ કરવાની જરૂર છે માટે પ્રભુ મારા જીવનો બચાવ કરશે એવી મને ખાતરી થાય છે. તેથી તમ ફિલિપ્પીઓ મધ્યે ફરીથી હાજર થવાની અપેક્ષા રાખું છું, ને મારા આવવાથી તમારા વિશ્વાસની આનંદમય વૃદ્ધિ થશે તેમ મારે લીધે ખ્રીસ્તમાં તમારી જે શુદ્ધ વડાઇ તે અધિક થશે.

તો શું? એટલુંજ કે હરેક રીતિએ, ગમે તો ઢોંગે કે સત્યતાએ પણ, ખ્રીસ્તને પ્રગટ કરવામાં આવે છે; ને તેમાં આનંદ કરૂં છું ને વળી આનંદ કરીશ. ઉપર પ્રમાણે રૂમમાં બનતી

પદ ૧૮. બિનાઓ વર્ણવ્યા પછી પાઉલ પુછે છે કે "ત્યારે એ સર્વે વાતો વિષે કેવા વિચાર કરવા?" જવાબમાં તે પોતાનો અભિપ્રાય જણાવે છે.

બીજાઓ ગમે તે ધારે પણ પાઉલ દુઃખ કે વિરોધ તરફ ન જોતાં એ બધામાં જે મુખ્ય બિના છે તેજ ધ્યાનમાં લેતાં હરખ કરે છે. મુખ્ય બિના આ છે કે, ખ્રીસ્તને પ્રગટ કરવામાં આવે છે. હું કેદી છું પરતુ મને ખ્રીસ્તની વાત પ્રગટ કરવાના અનેક પ્રસંગો મળે છે, મને થયલા દુ.ખને લીધે ઘણાઓ સુવાર્તા ફેલાવવા ઉત્તેજિત થાય છે, તેઓમાંના કેટલાએક અદેખાઇ રાખીને તેમજ પક્ષ તાણીને ડોળથી બોધ કરે છે તથાપિ તેઓની મારફતે પણ ખ્રીસ્તનું નામ જાહેર થાય છે. વળી બીજા કેટલાએક તો ખરાપણાથી તારનારની શુદ્ધ વાત ફેલાવે છે એ કેવી આનંદકારક વાત છે! માટે ગમે તેમ હોય પણ મારા તારનારનો આશીર્વાદિત સંદેશો આ મૂર્તિપુજક શહેરમાં ઘણા અવિશ્વાસીઓને જણાવવામાં આવે છે તેમાં હું તો આનંદજ કરૂં છું. કેટલાએકના ભાવ તથા બોધથી મારી લાગણીઓ દુઃખાય એમ હશે પરંતુ હરેક પ્રકારે ખ્રીસ્તને પ્રગટ કરવામાં આવે છે તેમાં માત્ર હરખ કરવાનું કારણ છે.

"ઢોંગ" અર્થના અસલ શબ્દનો મૂળાર્થ "મુખવટો" છે. મુખવટા વડે વાસ્તવિક ચહેરો ઢકાય છે ને ચહેરાનો અસત્ય દેખાવ દેખાડવામાં આવે છે, તેથી સદરહુ શબ્દ "ઢોંગ" (માર્ક ૧૨; ૪૦. લુક ૨૦; ૪૭. ૧ થેસ્સા. ૨; ૫), "ડોળ" (પ્રે. કૃ. ૨૭; ૩૦) કે "બહાનું" (યોહા. ૧૫; ૨૨) સૂચવે છે. ઉપર કહેલા યહુદી પક્ષકારો ખ્રીસ્તની સુવાર્તા વિષે કૃત્રિમ આસ્થા આગળ ધરતાં એને મિષે પોતાના ખાસ મત ફેલાવવાનું કામ કરતા. તેમના ઢોંગ વિષે કે તેમના બોધમાં રહેલી ભૂલ વિષે પાઉલ કદી રાજી થાય, એમ ન હતું, પરતુ તેઓમાં ઢોંગ તથા ભૂલ છતાં તેઓ વડે ખ્રીસ્તની વાત પ્રગટાય છે, એથી તે આનંદ કરતો. અયોગ્ય મનુષ્યો વડે પણ ઈશ્વર પોતાનું ગૌરવ દર્શાવી શકે છે તથાપિ એ અયોગ્યતાનો જુમ્મો સદરહુ મનુષ્યોને શિર કંઇ ઓછો રહેતો નથી.

પ્રેરિતને હાલ હરખ કરવાનું કારણ જડયું છે, એટલુંજ નહિ પણ ભવિષ્યમાં પણ આનંદ કરવાનું કારણ મળશે એવું તેનું માનવું છે. એ કારણ કેવું છે તે પછીના વાક્યમાં જણાય છે.

કેમકે હું જાણું છું કે તમારી વિનંતી વડે તથા ઈસુ ખ્રીસ્તના આત્માના દાનવડે એ મને તારણને અર્થે [સાધન રૂપ] થઇ પડશે.

પદ ૧૯. ભવિષ્યમાં આનંદ કરવાનુ કારણ મળશે તે વાતનો પાઉલને પૂર્ણ ભરોસો એ ઉપરથી થાય છે કે જે જે બને છે તે સર્વ પ્રભુના લોકનો પૂર્ણોદ્ધાર સાધતું જાય છે (સરખાવો રૂમી. ૮; ૨૮). રૂમમાં જે થયું હતું તે માત્ર પ્રેરિતના પરિપૂર્ણ તારણને સાધનારૂં હતું. તત્સંબંધી તે અયૂબ ૧૩; ૧૬ની સપ્તતિ તરજુમાની વાત ઉતારીને પોતાનો દૃઢ ભરોસો જાહેર કરે છે.

"તારણ"નો અર્થ આ વાક્યમાં "આત્મિક તારણ" અથવા તો "દેહનો બચાવ" કરવો, એ વિષે મતફેર જણાય છે. કેટલાએક "દૈહિક વિપત્તિમાંથી (એટલે કેદથી) છુટકો" એવો અર્થ સમજે છે, પરતુ આ વાક્યમાં તારણ પૂર્ણ કરનાર એ પવિત્ર આત્મા કહેવાય છે તેમ પછીનાં વાક્યોમાં ખ્રીસ્તની સમક્ષતાનું સુખ સૂચવાય છે એ ઉપરથી એવુ સપ્રમાણ અનુમાન થાય છે કે આ વાક્યમાં "તારણ" એટલે "પૂર્ણોદ્ધાર." ખ્રીસ્તની સંગતમાં રહેવાથી પૂર્ણ કરાઇને અતે ઈશ્વરની સમક્ષતામાં પૂર્ણ મહિમા પામવો એ તારણની અપેક્ષા પાઉલ રાખે છે (સરખાવો રૂમી. ૧૩ ; ૧૧. ૧ થેસ્સા. ૫ ; ૮. ૨ તીમ. ૨ ; ૧૦. સરખાવો હેબ્રી. ૯ ; ૨૮. ૧ પીત. ૧ ; ૫, ૯). ખ્રીસ્ત પર વિશ્વાસ રાખીએ છીએ ત્યારે તારણ પામીએ છીએ એમ કહેવાય (૨ કરી ૬ ; ૨), એ અર્થ મુજબ પાઉલનું તારણ દમશ્ક જતાં થયું હતું, પરતુ જે નિશાન ભણી તે ધાતો હતો (૩ ; ૧૨–૧૪) તે આગળ પહોંચતાંજ પૂર્ણ તારણ મળશે એવુ તે માનતો. તે નિશાન ભણીની દોડમાં રૂમ મુકામે થતા સઘળા બનાવો માત્ર મને મદદરૂપે નીવડશે એ તેનું અતઃકરણપૂર્વક માનવુ હતું.

પરતુ એવા બનાવો ફાયદાકારક નીવડે માટે પવિત્ર આત્માની સહાયતાની અગત્ય સમજવી, તેમજ તે આત્મા પામવાને માટે પ્રાર્થના આવશ્યક છે. મડળીઓની પ્રાર્થનાઓ પાઉલ વારવાર માગતો (રૂમી. ૧૫ ; ૩૦–૩૨. ૨ કરીં. ૧ ; ૧૧. એફે. ૬ ; ૧૮, ૧૯. કલો. ૪ ; ૨, ૩. ૧ થેસ્સા. ૫ ; ૨૫. ૨ થેસ્સા. ૩ ; ૧, ૨). પણ મારા વહાલા ફિલિપ્પીઓ મારા હકમાં વિનતી કરશે એવી તે ખાતરી રાખતો. વળી તે પ્રાર્થનાઓ મુજબ મને ઈશ્વરના કૃપારૂપી ભડારમાંથી પવિત્ર આત્મા બક્ષવામાં આવશે એવો તેના મનનો નિશ્ચય હતો. પ્રેરિતના મનમાં કરાયલાં આ પવિત્ર આત્માનાં ચમત્કારિક કૃત્યોથી બધા બનાવો તારણને અર્થે સાધનરૂપે નીવડવાના હતા.

પવિત્ર આત્મા દેવનો આત્મા છે તે સાથે તે ખ્રીસ્તનો પણ આત્મા છે એમ રૂમી. ૮ ; ૯ ઉપરથી માલમ પડે છે (સરખાવો પ્રે. કૃ. ૧૬ ; ૭. ગલા. ૪ ; ૬ ૧ પીત. ૧ ; ૧૧). ઈશ્વર પિતા પવિત્ર આત્મા મોકલે છે (૧ કરીં. ૬ ; ૧૯. ગલા. ૩ ; ૫ એફે. ૧ ; ૧૭. ૧ થેસ્સા. ૪ ; ૮), પરતુ તે તેને પુત્રની મધ્યસ્થી મુજબ મોકલે છે (યોહા. ૧૪ ; ૧૬); વળી ખ્રીસ્ત પોતે આત્મા મોકલે છે એમ કહેલું છે (યોહા. ૧૫ ; ૨૬ : ૧૬ ; ૭); ખ્રીસ્ત પોતાનું કામ શરૂ કરવાની તૈયારીમાં હતો ત્યારે બાપ્તિસ્મા પામતી વેળાએ તે પવિત્ર આત્માથી વેષ્ઠિત થયો, ને ખ્રીસ્ત સાથેની સંગતમાં આવીને રહેનારાઓ પણ તેજ આત્મા પામે છે (રૂમી. ૮ ; ૯. ગલા. ૪ ; ૬); ખ્રીસ્ત પોતે પવિત્ર આત્મારૂપ છે (જુઓ રૂમી. ૮ ; ૯, ૧૦. ૨ કરીં. ૩ ; ૧૭. સરખાવો ૧ કરીં. ૧૫ ; ૪૫)—એવાં કારણોથી પવિત્ર આત્મા તે ઇસુ ખ્રીસ્તનો આત્મા કહેવાય છે એ કેવળ સકારણ છે.

"પવિત્ર આત્માનું દાન" એ વાતના અર્થ વિષે મતફેર છે. કેટલાક માને છે કે "પવિત્ર આત્મારૂપી દાન" એવો અર્થ સમજવો. બીજા કેટલાએક "પવિત્ર આત્મા વડે આપેલું દાન" એ અર્થ કરે છે. પરંતુ એ બે અર્થમાં તફાવત નથી. જેઓ આત્મા પામે છે તેઓને આત્માનાં સર્વ કૃપાદાન પ્રાપ્ત થાય છે, ને જેઓને એ કૃપાદાન મળે છે તેઓ એટલાથીજ આત્મા પામેલા સાબિત થાય છે. અર્થાત્ પવિત્ર આત્મા તથા આત્મિક દાનનો અભિન્ન સંબંધ સદાય રહે છે. "દાન" અર્થનો અસલ શબ્દ "ભડાર" સૂચવે છે (સરખાવો એફે. ૪; ૧૬); બધા ખ્રીસ્તીઓને સારૂ પવિત્ર આત્મા આશીર્વાદરૂપી ભડાર છે.

[એ તો] મારી [એવી] આતુર અપેક્ષા તથા આશા પ્રમાણે [છે].. પાછલા વાક્યમાં પાઉલે પોતાની જે ખાતરી જણાવી હતી તે તેના મનમાં હમેશ રહેતી અપેક્ષા મુજબ હતી. "આતુર અપેક્ષા"

પદ ૨૦.

અર્થનો શબ્દ રૂમી. ૮; ૧૯માં પણ આવે છે તેનો મૂળાર્થ "ઉત્કઠિત અપેક્ષા" એ ગુજરાતી શબ્દોથી સ્પષ્ટ સમજાય છે. ખ્રીસ્તી માણસ પોતામાં તથા આખી સૃષ્ટિમા ખ્રીસ્તના મહિમાની આવવાની વાટ એવી અપેક્ષાથી જુએ છે, ને એ અપેક્ષા ખ્રીસ્ત વડે આપેલી મનની આશા હોય છે. સદરહુ અપેક્ષા તથા આશા કેવી છે તે હવે જણાવવામાં આવે છે.

કે હું કશામાં શરમાઈશ નહિ પણ સર્વ [પ્રકારની] હિંમતથી, જેમ હમેશાં તેમ હમણાં પણ, મારા શરીરમાં ખ્રીસ્તનું મહત્વ જણાવવામાં આવશે—પછી તે જીવનથી હોય કે મરણથી. પૂર્ણોદ્ધારની જે આશા પ્રભુએ પોતાના લોકને પમાડી છે તે લજ્જાકારક નથી (રૂમી. ૫; ૫: ૯; ૩૩. ૨ તીમો. ૧; ૧૨), કેમકે જેઓ ત્રાતાની સગતમાં રહે છે તેઓ કદી ન શરમાશે (૧ યોહા. ૨; ૨૮). પાઉલની આશા જો નિષ્ફળ જાય,—જે પ્રભુ પર તેનો પૂર્ણ ભરોસો છે તે જો અવિશ્વાસુ, અથવા પોતાના સેવકને નિભાવવાને અશક્ત, જણાય તો પાઉલ શરમિંદો પડે ખરો. પરંતુ એ પ્રમાણે હું શરમાવાનો નથી એવો તેનો પૂર્ણ નિશ્ચય છે. સર્વસમર્થ પરમેશ્વર વિશ્વાસુ તથા અતિ કૃપાળુ હોવાથી અત સુધી મને ટકાવી રાખીને છેવટે પરિપૂર્ણ તારણનો અમૂલ્ય આશીર્વાદ બક્ષશે, એવો ભરોસો હોવાથી પાઉલે શરમાવાની ભીતિ મનમાંથી કાઢીજ મૂકી હતી (સરખાવો રૂમી. ૮; ૩૮, ૩૯).

મને લજ્જા થશે નહિ, એટલીજ પાઉલના મનમાં દૃઢ આશા હતી, એમ ન સમજવું. ગતકાળના અનુભવથી તે માને છે કે હાલ મને જે દૈહિક વિપત્તિ થાય છે તે વેઠવાથી હું પુરી હિંમત* રાખીને ખ્રીસ્તનું માન વધારનાર નીવડીશ (૨ કરીં. ૩; ૧૨). હું આ જોખમમાંથી છૂટીને જીવતો રહીશ તો પણ બાકી રહેલી

---

*અસલ શબ્દ બોલવાની હિમત સૂચવે છે–જુઓ એફે. ૩; ૧૨: ૬; ૧૯ ફિલે. ૮,

જીંદગીનાં સઘળાં વરસોમાં ખ્રીસ્તની વાત નિર્ભયતાથી બોલવાને તથા તેનું માન વધારવાને મને સામર્થ્ય આપવામાં આવશે, ને જો મને દેહાંત દંડની સજા થશે તોએ પ્રભુના વિશ્વાસુ સાહેદ તરીકે મારા મરણથી ખ્રીસ્તનું માન વધારવામાં આવશે એવી પાઉલની દઢ અપેક્ષા જણાય છે, એમાં લેશમાત્ર હુંપદ કે સ્વપુણ્યાભિમાન દેખાતુંજ નથી. પોતાના બળ ઉપર આધાર ન રાખતાં તે સામર્થ્ય બક્ષનારની કૃપા પર પોતાનો સઘળો આધાર ટેકવે છે. મારૂં શરીર પ્રભુનું છે (રૂમી. ૬; ૧૩ : ૧૨; ૧. ૧ કરી ૬; ૨૦. ૨ કરી. ૪; ૧૦) માટે તે વડે પ્રભુ પોતાનો મહિમા પ્રગટ કરાવશે, એવો તે નિશ્ચય રાખે છે.

કેમકે મને જીવવું એ ખ્રીસ્ત ને મરવું એ લાભ છે. પદ ૨૦ ના અંત્ય શબ્દોનો અહિં ખુલાસો કરવામાં આવે છે. પ્રેરિત જીવતો રહે તો તેના શરીરમાં ખ્રીસ્તનુ મહત્વ જણાશે, કેમકે (બીજાઓની વાત
પદ ૨૧. ગમે તેવી હોય પણ) તેની વાત કરીએ તો તેને માટે દેહમાં જીવવું એટલે ખ્રીસ્તની માર્મિક સગતમાં રહેવું (ગલા. ૨; ૨૦. કલો. ૩; ૩, ૪). એ સગત વડે તે દેવના સબધમાં જીવતો (રૂમી. ૬, ૧૧. ૨ કરી. ૫; ૧૫) માટે તેના વિષે દેહમાં જીંદગી ગાળવી એનો અર્થ આ કે ખ્રીસ્તની પ્રીતિનો અનુભવ અધિકાધિક કરવો, ખ્રીસ્તની ભરપુરીમાંથી સઘળા આત્મિક આશીર્વાદોથી ભરપૂર થતાં જવું, ખ્રીસ્તના જ્ઞાનમાં તથા તેની સમાનતામાં વધવું, ખ્રીસ્તની સેવા કર્યા કરવી, ખ્રીસ્તના રાજ્યનો ફેલાવો કરવો, ખ્રીસ્તની ઉત્તમતાની સાક્ષી આપતાં રહેવું, ખ્રીસ્તની ઇચ્છાનુસાર બધુ કરવુ. અર્થાત્ જીંદગીનો મુખ્યાર્થ, જીંદગીનાં સર્વ કાર્યો, જીંદગીનાં કાર્યો સાધનારી પ્રેરણા, જીંદગીનું સાફલ્ય—એ સર્વેનો મારે માટે ખ્રીસ્તમાં સમાવેશ થયલો છે, એમ પાઉલ માનતો હતો.

એવી રીતે જીંદગીનો વ્યય કરનાર પ્રત્યે મરણને કંઇ ડખ નથી. દૈહિક વાનાં પર ચિત્ત લગાડનાર દેહ છોડતાં આચકો ખાય, પરતુ ખ્રીસ્તની સગતમાં રહેનાર જાણે છે કે મરણ પછી જે મહિમાવાન સ્થિતિ થવાની તેમાં ખ્રીસ્ત સાથેની સંગત વધતી આશીર્વાદિત થશે. દેહ છોડી ખ્રીસ્ત પાસે જવામાં મોટો લાભ છે કેમકે મરણદ્વારે, જગતનાં વિવિધ વિઘ્નો પડતાં મૂકીને, પ્રભુની મહિમાવાન સમક્ષતામાં પ્રવેશ કરવા પામીશ, એમ માનીને પાઉલ નિશ્ચે જાણે છે કે મને દેહાંત દંડની સજા કરવામાં આવે તો પણ વિશ્વાસ રાખતાં મારા મરણથી પણ હું ખ્રીસ્તનું માન વધારી શકવાનો છું.

જીંદગીનું ધોરણ ને મરણ પછીની સ્થિતિ એ બે વચ્ચે વિશેષ નિકટનો સંબધ રહેલો છે. "મને જીવવું એ ખ્રીસ્ત" એવુ જે કોઇ કહી શકે છે તેના વિષે એમ પણ કહેવાય કે "મરવું એ લાભ છે." ખ્રીસ્તની સંગતમાં જીવવું એ લાભકારક છે ખરૂં (૧ તીમ. ૪; ૮) પણ મરણ પછી ખ્રીસ્તની સમક્ષતામાં રહેવું એમાં કેવો અકથ્ય લાભ છે એનો વિચાર કરીને એ લાભનું વિશ્વાસરૂપી હાથે ગ્રહણ કરવું.

પણ દેહમાં જીવવું એ જો મારા કામનું ફળ હોય તો શું પસંદ કરીશ એ હું જાણુતો નથી. આ વાક્યના વિવિધ તરજુમાઓ કરવામાં
પદ ૨૨. આવ્યા છે. આપેલા તરજુમા સિવાય બીજા બે વિશેષ જાણુવા લાયક તરજુમા છે તે નીચે મુજબ:—

(૧) પણ દેહમાં જીવવું એ જો મારે માટે નિમેલું હોય તો મારા કામનું ફળ થશે, માટે શું પસદ કરવુ એ હુ જાણુતો નથી.

(૨) પણ દેહમાં જીવવુ એથી જો મારા કામનુ ફળ થાય તો શું? ખરેખર શુ પસદ કરવુ તે હુ જાણુતો નથી.

વળી કેટલાએક શાસ્ત્રીઓ વાક્યનો ઉત્તરાર્ધ પ્રશ્નોત્તરરૂપ સમજે છે—"હું શુ પસદ કરૂ? હુ જાણુતો નથી."

"જાણુવુ" અર્થના શબ્દનો તરજુમો ઘણુ કરીને "જણાવવુ" થાય છે (જુઓ ૪; ૬. ૧ કરી. ૧૨; ૩: ૧૫; ૨. ગલા. ૧; ૧૧). એ અર્થ પ્રમાણે "હુ કહી શકતો નથી" એવો તરજુમો પણ અહિં કરવામાં આવે છે.

વિવિધ તરજુમાઓ થયા છતાં વાક્યનો ભાવાર્થ સ્પષ્ટ છે. પાઉલ મરણુદ્વારે તારનાર પાસે જવા ઇચ્છે છે (પદ ૨૩), પરતુ કામનો વિચાર થાય છે. જો દેહમાં રહું તો શ્રમ ઉઠાવતાં તથા દુઃખ સહન કરતાં રહીશ, પરતુ પ્રભુની કૃપાથી એ શ્રમ સફળ થાયજ (રૂમી ૧; ૧૩). એ સાફલ્ય જોવાની ઇચ્છાને લીધે હુ દેહમાં રહેવા પણ તૈયાર છું, માટે શુ પસદ કરવુ એ સૂઝતું નથી. આ વાતનો વધનો ખુલાસો પદ ૨૩, ૨૪માં આવે છે.

આ બે વચ્ચે હું તો ગુંચવણમાં છું,—[દેહ છોડીને] ચાલ્યા જવું તથા ખ્રીસ્ત સાથે હોવું એની મને અભિલાષા છે, કેમકે એ
પદ ૨૩. **તો ઘણે દરજ્જે અધિક સારૂ છે.** આકાશી મહિમા પામવાની આશા તથા જીવતો રહીને ખ્રીસ્તનું કામ કરવાની અગત્ય—એ બે વાતો વચ્ચે પાઉલ ગુંચવાય છે. એ બે વાત જાણે સાંકડા રસ્તાની બંને બાજુએ આવેલી ભીંત હોય કે જેને લીધે આમ કે તેમ ફરી શકાય નહિ તેવીજ અહિં સૂચના કરવામાં આવે છે. મરણુ તથા જીવન એ બેમાંથી શું પસદ કરવુ એ પ્રેરિતને સૂઝતું નથી. આ વાક્યમાં મરણુની વાત કરીને તે જણાવે છે કે દેહ છોડવાની મારી ખાસ ઇચ્છા છે. આ જીદગી પર્યંત આત્મા જાણે માંડવામાં રહેતો હોય તેમ દેહમાં પોતાનું અનિત્ય રહેઠાણુ રાખે છે (૨ કરીં. ૫; ૧), પણુ મરણુ વખતે માનવાત્મા એ માંડવો છોડીને પોતાના કાયમ રહેઠાણુમાં પ્રવેશ કરે છે; અથવા બીજી ઉપમા આપીએ તો જીવતા છીએ ત્યાં સુધી આત્મારૂપી વહાણુ લગરવત્ દૈહિક સબધો વડે આ દુનિયાને કિનારે બાંધી

રાખેલું છે, પરંતુ મરણ સમયે લંગર છોડવામાં આવે છે ને આત્મા ભવસાગરને પાર જઇ સ્વર્ગીય બંદરે પહોંચી જાય છે—એવી સૂચના "છોડવુ" અર્થના શબ્દમાં રહેલી છે (સરખાવો ૨ તીમ. ૪; ૬). દેહમાંન જીવનથી કંટાળીને પાઉલ મરણની માગણી કરે છે એમ નથી, પરતુ દૈહિક મરણ પછી અધિક જીવન મળશે એ જાણીને તે મોતની ઇચ્છા કરે છે. સાર્વકાળિક ઘરમાં જગ્યા તૈયાર કરવાને ખ્રીસ્ત આગળ ગયો છે; ઇપ્સિત બંદર આગળ તે થાકેલા મુસાફરોની આગતા સ્વાગતા કરવા તત્પર રહે છે, માટે પાઉલ દેહ છોડવાની ઇચ્છા કરે છે. ખ્રીસ્તની સમક્ષતામાં સદા રહવુ એ મરણનું પરિણામ છે એમ સમજીને તે મરણ દ્વારે તારનાર પાસે જવાની અભિલાષા રાખે છે. સ્તેફને મરણ વેળાએ ત્રાતાના દર્શનથી દિલાસો પામીને પ્રાર્થના કરી કે, "ઓ પ્રભુ ઇસુ, મારા આત્માને અંગીકાર કર" (પ્રે. કૃ. ૭; ૫૯) એ પાઉલે સાંભળી હશે; ને તેજ પ્રભુ ઇસુને તે માનનારો થયો ત્યારે તે સમજી ગયો કે દેહમાં માત્ર પ્રવાસી છીએ પણ ખ્રીસ્તી માણસનું સ્થાયી રહેઠાણ તો ખ્રીસ્તની પાસે છે (૨ કરો. ૫; ૬, ૮). દેહના મરણ વડે ઈશ્વરથી વિયોગી થવાય છે એમ જુના જમાનાના ભક્તો ધારતા હશે (ગીત. ૬; ૫. ૩૦; ૯. ૧૧૫; ૧૭), પરતુ ખ્રીસ્તના વચન ઉપરથી જાણીએ છીએ કે મરણ પછી વિશ્વાસીઓ તેની સાથે મહિમામાં રહેશે (યોહા. ૧૪; ૩. સરખાવો એફે. ૨; ૬. કલો. ૨; ૧૩). હાલ વિશ્વાસ વડે અદૃશ્ય ખ્રીસ્તની સંગત કરીએ છીએ પણ ત્યારે તેને નજરોનજર જોઇશુ, સદા તેની સાથે રહીશુ (૧ થેસ્સા. ૪; ૧૭), હા, તેના જેવા થઇશુ (૧ યોહા. ૩; ૨). એ ઘણે દરજ્જે અધિક સારૂં છે એ જે પાઉલનો ખાતરી પૂર્વક અભિપ્રાય તે ખરો છે. શ્રમયુક્ત મુસાફરી પછી ઘરનું સુખ, તોફાન પછી બંદરને ઓથે સ્વસ્થતા, વિયોગ પછી મુલાકાત, અપમાન પછી મહિમા—એવો આશીર્વાદિત ફેરફાર તો ઇચ્છવા યોગ્ય છે, પરતુ એ ઉપર વિશેષ ભાર ન મૂકતા ખ્રીસ્તની સમક્ષતામાં રહેવુ એ અતિશય પસંદનીય છે એમ સમજીને પાઉલ દેહ છોડવાના વખતની રાહ જોયાં કરે છે.

પરંતુ [મારે] દેહમાં રહેવું તમારી ખાતર અધિક અગત્યનું છે. પ્રેરિત કેવળ પોતાનાં વાનાં પર લક્ષ રાખતો નહતો એ તેના પોતાના બોધ મુજબ હતું (૨; ૪). પોતાને સારૂ ખ્રીસ્ત પાસે અધિક લાભ છે

પદ ૨૪.

એવુ જાણે છે, તથાપિ બીજાઓને શાથી વિશેષ લાભ મળે? એ નિઃસ્વાર્થ સવાલ ઉપર તે અધિક ધ્યાન આપે છે. વિચાર કરતાં તેને માલમ પડે છે કે હજુ મંડળીઓમાં મારે કામ કરવાની જરૂર છે. નવા ખ્રીસ્તીઓને સુદૃઢ કરવા સારૂ તેમજ મંડળીઓની વ્યવસ્થા કરવા સારૂ દેહમાં રહેવુ પડશે, એમ સમજીને પાઉલ એવો નિશ્ચય કરે છે કે આ અગત્યનું કામ મારી પાસે પૂર્ણ કરાવ્યા પછી પોતાની પાસે મને બોલાવી લેવાની પ્રભુની ઇચ્છા છે. એ ઈશ્વરેચ્છાને પાઉલ તો આધીન થાય છે.

વળી એ વાતની [મને] ખાતરી હોવાથી હું જાણું છું કે હું રહેવાનો; હા, તમ સર્વની સાથે, તમારા વિશ્વાસની પ્રગતિ તથા આનંદને અર્થે, હું રહેવાનો છું. પાઉલ પહેલાંથી પ્રભુ પાસેથી પોતાના કર્તવ્યની સૂચના માગતો (પ્રે. કૃ. ૨૨; ૧૦) માટે મડળીની સેવા કરવાને અર્થે મારે હજી દેહમાં રહેવાની જરૂર છે, એમ જાણીને તે કચકચ કર્યા વિના પ્રભુની એ ઇચ્છાને આધીન થાય છે. હું રહેવાનો, એટલુંજ નહિ પણ તમ ખ્રીસ્તીઓની સગાથે રહેવાનો, એવી તેની ખાતરી થાય છે, ને એ રહેવાનું પરિણામ એ થવાનું કે વિશ્વાસીઓને અધિક આત્મિક લાભ પ્રાપ્ત થશે.

પદ ૨૫

જે ખાસ લાભ પાઉલના સદેહ રહેવાથી થવાના છે તે વિશ્વાસમાં પ્રગતિ તથા આનદ છે. કેટલાક ટીકાકારોનો એવો અભિપ્રાય જણાય છે કે "વિશ્વાસ" નો સબધ "પ્રગતિ" સાથે નહિ પણ માત્ર "આનંદ" સાથે કરવો જોઇએ. આ અભિપ્રાય મુજબ એવો તરજુમો થાય કે "તમારી [આત્મિક] પ્રગતિ તથા [તમારા] વિશ્વાસના આનંદને અર્થે હું રહેવાનો." પરતુ ઘણાખરા પ્રવીણ ટીકાકારો બને શબ્દોનો સબધ "વિશ્વાસ" સાથે કરે છે એથી એવો અર્થ થાય છે કે પાઉલના દેહમાં રહેવાથી ખ્રીસ્તીઓ વિશ્વાસમાં વૃદ્ધિ પામવા ને વળી વિશ્વાસ કરવામાં આનંદ કરવા ઉત્તેજિત થવાના હતા. વિશ્વાસમાં આગળ વધવું એટલુંજ નહિ પણ વિશ્વાસ આનંદમય હોવો જોઇએ (જુઓ રૂમી. ૧૫; ૧૩. ૧ પીત. ૧; ૮). વિશ્વાસને લીધે વિપત્તિ થાય તો પણ પાઉલ આનંદ કરતો તેની પુરેપુરી સાબિતી આ પત્રમાં સમાયલી છે (૧; ૪,૧૮: ૨; ૧૭: ૪; ૧૦). તે પોતે જેવો આનંદ કરતો તેવોજ આનંદ વાંચનારાઓમાં પણ જોવા માગે છે (૨; ૧૮ ૩; ૧: ૪; ૪).

"પ્રગતિ" અર્થના શબ્દનો તરજુમો પદ ૧૨ માં "પ્રચાર" કર્યો છે (તે વાક્યનો ખુલાસો જુઓ). "વિશ્વાસ" નો અર્થ આ ઠેકાણે "ખ્રીસ્તી ધર્મનાં સિદ્ધાંતો" કરવો, એવો કેટલાકનો અભિપ્રાય છે. એ અભિપ્રાય ખરો હશે તથાપિ સદરહુ સિદ્ધાંતોને વિશ્વાસથી સ્વીકારનારની અહિ વાત કરેલી છે માટે ખ્રીસ્ત પર કરેલા તારણ સાધક વિશ્વાસની સૂચના આ શબ્દથી કરવામાં આવે છે એ સિદ્ધ છે.

એ સારૂ કે તમારી મધ્યે મારા ફરી હાજર થવાથી મારા વિષે તમારૂ વડાઈ કરવાનું કારણ ખ્રીસ્ત ઇસુમાં અધિક થાય. પાઉલની દૃષ્ટિએ કેટલાક પ્રકારની વડાઇ નિષેધિત છે. દેહ પ્રમાણે અભિમાન (૨ કરીં. ૧૧; ૧૮), માણસમાં અભિમાન (૧ કરીં. ૩; ૨૧) ને ડોળ ભરેલું અભિમાન (૨ કરી. ૫; ૧૨)—એ સર્વનો તે ધિક્કાર કરે છે. પરંતુ તે પોતે આત્મિક વાતો વિષે વડાઇ કરે છે. ઈશ્વરમાં (રૂમી.

પદ ૨૬

૫; ૧૧), ખ્રીસ્તમાં (૩; ૩), ખ્રીસ્તના વધસ્તંભમાં (ગલા. ૬; ૧૪), સુવાર્તાના ફળમાં (૨; ૧૬) તેમજ ભાવિક ખ્રીસ્તીઓમાં (૨ કરીં. ૧; ૧૪) તે વડાઇ કરતો. વળી તે જેમ ખ્રીસ્તીઓ વિષે વડાઇ કરતો તેમ પોતાને ખ્રીસ્તીઓનું વડાઇ કરવાનું કારણ લેખવતો (૨ કરી. ૧; ૧૪) ને એ વાતની અહિ સૂચના રહેલી જણાય છે. પાઉલે અત્યારે પોતાનો એવો નિશ્ચય જણાવ્યો છે કે હું હયાત રહેવાનો. હવે હયાત રહીને હું ફિલિપ્પીમાં ફરી આવીશ, એવી તે અહિં આશા બતાવે છે (સરખાવો ૨; ૨૪). તેના આવવાથી ફિલિપ્પીઓને વડાઇ કરવાનું મોટું કારણ મળશે. તેમનું વડાઇ કરવાનું કારણ ખ્રીસ્તમાંજ છે, એટલે ખ્રીસ્તે પોતાના લોક પર જે અતિ ઘણી કૃપા કરી છે તે વડાઇ કરવાનું કારણ લેખાય છે. હવે પાઉલ પ્રેરિત બંધનમાંથી છૂટી જઇને પોતાના વહાલા શિષ્યો મધ્યે ફરીથી હાજર થાય ત્યારે તેમના પર પ્રભુની કેટલી બધી કૃપા થયલી માલમ પડે! તે કૃપાનો લાભ ફિલિપ્પીઓને પ્રાપ્ત થશે ત્યારે અધિક આત્મિક કૃપાદાનો પામીને તેઓને પાઉલ સંબંધે ખ્રીસ્તમાં વડાઇ કરવાનું પુષ્કળ કારણ મળશે.

(ગ) ઉપર કહેલા વિચારોના સંબંધમાં ફિલિપ્પીઓ વિષે પોતાની કાળજી દર્શાવીને પ્રેરિત તેમને ચેતવણીરૂપી બોધ કરે છે (૫૬ ૨૭–૩૦).

૨૭ માત્ર ખ્રીસ્તની સુવાર્તાને ઘટે તેવું આચરણ કરો, એ માટે કે હું ગમે તો આવીને તમને જોઉં અથવા તો દૂર હોઉં તો પણ તમારા વિષેની [એવી] વાત સાંભળું કે, એક જીવથી સુવાર્તાના વિશ્વાસને સારૂ સાથે શ્રમ લેતાં ને સામાવાળાઓથી કોઇ પ્રકારે હઠી ન જતાં, તમે એક આત્મામાં સ્થિર રહો છો. ૨૮ એ તો તેઓ પ્રત્યે વિનાશની એંધાણી છે, પણ તમારા તારણની, ને તે વળી દેવ તરફથી છે
૨૯ કેમકે ખ્રીસ્તને લીધે તમને આ [કૃપાદાન] આપવામાં આવ્યું છે— માત્ર તેના પ્રત્યે વિશ્વાસ કરવાનું નહિ પણ વળી તેની ખાતર દુ:ખ સહન કરવાનું પણ [અપાયલું છે]. ૩૦ જે કષ્ટ તમે મારામાં જોયું ને હાલ મારામાં છે એવું સાંભળો છો, તે ને તેજ કષ્ટ તમે [પણ] કરો છો.

પાઉલ ફિલિપ્પી આવે કે ન આવે તો પણ ત્યાંના ખ્રીસ્તીઓ વિષે તેની એવી ઇચ્છા છે કે તેઓ સુવાર્તાને યોગ્ય વર્તન કરે, ને એમ આત્માના ખરા ઐક્યમાં દૃઢ રહીને તેઓ આસ્થાથી સુવાર્તાનુ કામ કરે ને વિરોધીઓથી ભયભીત ન થાય. તેમની સુદૃઢતા એ દુશ્મનોના પરાજયની તથા તેમના પોતાના બચાવની નિશાની છે એમ સમજવુ. ખ્રીસ્ત પર વિશ્વાસ કરીએ તો તેને લીધે દુ:ખ સહેવાની આપણી ફરજ છે;—તેને લીધે દુ ખ સહન કરવાની શક્તિ કૃપાદાનરૂપ છે, ને એ કૃપાદાનનો ઉપયોગ હરેક ખ્રીસ્તીએ કરવો જોઇએ. પાઉલને

શિર જેવું યુદ્ધરૂપી કષ્ટ આવ્યું છે તેવુ કષ્ટ અમને પણ છે એમ સમજીને ફિલિપ્પીઓએ ખ્રીસ્તના ખરા સૈનિકોને ઘટે તેવી રીતે વિશ્વાસની લડાઇ લડવી.

માત્ર ખ્રીસ્તની સુવાર્તાને ઘટે તેવું આચરણ કરો. કોઇ અમુક વાત પર વિશેષ ભાર મૂકવો હોય ત્યારે "માત્ર" અર્થનો શબ્દ આવી રીતે વાપરવામાં આવે છે (જુઓ ગલા ૨; ૧૦, જ્યાં તેનો
૫: ૨૭. તરજુમો "એટલુંજ" કરેલો છે). અહિં સુવાર્તાને યોગ્ય આચરણની જરૂર પર વિશેષ ભાર મૂકવામા આવે છે એ ઘટિત છે. ખ્રીસ્તી માણુસની આ ખાસ ફરજની સૂચના ઠેકાણે ઠેકાણે કરેલી જણાય છે. મુખ્યત્વે કરીને "ચાલવુ" અર્થના શબ્દનો ઉપયોગ કરીને પાઉલ આ આવશ્ય ફરજ જાહેર કરે છે (જુઓ ૩; ૧૭. રૂમી. ૬; ૪: ૮; ૪: ૧૩; ૧૩. ૧ કરી. ૩; ૩ · ૭; ૧૭. ગલા. ૫; ૧૬. એફે. ૪; ૧: ૫; ૨, ૮, ૧૫. કલો. ૧, ૧૦: ૨; ૬ ઇત્યા.). અહિં જૂદા પ્રકારનો શબ્દ વાપર્યો છે તેનો મૂળાર્થ "શહેરના વતનીની ફરજ અદા કરવી" છે. ગ્રીસ દેશનાં જે મોટાં શહેરો તેઓ સંસ્થાન જેવાં હતાં ને તેમાંનો દરેક નાગરિક આખા જનસમૂહ પ્રત્યે પોતાનું ખાસ કર્તવ્ય પૂર્ણ કરતો ત્યારેજ તમામ પ્રજા મડળનું કલ્યાણ સાધવામાં આવતું, તેમ શહેરની પ્રતિષ્ઠા અખંડ જાળવવામાં આવતી. ખ્રીસ્તીઓ સ્વર્ગીય શહેરના વતનીઓ થયા છે (૩ ; ૨૦), એમ સમજીને મડળીના બધા લોકોએ આકાશી સસ્થાનમાં સમાયલા સર્વ લોકના પ્રેમરૂપી સબધમાં રહીને સર્વનું હિત સધાય ને આખી સસ્થાની ઉત્તમતા જાહેર થાય એવી રીતે વર્તવુ જોઇએ. પાઉલે રૂમમાં રહીને આ પત્ર લખ્યો ત્યારે તેને યાદ આવ્યુ હશે કે આ પ્રખ્યાત શહેરનો વતની હોવામાં ઘણો લાભ છે એવો મેં ફિલિપ્પીમાં અનુભવ કીધો (પ્રે. કૃ. ૧૬; ૩૭, ૩૮), પરતુ એવા વતનીઓને શિર શહેરના કાયદા પાળવાની તથા શહેરમાં મનાતા જીવનસૂત્ર પ્રમાણે વર્તવાની ફરજ છે એ પાઉલ ભૂલતો નહિ. વળી પ્રે. કૃ. ૧૬ ; ૧૨ ઉપરથી જણાય છે કે ફિલિપ્પી શહેરની વસ્તી રૂમીઓની હતી. એટલે તે ખાસ રૂમ શહેરના એક ભાગ તરીકે ગણાતુ (જુઓ પ્રસ્તાવના પૃષ્ઠ ૩), માટે આ પત્ર વાંચનારાઓ નાગરિકોના ખાસ હક તથા કર્તવ્ય વિષે બરાબર સમજતા હતા. તે કારણથી અહિં વપરાયલા શબ્દનો પ્રસગાનુસાર ઉપયોગ થયલો જણાય છે. આપણા સર્વને માટે પણ આ શબ્દ બોધદાયક છે. પ્રકાશિત નગરના સુખની આશા રાખીએ છીએ (હેબ્રી. ૧૧; ૧૦) માટે તેના વતનીઓને શોભે તેવી વર્તણુક કરવા સબધે ભૂલચુક કરવી નહિ. સઘળી મલિનતા તજીને ખ્રીસ્તની સુવાર્તાને ઘટતી રીતે વર્તીએ છીએ ત્યારે આકાશી શહેરના વતનીની ફરજ અદા કરવામાં આવે છે એમ સમજવુ. (પ્રક. ૨૧ ; ૨૭).

ખ્રીસ્તની સુવાર્તા એટલે જે સુવાર્તામાં ખ્રીસ્તને પ્રગટ કરવામાં આવે છે તે (૧ કરીં. ૯; ૧૨. ૨ કરી. ૨ ; ૧૨. ગલા. ૧ ; ૭. ૧ થેસ્સા. ૩ ; ૨). એ

સુવાર્તાને યોગ્ય રીતે વર્તવાને માટે ખ્રીસ્તમાં પ્રગટ થયલા સઘળા સદ્દગુણો ધારણ કરવાની જરૂર છે. ખ્રીસ્તની જીવનવૃત્તિથી આપણી જીવનવૃત્તિ જુદાજ પ્રકારની હોય તો ખ્રીસ્તની સુવાર્તાને યોગ્ય આચરણ કરનારા શી રીતે કહેવાઇએ ?

એ માટે કે હું ગમે તો આવીને તમને જોઉં અથવા તો દૂર હોઉં તોપણ તમારા વિષેની [એવી] વાત સાંભળું કે, એક જીવથી સુવાર્તાના વિશ્વાસને સારૂ સાથે શ્રમ લેતાં ને સામાવાળાઓથી કોઈ પ્રકારે હઠી ન જતાં, તમે એક આત્મામાં સ્થિર રહો છો. ફિલિપ્પીઓ પોતાનું સ્વર્ગીય વતન સભારતાં સુવાર્તાને ઘટતી ચાલ ચાલે તો પ્રેરિત આવીને તેમની સ્થિતિની નિરીક્ષા કરે અથવા તો વિયોગી રહીને તેમના સમાચાર સાંભળે તો પણ તેને એવુ જણાશે કે તેઓ એક આત્મામાં સ્થિર રહે છે, એ તે ખાતરી પૂર્વક માને છે. "આત્મા"નો અર્થ ઘણુાખરા ટીકાકારો અહિં "માનવાત્મા" કરે છે (સરખાવો રૂમી. ૮; ૧૦. એફે. ૪; ૨૩. ૧ થેસ્સા. ૫; ૨૩), પણ બીજા કેટલાક "પવિત્ર આત્મા" એ અર્થ પસદ કરે છે (સરખાવો ૧ કરીં. ૧૨; ૧૩. એફે. ૨; ૧૮, ૨૨ : ૪; ૪). "પવિત્ર આત્માની સગત થયાથી આત્મિક થયલો માનવાત્મા" એવો અર્થ સમજીએ તો ખોટો ન કહેવાય. એકજ આત્મિક જીવનના ભાગીદાર થઇને તે જીવનના ઐક્યમાં ટકી રહેવુ, એવો પ્રેરિતનો બોધ જણાય છે.

"સ્થિર રહેવુ" જેવો બોધ પાઉલ વારવાર આપે છે (રૂમી. ૧૪; ૪. ૨ થેસ્સા. ૨; ૧૫). વળી વિશ્વાસમાં (૧ કરીં. ૧૬; ૧૩), ખ્રીસ્તે આપેલી સ્વતંત્રતામાં (ગલા. ૫; ૧) તેમજ પ્રભુમાં (૪, ૧. ૧ થેસ્સા. ૩; ૮) સ્થિર રહેવુ, એવો તે હુકમ કરે છે. આ શબ્દમાં લડાઇની સૂચના છે—ઘણુ કરીને અખાડાની લડાઇ પાઉલના મનમાં હોવાથી તે આ પ્રમાણે લખે છે (સરખાવો ૧ કરીં. ૪; ૯). સામાવાળાનું જોર ઘણુ હોવાથી ને વળી ફિલિપ્પીઓમાં પુરેપુરૂં ઐક્ય ન હોવાથી પાઉલના મનમાં તેમના વિષે કઇક ચિંતા હશે. પરતુ તેઓ જો એક આત્મામાં દૃઢ રહે તો સામાવાળા આગળ તેઓ ટકી શકશે (સરખાવો એફે. ૬; ૧૩).

આવી રીતે સ્થિર રહેવા માટે બે વાત આવશ્યક છે :—

(૧) તેઓએ એક જીવથી સુવાર્તાના વિશ્વાસને સારૂ એકત્ર થઇને શ્રમ કરવો. અખાડાની સૂચના અહિં રહેલી છે (સરખાવો ૧ કરી. ૯; ૨૪, ૨૭. ૨ તીમો. ૨; ૫). પહેલવાનો જેવો અતિશય શ્રમ લે છે તેવોજ શ્રમ સુવાર્તામાં પ્રગટ થયલા વિશ્વાસ વડે સ્વીકારેલી વાતોને માટે ઉઠાવવો જોઇએ (સરખાવો ૪; ૩). આવા શ્રમમાં ઐક્યની જરૂર છે. જેમ એક આત્માથી સ્થિર રહેવું તેમ એક જીવથી એકત્ર થઇને શ્રમ લેવો. "જીવ"નું ઐક્ય તે આત્માના

ઐક્યથી બને છે (પ્રે. કૃ. ૪; ૩૨). માણસમાં જે પ્રાણિક કે ચૈતન સંપન્ન ભાગ તે જીવ કહેવાય છે. જીવ પર આત્મિક અસરો પ્રબળ થાય તો તે "આત્મા" નામને યોગ્ય લેખાય એમ છે (જુઓ લુક ૧; ૪૬, ૪૭), પરતુ તે ઉપર દૈહિક વાતની વિશેષ અસર થાય તો તે કેવળ દૈહિક પ્રાણ કે ચેતન કહેવાવા લાયક છે (૧ કરીં. ૨; ૧૪). આ ઠેકાણે "એક જીવથી" એટલે "ઐક્યમાં રહેતા ચૈતનરૂપી મનોબળથી," એ અર્થ સભવિત છે. એકજ આત્મિક ભાવ રાખવાથી અભિન્ન મનોભાવ પણ રખાય છે.

• "વિશ્વાસ" સાધારણે "ભરોસો" સૂચવે છે એ સુવિદિત છે, પરતુ કોઇ ઠેકાણે તેનો અર્થ "સ્વીકારેલી વાત" કે "જે પર ભરોસો રખાય છે" એવો થાય છે. એ અર્થ અહિં યોગ્ય જણાય છે. કેટલાએક ટીકાકારો "સુવાર્તાના વિશ્વાસસહિત શ્રમ લેવો" એ ખુલાસો કરે છે, તે પ્રમાણે વિશ્વાસ આ શ્રમમાં મદદગાર અથવા તો સાધનરૂપ સૂચવાય છે. પરતુ ઉપર આપેલો તરજુમો ઘણાખરા ટીકાકારો સ્વીકારે છે તે રાખવો ઉચિત જણાય છે.

(૨) વળી સામાવાળાઓથી કોઇ પણ બાબતમાં હઠી ન જવુ. (ફિલિપ્પીઓના સામાવાળા કોણ હતા એ વિષે કઇ કહ્યું નથી, પરતુ આપણે જાણીએ છીએ કે યહુદીઓમાં તેમ વિદેશીઓમાં પણ ખ્રીસ્તની સુવાર્તાના વિરોધીઓ ઘણા હતા. એવા દુશ્મનો ખ્રીસ્તીઓને ફાંદામાં નાખવાને નિત્ય તત્પર રહેતા. યહુદીઓનું સભાસ્થાન ફિલિપ્પી શહેરમાં ન હતું માટે ત્યાં તે લોકનુ જોર ઓછું હશે, એવુ અનુમાન કરાય, પરતુ ત્યાંના ઘણા વિદેશીઓ સુવાર્તાના પ્રબળ વિરોધીઓ હશે. પાઉલ જણાવે છે કે એવા વૈરીઓથી બીવુ નહિ. ચમકતો ઘોડો ભડકીને પાછો પડે છે તેવી રીતે વર્તવુ નહિ, એવી અસલ શબ્દમાં સૂચના રહેલી છે. આત્મિક ઐક્યમાં સ્થિર રહેશો તો એવી રીતે વિરૂદ્ધતા જોઇને હબકવા પામશો નહિ, એવો પાઉલ દિલાસો ભર્યો તથા ધૈર્યદાયક બોધ આપે છે.

"સામાવાળા" અનેક પ્રકારના છે, જેમકે શેતાન (૧ તીમ. ૫; ૧૪), (૨) ખ્રીસ્ત વિરોધી (૨ થેસ્સા. ૨; ૪), (૩) સુવાર્તાના શત્રુઓ (લુક ૧૩; ૧૭: ૨૧; ૧૫. ૧ કરીં. ૧૬; ૯).

એ તો તેઓ પ્રત્યે વિનાશની એંધાણી છે, પણ તમારા તારણની, ને તે વળી દેવ તરફથી છે. શત્રુઓની આગળ પ્રભુના લોક હઠી જવા વગર ઐક્યમાં સ્થિર રહી શકે છે ને વિરોધ છતાં પણ તેઓ એક

પદ ૨૮. જીવથી સુવાર્તાના વિશ્વાસને સારૂ શ્રમયુક્ત યુદ્ધ કરી શકે છે, એ એક પ્રત્યક્ષ પ્રમાણ જેવું છે. તેથી ખાતરી થાય છે કે શત્રુઓ હારી જઇને નાશ પામવાના છે (૩; ૧૯), પણ પ્રભુના લોક વિજયી થઇને પૂર્ણોદ્ધાર પામવાના છે. આ પ્રમાણ તેમજ પ્રમાણથી સૂચવેલાં પરિણામો ઈશ્વર તરફથી આવે છે

(સરખાવો એફે. ૨; ૮), એમ જાણીને ખ્રીસ્તીઓ પાઉલની પેઠે વિપત્તિ વેળાએ નિર્ભય રહીને પૂર્ણોદ્ધારની ખાતરી રાખવી જોઇએ (રૂમી. ૮; ૩૮, ૩૯).

અખાડામાં પરાજિત થયલા યોદ્ધાને મારવો કે બચાવવો એ જાણવા સારૂ જય પામનાર યોદ્ધો મુખ્ય અધિકારી તરફ દૃષ્ટિ ફેરવતો. અધિકારી જેવો ઇસારો કરે તેવી રીતે વર્તવાને યોદ્ધો બધાયલો હતો. કેટલાક ટીકાકારો એવો અભિપ્રાય જણાવે છે કે અહિ અખાડાની વાત આવે છે માટે ઈશ્વર વિશ્વાસની લડાઇ જોઇને તેના પરિણામ વિષે નિશાની બતાવે છે એવી અહિં સૂચના સમજવી. બીજા કેટલાએક બતાવે છે કે "એધાણી" અર્થનો શબ્દ ન્યાયાલયોમાં વપરાતો હતો ત્યાં તે મુદ્દાનો પુરાવો સૂચવતો. એ અર્થ મુજબ પ્રભુ પોતાના લોકને ટકાવી રાખીને સદ્ભક્તોના જયનો ખાતરી પૂર્વક પુરાવો રજુ કરે છે.

કેમકે ખ્રીસ્તને લીધે તમને આ [કૃપાદાન] આપવામાં આવ્યું છે—માત્ર તેના પ્રત્યે વિશ્વાસ કરવાનું નહિ પણ વળી તેની ખાતર
પદ ૨૯ **દુઃખ સહન કરવાનું પણ [અપાયલું છે].** ઉપર કહેલી વાત માનવાનુ કારણ અહિં જણાવવામાં આવે છે. દુઃખમાં સ્થિરતા એ તારણની નિશાણી છે કારણ કે તે વિશ્વાસની જીંદગીનો એક અગત્યનો વિભાગ છે એ જીંદગી ખ્રીસ્તના તારણ સાધક કૃત્યને લીધે વિશ્વાસ કરનારને કૃપાદાન તરીકે બક્ષવામાં આવે છે, પરતુ વિશ્વાસ કરવાની શક્તિ સાથે દુઃખ સહન કરવાની શક્તિનો ગાઢો સબધ છે એ ભૂલવુ નહિ (૩; ૧૦. રૂમી. ૮; ૧૭. ૨ થેસ્સા. ૧; ૫. ૨ તીમ. ૨; ૧૨). વિશ્વાસ વડે ખ્રીસ્ત સાથે સગત કરાય છે તથાપિ તે સગત તેના મહિમા વિષે છે એટલુંજ નહિ પણ તેના દુઃખોમાં પણ છે. વિશ્વાસ કરીએ છીએ ત્યારે ખ્રીસ્ત પ્રત્યે—ખ્રીસ્ત ભણી વધીને તેની સમક્ષતામાં પહોંચતા સુધી—વિશ્વાસ કરીએ છીએ, ને આ જીવન-દાયક વિશ્વાસ સાથે ખ્રીસ્તની ખાતર દુઃખની સહનતા જોડાયલી છે એમ પાઉલ પહેલાંથીજ સમજતો હતો (પ્રે. કૃ. ૯; ૧૬. ૨ થેસ્સા. ૧; ૫. ૨ તીમ. ૧; ૧૧, ૧૨. સરખાવો ૧ પીત. ૪; ૧૫, ૧૬).

જે કષ્ટ તમે મારામાં જોયું ને હાલ મારામાં છે એવું સાંભળો છો તે ને તેજ કષ્ટ તમે [પણ] કરો છો. "કષ્ટ" અર્થનો શબ્દ મનનું અતિશય દુ.ખ (લુક ૨૨; ૪૪) અથવા તો અખાડામાં યુદ્ધનો
પદ ૩૦ (૧ તીમ. ૬; ૧૨. ૨ તીમ. ૪; ૭) કે સરત દોડવાનો (હેબ્રી. ૧૨; ૧) અતિશય શ્રમ સૂચવે છે (જુઓ કલો. ૧; ૨૯નો ખુલાસો). અહિ યુદ્ધની વાત સમજવી. પાઉલે ફિલિપ્પીની મડળીનો પાયો નાખ્યો ત્યારે તેને "કષ્ટ" કરવું પડયું એ વાંચનારાએ પોતે જોયું હતું (પ્રે. કૃ. ૧૬; ૧૯-૨૪), ને હમણાં રૂમમાં પણ તેને એવું કષ્ટ થાય છે એ તેઓના સાંભળવામાં આવતું.

હવે જે કષ્ટ પાઉલને વેઠવું પડે છે તે ને તેજ કષ્ટ તેઓને માટે પણ ઠરાવ્યું છે. પાઉલના કષ્ટના પ્રમાણમાં તેમનું કષ્ટ ઓછું હશે પણ એ ને એજ પ્રકારનું છે. વિશ્વાસની લડાઇ લડવામાં તેઓને પાઉલના જેવું કષ્ટ કરવાની જરૂર છે, માટે પાઉલના જેવું કષ્ટ કરનારા તેઓ પણ છે એમ લખવું સકારણજ છે.

ઘણાખરા ટીકાકારો આ વાતનો સબધ પદ ૨૯ સાથે સમજીને એવો ખુલાસો કરે છે કે ખ્રીસ્તને લીધે આપેલા કૃપાદાનની પ્રાપ્તિ થવાથી ફિલિપ્પીઓ પાઉલની પેઠે કષ્ટયુક્ત યુદ્ધ કરનારા થયા હતા. તેની સાથે કૃપા પામવામાં તેઓ ભાગીદાર હતા તેમ તેની સાથે કષ્ટિત શ્રમ લેવામાં પણ તેઓ ભાગિયા થયા હતા. પરતુ કેટલાક ટીકાકારો પદ ૨૭ સાથે આ વાક્યનો સંબધ ધારીને પદ ૨૮, ૨૯ કૌંસમાં આવેલાં સમજે છે. આ મત મુજબ શ્રમ લેવો પડે છે તો પણ ફિલિપ્પીઓ નિર્ભયતાથી સ્થિર રહે છે એવો અર્થ થાય છે. પદ ૨૯ સાથેનો સબધ સમજવો વધતું ઉચિત દીસે છે.

આપણે સારૂ પણ આ શ્રમયુક્ત આત્મિક યુદ્ધ મચી રહ્યું છે. પાઉલની પેઠે આકાશી સેનાપતિના ખરા યોદ્ધા થઇને તેમાં શૌર્ય દર્શાવીને ટકી રહીએ, એ માટે કે અતે આપણે પણ કહી શકીએ કે, "હુ સારી લડાઇ લડયો છું, મેં દોડ પુરી કીધી છે, વિશ્વાસ રાખ્યો છે, અને હવે મારે સારૂ ન્યાયીપણાનો મુગટ રાખી મૂકેલો છે, તે તે દહાડે ઇન્સાફી ન્યાયાધીશ પ્રભુ મને આપશે."

અધ્યાય ૨ જો.

(આ.) સંપ તથા પ્રીતિમય નમ્રતા વિષે બોધ. ૨; ૧-૧૮.

૧ ત્યારે જો ખ્રીસ્તમાં કંઇ સુબોધ, જો પ્રેમનું કંઈ ઉત્તેજન, જો
આત્માની કંઇ સંગત, જો કંઇ [હૃદયપૂર્વક] મમતા તથા દયા હોય
૨ તો મારો જે આનંદ તે સંપૂર્ણ કરો, એવી રીતે કે તમે એકજ
મનના થઇને એકજ પ્રેમ રાખો, અભિન્ન જીવના [થાઓ], એ ને
એજ વાના પર મન લગાડો. ૩ પક્ષાપક્ષીથી અથવા તો વ્યર્થ ગર્વથી
કંઇજ [કરો] મા, પણ નમ્રતાથી એક બીજાને પોતા કરતાં ચઢીઆતા
ગણો. ૪ પ્રત્યેક માત્ર પોતાનાં વાનાં પરજ લક્ષ ન આપે, પરંતુ
પ્રત્યેક બીજાઓનાં વાનાં પર પણ [લક્ષ આપે]. ૫ ખ્રીસ્ત ઇસુમાં
પણ હતો તેવોજ મનોભાવ તમારામાં રાખો. ૬ તેણે દેવના સ્વરૂપમાં
છતાં દેવ સમાન હોવાનું પકડી રાખવા જેવું ગણ્યું નહિ; ૭ પણ
દાસનું સ્વરૂપ લઇને, માણુસોની પ્રતિમામાં થઇને, પોતાને ખાલી
કર્યો; ૮ અને આકાર બાબત માણુસ તરીકે માલમ પડયો ત્યારે તેણે
પોતાને નીચો કર્યો, [એટલે] મરણ સુધી આજ્ઞાધીન થયો—તે વળી
વધસ્તંભના મરણ સુધી. ૯ તો એજ કારણથી દેવે તેને અતિ ઊંચો
કીધો ને સર્વ નામ કરતાં જે શ્રેષ્ઠ તે નામ તેને આપ્યું છે, ૧૦ એ માટે
કે ઇસુને નામે આકાશમાંનાં તથા ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં
સઘળાંનાં ઘુંટણ ટેકવવામાં આવે, ૧૧ ને ઈશ્વર પિતાના મહિમાને
અર્થે પ્રત્યેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રીસ્ત તે પ્રભુ [છે].

૧૨ તો મારા વહાલાઓ, જેમ તમે હમેશાં આજ્ઞાધીન થયા હતા,
તેમ જાણે મારી હાજરીમાંજ નહિ, પણ હાલ વિશેષ મારી ગેરહાજરીમાં,
બીક તથા ધ્રુજારી સહિત તમારૂં પોતાનું તારણ સાધવાનું કામ કરતા
જાઓ; ૧૩ કેમકે જે પોતાની પ્રસન્નતાને લીધે તમારામાં ઇચ્છવાની
તથા કરવાની શક્તિ પ્રેરે છે તે ઈશ્વર છે. ૧૪ કચકચ તથા વિવાદ
વિના બધું કરો, ૧૫ એ માટે કે તમે નિરપરાધી તથા નિર્મળ, કુટિલ
તથા અડીએલ પેઢી મધ્યે દેવનાં નિર્દોષ છોકરાં, થાઓ; તેઓમાં
જીવનનું વચન ધરી રાખીને તમે જ્યોતિઓની પેઠે જગતમાં

[પ્રકાશિત] દેખાઓ છો; [૧૬] એવી રીતે કે ખ્રીસ્તને દિવસે મને વડાઇ કરવાનું [આ કારણ] મળે કે હું વૃથા દોડયો નથી, તેમ વૃથા શ્રમ કીધો નથી. [૧૭] પરંતુ જો કે તમારા વિશ્વાસના યજ્ઞાર્પણ તથા સેવા પર હોમાઉં તો પણ હું આનંદ કરૂં છું, હા, તમ સર્વની સંગાથે આનંદ કરૂં છું. [૧૮] તેમજ તમે પણ આનંદ કરો, હા, મારી સંગાથે આનંદ કરો.

આ વિભાગના ત્રણ પેટા ભાગ થાય છે, તે નીચે મુજબ:—

(ક) સંપ તથા નમ્રતા વિષે વિનંતી. પદ ૧–૪.

(ખ) નમ્રતાના સબધમાં ઇસુએ આપેલા નમુનાની હકીકત. પદ ૫-૧૧.

(ગ) ખ્રીસ્તના આધીનતાપૂર્ણ નમુના ઉપરથી આપેલો વ્યાવહારિક બોધ. પદ ૧૨–૧૮.

ફિલિપ્પીની મંડળીમાં કંઇક કુસંપ થયો છે, એવી ખબર પાઉલે સાંભળી હતી (પદ ૧૪ ૪; ૨, ૫, ૭) તેથી આ વિભાગમાં સમાયલો બોધ લખવો પ્રેરિતને આવશ્યક લાગ્યું. ભારે અણબનાવ ન થયો હશે પરતુ આ પ્રિય મડળીમાંથી કુસપનાં મૂળ કાપીજ નાખવાં દુરસ્ત લાગતું હશે, તેથી આ ઉત્તમ વચનો લખીને પાઉલે તે જમાનાની ફિલિપ્પી મડળી પરજ નહિ પણ સર્વ સૈકાઓની સઘળી મડળીઓ પર અત્યત ઉપકાર કર્યો છે. આપણે પ્રાર્થના સહિત આ અમૂલ્ય પ્રકરણનું મનન કરીએ એ માટે કે ગુજરાતની મડળીઓમાંથી કુસંપ સમુળગો કાઢી નાખવામાં આવે.

(ક) સપ તથા નમ્રતા વિષે વિનંતી. પદ ૧–૪.

આ પેટા ભાગમાં પાઉલ સંપની એકતા રાખવાની વિનંતી કરે છે. ખ્રીસ્તીઓને જે આત્મિક કૃપાદાનો પ્રાપ્ત થયલાં છે તે સંપનાં મૂળ કારણ કહેવાય, વળી સપથી પ્રભુના સેવકોનો આનંદ પૂર્ણ થાય છે, એવાં કારણો સૂચવીને પ્રેરિત માગણી કરે છે કે પ્રેમમાં એકરૂપ થવું. પક્ષાપક્ષીથી કે અભિમાનથી કશું ન કરતાં પરાર્થી ભાવ રાખીને પોતા કરતાં બીજાઓને શ્રેષ્ઠ લેખવવા તેમ બીજાઓની વાતો ધ્યાનમાં લઇને સ્વાર્થ વગર બધુ કરવું.

ત્યારે જો ખ્રીસ્તમાં કંઈ સુબોધ, જો પ્રેમનું કંઈ ઉત્તેજન, જો આત્માની કંઇ સંગત, જો કંઇ [હૃદય પૂર્વક] મમતા તથા દયા હોય...

પદ ૧. જેથી ખ્રીસ્તી લોકોમાં સપ હમેશાં રહે એવાં કેટલાંક કારણો અહિં સૂચવવામાં આવે છે. આ વાક્યનો સંબંધ ૧ ; ૨૭ સાથે છે, ને વચ્ચે આવેલી વાત જાણે કૌંસમાં છે, એમ ધારી શકાય. એકત્ર થઇને એક જીવથી શ્રમ કરતાં ને પુરી હિમ્મતથી વિરોધીઓ સામે લડતાં એક

આત્મામાં સ્થિર રહેવું, એ ફરજ અદા કરવામાં અહિ વર્ણવેલાં ચાર વાનાંથી સહાયતા પ્રાપ્ત થાય છે.

(૧) ખ્રીસ્તમાં જે સુબોધ છે તે સંપમાં રહેવાનું સૂચવે છે. "સુબોધ" અર્થનો અસલ શબ્દ "દિલાસો દેવો" એ અર્થના ક્રિયાપદ ઉપરથી વ્યુત્પન્ન થયો છે (સદરહુ ક્રિયાપદ વિષે જુઓ કલો. ૨ ; ૨નો ખુલાસો). અહિ આવેલા નામનો અર્થ ઘણુ કરીને નવા કરારમાં "દિલાસો" કર્યો છે (લુક ૨ ; ૨૫ : ૬ ; ૨૪. પ્રે. કૃ. ૯ ; ૩૧ : ૧૫ ; ૩૧. રૂમી. ૧૫ ; ૪, ૫. ૨ કરી. ૧ ; ૩–૭ : ૭ ; ૪, ૭, ૧૩. ૨ થેસ્સા. ૨ ; ૧૬. ફિલે. ૭. હેબ્રી. ૬ ; ૧૮). પરંતુ અન્ય અર્થો પણ નીચે મુજબ થાય છે :—"અરજી" કે "વિનતી" (૨ કરી. ૮ ; ૪, ૧૭), "બોધ" (પ્રે. કૃ. ૧૩ ; ૧૫. ૧ થેસ્સા. ૨ ; ૩. ૧ તીમ. ૪, ૧૩. હેબ્રી. ૧૨ ; ૫) તથા "સુબોધ" (પ્રે. કૃ. ૪ ; ૩૬. રૂમી. ૧૨ ; ૮. ૧ કરી. ૧૪ ; ૩. હેબ્રી. ૧૩ ; ૨૨). અહિં એવો અર્થ જણાય છે કે ખ્રીસ્તમાં રહેવાથી, ખ્રીસ્તના શરીરના અવયવો હોવાથી (૧ કરી. ૧૨ ; ૧૨–૨૭. એફે. ૪ ; ૧૫, ૧૬) ઐક્યદર્શક સુબોધરૂપી અનેક સૂચનાઓ મળે છે કે જેને લીધે આપણા સાથી અવયવો તરફ પ્રેમયુક્ત દૃષ્ટિથી જોઇને આપણે તેમની સાથે હળી મળીને કામ કરવાની પ્રેરણા પામીએ છીએ. ખ્રીસ્તમાં સાથે રહેવાથી એકરૂપ હોઇએ છીએ તેથી કુસંપ તજી દેવો, એવો સુબોધ "ખ્રીસ્તમા" છે.

(૨) પ્રેમભાવમાં જે પરાક્રમી ઉત્તેજન રહેલું છે તે પણ સંપ ભણી દોરનારૂં થઇ પડે છે. "ઉત્તેજન" અર્થનું નામ અહિંજ મળે છે, પરંતુ એ નામનું બીજું રૂપ ૧ કરીં. ૧૪ ; ૩માં આવેલું છે, ત્યાં તેનો અર્થ "દિલાસો" આપ્યો છે. તેને મળતું ક્રિયાપદ નવા કરારનાં ચાર વાક્યોમાં જણાય છે. ત્રણ ઠેકાણાંમાં તેનો અર્થ "દિલાસો દેવો" (કે આપવો) કર્યો છે (યોહા. ૧૧ ; ૧૯, ૩૧. ૧ થેસ્સા. ૨ ; ૧૧), ને એક ઠેકાણે તેનો અર્થ "ઉત્તેજન આપવુ" જણાય છે (૧ થેસ્સા. ૫ ; ૧૪). કોઇ ઉદાસ કે નિરાશ હોય તો દિલાસાદાયક વાત કરીને તેને ઉત્તેજિત કરવું, એવો આ ક્રિયાપદનો અર્થ જણાય છે

ખ્રીસ્તની પ્રીતિ આપણું ગ્રહણ કરે છે (૨ કરી. ૫ ; ૧૪) ત્યારે આપણે તેના પર પ્રીતિ કરનારા થઇએ છીએ, એટલુંજ નહિ પણ એક બીજા પર પણ પ્રીતિ રાખવા લાગીએ છીએ (૧ યોહા. ૪ ; ૧૯–૨૧). હવે કોઇ ભાઇ વિષે આપણે નિસ્પૃહ થયલા હોઇએ તો મનમાં વહેવડાવેલો દેવનો પ્રેમ આપણને તેના વિષે ઉત્સાહી થવાનું તથા તેનું ભલું કરવાનું ઉત્તેજન આપે છે. પ્રેમમાં રહેવું એ ઉત્તેજક પરાક્રમ સંપ વધારવામાં સાધનભૂત હોય છે.

(૩) પવિત્ર આત્મામાં રહીને ખ્રીસ્તીઓ એક બીજા સાથે જે માર્મિક સંગત રાખે છે તે પણ સંપ કરવાનું કારણ જણાય છે. ખ્રીસ્તનુ શરીર એકજ

તેમ શરીરમાં રહેનાર પવિત્ર આત્મા એકજ છે (એફે. ૪ ; ૪). આ આત્મા ખ્રીસ્ત પોતાના બધા શિષ્યોને આપે છે (યોહા. ૧૫ ; ૨૬ . ૧૬ ; ૭) માટે આત્મામાં તેમજ આત્માનાં કૃપાદાનોમાં બધા ખરા વિશ્વાસીઓ સહભાગિયા છે (જુઓ ૧ ; ૩ માં સગત શબ્દનો ખુલાસો), એટલે તેઓને આશીર્વચનમાં માગેલી "પવિત્ર આત્માની સગત" બક્ષવામાં આવી કહેવાય (૨ કરી. ૧૩ ; ૧૪). પવિત્ર આત્માને આસરે આપેલા આત્મિક જીવનમાં તથા તેનાથી બક્ષેલાં સર્વે કૃપાદાનોમાં ખ્રીસ્તીઓની સામાન્યતા છે, એને લીધે આત્મિક ઐક્યમાં રહેવાની ખાસ જરૂર જાણવી.

(૪) વળી ખ્રીસ્તમાં રહેવાથી, દેવ પાસેથી પ્રેમભાવ પામવાથી, તેમજ આત્માની સગત થવાથી ખ્રીસ્તી માણુસના મનમાં જે દયાની લાગણીઓ ઉપજે છે તે પણ સપ વધારવાને સાધનભૂત નીવડે છે. સામાવાળાનો દ્વેષ કરવો એ સ્વાભાવિક છે, પરતુ નવો સ્વભાવ પામવાથી માયાળુ થવાય છે, ને માયાની લાગણી હોય ત્યાં વિરોધ તથા કડવાસનો ક્ષય થાય છે. ફિલિપ્પીઓમાં ખ્રીસ્તના આત્માનાં ફળ નીપજ્યાં હતાં, ને તેની અદર માયાળુપણું સમાયલું છે (ગલા. ૫ ; ૨૨), માટે દૂષબુદ્ધિએ તો નહિ પણ પ્રેમ ભરી મમતાથી તેઓએ એક બીજાની સાથે વર્તવુ હતું.

પ્રીતિની લાગણી સૂચક જે બે શબ્દ અહિં આવે છે તે ધ્યાનમાં લેવા લાયક છે. પહેલા શબ્દનો મૂળાર્થ "આંતરડાં" છે, તેનો તરજુમો મુખ્યત્વે કરીને "હૃદય" થાય છે (જુઓ ૧ ; ૮. કલો. ૩ ; ૧૨. ફિલે. ૭, ૧૨, ૨૦. ૧યો ૫ ; ૧૧). કોઇનું દુઃખ જોઇને આંતરડીઓ બળે એવો જે માયાળુ સ્વભાવ તે આ શબ્દ વડે સૂચવાય છે. બીજો શબ્દ રૂમી. ૧૨ ; ૧. ૨ કરીં. ૧ ; ૩. કલો. ૩ ; ૧૨. હેબ્રી. ૧૦ ; ૨૮ એટલાં અન્ય વાક્યોમાં જણાય છે. "હાય!" અર્થના દયા દર્શક ઉદ્દ્ગાર ઉપરથી આ શબ્દની વ્યુત્પત્તિ થયલી જણાય છે, માટે કોઇની માઠી હાલત જોઇને દયા આવે એવો તે કરૂણાળુ સ્વભાવ સૂચક શબ્દ છે. વળી તે બહુ વચનમાં હોવાથી વારેવારે કરેલી દયા દર્શક છે. જેને આવો માયાળુ સ્વભાવ હોય તે પોતાનાં બધાં ભાઇબેનો સાથે પ્રેમરૂપી ઐક્યમાં રહેવા સારૂ ઈંતેજાર હોયજ.

ઉપર કહેલાં સપનાં ચાર કારણો સબધી પાઉલ લખે છે કે, "જો હોય" તેથી એમ ન સમજવું કે ફિલિપ્પીઓની આત્મિક સ્થિતિ વિષે પ્રેરિતના મનમાં કંઇ શંકા છે. તે સારી પેઠે જાણે છે કે આ બધાં કૃપાદાનોમાં તેઓ ભાગીદાર છે, પરતુ તે તેમને (ને આપણને પણ) યાદ દેવડાવે છે કે પ્રભુથી આવાં કૃપાદાનો પામનારાઓ હમેશ પ્રીતિના બધનમાં રહે એ આવશ્યક છે. જ્યારે મડળીમાં તડ પડે છે ત્યારે ઉપર લખેલાં સપનાં કારણો વિસારે મૂકેલાં જણાય છે. ફિલિપ્પીઓને

આવાં પ્રાપ્ત થયલાં કૃપાદાન સંભરાવતાં પાઉલ તેમને ઐક્યના રસ્તામાં ચાલવાને ઉત્તેજિત કરે છે, એવું સમજવું.

તો મારો જે આનંદ તે સંપૂર્ણ કરો. ફિલિપ્પીઓના પ્રેમભાવને લીધે પ્રેરિતને આનંદ થયો હતો (૧; ૪, ૯), પરંતુ મંડળીમાં અણબનાવ હોવાને લીધે એ આનંદ અપૂર્ણ રહેતો માટે ઉપર કહેલાં કારણો
પદ ૨. ધ્યાનમાં લઇ આનંદરૂપી માપ છલાછલ ભરવાની વિનંતી પાઉલ કરે છે (સરખાવો યોહા. ૩; ૨૯: ૧૫; ૧૧: ૧૭; ૧૩). તેને ગમે તે બંધનથી દુઃખ થાય તો પણ જો તેમની પ્રીતિમાં સંપૂર્ણ થયલી એકતાના સમાચાર તેના સાંભળવામાં આવે તો તેનો આનંદ પરિપૂર્ણ થવાનોજ. તેનો આનંદ સંપૂર્ણ કરવાની રીતિની હકીકત હવે પછી કરવામાં આવે છે.

એવી રીતે કે તમે એકજ મનના થઇને એકજ પ્રેમ રાખો, અભિન્ન જીવના થાઓ, એ ને એજ વાના પર મન લગાડો. અહિં સૂચવેલો અભિન્ન ભાવ રાખ્યાથીજ ફિલિપ્પીઓ પ્રેરિતના આનંદમાં જે બાકી રહેલું તે સંપૂર્ણ કરી શકશે. "એકજ મનના થઇને" એ શબ્દમાં સંપ વિષે સામાન્ય આદેશ સમાયલો છે, ને તેનો ખુલાસો પછી આવેલી ત્રણ વાતથી કરવામાં આવે છે. ઐક્યમાં રહેવાની આવીજ આજ્ઞા ઠેકાણે ઠેકાણે મળે છે (જુઓ ૪; ૨. રૂમી. ૧૨; ૧૬: ૧૫; ૫. ૨ કરી. ૧૩; ૧૧), તેનો એવો અર્થ જણાય છે કે એકજ ધોરણે (એટલે પવિત્રતાને ધોરણે) બધી મનોવૃત્તિઓ દોડાવવી. મંડળીના જૂદા જૂદા લોકો પોતાની મનચક્ષુ આગળ જુદી જુદી નિશાનો રાખીને ભિન્નભાવથી દોડે તો તડ થયા વગર રહેશે નહિ. એકજ મનોભાવ તથા એકજ ઉદ્દેશ રાખીને વિશ્વાસીઓ ખ્રીસ્તમાંના તેડાના ઇનામને અર્થે આગળ વધે તોજ મંડળીમાં સંપ રહે એમ છે. આવા સંપની વિગત ત્રણ પ્રકારની છે.

(૧) પ્રેમના ઐક્યમાં રહેવું. ખરા ખ્રીસ્તીઓ એક બીજા પર સામાન્ય પ્રીતિ રાખનારા છે (કલો. ૧; ૩. ૧ થેસ્સા. ૩; ૧૨. ૨ થેસ્સા. ૧; ૩). એ પ્રીતિ દેવ સાથેની આત્મિક સંગતથી થાય છે (૧ યોહા. ૪; ૧૨–૧૬. સરખાવો રૂમી. ૫; ૫). મંડળીના જે સભાસદોમાં એ ઐશ્વરી પ્રેમ હોય છે તેઓ પ્રીતિરૂપી બંધનમાં એકત્ર રહેશે એ ખાતરી પૂર્વક વાત છે. અન્ય પ્રકારનો જે કૃત્રિમ પ્રેમ દેવથી નથી (જેવો કે અધિકાર પરનો, પોતા પરનો કે જગત પરનો પ્રેમ) તે જો મંડળીમાં પ્રવેશ પામે તો ખરા પ્રેમનું જોડનારૂં બંધન ન હોવાને લીધે ભિન્નભાવ ઉપજવાની વાર થશે નહિ. માટે પ્રભુની પ્રીતિથી ભરપૂર થઇને પ્રભુ ઉપર તેમ એક બીજા ઉપર પ્રેમ રાખવો, એ સંપનો ઉત્તમ ઉપાય છે.

(૨) વળી જીવના ઐક્યમાં રહેવું. ("જીવ" વિષે જુઓ ૧; ૨૭નો ખુલાસો). ખ્રીસ્તીઓ જાણે એકજ જીવના ભાગીદાર હોય તેવી રીતે જીવને લગતી

બધી ઇચ્છાઓ તથા લાગણીઓના સંબંધમાં અભિન્ન રહેવું. "અભિન્ન જીવના" એને ઠેકાણે એકજ અસલ શબ્દ વપરાય છે તેનો ગુજરાતીમાં "સાથી જીવવાળા" તરજુમો થઇ શકે તો મૂળાર્થ સ્પષ્ટ દેખાય. એકજ દષ્ટિબિંદુ રાખીને પરમેશ્વરના ભક્તો બધી વાતમાં સામાન્ય પવિત્ર લાગણીઓ દેખાડે તો અભેદ ઐક્ય થયા વગર ન રહે.

(૩) વળી મનોભાવના સંબંધમાં ઐક્ય રાખવું. ખ્રીસ્તીઓને એકજ શુભ હેતુ જોઇએ, ને તે શુભ હેતુ સાધવામાં તેઓએ પોતાની સર્વ મનોવૃત્તિઓનો ઉપયોગ કરવો. એકજ શુભ પરિણામ ઇચ્છીને તેઓએ તે તરફ પોતાના સર્વ વિચારો નિત્ય દોડાવવા (સરખાવો ગીત. ૨૭; ૪). એમ કરવાથી સંપ વધે એ નિઃસદેહ છે.

ઉપર આપેલા ખુલાસા મુજબ એક મનના થવાની આજ્ઞા પ્રેમ વિષે, જીવ વિષે તથા મન વિષે આપવામાં આવે છે. પરતુ કેટલાક ટીકાકારો (૨) તથા (૩) સાથે જોડીને "એક જીવથી એ ને એજ [વાના] પર મન લગાડો" એવો તરજુમો કરે છે. એમાં જીવની સામાન્યતાથી મનોભાવની સામાન્યતા ઉપજતી હોય એવી સૂચના રહેલી છે.

પક્ષાપક્ષીથી અથવા તો વ્યર્થ ગર્વથી કંઇજ [કરો] મા. સંપની વૃદ્ધિ કેવી વર્તણુકથી થાય એનો ખુલાસો થઇ ચુક્યો છે. હવે કેવી રીતિઓ તજવી એ બતાવવામાં આવે છે. રૂમમાં પક્ષાપક્ષીથી પ્રેરિ-

પદ ૩.

તને ઘણી હરકત થતી (જુઓ ૧; ૧૭) ને એવો ભાવ ફિલિપ્પીઓમાં ન દેખાય એવી તેની ઇચ્છા છે. વળી નિષ્કારણ અભિમાનથી જે કોઇ ફુલી જાય છે તે દરેક કામમાં વિઘ્નકારક થઇ પડે છે, માટે પ્રેરિત (અસલના શબ્દાર્થ પ્રમાણે) બહુજ સખત હુકમ કરે છે કે પક્ષાપક્ષીથી અથવા તો વ્યર્થ ગર્વથી કશું કરવું નહિ. પક્ષાપક્ષી વારંવાર વ્યર્થાભિમાનથી પેદા થાય છે ને વ્યર્થાભિમાનથી પક્ષાપક્ષીને ઉત્તેજન મળે છે—એમ આ બે દુર્ગુણો વચ્ચે અરસપરસ વધારનારો સંબંધ રહે છે. ફિલિપ્પીઓની જે ખબર પાઉલને મળી હતી તે ઉપરથી આ દુર્ગુણોની વૃદ્ધિ થાય એવી તેને બીતિ હશે, માટે તે આવો હુકમ કરતો હશે.

અહિં "કરો" ક્રિયાપદ અધ્યાહાર છે એમ સમજીને ઘણા ખરા ટીકાકારો તે દાખલ કરી અર્થ પૂર્ણ કરે છે. તથાપિ બીજાઓ પદ ૨ ના છેલ્લા ક્રિયાપદ સાથે આ મનાઇ હુકમનો સંબંધ સમજીને એવો તરજુમો કરે છે કે "પક્ષાપક્ષી કે વ્યર્થ ગર્વથી કંઇ પણ વાત પર મન ન લગાડો."

પણ નમ્રતાથી એક બીજાને પોતા કરતાં ચઢીઆતા ગણો. પક્ષાપક્ષીનો વ્યર્થ ગર્વ સાથે ગાઢો સંબધ છે, માટે પક્ષાપક્ષી દૂર કરનારો ઉત્તમ ઉપાય

નમ્રભાવ છે. જે માણુસ ઈશ્વરકૃપાની અગત્ય જાણે છે તે ગર્વિષ્ટ થતો નથી (રૂમી. ૧૧; ૨૦) પણ ઈશ્વર આગળ નમી જાય છે; ને ઈશ્વર આગળ જે કોઇ નમ્રભાવ રાખે છે તે માણુસ પર વડાઇ કરવા ચાહતો નથી. ઉલટું, તે તો નમ્રતાથી પ્રભુની સેવા કરે છે (પ્રે. કૃ. ૨૦; ૧૯) તેમ નમ્રતાથી માણુસનું સહન કરે છે (એફે ૪; ૨). નવુ માણુસપણુ પહેરીએ છીએ ત્યારે નમ્રતા ધારણ કર્યા વિના રહેવાતું નથી (કલો. ૩; ૧૨. ૧ પીત. ૫; ૫). જેનામાં એ નમ્રભાવ છે તે બીજાઓને પોતાથી ઉતરતા ગણીને તેમનો તિરસ્કાર કરશેજ નહિ, પણ બીજાઓ મારા કરતાં ઉત્તમ છે—તેઓ મારે આધીન થાય, એમ નહિ પણ હુ તેમને આધીન થાઉં એજ ઘટતું છે (એફે. ૫; ૨૧)—એવુ ગણીને પક્ષાપક્ષી તથા વ્યર્થ ગર્વથી અલગ રહે છે. એવો ભાવ રાખવાનો હુકમ પાઉલ ફિલિપ્પીઓને આપે છે, ખ્રીસ્તાવતારના સમય પહેલાં નમ્રતા એ બાયલા કે ગુલામમાં પ્રગટ થતો દુર્ગુણ લેખાતો. ખ્રીસ્તે નમ્રભાવનો વૈભવ પહેલાંજ પ્રગટ કર્યો છે એ સુવિદિત છે.

પ્રત્યેક માત્ર પોતાનાં વાનાં પરજ લક્ષ ન રાખે, પરંતુ પ્રત્યેક બીજાઓનાં વાનાં પર પણ [લક્ષ રાખે]. નમ્રતાની પેઠે પરાર્થ પણ પક્ષાપક્ષી તથા ગર્વને દૂર કરનારો ઉપાય છે. સ્વાર્થી

પદ ૪

માણુસ બીજાઓનુ હિત તાકતો નથી, પણ પોતાનોજ લાભ તાકે છે—પોતાનાંજ વાનાં પર લક્ષ રાખે છે; પરતુ સ્વાર્થ તજીને જે પરાર્થી થાય છે તે બીજાઓનું હિત પણ તાકે છે. પોતાનું કામ કરવુ નહિ તેમ પોતાનું હિત તાકવું નહિ એવો પ્રેરિતનો બોધ નથી, પણ સ્વાર્થી ના થવુ, પોતાની વાતની સાથે બીજાઓની વાત પણ ધ્યાનમાં લેવી, એવો તે બોધ આપે છે. સ્વાર્થરૂપી ખામી મનુષ્યમાં સાધારણજ છે, પરતુ ખ્રીસ્તીઓએ જાણવુ કે સ્વાર્થ પ્રભુના બોધ તથા નમુનાની વિરૂદ્ધ છે (મા. ૫, ૪૪-૪૮: ૨૦; ૨૮. યોહા. ૧૩; ૧૪, ૧૫) તેથી પરાર્થી થવાની અમારી ખાસ ફરજ છે. પક્ષાપક્ષી દૂર કરીને એક મનના થવુ હોય તો લેશમાત્ર સ્વાર્થ રાખવો નહિ. નિઃસ્વાર્થ ભાવથી બીજાઓની વાત ધ્યાનમાં લીધાથી વિરોધનું મૂળ ખોદી કાઢવામાં આવે છે, પરતુ સ્વાર્થનું ગ્રહણ કરવાથી ગર્વિષ્ટ પક્ષાપક્ષી થયા વગર રહેતી નથી.

"પ્રત્યેક" અર્થનું સર્વનામ બન્ને વખતે બહુવચનમાં આવે છે તેથી કેટલાક ટીકાકારો એવો અર્થ કરે છે કે, "પ્રત્યેક પક્ષના લોકોએ કેવળ પોતાનાં વાનાં પર નહિ પણ બીજા પક્ષના લોકોનાં વાનાં પર પણ લક્ષ રાખવું."

(ખ) નમ્રતાના સબંધમાં ઇસુએ આપેલા નમુનાની હકીકત. પદ ૫-૧૧.

ઉપર આવેલા બોધને અચળ ટેકો આપવાને અર્થે ખ્રીસ્ત ઇસુનો અજાયબી નમુનો હવે વાંચનારાની દૃષ્ટિ આગળ ધરવામાં આવે છે. તેનામાં જેવો મનોભાવ જણાય છે તેવોજ તેના લોકમાં જોઇએ છે. ખ્રીસ્ત તરફ જોતાં માલમ

પડે છે કે તેનામાં સ્વાર્થ હતોજ નહિ, તેમ ગર્વ પણ ન હતો. તે પોતાની રાજીખુશીથી સ્વર્ગના વૈભવી મહત્વનો ત્યાગ કરીને દાસ જેવો થયો,—હા, અપમાનયુક્ત મરણ સુધી તે આધીન થયો. એ કારણથી ઈશ્વર પિતાએ તેને સર્વોત્તમ માન બક્ષ્યું છે. ખ્રીસ્ત બધી વાતમાં પોતાના લોકના આદર્શરૂપ છે, માટે દરેકને શિર તેના નમુના પ્રમાણે વર્તવાની ફરજ રહેલી છે (મા. ૧૮; ૪. લુક ૧૪; ૧૧. ૧૮; ૧૪). આપખુદી કે મહત્ત્વાકાંક્ષાને કારણે કોઇ ખ્રીસ્તી પક્ષ તાણતો હોય તો તેણે જાણે જોડાં કાઢીને આ પવિત્ર તથા તેજોમય નમુના નિહાળવા માટે પાસે આવવુ.

ખ્રીસ્ત ઈસુમાં પણ હતો તેવોજ મનોભાવ તમારામાં રાખો. ખ્રીસ્તીઓએ કેવુ મન રાખવુ, એ પ્રભુ ઇસુ ખ્રીસ્તની વાત ધ્યાનમાં લીધાથી માલમ પડે છે (સરખાવો રૂમી. ૧૫; ૩. ૨ કરીં. ૮; ૯.

પદ ૫

૧ પીત ૨; ૨૧). તેને અનુસરીને તેના જેવોજ ભાવ રાખવાની આપણી ફરજ છે. આ પેટા ભાગમાં પાઉલ ઘણીજ ગહન વાત લખે છે, પરંતુ એ વાત વિષે તર્કવિતર્ક કરીને સતોષ ન પામતાં, આ વાતથી ખ્રીસ્તના જેવા થવાને ઉત્તેજિત થવુ. આવાં ધર્મસિદ્ધાંતો કેવળ વિચાર કે વિવેચન કરવાને અર્થે જણાવવામાં આવ્યાં નથી, પરંતુ તે વ્યાવહારિક હોવાથી તેનો સદ્વર્તન કરાવવાનો ઉદ્દેશ સમજવો.

આ વાક્યમાં "ખ્રીસ્ત ઇસુ" સાથે સબધ રાખનારૂં ક્રિયાપદ અધ્યાહાર છે. ઘણું કરીને "હતો" કે "છે" સમજવાથી વાક્યનો અર્થ પૂર્ણ કરવામાં આવે છે. પરંતુ કેટલાક ટીકાકારો "મનોભાવ રાખો છો" અધ્યાહાર સમજીને "ખ્રીસ્ત ઇસુ [ની સગત] માં જેવો મનોભાવ રાખો છો તેવો મનોભાવ તમારા [મડળ] માં રાખો," એટલે ધર્મના કામમાં ખ્રીસ્ત પ્રત્યે જેવો ભાવ દેખાડો છો તેવો ભાવ માંહોમાંહે એક બીજા પ્રત્યે દર્શાવો. આ તરજુમા મુજબ પછીનાં વાક્યો સાથે સ્પષ્ટ સબધ થતો નથી, માટે તે અનુચિત લાગે છે. અહિં આવેલી વાતનો મુદ્દો એવો જણાય છે કે ખ્રીસ્ત આપણે સારૂ નમુનારૂપ છે, માટે તેનું અનુકરણ કરીને નમ્રભાવથી બીજાઓનું હિત તાકીને નિઃસ્વાર્થ થવુ. હવે ખ્રીસ્તે તત્સંબધી કેવો નમુનો આપ્યો છે તે પદ ૬–૮ માં જણાવવામાં આવે છે.

તેણે દેવના સ્વરૂપમાં છતાં દેવ સમાન હોવાનું પકડી રાખવા જેવું ગણ્યું નહિ. આ વાક્યના ઘણાખરા શબ્દો વિષે અતિઘણું વિવેચન કરવામાં આવ્યું છે, તે વિષે વિશેષ ઝીણી વાત ન કરતાં વાક્યનો

પદ ૬.

અર્થ સ્પષ્ટ સમજાય એટલી હકીકત આપવી દુરસ્ત લાગે છે.

(૧) "સ્વરૂપ" સૂચક અસલ શબ્દનો ઘણું કરીને "સ્વભાવ" ના જેવો અર્થ કરાય છે. આ અર્થ મુજબ દેવના સ્વરૂપમાં હોવુ, એટલે ઐશ્વરી સ્વભાવનો ભાગીદાર હોવું. ખ્રીસ્તને ઐશ્વરી તેમ માનવી સ્વભાવ હતા, એમ કહીએ છીએ

ત્યારે બતાવીએ છીએ કે તે માણુસ થયો તો પણુ દેવના સ્વરૂપમાં રહ્યો—એટલે ગમે તે સ્થિતિમાં આવ્યો તો પણુ તે ઈશ્વરરૂપ રહ્યો, એવુ માનીએ છીએ. ગ્રીક ફિલસુફો આ શબ્દનો એવો અર્થ કરતા કે ઈશ્વરનાં આવશ્યક લક્ષણો તથા તે લક્ષણોનું પ્રગટ થવુ એ "દેવનું સ્વરૂપ." આ અર્થ જેઓ સ્વીકારે છે તેઓનું માનવુ એમ છે કે ઈશ્વર અવતાર લે તો પણુ તેનું "સ્વરૂપ" બદલાતું નથી, કેમકે અવતાર લીધા છતાં તે ઈશ્વરરૂપ રહે છે. પરતુ બીજા કેટલાક માને છે કે "દેવનુ સ્વરૂપ" એટલે તેનાં આવશ્યક લક્ષણો પ્રગટ કરાવનારો એવો અમુક બાહ્ય ગુણુ કે જેમાં ફેરફાર થઇ શકે. આ મત મુજબ દેવનો અવતાર થાય ત્યારે તેના "સ્વરૂપ" મા ફેરફાર થાય, એમ છે. નીચે લખેલાં કારણોને લીધે પહેલો અર્થ પસદનીય જણાય છે.

(અ) "સ્વરૂપ" શબ્દને મળતાં ક્રિયાપદો નવા કરારમાં "આંતર સ્વભાવ" સૂચવે છે (જુઓ ૩; ૧૦, ૨૧. રૂમી. ૮; ૨૯ ૧૨; ૨. ૨ કરી. ૩; ૧૮. ગલા. ૪; ૧૯).

(આ) "છતા" અર્થનો અસલ શબ્દ "હમેશાં હોવું" સૂચવે છે એમ પ્રવીણુ ભાષાશાસ્ત્રીઓનુ માનવુ છે.

(ઇ) સદરહુ અર્થ આ વાક્યની વાતને મળતો આવે છે. ખ્રીસ્ત દેવના "સ્વરૂપ" માં હોઇને, દેવની સમાનતા પકડી રાખતો નથી, એથી જણાય છે કે દેવનું સ્વરૂપ એ કઇ બાહ્ય વાત નથી, પણુ દેવત્વને આવશ્યક એવી વાત છે.

(૨) "છતાં" ને ઠેકાણે આવેલો અસલ શબ્દ "હોવુ" અર્થના સાધારણે વપરાતા ક્રિયાપદનું તો નહિ પણુ "જાથુ હોવુ" કે "સ્વાભાવિક રીતે હોવુ" એવા ખાસ અર્થના ક્રિયાપદનુ કૃદત છે. તેમા એવી સૂચના રહેલી છે કે ખ્રીસ્તે અવતાર લીધો ત્યાર પહેલા તે (ઈશ્વરરૂપ) હતો એટલુંજ નહિ પણુ અવતાર લીધા પછી પણુ તે (ઈશ્વરરૂપ) હતો, એવો પ્રવીણુ ભાષાશાસ્ત્રીઓનો અભિપ્રાય જણાય છે. પરતુ કેટલાક ટીકાકારો એ અર્થ વિષે આનાકાની કરે છે

(૩) "દેવ સમાન હોવાનુ" એટલે અસ્તિત્વ કે સ્વભાવ વિષે દેવની સમાનતા એમ નહિ, પણુ સ્થિતિ વિષે સમાનતા, એમ ("સમાન" શબ્દ બહુ-વચનમાં હોવાને લીધે) ભાષાશાસ્ત્રીઓ માને છે. એ અભિપ્રાય મુજબ "દેવના સ્વરૂપમાં હોવુ" ને "દેવ સમાન હોવુ" એ બેમાં એવો ફેર લેખાય છે કે ખ્રીસ્તે અવતાર લીધો ત્યારે દેવના સ્વરૂપમાં રહ્યો તથાપિ દેવની સમાન સ્થિતિમાં ન રહ્યો. સ્વભાવ વિષે સદેહ થયલો સબ્દ ઈશ્વર હતોજ, પણુ અવસ્થા વિષે તે દેવની સમાનતામાં ન હતો. દેવની સમાનતાને વળગી રહ્યો હોત તો ઉત્તમાવસ્થામાં રહીને તે સદેહ ન થાત. ઉત્તમાવસ્થા તજીને તે જ્યારે નમ્રાવસ્થામાં

અવતર્યો ત્યારે "દેવ સમાન હોવાનું" તેણે છોડી દીધું. પરંતુ કેટલાકનો એવો મત છે કે "દેવના સ્વરૂપમાં હોવું" ને "દેવ સમાન હોવુ" એ બેનો એકજ અર્થ સમજવો. એ મત સપ્રમાણ જણાતો નથી.

(૪) "પકડી રાખવા જેવુ" એ અર્થના શબ્દ વિષે પણ મતફેર છે. એના ધાતુનો અર્થ પકડવું (યોહા. ૧૦; ૧૨) કે છીનવી લેવુ (યોહા ૧૦; ૨૮) થાય છે. જુની અગ્રેજીમાં "લુટવાનું કૃત્ય" એ અર્થ કર્યો હતો. એ અર્થ મુજબ ખ્રીસ્ત દેવ સમાન હોવાનો ખરો દાવો કરતો હતો માટે એ સમાનતા લેવી.કઇ લુટવા જેવું ન હતું. પરતુ ઘણાખરા ભાષાશાસ્ત્રીઓ માને છે કે અહિં આવેલા શબ્દનો ખરો અર્થ "પકડી રાખેલી ચીજ" સૂચવે છે. આ અર્થ મુજબ ખ્રીસ્તે દેવ સાથેની સમાનતા એવી વાત ગણી નહિ કે ગમે તેમ થાય તો પણ તેને વળગીજ રહેવુ. એ સમાનતા પર તેનો હક હતો, છતાં પરાર્થની ખાતર એ હક જવા દેવાને તે તૈયાર હતો. બીજા કેટલાક "છીનવી લેવાની ચીજ" એવો તરજુમો કરે છે, તેનો એવો અર્થ થાય છે કે ખ્રીસ્ત દેવના સ્વરૂપમાં હતો તોપણ માણુસની પ્રશસાના સબધમાં તે દેવ સમાન થયો ન હતો, ને એવી સમાનતા છીનવી લેવાનું મન ન કરતાં તેણે નમ્રાવસ્થામાં અવતાર લીધાથી દેવના જેવી પ્રતિષ્ઠા માણુસો મધ્યે પ્રાપ્ત કરી. પરતુ આ પેટાભાગમાં ખ્રીસ્ત પાસે જે હતું તે મૂકી દેવા વિષે વાત કરાય છે તેથી "પકડી રાખેલી ચીજ" એ અર્થ વધુ સભવિત જણાય છે.

ઉપર બતાવેલા શબ્દાર્થ મુજબ આ વાક્યનો એવો ખુલાસો થાય છે કે ખ્રીસ્ત સદેહ થયો ત્યાર પહેલાં તે હતો (યોહા. ૮; ૫૮ ૧૭; ૫, ૨૪) એટલુંજ નહિ પણ તે દેવરૂપ હતો (યોહા. ૧; ૧. કલો. ૧; ૧૫-૧૭. હેબ્રી. ૧; ૩, ૮, ૧૦). દેવત્વને લગતા અધિકાર તથા ગોરવ સબધી તે ઈશ્વરપિતા સમાન હતો, પરતુ એવી સમાનતા રાખવાને પોતાનો જે વાસ્તવિક હક તેને વળગી રહેવાનું તેણે યોગ્ય ગણ્યુ નહિ. કેવળ પોતાનાં વાનાં પર નહિ પરતુ જગતની અગત્ય પર લક્ષ આપીને તેણે પોતાનો હક જવા દેવાનો ઇરાદો કર્યો. આ નમ્રાવસ્થામાં ઉતરવાનું પહેલુંજ પગથિયુ થયું. એવો નિઃસ્વાર્થ ભાવ બતાવવામાં ખ્રીસ્ત પોતાના સર્વ શિષ્યોને આદર્શરૂપ છે.

પણ દાસનું સ્વરૂપ લઈને, માણસોની પ્રતિમામાં થઇને, પોતાને ખાલી કર્યો. ખ્રીસ્તે જે નિઃસ્વાર્થ ભાવ દેખાડ્યો તે પરાર્થી મનોભાવને અનુસરીને તેણે પોતાને ખાલી કર્યો. જેને વળગી રહેવાનું

પદ ૭.

તેણે યોગ્ય ગણ્યું નહિ તે વિષે તેણે પોતાને ખાલી કર્યો એ સિદ્ધ છે—અર્થાત્ તેણે દેવ સમાન હોવાનું મૂકી દીધુ. ઈશ્વરના જેવા મહિમા તથા અધિકાર --એ જે તેની ભરપુરી તે જાણે ઠાલવી નાંખીને તેણે પોતાને તે વિષે શૂન્ય જેવો કર્યો! નમ્રાવસ્થામાં ઉતરવાનું આ બીજું પગથિયું હતું.

"ખાલી કરવું" એને મળતા શબ્દ પાઉલના બીજા પત્રોમાં આવે છે તેના "નિરર્થક" (રૂમી. ૪; ૧૪), "વ્યર્થ" (૧ કરીં. ૧; ૧૭: ૯; ૧૫), "અમથુ" (૨ કરીં. ૯; ૩), એવા તરજુમા જણાય છે, તેથી ખ્રીસ્તના ખાલી થવામાં કેટલો બધો ત્યાગ હતો તેનો કઇક ખ્યાલ થઇ શકશે. વળી યાદ રાખવું કે ખ્રીસ્તે પોતાની રાજીખુશીથી આ અજાયબી ત્યાગ કર્યો. ધનવાન છતાં તે (આપણને ધનવાન કરવા સારૂ) દરિદ્રી થયો (૨ કરીં. ૮; ૯). પોતાને શી રીતે ખાલી કર્યો કે ખાલી થતાં શું શું મૂકી દીધુ એ વિષે આપણને ખાતરી પૂર્વક જ્ઞાન નથી, તેમ પાઉલ એ વિષે કઇ ખુલાસો કરતો નથી. આ ગૂઢ મર્મની વાત છે એમ તે પોતે કબૂલ કરે છે (૧ તીમ. ૩; ૧૬). પરતુ ઘણા વિદ્વાનોએ એ વિષે જુદા જુદા મત પ્રગટ કર્યા છે. અહિં આવેલા અસલ શબ્દ ઉપરથી એ મત "કૅનોસિસ" (ખાલી થવા) વિષેના મતો એ નામે ઓળખાય છે. એ મતમાં જે વિશેષ વાત વિષે ખુલાસો કરવાના પ્રયત્ન થયા છે તે આ કે દેવનો શબ્દ સદેહ થયો ત્યારે આખા વિશ્વમાં તેનું જે કામ તે શી રીતે જારી રાખ્યુ હશે. આવા મર્મનો ખુલાસો કરવો માનવ બુદ્ધિની હદ બહાર છે એ સ્પષ્ટ છે. ઈશ્વર ખુલાસો કરે ત્યારેજ ખુલાસો થાય એમ છે.

પરતુ ખ્રીસ્તે પોતાને ખાલી કરવામાં શું કીધુ હશે એ વિષે પાઉલ અહિ બે વિગત આપે છે —

(૧) તેણે દાસનું સ્વરૂપ લીધુ. દેવના સ્વરૂપમાં હતોજ, હવે પોતાની રાજીખુશીથી દાસનુ સ્વરૂપ ધારણ કરે છે. કોનો દાસ એ કહ્યું નથી. પરતુ ઈશ્વરેચ્છાને આધીન થઇને તે અવતર્યો એટલે ઈશ્વરનો દાસ થયો એમ સમજવુ. ઈશ્વરની સેવા બજાવતાં તે તો મનુષ્યોની સેવા કરનારો થયો (મા. ૨૦; ૨૭, ૨૮. માર્ક ૧૦; ૪૪, ૪૫). એ વાત ખરી, તથાપિ અહિં આવેલી વાતનો એવો અર્થ સમજવો કે ખ્રીસ્ત ખરેખર ઈશ્વરરૂપ હતો તોપણ તે ઈશ્વરના સબધમાં દાસરૂપ થયો. "સ્વરૂપ" અર્થનો શબ્દ પદ ૬ માં આવ્યો હતો તેનો ખુલાસો જોવાથી માલમ પડશે કે ઐશ્વરી સ્વભાવ મૂકી દઇને એમ નહિ પણ ઐશ્વરી સ્વભાવ રાખીને તારનાર વાસ્તવિક રીતે દાસરૂપ થયો. પોતાના શિષ્યોની સેવા કીધી ત્યારે પ્રભુ તરીકે એ સેવા કીધી (યોહા ૧૩; ૧૪); ઈશ્વરની ઇચ્છા પૂર્ણ કીધી ત્યારે પિતાના મહિમાના અનાદિ ભાગીદાર તરીકે તેણે તે પૂર્ણ કીધી (યોહા. ૧૭; ૪, ૫). "પ્રભુ ઇસુ" એ વારંવાર બોલાતું નામજ સૂચવે છે કે આપણો તારનાર દેવના સ્વરૂપમાં છે તેમ દાસના સ્વરૂપમાં થયો. દેવપુત્ર છતાં તે ઈશ્વરનો ગુલામ હોય એવી રીતે તેને આધીન થયો, ને એમ માણસનું તારણ સાધ્યું. સર્વોપરી અધિકારીએ દાસ થઇને પોતાને ખાલી કર્યો!

(૨) વધુ ખુલાસો કરતાં પાઉલ જણાવે છે કે પોતાને ખાલી કરતાં ખ્રીસ્ત મનુષ્યમાત્રની પ્રતિમામાં થયો. તે દેવરૂપ હોય છે તથાપિ તે માનવાકૃતિમાં થયો; દેવપુત્ર છતાં તેણે માનવાવતાર લીધો; ખરો દેવ હોઇને તે આપણા માંસ તથા લોહીનો ભાગીદાર થયો. ઐશ્વરી સ્વભાવ સાથે આચ્છાદનરૂપી માનવી સ્વભાવ એવી રીતે જોડાયો કે એની તરફ જોઇને બધા ધારતા કે આ તો માણસ છે. કેવળ એની પાસે હમેશ રહેનારાઓને (ઈશ્વરથી પ્રકટીકરણનો આત્મા પામ્યાને લીધે) એવુ ભાન આવ્યું કે સાધારણ માણસ કરતાં આ તો કંઇ અધિક છે (મા. ૧૬ ; ૧૬, ૧૭). "પ્રતિમા" અર્થનો જે અસલ શબ્દ અહિં આવે છે તેમાં એવી સૂચના રહેલી છે કે ખ્રીસ્ત માણસજાતની દેખીતી સમાનતામાં છતાં કેવળ માણસ ન હતો (સરખાવો રૂમી. ૮ ; ૩ કે જ્યાં આજ અસલ શબ્દનો તરજુમો "સમાનતા" કરેલો છે). શબ્દ સદેહ થયો (યોહા. ૧ ; ૧૪) ત્યારે માણસના સરખી પ્રતિમામાં થયો તોપણ તે માણસ કરતાં વિશેષ રહ્યો. વાસ્તવિક માનવદેહ તથા માનવાત્મા ધારણ કર્યા છતાં તે દેવનો અનાદિ શબ્દ રહ્યો. તે દેવરૂપ હતો માટે તેનું માનવી શરીર કેવળ આભાસ જેવું હતું એમ માનવુ ભૂલભરેલું છે, તેમજ તે ખરો માનવ હતો માટે તે દેવરૂપ ન હતો એ મત પણ અસત્યજ છે. તે ખરો માણસ થયો તોપણ તે કેવળ માણસ ન હતો, એમ પાઉલ પ્રેરિતનું માનવુ હતું.

ખ્રીસ્ત એટલે સુધી માણસ સરખો થયો કે બાળક થઇને તે કુદરતી રીતે કદમાં તથા જ્ઞાનમાં વધતો ગયો (લુક ૨ ; ૪૦); તેણે પરીક્ષણ પામતાં તથા જોખમમાં પડતાં પોતાના સુખ કે પ્રતિષ્ઠા કે બચાવને અર્થે પોતાને આપેલો અધિકાર વાપર્યો નહિ (માત્થી ૪ ; ૧–૭ ૨૬ ; ૫૩. ઇત્યા.); તેણે પોતે કેટલીક વાતો વિષે પોતાના જ્ઞાનની હદ ઠરાવી (માર્ક ૧૩ ; ૩૨); જે મહિમા વડે પોતાનો ઐશ્વરી સ્વભાવ વાસ્તવિક રીતે પ્રગટવામાં આવતો તેનો ત્યાગ કરીને (યોહા. ૧૭; ૪) તેણે ભૂખ (માત્થી ૪ ; ૨), તરસ (યોહા. ૧૯ ; ૨૮), થાક (યોહા. ૪ ; ૬), માર (યોહા. ૧૯ ; ૧–૩) ઇત્યાદિ વેઠયાં. આ ઉપરથી તેનું ખાલી થવું સિદ્ધ થાય છે. આ ખાલી થવું તેના નિ:સ્વાર્થ મનોભાવને લીધેજ થયું, ને તેના આધીનતા ભર્યા અવતાર વડે તે સાધવામાં આવ્યું.

અને આકાર બાબત માણસ તરીકે માલમ પડયો ત્યારે તેણે પોતાને નીચો કર્યો. દેવપુત્ર માણસ થયો એમાં કેટલી બધી નમ્રતા હતી એ આપણે જોયું છે. પરતુ એટલાથીજ તેની નમ્રતાનો

પદ ૮.

પાર આવ્યો નથી માણસ તરીકે તે પ્રગટ થયો ત્યારે પણ તેણે અધિક નમ્રભાવ દર્શાવ્યો. નમ્રાવસ્થાના નીચાણમાં ઉતરવાનાં પગથિયાં હજુ બાકી રહ્યાં તે પગથિયાએ થઇને તે ઊંડાણમાં ઉતર્યો. તે ગભાણમાં જન્મ પામ્યો, ગરીબ કારીગરને ઘેર ઉછર્યો, તેને માથુ મૂકવાનું ઠામ ન હતું, પહેરેલાં

લુગડાં સિવાય તેની બીજી પુંજી ન હતી, શ્રમ કરતો, અપમાન સહન કરતો— એથી માણસ તરીકે પણ તેની વિશેષ નમ્રતા જાહેર થતી. ઘણા માણસો વૈભવમાં પોતાનુ જીવન ગાળે છે પણ ખ્રીસ્ત "માણસોથી ધિક્કારાયલો તથા તજાયલો હતો; દુઃખિત પુરૂષ ને દરદનો અનુભવી, ને જેને દેખીને મુખ અવળું ફેરવીએ, એવો તે ધિક્કાર પામેલો હતો" (યશા. ૫૩; ૩). આવી સ્થિતિમાં તે પોતાની રાજી ખુશીથી આવ્યો હતો; આ નમ્રાવસ્થા તેણે પોતે ધારણ કરી હતી. "તેણે પોતાને નીચો કર્યો."

આ વાક્યમાં આવેલા અસલ શબ્દો ધ્યાનમાં લેવા લાયક છે. "આકાર" અર્થનો શબ્દ નવા કરારના બીજા એકજ વાક્યમાં (એટલે ૧ કરી. ૭; ૩૧ માં) મળે છે, ત્યાં તેનો તરજુમો "ડોળ" કરેલો છે. અસલ શબ્દ અનિત્ય દેખાવ કે બાહ્ય સ્થિતિ સૂચવે છે. એ ઉપરથી જણાય છે કે માનવાવતાર એ ખ્રીસ્તનુ નિત્ય રૂપ ન હતો. ઉપર કહ્યા પ્રમાણે તે તો દેવના સ્વરૂપમા હતો તથાપિ માનવી દેહથી તેનુ ગૌરવ ઢાંકવામાં આવ્યુ હતું.

"માલમ પડ્યો" અર્થના કૃદતમાં એવી સૂચના રહેલી છે કે ખ્રીસ્ત સદેહ થયો ત્યારે હરકોઇ તેની તજવીજ કરીને તેના વિષે અભિપ્રાય બાંધે એવી રીતે તે માણુસ આગળ રજુ થયો. યશાયાહની વાત મુજબ તે જ્યારે પ્રગટ થયો ત્યારે તેના દેવત્વનાં ચિહ્ન બાહ્ય રીતિએ દેખાતાં ન હતાં, તેથી તેના જમાનાના લોકોએ તેની કદર બુઝી નહિ. તેનું સ્વરૂપ તથા સૌંદર્ય તેમનાથી ગુપ્ત રખાયલાં હતાં (માત્થી ૨૬; ૬૩–૬૫. લુક ૨૨; ૭૦, ૭૧. યોહા. ૫; ૧૮. ૧૦; ૩૬: ૧૯; ૭).

"તરીકે" અર્થનો શબ્દ પણ દેખાવસૂચક કે પ્રગટ થવાની રીતિ દર્શક છે. ખ્રીસ્તની તપાસ કરનારાઓ ધારતા કે આ તો કેવળ માણુસ છે. કોઇ વિચારવત ભક્ત કદાપિ ધારે કે દેવથી આવેલો માણુસ હશે (યોહા. ૩; ૨), પરતુ બધા તેને માણસજ ધારે એવી રીતે તે માનવ તરીકે રજુ થયો. તેણે પોતાને ખાલી કર્યો ત્યારે કશુ બાકી રાખ્યુ નહિ.

અત્યાર સુધી ખ્રીસ્તની નમ્રતા વિષે અજાયબી વાત થઇ ગઇ છે, પરતુ હજીએ અધિક નમ્રતાની હકીકત બાકી રહેલી છે તે હવે જણાવવામાં આવે છે.

[એટલે] મરણ સુધી આજ્ઞાધીન થયો–તે વળી વધસ્તંભના મરણ સુધી. ઉપર લખ્યા પ્રમાણે ખ્રીસ્ત સદેહ થયો ત્યારે તેના માનવી અવતારમાં નમ્રતાના અનેક દાખલાઓ રજુ કરવામાં આવ્યા હતા. પરતુ માનવાકૃતિમાં પ્રગટ થઇને તેણે પોતાના મરણમાં વિશેષ રીતે પોતાને નીચો કીધો. એવું મરણ એના આજ્ઞાંકિતપણાને લીધે થયુ. ઈશ્વરેચ્છાને આધીન થઇને (મા. ૨૬; ૩૯. લુક ૨૨; ૪૨) તેણે મરણ વેઠયું. માણુસના તારણ વિષે

ઈશ્વરનો જે ઇરાદો તે પૂર્ણ કરવાને માટે તે અવતર્યો (હેબ્રી. ૧૦ ; ૭), ને તે ઇચ્છાને આધીન થઇને તે ઠેઠ મરણ પામતા સુધી પણ આજ્ઞાંકિત હતો (રૂમી. ૫ ; ૧૯. હેબ્રી ૫ ; ૮). ઈશ્વરેચ્છા પૂર્ણ કર્યાનેજ લીધે તેનું મરણ નીપજ્યુ. ઈશ્વરેચ્છાના વિકટ પથમાં ચાલતાં ચાલતાં તે કબર સુધી આગળ વધ્યો. દેવપુત્ર અવતાર લે એમાં વિશેષ નમ્રતા હતી ખરી, પરતુ દેવપુત્ર મરણ પામે તેમાં જે નમ્રતા તેની વિશેષતા કેવી !

તથાપિ એટલેથીજ ખ્રીસ્તની નમ્રતાની હદ વળી નથી. તેનું મરણ સાધારણ મરણ ન હતું. ઘણા ગરીબ સતો પોતાના દહાંડા સકટમાં કાઢીને અતે આનદ તથા સન્માન સહિત મરણ પામે છે, પણ ખ્રીસ્તાવતારનું મરણ અપમાન તથા વેદના ભરેલું હતુ. યહુદી લોકની દૃષ્ટિમાં વધસ્તંભનુ મરણ લાજકારક (હેબ્રી. ૧૨ ; ૨) તથા શાપિત (પુન. ૨૧ ; ૨૩. ગલા. ૩ ; ૧૩) ગણાતુ હતું. રૂમી રાજ્યમાં એ સજા ગુનેહગાર ગુલામોને તથા અધમ અપરાધીઓને અપાતી હતી, તોપણ તે એટલુ લજ્જાકારક તથા કટાળાદાયક લેખાતી હતી કે કોઇ રૂમી પ્રજાને એ સજા દેવી નહિ એવો ખાસ કાયદો હતો. એક રૂમી લેખકની વાત મુજબ એ સજા અતિ ક્રૂર તથા અતિ ભયંકર હતી. "તે રૂમીઓનાં શરીર તથા વિચારથી પણ દૂર રહો," એવી તે યાચના કરે છે. પરતુ તે સજા ખ્રીસ્તથી દૂર ન રહી. એજ અતિ ક્રૂર તથા અતિ ભયકર તથા અતિ લજ્જાકારક સજા ખ્રીસ્તે આપણે સારૂ વેઠી! સ્વર્ગીય રાજ્યાસન પર બિરાજનાર પ્રભુએ વધસ્તંભ પર પોતાનું જીવાર્પણ કર્યું ! તે તો ગુલામરૂપ થયો હતો પણ અપરાધી ન હતો. તેણે પાપ કર્યું ન હતું તોપણ તે પાપરૂપ કરાયો, એનુ કારણ એટલુજ છે કે આપણને ન્યાયી ઠરાવવાનો ઉપાય સાધતાં તેણે (નિઃસ્વાર્થ તથા નમ્રતાયુક્ત પ્રીતિથી) આપણાં પાપ પોતાને માથે લીધાં (જુઓ ૨ કરી. ૫ ; ૨૧). "હે મારા દેવ, મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે ?" એ મરણ સમયે કરેલો ખ્રીસ્તનો પોકાર ધ્યાનમાં લીધાથી તેના મનોભાવનો કઇક ખ્યાલ કરી શકાશે. એજ મન રાખવાનું પાઉલ ફિલિપ્પીઓને (તેમજ આપણને પણ) ફરમાવે છે. પક્ષાપક્ષી તથા વ્યર્થ અભિમાન મૂકીને, સ્વાર્થ છોડી દઇને, ભાઇઓના હિતાર્થે આપણે પોતાના હક તજી દેવાને, અપમાન પામવાને, હા, પોતાના પ્રાણ આપવાને તૈયાર થઇએ (૧ યોહા. ૩ ; ૧૬) ત્યારેજ પાઉલની પેઠે કહી શકીશું કે "અમને ખ્રીસ્તનુ મન છે" (૧ કરીં. ૨ ; ૧૬).

ખ્રીસ્તે વધસ્તંભના મરણ સુધી પોતાને નીચો કર્યાથી આપણને ઉત્તમ નમુનો આપ્યો છે એ વાત સિદ્ધ થઇ છે. હવે ખ્રીસ્તના પ્રગટ કરેલા નિયમ મુજબ તેને કેવી ઉત્તમાવસ્થામાં ઊંચો કરવામાં આવ્યો છે (મા. ૨૩ ; ૧૨. લુક ૧૪ ; ૧૧ : ૧૮ ; ૧૪) તે પદ ૯–૧૧ માં બતાવવામાં આવે છે.

તો એજ કારણથી દેવે તેને અતિ ઊંચો કીધો. જે નીચે ઉતર્યો તે ઊંચસ્થાને ચઢયો છે,—હા, તે નીચે ઉતર્યો તેથી તે પરમઊંચામાં બિરાજેલો છે.

પદ ૯ તે શાપિત મરણ સુધી ઈશ્વરેચ્છાને આધીન થયો તે કારણથીજ ઈશ્વરે તેને ઉઠાડીને પોતાને જમણે હાથે બેસાડ્યો છે (એફે. ૧ ; ૨૦-૨૨). તેના ખાલી થવા વિષે જે વાત પદ ૬-૮ માં આવે છે તેને લીધેજ ઈશ્વરપિતાએ તેને પુનરૂત્થાન તથા સ્વર્ગારોહણ વડે સર્વોપરી ઠરાવ્યો છે,— તેને ઊંચો કીધો, કેવળ એમ નહિ પણ તેને વિશેષ ઊંચો કીધો. યહોવાહ પરાત્પર છે, ને સર્વ દેવો કરતાં અતિ ઊંચો છે (ગીત. ૯૭; ૯) તેવો ખ્રીસ્ત ઇસુ પણ છે. વળી પોતાને ખાલી કર્યાને લીધે તે તેવો થયો છે એ વાતની સૂચના પ્રેરિતો ઠેકાણે ઠેકાણે આપે છે (પ્રે. કૃ. ૨ ; ૨૩, ૨૪, ૩૨, ૩૩, ૩૬ : ૩ , ૧૩-૧૫. રૂમી ૧ ; ૩, ૪ . ૧૪ ; ૯. એફે. ૪ ; ૯, ૧૦). ખ્રીસ્ત અનાદિકાળથી ઈશ્વરના સ્વરૂપમાં છે, એ સ્વરૂપમાં કંઇ પણ ફેરફાર થયો નથી, પરતુ હાલ આખી દુનિયાના લોક આગળ તે મહિમા તથા અધિકાર વિષે દેવ સમાન પ્રગટ થયો છે, એ તેના તારણના કામને લીધેજ છે. વધસ્તંભ પર મરણ પામેલો ખ્રીસ્ત હાલ જાહેર રીતે સર્વ ઉપર રાજ્યાધિકારી થયો છે (૧ કરી. ૧૫ ; ૨૫). વધસ્તંભને ઘેરનારાં અધકારમય વાદળાંમાંથી જગતનું અજવાળું સર્વ ઉપર પ્રકાશ પાડે છે.

ને સર્વ નામ કરતાં જે શ્રેષ્ઠ તે નામ તેને આપ્યું છે. દેવે ખ્રીસ્તને અતિ ઊંચો કીધો, એટલુંજ નહિ પણ ઊંચસ્થાને બિરાજનારને શોભે એવુ સર્વોત્તમ નામ તેને બક્ષ્યુ છે. માણસને ઈશ્વર કૃપાદાન બક્ષે છે એ સૂચવવાને માટે જે શબ્દ વપરાય છે (જુઓ ૧ ; ૨૯) તેનો અહિ ઉપયોગ કર્યો છે, તેથી સમજાય છે કે ખ્રીસ્તને જે અત્યંત માન મળ્યું છે તે ઈશ્વરથી કૃપારૂપે આપેલું છે. દેવપુત્ર દેવના સ્વરૂપમાં છતાં ઈશ્વરપિતા સાથે આધીનતાયુક્ત સબધ રાખે છે એ વાતની અનેક સૂચનાઓ નવા કરારમાં સમાયલી છે (જુઓ યોહા. ૧૪ ; ૨૮. ૧ કરી. ૧૫ ; ૨૮). તે મુજબ ખ્રીસ્તને જે સર્વોત્તમ પદવી મળી તે પિતા તરફથી મળી જણાય છે. પોતાના વહાલા દીકરાના કામ વિષે પુરો પ્રસન્ન થઇને ઈશ્વરે તેને સહુથી શ્રેષ્ઠ નામ બક્ષ્યુ છે.

આ નામ કેવુ હશે એ વિષે મતફેર જણાય છે. મુખ્ય મતો નીચે મુજબ છે :—

(૧) કેટલાક ધારે છે કે “નામ” કેવળ અધિકારયુક્ત પદવી સૂચક છે, એટલે કંઇ ખાસ નામ સમજવાની જરૂર નથી (સરખાવો એફે. ૧ ; ૨૧. હેબ્રી. ૧ ; ૪. પ્રક. ૧૯ ; ૧૩) ; એટલુંજ સમજવુ કે ખ્રીસ્તે ઈશ્વરેચ્છા મુજબ તારણનુ કામ પૂર્ણ કીધુ ત્યારે ઈશ્વરે તેને સર્વોપરી ઠરાવ્યો (સરખાવો કલો.

૧; ૧૯, ૨૦), એવી રીતે કે ઈશ્વર સાથે તેની સ્તુતિ કરવામાં આવે છે (પ્રક. ૫; ૧૩). પરતુ ખાસ પ્રસગે નવુ નામ આપવાનો રિવાજ શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે જણાય છે (ઉત્પ. ૧૭; ૫ ૩૨; ૨૮. પ્રક. ૨; ૧૭. ૩; ૧૨) તેથી ઘણુ-ખરાનું માનવું એમ છે કે અહિં તારનારના કંઇ ખાસ નામની સૂચના કરેલી છે.

(૨) કેટલાકનો અભિપ્રાય એવો છે કે "ઇસુ ખ્રીસ્ત" એ નામની અહિં સૂચના રહેલી છે. દેવનો અભિષિક્ત માણુસ થઇને તારનાર નીવડયો એવુ આ નામથી દેખાડવામાં આવે છે; વળી ખ્રીસ્ત તારનાર તરીકે આકાશી સૈન્યોથી સ્તુત્ય મનાય છે (પ્રક. ૫; ૧૨, ૧૩) એથી આ મતને ટેકો મળે છે એમ કહેવામાં આવે છે. પરતુ ખ્રીસ્તના મરણુ પહેલાં આ નામ તેને આપવામાં આવતુ (માત્થી ૨૭; ૧૭, ૨૨) માટે સ્વર્ગારોહણુ સમયે તે આપેલુ ન કહેવાય, એવો આ અભિપ્રાયને સમ્મતિ આપવામાં વાંધો જણાય છે.

(૩) બીજાઓનુ એવુ ધારવુ છે કે "પ્રભુ" એ નામ અહિ સૂચવાય છે. યહુદી લોકો સ્વયભુનુ નામ ("હુ છું"—જુઓ નિર્ગ. ૩; ૧૪) એટલે સુધી પવિત્ર માનતા કે તેનો ઉચ્ચાર તેઓ કરતાજ ન હતા, પણ હસ્તલેખ વાંચતાં એ નામને ઠેકાણે "પ્રભુ" અર્થનું નામ બોલતા. સ્વયભુના નામમાં ચાર હેબ્રી વ્યજન છે (ય, હ, વ, હ) તેની સાથે "પ્રભુ" અર્થના હેબ્રી નામના સ્વર પછીના હસ્તલેખોમાં જોડાયાથી "યહોવાહ" નામ થાય છે, પરતુ એ નામ યહુદી લોકો બોલતા નથી પણ હજુ સુધી "અદોનાય" (પ્રભુ) બોલે છે. સપ્તતિ તરજુમામાં "યહોવાહ" નો અર્થ પદ ૧૧ માં આવેલા (પ્રભુ અર્થના) ગ્રીક શબ્દથી કરવામાં આવે છે. માટે "પ્રભુ" શબ્દ સાંભળીને તે વખતના યહુદીઓને સ્વયંભુનુ પવિત્ર નામ યાદ આવે એમ હતું. અર્થાત્ સર્વનામ કરતાં જે શ્રેષ્ઠ નામ તે "પ્રભુ"થી સૂચવાય છે. એમ ખ્રીસ્તને "પ્રભુ" એ નામ આપીને ઈશ્વરે દેખાડી આપ્યુ કે તે દેવનો અભિષિક્ત તથા માણુસનો તારનાર છે, એટલુંજ નહિ પણુ ખુદ ઈશ્વરના સરખી પદવી પામેલો છે (સરખાવો પ્રે કૃ. ૨; ૩૬). આ મત ઉચિત તથા સકારણુ જણાય છે.

એ માટે કે ઇસુને નામે આકાશમાંનાં તથા ભૂમિપરનાં તથા ભૂમિ તળેનાં સઘળાંનાં ઘુંટણુ ટેકવવામાં આવે. ઈશ્વરે ખ્રીસ્તને જે સર્વોપરી અધિકાર આપ્યો છે તેનો ઉદ્દેશ એવો જણાય છે કે

પદ ૧૦. તારનારની સેવા સર્વત્ર કરવામાં આવે. યશા. ૪૫; ૨૩ માં યહોવાહની સેવા વિષે જે વાત કરેલી છે તે (શબ્દફેર સહિત) ઉતારીને પાઉલ બતાવે છે કે ઈશ્વરપિતાની જેવી સેવા થાય છે તેવી ખ્રીસ્તની પણુ સેવા કરવામાં આવશે (સરખાવો રૂમી. ૧૪; ૧૦, ૧૧). ઈશ્વરસેવા ખ્રીસ્તને નામે થાય છે, એટલુંજ નહિ પણુ ઇસુનું શ્રેષ્ઠ નામ જાણીને ને તે થકી તેને આપેલો

સર્વોત્તમ અધિકાર સમજીને અખિલ બ્રહ્માંડનાં સઘળાં ઇસુની સેવા કરતાં તેની આગળ ઘુંટણે પડશે (સરખાવો રૂમી. ૧૧; ૪). "તારૂં નામ પવિત્ર મનાઓ," એ વિનંતી જ્યારે કરીએ છીએ ત્યારે ઈશ્વરની પવિત્રતા સર્વત્ર મનાઓ એવુ માગીએ છીએ, કેમકે ઈશ્વરનું નામ તે ખુદ ઈશ્વરને પ્રગટાવનારૂં છે. તેમજ ઇસુને નામે પ્રાર્થના કરવી એનો અહિ ખાસ ખ્રીસ્તની પ્રાર્થના કરવી એવો અર્થ થાય છે. ઇસુનુ સર્વોત્તમ નામ એ તારનારનાં વાસ્તવિક લક્ષણો તથા મહત્ત્વ જાહેર કરે છે, તેથી એ નામે નમવુ એટલે ઇસુની ઉપાસના કરવી.

આકાશમાંના પરાક્રમીઓ, ભૂમિપરનાં ઈશ્વરના સઘળાં કૃત્યો તથા કબરમાં સઘળાં રહેનારાં દેવપુત્રનો અધિકાર માને એવો ખ્રીસ્તનું સ્વર્ગારોહણ કરવામાં ઈશ્વર પિતાનો ઇરાદો છે (સરખાવો એફે. ૧; ૧૦, ૨૦–૨૩), ને એ ઇરાદા પ્રમાણે છેવટે ત્રિલોકમાં સમાયલાં સઘળાં તેનું પ્રભુત્વ માનશે (૧ કરી. ૧૫; ૨૭. હેબ્રી. ૨; ૮ પ્રક. ૫; ૧૩). યહોવાહનાં સર્વ કૃત્યો જેમ તેની સ્તુતિ કરે છે (ગીત. ૧૪૮) તેમ તેઓ તેના અભિષિક્તની પણ સ્તુતિ કરશેજ.

કેટલાક ટીકાકારો "આકાશમાંના ભૂમિપરના ભૂમિતળેના." એમ નરજાતિમાં સદરહુ શબ્દોના પ્રત્યયો સમજીને કેવળ દૂત તથા માણસને આ વાત લાગુ પાડે છે, પરતુ નાન્યતર જાતિ સમજવી સકારણ જણાય છે (જુઓ એફે. ૧; ૧૦ નો ખુલાસો).

કેટલીક મડળીઓમાં ઇસુને નામે ઘુટણ ટેકવવાનો એવો અર્થ સમજાય છે કે ઈશ્વરસેવામા "ઇસુ" નામ ઉચ્ચારતાંજ નમન કરવુ, પરતુ ઉપર બતાવ્યા મુજબ આ વાતનો અર્થ મહિમાવાન થએલા ઇસુની સેવા કરવી, એવો થાય છે.

ને ઈશ્વરપિતાના મહિમાને અર્થે પ્રત્યેક જીભ કબૂલ કરે કે ઇસુ ખ્રીસ્ત તે પ્રભુ [છે]. "કબૂલ કરવુ" અર્થનો અસલ શબ્દ પાપ કબૂલ કરવાને અર્થે વપરાય છે (માત્થી ૩; ૬. માર્ક ૧; ૫.
પદ ૧૧. પ્રે. કૃ. ૧૯; ૧૮. યાકુ. ૫; ૧૬), પરતુ સ્તુતિયુક્ત કબૂલાત આપવાને અર્થે પણ તે શબ્દનો ઉપયોગ થાય છે, માટે "સ્તુતિ કરવી" એ તરજુમો ગુજરાતી નવા કરારમાં મળે છે (માત્થી ૧૧; ૨૫. લુક ૧૦; ૨૧. રૂમી. ૧૪; ૧૧: ૧૫; ૯). અહિ ઇસુની સ્તુતિ કરતાં તેના પ્રભુત્વની કબૂલાત આપવી એવો અર્થ સમજવો. જે ઇસુ આપણે માટે દુઃખિત થઇને મરણ પામ્યો તે ઈશ્વરનો અભિષિક્ત મશીહ છે, કેવળ એમ નહિ પરતુ તે પ્રભુ છે એવી કબૂલાત હરેક જીભ આપે એ ઈશ્વરનો મનોરથ જણાય છે (સરખાવો પ્રે. કૃ. ૨; ૩૬. ૧ કરીં. ૮; ૬). "ઇસુ ખ્રીસ્ત તે પ્રભુ છે" એ આદ્ય મડળીમાં વિશ્વાસની સાધારણ કબૂલાત જણાય છે (રૂમી. ૧૦; ૯. ૧ કરીં. ૧૨; ૩). આપણે પણ એ કબૂલાત આપીએ છીએ, તથાપિ ખરા મનથી

આપીએ છીએ કે નહિ એ વિષે પોતાનાં મન પારખવાની ઘણી જરૂર છે. જેને "પ્રભુ" કહીએ છીએ તેને આધીન રહેવુ, તેને ખરૂં માન આપવું તેમજ તેનું રાજ્ય વધારવાને બનતી કોશિશ કરતા રહેવું. એમ કરીએ તોજ વિશ્વાસી થયલા થોમાની પેઠે એવી કબૂલાત આપી શકીશુ કે, "મારા પ્રભુ ને મારા દેવ" (યોહા. ૨૦ ; ૨૮), નહિ તો ખ્રીસ્તની ઠઠ્ઠા મશ્કરી કરનારા સિપાઇઓની પેઠે તેને રાજા કહીને માત્ર તેનું અપમાન કરનારા ઠરીએ છીએ (યોહા. ૧૯ ; ૩).

જેઓ ઇસુ ખ્રીસ્તને પ્રભુ તરીકે માને છે તેઓની વિશ્વાસની કબૂલાતથી ઈશ્વરનો મહિમા થાય છે. ખ્રીસ્તની સેવા કરવાથી ઈશ્વરના મહિમામાં ઘટાડો થાય છે એમ તો નથી, પણ એ મહિમામાં વધારો થાય છે. દેવે ખ્રીસ્તને પોતાનું કામ કરવાને માટે મોકલ્યો છે, ને તે કામનો અગીકાર કરનારાઓ ઈશ્વરપિતાને માન આપે છે (૧ પી. ૧ ; ૨૦, ૨૧). ખ્રીસ્ત વડે બાપનો મહિમા પ્રગટ કરવામાં આવે છે (યોહા. ૧૨ ; ૨૮ : ૧૩ ; ૩૧, ૩૨ : ૧૬ ; ૧૪ : ૧૭ ; ૧, ૨). ખ્રીસ્ત પર વિશ્વાસ રાખીએ છીએ ત્યારે ઈશ્વરે યોજેલો તારણોપાય સ્વીકારીને બાપની સ્તુતિ કરીએ છીએ (રૂમી. ૧૫ ; ૭-૯. ૨ કરીં. ૧ ; ૨૦. એફે. ૧ ; ૬, ૧૨). ખ્રિસોસ્તોમ કહે છે કે, "જ્યાં દેવપુત્ર મહિમાવાન મનાય છે ત્યાં ઈશ્વરપિતા મહિમાવાન મનાય છે, ને જ્યાં દેવપુત્રનું અપમાન થાય છે ત્યાં ઈશ્વરપિતાનું પણ અપમાન થાય છે" (જુઓ લુક ૧૦ ; ૧૬. યોહા. ૫ ; ૨૩). માણસના તારણ વિષે ઈશ્વરનો જે અનાદિ ઇરાદો તેનો એ હેતુ છે કે ઈશ્વરનો મહિમા થાય ; ને એ ઇરાદા મુજબ જે તારનારને મોકલવામાં આવ્યો તેને આધીન થઇને તેને પ્રભુ માનીએ છીએ ત્યારે સદરહુ ઇરાદો ફળીભૂત થાય છે. માટે ઈશ્વરપિતાના મહિમાને અર્થે અંતઃકરણપૂર્વક કબૂલાત આપીએ કે ઇસુ તે પ્રભુ છે.

ખ્રીસ્તનો આવો નમુનો ફિલિપ્પીઓ આગળ ધરીને પાઉલ તેમને બતાવી આપે છે કે ઊંચો થવાનો ઉત્તમ ઉપાય નીચો થવું છે. આ શુભ નમુના મુજબ જે મડળીના લોકો વર્તે છે તેઓમાં અણબનાવ કે તડ થવાનો સંભવ રહેતો નથી. આ નમુનો આપણી દૃષ્ટિ આગળ હવે ખડો થયો છે. પ્રભુ કરે ને આપણે તેનો લાભ લઇએ. આ વાક્યોના ગૂઢાર્થ વિષે અધિક વિવેચન કરવાથી એ લાભ કદાપિ ન મળે. ખ્રીસ્તાવતારનો મર્મ તો મોટો છે, પરંતુ પ્રેરિત એ મર્મનો ખુલાસો કરતો નથી, ને આપણામાંના કોઇથી તેનો ખુલાસો થવાનો નથી. તો પણ આપણી આગળ પ્રેરિત જે ત્રાતાનો નમુનો ધરે છે તેની ઉત્તમતા કોઇ પણ અભણ માણસ સમજી શકે એમ છે. એ નમુનાને નિહાળીને ખ્રીસ્તને અનુસરીએ—તેના જેવુ મન રાખવાને કોશિશ કરીએ—તેના જેવા નમ્ર તથા નિઃસ્વાર્થ થઇએ તોજ આ શ્રેષ્ઠ વાતનો લાભ લીધો કહેવાય. ખ્રીસ્તનો આત્મા આપણને ખ્રીસ્તના જેવું મન પમાડી શકે છે, તે આત્મા વડે પુનર્જન્મ પામીને કૃપાળુ તારનારને અનુસરનારા થઇએ તો મડળીમાં કેવી શાંતિ પ્રસરે!

(ગ) ખ્રીસ્તના આધીનતાપૂર્ણ નમુના ઉપરથી આપેલા વ્યાવહારિક બોધ. પદ ૧૨-૧૮.

ખ્રીસ્તની આધીનતા ધ્યાનમાં લઇને ફિલિપ્પીઓએ પ્રેરિતની ગેરહાજરીમાં સુબીકભરી આધીનતાથી પોતાનુ તારણ સાધી લેવું જોઇએ. અથ ઇતિ ઈશ્વર તો તારણ સાધનાર છે, એ જાણીને તેને શરણ રહીને તારણનાં બધાં સાધનોનો ઉપયોગ કરવો. અણબનાવ ન થાય એવી રીતે સઘળુ કરવું, ને એમ ચાલતા જમાનાના હઠીલા લોક મધ્યે રહી પ્રભુના નિર્દોષ બાળકો તરીકે તેનો શુદ્ધ પ્રકાશ પાડવો. એમ કરવાથી તેઓ ખ્રીસ્તને દિવસે પ્રેરિતને આનંદાસ્પદ નીવડશે, કેમકે તેઓમાં તેનું કામ સફળ થયલુ સિદ્ધ થશે એ કામને લીધે પ્રેરિતનો જીવ જાય તો પણ તેને આનંદ થશે, એવુ દર્શાવીને તે પોતાની સાથે ફિલિપ્પીઓને આનંદ કરવાનું ફરમાવે છે.

તો મારા વહાલાઓ, જેમ તમે હમેશાં આજ્ઞાધીન થયા હતા, તેમ જાણે મારી હાજરીમાંજ નહિ, પણ હાલ વિશેષ મારી ગેર-
પદ ૧૨. **હાજરીમાં, બીક તથા ધ્રુજારી સહિત તમારૂં પોતાનું તારણ સાધવાનું કામ કરતા જાઓ.** પદ ૮ માં ખ્રીસ્તની આધીનતાની વાત આવી હતી એને આધારે તેવીજ આધીનતા રાખવાનો બોધ પ્રેરિત આપે છે. આ બોધ વાંચનારાને ચિત્તાકર્ષક થાય એવો તેમાં પ્રેમભાવ દેખાઇ આવે છે. પ્રીતિથી આપેલી શિખામણ વિશેષ અસરકારક નીવડે છે એવુ પાઉલનુ માનવુ હતું, એ તેના પત્રોમાંના અનેક દાખલાઓથી સિદ્ધ થાય છે (જુઓ ૪; ૧ ૧ કરી. ૪; ૧૪: ૧૦; ૧૪: ૧૫; ૫૮ ૨ કરી. ૭; ૧: ૧૨; ૧૯). ફિલિપ્પીઓ ગત કાળમાં ઇશ્વરેચ્છાને આધીન રહેતા એવું પાઉલ કબૂલ કરે છે. પરતુ કેટલાંક વરસથી તેણે તેમની મુલાકાત લીધી ન હતી, એટલામાં તેઓ મધ્યે પક્ષ પક્ષાની નિશાની જણાયાથી તે સૂચના આપે છે કે, હું વારેવારે તમારી પાસે આવીને તમને બોધ આપું ત્યારેજ આજ્ઞાધીન રહેવું એમ નહિ સમજવુ. કોઇ પણ મનુષ્યની હાજરી પર તારણના કામમાં આધાર ન રાખવો, તેથી ઉલટું, હુ ગેરહાજર છું ત્યારે આજ્ઞાંકિતપણું દેખાડવાની વિશેષ કાળજી રાખવી. ઈશ્વર સાથે તમારૂં કામ છે; તે અમારામાં આત્મિક કામ સાધનાર તરીકે નિત્ય અમારી મધ્યે છે, એમ જાણીને ગર્વ તથા પક્ષાપક્ષી તજી દેતાં સુબીકથી તમારા તારણનુ કામ સાધતા જાઓ.

"આજ્ઞાધીન થવું" એ સુવાર્તા સાંભળવાથી થયલી વિશ્વાસયુક્ત આધીનતા સૂચવે છે (રૂમી. ૧; ૫: ૧૫; ૧૮: ૧૬; ૧૯, ૨૫. ૨ કરીં. ૭; ૧૫. ૧૦; ૫, ૬). એ વાતનો અહિં એવો અર્થ સમજવો કે પ્રેરિતે ફિલિપ્પીઓને વિવિધ પ્રસંગે જે બોધ કર્યો હતો તે માનીને તેઓ ઈશ્વરની પ્રગટ થયલી ઇચ્છાને આધીન થઇને આજ્ઞાંકિત થયા હતા. હાલ પાઉલને તેઓથી વિયોગ વેઠવો

પડે છે, તથાપિ તેની ગેરહાજરીમાં આધીન રહેવાની વિશેષ કાળજી રાખવી. આમ તેઓ ખ્રીસ્તના નમુનાને અનુસરનારા જણાશે; તે આજ્ઞાધીન થયો (પદ ૮) તેવીજ રીતે તેઓએ પણ આજ્ઞાધીન થવુ.

"બીક તથા ધ્રુજારી" એ બે શબ્દો જુના કરારના સપ્તતિ તરજુમામાં સાથે જોડાયલા મળી આવે છે (ઉત્પ. ૯; ૨. ગીત. ૨, ૧૧. યશા. ૧૯; ૧૬). તેમજ ૧ કરી. ૨; ૩. ૨ કરી. ૭; ૧૫. એફે. ૬; ૫ માં ઉભય શબ્દ સાથે આવે છે. આ શબ્દો સાથે જોડાય એ ઉચિતજ છે, કેમકે મનની બીકભરી લાગણીઓ અગકપની મારફતે પ્રગટાય છે. જે બીકમાં આપણે જીદગી ગાળવી (૧ પીત. ૧; ૧૭) તેનો સબધ નમ્રતા સાથે હોય છે (૧ પીત. ૩, ૧૫); તે માણસ વિષે ભય નથી, તેમ પોતાને કઇ અનર્થ થવા વિષે ધારતી નથી (જુઓ ૧ યોહા. ૪; ૧૮) પણ પ્રભુની સુબીક છે (પ્રે. કૃ. ૯; ૩૧. રૂમી. ૩; ૧૮. ૨ કરીં. ૭; ૧), એટલે કૃપાળુ ઈશ્વરપિતાના અનુપકારી કે અણકહ્યાગરાં છોકરાં ન થવા વિષે મનની ચિતાતુર તથા આદરયુક્ત આકાંક્ષા છે (હેબ્રી. ૧૨; ૨૮). તારણનું કામ આપણામાં પૂર્ણ કરાશે એ ખાતરી તો ખરા વિશ્વાસીઓને મળે છે (રૂમી. ૮; ૨૮–૩૯), પરતુ પોતાની અબળતા સમજીને આપણે-નમ્રતાથી ઈશ્વરાધીન રહીને—તેના અપરાધ કરવાથી ડરીને—તારણનાં બધા સાધનો કામમાં લેવાં.

તારણનુ કામ આપણ પોતાથી સાધી શકાતું નથી, તેમાં ઈશ્વર પર આધાર રાખવો પડે છે (પદ ૧૩), પરતુ એ શુભ કામમાં દેવ સાથે કામ કરનારા છીએ (૧ કરી. ૩, ૯), ને એ કામ સપૂર્ણ કરાય ત્યાં સુધી દરેક ખ્રીસ્તીએ મહેનત કરવી એ જરૂરનુ છે. પૂર્ણ તારણ એ વિશ્વાસનું પરિણામ છે, ને વિશ્વાસનો આધાર ઈશ્વરકૃપા પર છે (એફે. ૨; ૮). આ કૃપા નિરર્થક ન થાય માટે મહેનત કરવી પડે છે (૨ કરીં. ૬; ૧). પૂર્ણ તારણની અદર શું શું સમાયલું હોય છે તે ૩; ૧૦ · ૪; ૧–૭. એફે. ૪; ૧૩–૧૬, ૨૨–૨૪. કલો. ૨; ૬, ૭ વાંચવાથી માલમ પડશે. વિશ્વાસ તથા સદ્ગુણો વિષે પ્રૌઢ થવાય ને એમ આપણા વિષે ઈશ્વરની શુભેચ્છા પૂર્ણ કરાય એ હેતુથી નિત્ય મહેનત કરવાની જરૂર છે (૨ પીત. ૧; ૧૦). ઈશ્વરે ધાર્યું હશે તે થશે, એમ દૈવ પર જવાબદારી નાખીને બેસી રહેવુ નહિ પણ દરેક પોતાના તારણ વિષે પ્રભુ આગળ જવાબદાર છે, એમ જાણીને આપણે અહોનિશ પ્રભુ તરફ જોઇને પોતાની આગળ મૂકેલી દોડ દોડવામાં શ્રમ કરવો (હેબ્રી. ૧૨; ૧, ૨).

કેમકે જે પોતાની પ્રસન્નતાને લીધે તમારામાં ઇચ્છવાની તથા કરવાની શક્તિ પ્રેરે છે તે ઈશ્વર છે. તારણના કામમાં મહેનત કરવાનું

પદ ૧૩.

મોટું કારણ આ છે કે આપણામાં કામ કરનાર ઈશ્વર પોતે છે. આપણને વિશ્વાસમાં દઢતર કરવાને અર્થે પ્રેરિત કે પાળક પાસે ન હોય તોએ ઈશ્વર છેજ,—તે આપણી પાસે છે, એટલુંજ નહિ

પણ તે આપણામાંજ છે. તેનું કામ કોઇ પ્રકારે કાચું રહેવાનું નથી– આપણામાં તારણનું કામ અપૂર્ણ રહે તો દોષ આપણોજ છે. આપણે શિર આ મોટી જવાબદારી હોવાને લીધે નમ્રતાથી મહેનત કરવી ફરજીયાત છે. દેવની મદદ ન હોત તો નિરાશ થઇને બેસી રહેવુ પડત, પણ આપણામાં ઈશ્વર પ્રેરણા કરે છે એથી સતત પ્રયત્ન કરવાને ઉત્તેજન મળે છે. સ્વપુણ્યથી તારણ નથી એ વાત સત્ય છે, પરતુ તારણના સાધનનો ઉપયોગ કર્યા વિના તારણ નથી એ ભૂલવું નહિ.

ઈશ્વરની તારણસાધક પ્રેરણા વિષે આ વાક્ય પરથી નીચે મુજબ માલમ પડે છે:--

(૧) આ પ્રેરણા દેવની પ્રસન્નતાને લીધે થાય છે (સદરહુ પ્રેરણા વિષે જુઓ એફે. ૧; ૫, ૯). માણસના તારણ વિષે ઈશ્વરની જે શુભેચ્છા (૧ તીમ. ૨; ૪) તેને લીધે (તે શુભેચ્છા ફળીભૂત કરવાના હેતુથી) ઈશ્વર આપણામાં પ્રેરણા કરે છે. પોતાનો મનોરથ પૂર્ણ કરવા સારૂ તે આપણામાં શુભ વિચાર તથા સુકૃત્યો કરવાની શક્તિ પ્રેરે છે (જુઓ એફે. ૨; ૧૦).

(૨) આપણામાં રહીને ઈશ્વર આ પ્રેરણા કરે છે. પોતાનાં વચનવડે (૧ થેસ્સા. ૨; ૧૩), પોતાના પુત્રવડે (યોહા. ૧૪; ૨૩: ૧૫; ૫. એફે. ૩; ૧૭. કલો. ૧; ૨૭) તેમજ પોતાના આત્માવડે (યોહા. ૧૪; ૧૭) ઈશ્વર પોતાના લોકનાં હૃદયોમાં પોતાનું રહેઠાણ કરીને તેઓમાં પ્રેરણા કરે છે (૧ કરીં. ૧૨; ૬). તે સઘળી સુબુદ્ધિ તથા સર્વે સામર્થ્યનો ઝરો છે, ને કેવળ તેની ગાઢ સગતમાં રહીને આપણે કઇ શુભ કામ કરી શકીએ એમ છે.

(૩) ઈશ્વરની આ પ્રેરણા વગર આપણે કઇ શુભ ધારણા કે સુકૃત્ય કરી શકતા નથી. સારી ઇચ્છા (કે સારો ઠરાવ) કરવાની શક્તિ પોતામાં છેજ નહિ— ઈશ્વરની પ્રેરણાથીજ એવી શક્તિ મળે છે (૨ કરી. ૩; ૫). શુભ કામ કરવાનો ઠરાવ ઈશ્વરની કૃપાથીજ મનમાં થાય છે તેમ એવો ઠરાવ અમલમાં લાવવાનું બળ પણ ઈશ્વર પાસેથીજ મળે છે. પાઉલનું આત્મિક જીવનચરિત્ર આ વાતના દાખલારૂપ છે (રૂમી. ૭; ૧૪-૨૩. ગલા. ૨; ૮). લાલ સમુદ્ર આગળ ઈશ્વરે ઇસ્રાએલીઓમાં આગળ ચાલવાનો ઇરાદો ઉપજાવીને તેમને ફતેહ સહિત પાર ઉતાર્યા (નિર્ગ. ૧૪; ૧૫, ૨૪-૩૧) તેમ આપણામાં પણ તે ઠરાવ કરવાની તેમજ તે અદા કરવાની શક્તિ પ્રેરે છે. ઑગસ્તીન ધર્મપિતૃ લખે છે કે "આપણે ઠરાવ કરીએ છીએ તે આપણામાં થયલી ઈશ્વરની પ્રેરણાથીજ; આપણે કામ કરીએ છીએ તે પણ ઈશ્વરની પ્રેરણાનેજ લીધે." આપણી ઇચ્છાશક્તિને પ્રેરીને ઈશ્વર મનમાં થયલી શુભેચ્છાઓ મુજબ સુકૃત્યો કરવાનુ બળ પણ પમાડે છે. અથ ઇતિ આપણું તારણ ઈશ્વરથીજ છે, એ જાણીને આપણે મનની ધારણાઓ તેમજ સઘળાં કૃત્યોના સબધમાં ઈશ્વર સાથે કામ કરનારા થવુ. એવી સગતથી જે સદ્વર્તન નીપજે છે તેની કેટલીક વિગત હવે પછી આપવામાં આવે છે.

કચકચ તથા વિવાદ વિના બધું કરો. પ્રભુની આજ્ઞા માનીને તેની
સગતમાં રહી તેની સેવાને લગતું દરેક કામ કરવુ, એટલુંજ નહિ પણ ઉલટભેર
તથા પ્રીતિસહિત દરેક કામ કરવુ. અરણ્યમાં ઇસ્રાએલીઓ
પદ ૧૪. કચકચ કરતા (૧ કરીં. ૧૦ ; ૧૦) તેવી રીતે સ્વર્ગીય વતન
તરફ મુસાફરી કરવી નહિ ; તેમ માંહોમાંહે નિષ્કારણ વાદવિવાદ કરવા નહિ. ખ્રીસ્તના પ્રથમ શિષ્યો વિવાદ કરતા (લુક ૯ ; ૪૬), પ્રેરિતોના જમાનામાં પણ મડળીમાં નિરર્થક વાદવિવાદ થતા, ને અર્વાચીન મડળીમાં વિવાદ કઇ ઓછા થતા નથી. પરતુ ખ્રીસ્ત ઈસુના જેવુ મન આપણામાં હોય તો દેવનો ઉપકાર માનીને કચકચ મૂકી દઇશું, તેમ એક બીજાનાં વાનાં પર લક્ષ આપીને વિવાદ છોડીશું. ફિલિપ્પીઓને સારૂ આ બોધ અગત્યનો હતો તેમ ગુજરાતની મડળીઓને સારૂ તે ઘણી જરૂરનો માલમ પડે છે.

એ માટે કે તમે નિરપરાધી તથા નિર્મળ, કુટિલ તથા અડીએલ પેઢી મધ્યે દેવના નિર્દોષ છોકરાં, થાઓ. ઇસુ ખ્રીસ્તના જેવો ભાવ
રાખીને ઈશ્વરની મદદથી તારણના સાધનનો ઉપયોગ કરવાનુ
પદ ૧૫. ખ્રીસ્તીઓમાં એવુ પરિણામ થશે કે તેઓ બદલાઇ જઇને
બધાંની આગળ વર્તણુકમાં નિરપરાધી માલમ પડશે, પોતાનાં મનમાં નિષ્કપટ તથા નિર્મળ થતા જશે, ને દેવનાં છોકરાંને શોભે તેવા છેવટે ડાઘરહિત નીવડશે

અવિશ્વાસી લોકોનુ અહિંના જેવુ વર્ણન શાસ્ત્રમાં ઠેકાણે ઠેકાણે આવે છે. પુન. ૩૨ ; ૫ ઉપરથી નવા કરારમાં તેમનુ આવુજ વર્ણન કરેલુ જણાય છે (જુઓ મા. ૧૨ ; ૩૯ : ૧૭ ; ૧૭. લુક ૯ ; ૪૧. પ્રે. કૃ ૨૦ ; ૩૦) એવા લોકોથી દેવના ભક્તો જુદાજ પ્રકારના હોય છે (મા. ૧૦ ; ૧૬. લુક ૧૦ ; ૩. યોહા. ૧૭ ; ૧૫). તેઓ ઈશ્વરપિતાની કૃપાથી દેવનાં છોકરાં થયા છે (૧ યોહા. ૩ ; ૨), દત્તકપુત્રપણાનો આત્મા પામ્યા છે (રૂમી ૮ ; ૧૫, ૧૬), ખ્રીસ્ત પર વિશ્વાસ કરનારા છે (યોહા. ૧ ; ૧૨. ૧ યોહા. ૫ ; ૧), માટે તેઓમાં ન્યાયીપણું તથા પ્રીતિ માલમ પડે છે (૧ યોહા. ૩ ; ૧૦). જુંડાઇ કરવાની હઠ લેનારા તથા અસત્ય ભર્યા પ્રપચ કરનારા અવિશ્વાસીઓમાં ઈશ્વરના ખરા ભક્તો કાગડાંઓમાં રહેતા હસ જેવા દેખાય છે. ઈશ્વર આગળ આજ્ઞાંકિત તથા નમ્ર થવાથી આવો દેખાવ દેખાડી શકાશે.

તેઓમાં જીવનનુ વચન ધરી રાખીને તમે જયોતિઓની પેઠે જગતમાં [પ્રકાશિત] દેખાઓ છો. કાલ્વિન આ વાક્ય આજ્ઞાર્થે સમજીને "દેખાઓ" એવો તરજુમો કરે છે (સરખાવો યશા. ૬૦ ; ૧), પરતુ ઘણાખરા ટીકાકારો ઉપર આપેલો તરજુમો પસંદ કરે છે. ક્રિયાપદમાં જ્યોતિઓના ઉગવાની સૂચના રહેલી છે એમ ભાષાશાસ્ત્રીઓ જણાવે છે જગત અધકારરૂપ છે માટે તેમાંના લોક અધરાયલા હોય છે (યોહા. ૩ ; ૧૯). પરંતુ ખ્રીસ્ત જગતનું

અજવાળું છે (યોહા. ૧ ; ૯ ૮ ; ૧૨ ૯ ; ૫ ૧૨ ; ૪૬) ને તેના પ્રકાશના પ્રતિબિંબ તેના લોકોમાં નજરે પડે છે (માત્થી ૫ ; ૧૪–૧૬. એફે. ૫ ; ૮. ૧ થેસ્સા. ૫ ; ૫. સરખાવો દાની. ૧૨ ; ૩). ખ્રીસ્તનું આપેલું અજવાળુ જીવનરૂપ છે (યોહા. ૧ ; ૪. સરખાવો ગીત. ૧૧૯ ; ૧૦૫, ૧૩૦). જેઓ તેના પ્રકાશમાં આવ્યા નથી તેઓ હજુ મરણછાયામાં બેઠેલા છે (લુક ૧ ; ૭૯. સરખાવો ૧ યોહા. ૫ ; ૧૧, ૧૨). ખ્રીસ્ત જીવનનો શબ્દ કહેવાય છે (૧ યોહા. ૧; ૧) ને તેને શરણે આવનારાઓને જીવનદાયક અજવાળુ મળે છે (યોહા. ૯ ; ૫). તારનાર પાસે જીવનની વાતો છે (યોહા. ૬; ૬૮), કેમકે તેની વાત સ્વીકારનારાઓ મુએલાંમાંથી સજીવન થાય છે (રૂમી. ૬ ; ૪, ૧૧, ૧૩ ૮ ; ૬, ૧૦. એફે. ૨ ; ૧. કલો. ૨ ; ૧૩). તેટલાજ માટે આપણે ખ્રીસ્તની વાત (એટલે જીવનનુ વચન) દૃઢ રીતે પકડી રાખીને તે વડે પોતાના માર્ગ પર તેમજ અધરાયલા લોકો પર પ્રકાશ પાડવો જોઇએ (પ્રે. કૃ. ૫ ; ૨૦. ૧ તીમ. ૪ ; ૧૬). સુવાર્તારૂપી દીવા વિના આ જગતના લોકોમાં ચાલીએ તો તેઓ પ્રત્યે આપણે પ્રકાશિત દેખાવ દઇશુ નહિ પણ તેઓના જેવા અધકારમા રહીને અવળે માર્ગે ઠોકરાતાં ચાલીશું. ખ્રીસ્તના પ્રકાશમાં રહીને જ્યોતિઓ જેવા દેખાવા માટે, તેમ ખ્રીસ્તની વાત પ્રગટ કરતાં બીજાઓને પ્રકાશ આપવા માટે, ખ્રીસ્તના નમુનાનુસાર ચાલવાની અગત્ય છે.

એવી રીતે કે ખ્રીસ્તને દિવસે મને વડાઇ કરવાનું [આ કારણ] મળે કે હું વૃથા દોડયો નથી તેમ વૃથા શ્રમ કીધો નથી. ખ્રીસ્તના દિવસ વિષે જુઓ ૧ ; ૬ નો ખુલાસો તે દિવસે પોતાના

પદ ૧૬. શિષ્યોના પૂર્ણોદ્ધારમાં આનંદ કરવાની પાઉલ અપેક્ષા રાખતો (જુઓ ૨ કરી. ૧ ; ૧૪ ૧ થેસ્સા. ૨ , ૧૯. સરખાવો સફ. ૩ ; ૨૦). ફિલિપ્પીઓ જો પોતાનુ તારણ સાધવાનુ કામ કરતાં કરતાં બીજાઓને તારણની વાત જણાવે તો તેનું એવુ પરિણામ થશે કે ખ્રીસ્ત આવશે ત્યારે તેઓ વિષે પાઉલ નિર્દોષ વડાઇ કરી શકશે. એ વડાઇ કરવાનું એવુ કારણ થશે કે તેણે તેઓની પાછળ જે મહેનત કીધી છે તે પાણીમાં ન જતા સફળ થઇ છે, એ સિદ્ધ થશે. પ્રેરિત પોતાની જીંદગી અખાડામાં દોડેલી સરત સમાન સમજતો (પ્રે. કૃ. ૨૦ ; ૨૪. ૧ કરી. ૯ ; ૨૪–૨૭. ૨ તીમ. ૪ ; ૭). સુવાર્તિકનુ કામ તે શ્રમભરી મહેનત પણ લેખવતો (કલો. ૧ ; ૨૯. ૧ થેસ્સા. ૨ ; ૯). એ દોડ તથા શ્રમ તેના શિષ્યોના તારણના સબધમાં તેમની અસ્થિરતાથી કદાપિ નિષ્ફળ નીવડે એવી ભીતિ વારવાર તેના મનમાં ઉપજતી (૨ કરીં. ૬ ; ૧. ગલા. ૨ ; ૨ : ૪ ; ૧૧. ૧ થેસ્સા. ૩ ; ૫. સરખાવો યશા. ૪૯ ; ૪). ફિલિપ્પીઓ વિષે સારી આશા રખાતી, તથાપિ તેમને આ ચેતવણી આપવી આવશ્યક દીસે છે તે તેમના હકમાં અતિશય મહેનત કરવા તૈયારજ છે, પરતુ તેમણે સભાળવાનુ છે, રખેને તેમની ભૂલચુકને કારણે તેની મહેનત નિષ્ફળ નીવડે.

પરંતુ જો કે તમારા વિશ્વાસના યજ્ઞાર્પણ તથા સેવા પર હોમાઉં તોપણ હું આનંદ કરૂં છું, હા, તમ સર્વની સંગાથે આનંદ કરૂં છું. યહુદી
યાજકો યજ્ઞ સાથે તેલ તથા દ્રાક્ષરસ પેયાર્પણ તરીકે અર્પતા
પદ ૧૭ (નિર્ગ ૨૯ ; ૩૮–૪૨. ગણ. ૧૫ ; ૩–૧૦) ; પાઉલના
જમાનાના વિદેશી પુજારીઓ અર્પણો સાથે તર્પણ કરતા ; વેદધર્મ મુજબ પુજામાં સોમરસ રેડવામાં આવતો, ને આજ સુધી હવનમાં ઘી હોમાય છે—એ સાધારણ યજ્ઞરીતિની અહિં સૂચના કરવામાં આવે છે. યજ્ઞ કરનારાઓ ફિલિપ્પી ખ્રીસ્તીઓ છે, તેઓ જાણે યાજકો તરીકે પ્રભુની સેવા કરે છે (લુક ૧ ; ૨૩. હેબ્રી. ૯ ; ૨૧ : ૧૦ ; ૧૧) ને તેની આગળ અર્પણ ચઢાવે છે. આ સેવા વિશ્વાસની સેવા છે કેમકે વિશ્વાસને કારણે ને વિશ્વાસને આસરે તેઓ ઈશ્વરભક્તિ કરે છે,—ખરૂં જોતાં તેઓથી ચઢાવેલું અર્પણ તે તેમનો વિશ્વાસજ છે હવે એ તેમના વિશ્વાસની સાથે જો પાઉલનુ રક્ત પ્રભુ આગળ રેડવામાં આવે,—જો સુવાર્તા પ્રગટ કર્યાને લીધે તેને રૂમમાં દેહાંતદંડની સજા કરવામાં આવે—તો એ વિષે દુઃખી ન થતાં તેઓએ જાણવુ કે અમારા પ્રિય પ્રેરિતના મરણથી અમારૂં વિશ્વાસરૂપી યજ્ઞાર્પણ સપૂર્ણ થયુ છે. પાઉલને દેહાંતદંડ કરવામાં આવે એ કંઇ અસભવિત નહોતું, ને એમ થાય તો પાઉલ દુ.ખી થવાનો નથી (જુઓ ૧ ; ૨૩), પણ મારા મરણથી પ્રભુની સેવામાં અધિકતા થશે એમ સમજીને તે આનદ કરે છે. એટલુંજ નહિ પણ મારા મરણથી તમારો આત્મિક લાભ થશે (સરખાવો એફે. ૩ ; ૧૩)—ખ્રીસ્તના શરીરમાં સાથી અવયવો હોવાના કારણથી (૧ કરી. ૧૨ ; ૨૬) મારો આનદ એ તમારો પણ આનદ,—એમ સમજીને હુ તમારી સગાથે આવા મરણના વિચારથી આનદ કરૂં છું, એમ પ્રેરિત જણાવે છે. અર્થાત્ મારા મરણથી પ્રભુનો મહિમા થશે, એમ જાણીને તે શિષ્યોને પોતાના આનદના ભાગીદાર કરવા માગે છે (સરખાવો લુક ૧૫ ; ૬, ૯).

"તમ સર્વની સાથે આનદ કરૂં છું" એને બદલે "હુ તમ સર્વને મુબારકબાદી આપુ છું" એવો કેટલાક ટીકાકારો તરજુમો કરે છે. અહિ આવેલા અસલ શબ્દનો એવો અર્થ થઇ શકે ખરો, પરતુ આ ઠેકાણે ઉપર આપેલો તરજુમો યુક્ત લાગે છે.

તેમજ તમે પણ આનંદ કરો, હા, મારી સંગાથે આનંદ કરો. ઉપર કહેલો આનંદ પરસ્પર હોવો જોઇએ. ફિલિપ્પીઓએ પાઉલનાં બધન તથા
તેના જીવના જોખમ વિષે દિલસોજી દર્શાવી હશે, પરંતુ તે
પદ ૧૮. જણાવે છે કે કદાપિ પ્રભુને લીધે મારૂં જીવાર્પણ થાય તો પણ
તત્સંબધી શોક તો નહિ પણ આનદ કરવો. પ્રભુનો સાહેદ થઇને જીવનનો મુગટ પામુ, એમાં મારે તો આનંદજ છે તો તમે પણ આ મારા આનંદના ભાગિયા થઇને મારી સાથે હરખ કરો. આનદ વિષે પણ પાઉલમાં સ્વાર્થ નથી.

તે એમ ઇચ્છે છે કે મારા મરણથી પ્રભુનો મહિમા પ્રગટ કરવા પામુ તો તેમાં મારા વહાલા શિષ્યો પણ આનંદ કરે.

આ વાક્યોથી ધર્મપિતૃ ઇગ્નાટીઅસના મરણની હકીકત યાદ આવે છે. મોત સહ્યા પહેલા તેણે રૂમના ખ્રીસ્તીઓ ઉપર એવુ લખ્યુ કે "વેદી તૈયાર રહેતી હોય એટલામાં હું ઈશ્વર આગળ પેયાર્પણ તરીકે રેડાઉ એજ મારી માગણી છે; ને એમ થાય તો તમારે પ્રીતિયુક્ત ગાયનસભા કરીને ઇસુ ખ્રીસ્તની સગત રાખીને ઈશ્વરપિતાની ઉપકારસ્તુતિ કરવી." અત્યાર સુધી મૉરેવિયન ભાઇઓની મડળીના સુવાર્તાપ્રસારકો વિદેહ થાય છે ત્યારે તેમના સાથીઓ "ટે ડેઅમ" નામનુ પ્રખ્યાત પ્રાચીન સ્તોત્ર ગાય છે. પ્રભુનો મુસાફર પ્રવાસ પુરો કરીને ઘેર આવે છે, પ્રભુનો યોદ્ધો લડાઇમાં જીત મેળવીને રાજનગરમાં પ્રવેશ કરે છે, પ્રભુનો પહેલવાન ફતેહસહિત નિશાન આગળ પહોંચી જાય છે ત્યારે હરખ કેમ ન કરવો? મારાથોનની લડાઇમાંથી જયની ખબર લઇને દોડનારાએ આનદદાયક સદેશા પહોંચાડવામાં એટલો બધો શ્રમ કીધો કે ખબર આપતાંજ તે ભોંય પર ઢળી પડીને વિદેહ થયો. તેના છેલ્લા શબ્દ આ હતા, "હરખાઓ, હા, હરખાઇએ છીએ." પ્રભુમા જેઓ ઉંઘી જાય છે તેમને ધન્ય છે, માટે તેમના વિષે રૂદન તો નહિ પણ આનદ કરીએ. વળી પ્રભુમાં આનદ કરીને આપણે સદાય તેને મહિમા આપીએ,- પછી તે જીવનથી હોય કે મરણથી.

(ઈ) રૂમથી સદેશિયાઓને મોકલવા વિષે. તીમોથી તથા એપાફ્રોદીતને લગતી વાત. પદ ૧૯-૩૦.

૧૯ પરંતુ હું પ્રભુ ઇસુમાં આશા રાખુ છું કે તમારી પાસે તીમોથીને
વહેલો મોકલીશ, એ સારૂ કે તમારી બિના જાણીને હું પણ ઉલ્લાસી
થાઉ. ૨૦ કેમકે તમારી બિના વિષે ખરી રીતે ચિન્તા રાખે એવો
એના સરખા સ્વભાવનો [બીજો] કોઇ મારી પાસે નથી. ૨૧ કારણ
કે સઘળા ઇસુ ખ્રીસ્તનાં તો નહિ પણ પોતાનાં વાનાં શોધે છે. ૨૨ પણ
તે કેવો પરખાયલો છે તે તમે જાણો છો, [એટલે] કે બાપ પ્રત્યે
દીકરો [કરે] તેવી રીતે તેણે સુવાર્તા[ના પ્રસાર]ને અર્થે મારી સાથે
સેવા કીધી. ૨૩ એ માટે હું આશા રાખું છું કે હું તેને લાગલોજ
મોકલી દઇશ, [એટલે] મારૂં કેમ થશે એ જાણીશ તેજ વેળાએ.
૨૪ પણ હું પ્રભુમાં એવો ભરોસો રાખું છું કે હું પોતે વહેલો આવીશ.
૨૫ તેમ છતાં તમારી પાસે એપાફ્રોદીતને મોકલવો મેં આવશ્યક ગણ્યું
છે, તે તો મારો ભાઇ તથા સાથીકામદાર તથા સહયોદ્ધો, તેમજ
તમારો પ્રેરિત ને મારી ગરજ વિષે [મારી] સેવા કરનાર છે.

૨૬ કેમકે તે તમ સર્વનો ઘણોજ અભિલાષી હતો, વળી તેના માંદા
થવા વિષે તમે સાંભળ્યું તેથી તે ઉદાસ રહેતો હતો. ૨૭ તે તો મરણ-
તોલ માંદો થયો હતો ખરો, પણ દેવે તેના પર દયા કીધી, ને કેવળ
તેના પરજ નહિ પણ મારા પર પણ, કે મને શોક પર શોક ન થાય.
૨૮ મે તેને વિશેષ આતુરતાથી મોકલ્યો છે એ સારૂ કે તમે તેને ફરીથી
જોઇને આનંદ કરો તેમજ મારો શોક પણ ઓછો થાય. ૨૯ એ માટે
સર્વ [પ્રકારના] આનંદ સહિત તેનો પ્રભુમાં અંગીકાર કરો, ને
એવાંઓને માનવંત ગણો; ૩૦ કેમકે, તમારી મારા પ્રત્યેની સેવામાં
જે અધુંરૂં તે પૂર્ણ કરવાને પોતાનો જીવ [જાણે] હોડમાં મૂકીને, તે
ખ્રીસ્તના કામની ખાતર મરણની અણી પર આવ્યો હતો.

પ્રેરિતે ફિલિપ્પીઓ આગળ ખ્રીસ્ત ઇસુનો નમુનો રજુ કરીને તે ઉપરથી ફિલિપ્પીઓને પૂર્વોક્ત બોધ આપ્યો હતો, હવે પોતાની વાત કાઢીને તે રૂમથી ખ્રીસ્તના નમુનાને અનુસરનારા બે ભાઇઓને મોકલવાની હકીકત કરે છે. તે તો આશા રાખે છે કે થોડી વારમાં હુ પોતે છૂટીને આવી શકીશ, પરતુ મારૂં આવવું ક્યારે થશે એ નક્કી ન હોવાથી હુ તીમોથીને મોકલીશ, એવો ઇરાદો જણાવે છે. તીમોથીનું આવવુ પાઉલના મામલાના નિર્ણય થવા પછી બની શકશે, ને કદાપિ એમાં જરા વાર થાય, માટે હાલ આ પત્ર લઇને તે તેમની મુલાકાતના ઉત્સુક એપાફ્રોદીતને મોકલે છે. તીમોથી તથા એપાફ્રોદીતની જે હકીકત આપવામાં આવે છે તે ઉપરથી જણાય છે કે તેઓ ખ્રીસ્તના જેવુ મન રાખનારા છે. તેઓ પોતાનાં વાનાં પર નહિ પણ ઇસુ ખ્રીસ્તનાં વાનાં પર લક્ષ આપનારા દેખાય છે. ભાઇઓની ચિંતા રાખીને તેઓ પોતાના સુખ વિષે ચિંતાતુર નથી, પણ પ્રેરિતની પેઠે સુવાર્તાના કામમાં આત્મભોગ આપવા પણ તૈયારજ છે. આવા ખરા ભક્તોના દાખલાથી ફિલિપ્પીઓને પાઉલના બોધની અધિક સમજ પડે એ નિ સદેહ છે.

પરંતુ હું પ્રભુ ઈસુમાં આશા રાખું છું કે તમારી પાસે તીમોથીને વહેલો મોકલીશ, એ સારૂ કે તમારી બિના જાણીને હું પણ ઉલ્લાસી થાઉં. પ્રેરિતે ફિલિપ્પીઓના વિશ્વાસરૂપી અર્પણ પર

પદ ૧૯. હોમાવાની વાત લખી હતી પરતુ એવી આશા રાખે છે કે સુવાર્તાનું કામ કરવાને અર્થે હું થોડી વારમાં છૂટી જઇશ (૧ ; ૨૫), માટે મારા મામલા વિષે સારી ખબર મોકલવાનો વખત જલદી આવશે એવી તે વકી જણાવે છે (પદ ૨૩). એ વખત આવશે ત્યારે તેમની પાસે તીમોથીને મોકલવાનો તેનો ઇરાદો છે. પ્રભુમાં રહીને (પ્રભુના માર્મિક શરીરના એક અવયવ તરીકે) પાઉલ સદરહુ આશા રાખતો. આ પત્રમાં "પ્રભુમાં" નીચે લખેલાં કૃત્યો કરાવવાની સૂચના આપેલી છે :—

પ્રભુમાં ખાતરી કે ભરોસો રખાય છે (પદ ૨૪. ૧ ; ૧૪).
પ્રભુમાં સ્થિર રહેવાય છે (૪ ; ૧).
પ્રભુમાં આનંદ કરાય છે (૩ ; ૧ . ૪ ; ૪, ૧૦).
પ્રભુમાં ભાઇઓનો અંગીકાર કરાય છે (પદ ૨૯).
પ્રભુમાં એકજ મન રખાય છે (૪ ; ૨).

પાઉલને વારવાર સુવાર્તાના કામમાં દુઃખ થતું (૨ કરીં. ૭ ; ૫-૭. ગલા. ૪; ૧૯. ૧ થેસ્સા. ૩ ; ૬-૮). હાલ પણ દુઃખ અધિક થતું, પરતુ ફિલિપ્પીની મંડળીમાં શાંતિ થઇ છે એવી ખબર મળે તો તેનો જીવ ખુશ થાય એમ હતું. તીમોથી ફિલિપ્પીઓની મુલાકાત કરે ત્યારે તેઓ તો ખુશ થયા વગર ન રહે, ને તેઓમાં કામ કરીને તે શાંતિ કરાવે તો એ જાણીને પાઉલ પણ ખુશ થાય એવી સૂચના આ વાક્યમાં રહેલી છે.

કેમકે તમારી બિના વિષે ખરી રીતે ચિંતા રાખે એવા એના સરખા સ્વભાવનો [બીજો] કોઈ મારી પાસે નથી. આ પત્ર લખતી વેળાએ પાઉલની પાસે કોણ કોણ હતા તે જાણવાનાં સાધન
પદ ૨૦. નથી, પરતુ ફિલિપ્પીઓની બધી વાત વિષે વાસ્તવિક કાળજી રાખે એવો તીમોથીના જેવી પ્રકૃતિવાળો બીજો કોઇ ન હતો એ સ્પષ્ટ છે. એના જેવો બીજો કોઇ લાયક હોત તો તેને મોકલીને તીમોથીને પોતાની પાસે રાખવાનો ઠરાવ કરત, પરતુ એવો કોઇ નથી માટે લાચાર થઇને પ્રેરિત તેનેજ મોકલવાનો ઇરાદો કરે છે. "ચિંતા ન કરવી" એવી પાઉલની (૪ ; ૬) તેમજ પાઉલના ધણીની પણ આજ્ઞા છે (માત્થી ૬ ; ૨૭, ૨૮, ૩૧, ૩૪ ૧૦ ; ૧૯. લુક ૧૦ ; ૪૧ · ૧૨ ; ૧૧), તથાપિ એ પોતાનાં વાનાં વિષે અવિશ્વાસ ભરી ચિંતા વિષે મનાઇ હુકમ જણાય છે. ખ્રીસ્તીઓએ તો પ્રભુની વાતો વિષે (૧ કરી. ૭ ; ૩૨, ૩૪), એક બીજાની સ્થિતિ વિષે (૧ કરીં. ૧૨ ; ૨૫) તેમજ મંડળીઓની હાલત વિષે (૨ કરીં. ૧૧ ; ૨૮) વિશ્વાસભરી કાળજી રાખવી. ફિલિપ્પીની મંડળી વિષે તીમોથી પુરેપુરો માહિતગાર હતો (જુઓ ૧ ; ૧ નો ખુલાસો) માટે તે તેમની આત્મિક સ્થિતિ વિષે ધર્મપિતા તરીકે વત્સલતાથી કાળજી રાખે એવો હતો.* આવી સપ્રેમ ચિંતા રાખે એવો બીજો કોઇ ભાઇ પાઉલની પાસે આ વેળાએ જણાતો ન હતો.

કારણ કે સઘળા ઇસુ ખ્રીસ્તનાં તો નહિ પણ પોતાનાં વાનાં શોધે છે. પદ ૨૦, ૨૨ માં તીમોથીનાં વખાણની જે વાત આવે છે તે સમજાય એમ છે, કેમકે તીમોથીના જેવા ખ્રીસ્તને અનુ-
પદ ૨૧. સરનારા થોડા હતા, પરતુ આ વાક્યમાં અન્ય ભાઇઓની ટીકા કરવામાં આવે છે તેનો સતોષકારક ખુલાસો કરવો મુશ્કેલ છે. લુકના

---

* "ખરી રીતે" અર્થનો અસલ શબ્દ કૌટુંબિક સબંધ દર્શક ગણાય છે.

જેવા ભરોસાદાર તથા આસ્થિત મદદગારો આ વખતે પાઉલ સાથે ન હતા એમ ઘણાખરા ટીકાકારો માને છે. બીજાઓ ધારે છે કે સારા, લાયકીવાળા કામદારો હશે પણ તેઓ બીજા જરૂરના કામમાં રોકાયલા હોવાથી તેમની વાત પાઉલ કરતો નથી. પત્ર લખતી વેળાએ રૂમમાં પ્રભુનું કામ ભાવથી કરનારા હતા એ ૧; ૧૪–૧૭ પરથી જણાય છે, પરતુ તેઓમાં આ કામને માટે જેઓ લાયક ગણાય એવા હતા, તેઓ કદાચ લાંબી મુસાફરી કરવા આનાકાની કરતા હશે ખરો પ્રીસ્તી વખતે એવી મુસાફરીથી ડરીને પ્રીસ્તનું કામ નહિ, પણ પોતાનું સુખ તાકે એમ બને. યોહાન માર્કે એમ કર્યું હતું (પ્રે. કૃ. ૧૩; ૧૩ ૧૫; ૩૮) તથાપિ તે પછીથી ઘણોજ ઉપયોગી નીવડયો (૨ તીમ. ૪; ૧૧). પાઉલ પોતે સુવાર્તાના કામમાં પોતાનો લાભ શોધતો ન હતો (૧ કરી. ૧૦; ૩૩. સરખાવો ૧ કરીં. ૧૩; ૫), ને પોતાના બધા સંગાથીઓ પાસે એવું માગતો કે તેઓ પણ ઇસુ પ્રીસ્તની સુવાર્તાનું કામ તાકીને પોતાનો સ્વાર્થ તજી દે. આ માગણી મુજબ થયું નહિ તેથી, ને વળી વિરોધીઓના કારણથી તેની લાગણીઓ દુઃખાયલી હોવાથી, તે આ વાક્યમાં જુસ્સાથી લખે છે, એમ સંભવે છે. પરતુ આ તેના વચન ઉપરથી આપણે શિર પ્રીસ્તના કામમાં નિઃસ્વાર્થ થવાની તથા જોખમ ખમવાની કેવી ફરજ રહેલી છે એ જાણીને આપણે સુવાર્તા પ્રસાર કરવા વિષે વધતી આસ્થા રાખવાનો ઠરાવ કરવો જોઇએ. કામ કરવાની સરત, સ્થળ કે અનુકૂળતા વિષે જેઓ આનાકાની કે કચકચ કરે છે, અથવા તો કામ કરવામાં વેઠેલા દુઃખ વિષે જેઓ ફરિયાદ કર્યા કરે છે, તેઓ કેટલા બધા, ને પાઉલ તથા તીમોથી જેવા કેટલા થોડા છે! પ્રીસ્તના જેવુ મન હોય તોજ પોતાનાં વાનાંનો નકાર કરીને પ્રભુ ઇસુનો મહિમા હરેક રીતે પ્રસિદ્ધ કરવાને લાયક થઇશું.

પણ તે કેવો પરખાયલો છે તે તમે જાણો છો, [એટલે] કે બાપ પ્રત્યે દીકરો [કરે] તેવી રીતે તેણે સુવાર્તા[ના પ્રસાર]ને અર્થે મારી સાથે સેવા કીધી. પરીક્ષણ સહન કરવાથી પ્રીસ્તી
પદ ૨૨. માણુસ પરખાયલો થાય છે (યા. ૧; ૧૨), તેવો તીમોથી પરખાયલો છે એમ ફિલિપ્પીઓ જાણતા હતા. "પરીક્ષણ સહન કરવાથી તેણે સદ્ભાવનું કેવું પ્રમાણ આપ્યું છે એ તમે જાણો છો," એવો આ વાક્યના પૂર્વાર્ધનો અર્થ જણાય છે. પાઉલ પરખાયલો થયો (૨ કરીં. ૧૧; ૨૩–૨૮) તેવીજ રીતે પાઉલ સાથે ફરનારો તીમોથી પણ કસાયલો હતો, તેથી ફિલિપ્પીઓ સારી પેઠે સમજે કે પાઉલ તેનેજ મોકલવાનો શા માટે ઇરાદો કરતો હશે. પ્રેરિત અહિં તીમોથી પ્રત્યે અધિક મમતા દર્શાવે છે. તીમોથી તેને પ્રિય બાળક (૧ કરીં. ૪; ૧૭) તથા વહાલા દીકરા સમાન હતો (૨ તીમ. ૧; ૨), ને દીકરો બાપની સેવા કરે તેવી રીતે પાઉલની સેવા તીમોથી કરતો. "મારી સેવા કીધી" એમ લખવાનો પાઉલનો પ્રથમ વિચાર હશે, એટલામાં આ પણ

વિચાર થાય છે કે ખાસ મારી સેવા નહિ, પણ મારી સંગાથે તે સુવાર્તાની સેવા કરે છે, માટે એજ મુજબ લખે છે. પ્રેરિતની સંગતમાં રહીને તીમોથી જે સેવા કરતો તે સુવાર્તાના પ્રસારને અર્થે કરેલી હતી (સરખાવો ૧; ૩). એ સેવામાં પરખાયલો થઇને તે ખરેખર વિશ્વાસુ તથા પ્રેમી નીવડયો હતો, માટે પાઉલ તેને ફિલિપ્પીમાં મોકલવાનો ઠરાવ કરે છે.

એ માટે હું આશા રાખું છું કે હું તેને લાગલોજ મોકલી દઇશ, [એટલે] મારૂં કેમ થશે એ જાણીશ તેજ વેળાએ. આ વાક્યનો સંબધ પદ ૧૯ સાથે છે ને પદ ૨૦-૨૨ માં સમાયલી વાત ખાસ તીમોથીને મોકલવાનાં કારણ જાહેર કરે છે. આ વાક્યમાં તેને વહેલો મોકલવાની ઉમેદ જણાવવામાં આવે છે. મારા મામલાનો નિર્ણય થાય કે હુ તરત તેને રવાને કરીશ, એવુ પ્રેરિતનું વચન છે. મજકુર નિર્ણય થાય ત્યાં સુધી તીમોથીને પોતાની પાસે રાખવાની પ્રેરિતની ઇચ્છા હતી એ તો સ્વાભાવિક કહેવાય. અત્યાર સુધી પાઉલનું કામ ચાલ્યુ ન હતું, તથાપિ તે થોડી વારમાં ચાલશે ત્યારે છૂટી જઇશ એવી તેના મનની અપેક્ષા જણાય છે.

પદ ૨૩.

પણ હું પ્રભુમાં એવો ભરોસો રાખું છું કે પોતે વહેલો આવીશ. (જુઓ પદ ૧૯: ૧; ૧૪). આ વાક્ય સાથે સરખાવો ૧ કરીં. ૪; ૧૭, ૧૯. અહિં આવેલી વાત ઉપરથી માલમ પડે છે કે પાઉલના કામનો નિકાલ થાય ત્યારે તેના છૂટી જવાની ખબર તે તીમોથીની હસ્તક મોકલવાનો ઇરાદો રાખતો; છતાં પોતે થોડી વારમાં ફિલિપ્પી જવાની આશા રાખતો (કદાચ છૂટયા પછી રૂમમાં કામ કરવાને થોડી વાર રહેવાની મરજી હશે). કેટલાક ટીકાકારો આ વાક્ય ઉપરથી અનુમાન કરે છે કે આ પત્ર પાઉલના બંધનનો વખત લગભગ પુરો થયો હતો ત્યારેજ લખવામાં આવ્યો હોવો જોઇએ. પરંતુ એ અનુમાન કરવાનું કંઇ મજબળ કારણ જણાતું નથી. એટલુંજ કહી શકાય કે આ પત્ર લખતી વેળાએ પાઉલની "પ્રભુમાં" ખાતરી હતી કે મારૂં કામ થોડી વારમાં ચાલશે ત્યારે હુ છૂટી જઇશ. પરતુ ફિલે. ૨૨ માં પાઉલ કલોસ્સે આવવાનો ઇરાદો જણાવે છે તે ઉપરથી સૂચના મળે છે કે પોતાના બંધનનાં વરસોમાં પાઉલને અનેક વાર જલદી છૂટી જવાની આશા થતી. ઘણું કરીને તેના દુશ્મનોની ખટપટથી તેનું કામ વારવાર મુલતવી રાખવામાં આવ્યું હશે. જો કોઇ એમ ધારે કે પાઉલને "પ્રભુમાં" ખાતરી થઇ હતી, માટે તે પ્રમાણે થયું હોવું જોઇએ, તો યાદ રાખવું કે આ પત્ર લખ્યા બાદ પાઉલ જો એક વરસમાં ફિલિપ્પી આવ્યો હોત, તો એ પ્રભુની ગણત્રી મુજબ લાંબી મુદ્દત ન કહેવાત (ગીત. ૯૦; ૪).

પદ ૨૪.

તેમ છતાં તમારી પાસે એપાફ્રોદીતને મોકલવો મેં આવશ્યક ગણ્યું છે. તીમોથીને થોડી વારમાં ફિલિપ્પી મોકલવાની આશા રખાય છે, ને પ્રેરિતને ખાતરી હતી કે હું પોતે ત્યાં વહેલો જઇ પહોંચીશ,
પદ ૨૫. તથાપિ અત્યારે એપાફ્રોદિતને ત્યાં રવાને કરવાની જરૂર જણાય છે (પદ ૨૬), તેથી સમાચાર મોકલવાના આ પ્રસંગનો લાભ લેવામાં આવે છે. આ સદેશિયો ફિલિપ્પી મડળી પાસેથી દાન લઇને આવેલો હતો (૪; ૧૮), ને હવે તે આ પત્ર લઇને પાછો જાય છે. એપાફ્રોદીતનું નામ આ પત્રમાંજ જણાય છે. કલોસ્સેથી આવેલો એપાફ્રાસ જુદો હતો (કલો. ૧; ૭: ૪; ૧૨).

તે તો મારો ભાઇ તથા સાથી કામદાર તથા સહયોદ્ધો, તેમજ તમારો પ્રેરિત ને મારી ગરજ વિષે [મારી] સેવા કરનાર છે. એપાફ્રોદીતનું અહિં કરેલું વર્ણન ધ્યાનમાં લેવા લાયક છે. ખ્રીસ્તપરના વિશ્વાસ વિષે તે પાઉલનો "ભાઇ" (જુઓ રૂમી. ૧૬; ૨૩. ૧ કરીં. ૧; ૨. ૨ કરીં. ૧; ૧: ૨, ૧૩. એફે. ૬; ૨૧. કલો. ૧; ૧·૪; ૭, ૯. ફિલે. ૨, ૭, ૧૬, ૨૦), સુવાર્તા પ્રસાર કરવામાં તે પ્રેરિતનો સાથી કામદાર (જુઓ ૪; ૩. રૂમી. ૧૬; ૩, ૯, ૨૧. ૧ કરીં ૩; ૯. ૨ કરીં. ૧; ૨૪: ૮; ૨૩. કલો. ૪; ૧૧. ૧ થેસ્સા. ૩; ૨. ફિલે. ૧, ૨૪. ૩ યોહા. ૮), તેમ ખ્રીસ્તનું રાજ્ય વધારતાં સકટ વેઠવામાં તે પાઉલનો સાથી સૈનિક હતો (જુઓ ફિલે. ૧ નો ખુલાસો). એપાફ્રોદીતે ફિલિપ્પીમાં પાઉલની મદદ કરી હતી કે નહિ તેની ખબર નથી, પરતુ આ વખતે રૂમમાં તેણે દુઃખને સમયે ભાવથી મદદ આપી હતી એ નિ સશય છે.

વળી એપાફ્રોદીત ફિલિપ્પીઓનો "પ્રેરિત" કે મોકલેલો સંદેશિયો કે પ્રતિનિધિ હતો (સરખાવો ૨ કરી. ૮; ૨૩). મડળીનુ દાન પાઉલને પહોંચાડીને તેણે ફિલિપ્પીઓ તરફથી પાઉલની ગરજ પુરી પાડવાની સેવા કરી હતી ("સેવા" વિષે જુઓ પદ ૧૭ નો ખુલાસો).

કેમકે તે તમ સર્વનો ઘણોજ અભિલાષી હતો, વળી તેના માંદા થવા વિષે તમે સાંભળ્યું તેથી તે ઉદાસ રહેતો હતો. (કેટલાક હસ્તલેખોમાં "તમને જોવાને ઘણોજ અભિલાષી હતો" એવો
પદ ૨૬. પાઠાંતર જણાય છે, પરતુ "જોવાને" એ શબ્દ રૂમી. ૧; ૧૧. ૧ થેસ્સા. ૩; ૬. ૨ તીમ. ૧; ૪ એ વાક્યોમાં હોવાથી કોઇ લહિયાએ તે અહિં દાખલ કર્યો સભવે છે). ફિલિપ્પીઓ પાસે હાલ ખાસ એપાફ્રોદીતને મોકલવાનું કારણ એ છે કે તેનો જીવ અકળાયો હતો. રૂમમાં તે માંદો પડયો હતો, ને મદવાડમાં તે પોતાના સ્વદેશી મિત્રોનાં મ્હો જોવાને તલપાપડ થઇ જતો હતો,

એ સ્વાભાવિક કહેવાય. વળી તેના મંદવાડની ખબર ફિલિપ્પીઓ પાસે ગઇ હતી, તેથી મારા સ્નેહીઓ મારી ફિકર કરતા હશે એ વિચારથી તે દિલગીર રહેતો. પ્રભુ ઇસુ ગેથસેમાનેની વાડીમાં ઉદાસ થયો કહેવાય છે (મા. ૨૬ ; ૩૭. માર્ક ૧૪ ; ૩૩). ત્યાંનો અસલ શબ્દ અહિં એપાફ્રોદીત વિષે વપરાયલો છે, એથીજ તેના જીવની અકળામણનો ખ્યાલ આવશે. તેની આવી સ્થિતિ જાણીને પાઉલને લાગ્યું કે કાગળ લખીને તેની સાથે તરત ફિલિપ્પીમાં મોકલી દેવો.

તે તો મરણતોલ માંદો થયો હતો ખરો. ફિલિપ્પીઓને એપાફ્રોદીતના મદવાડની જે ખબર મળી હતી તે ખરી હતી.
પદ ૨૭ તેના મદવાડનો પ્રકાર કે તેનુ કારણ જણાતું નથી. કદાપિ મુસાફરીનો શ્રમ વેઠયા પછી એને રૂમ શેહરની ખરાબ હવા લાગી હશે. ગ્રીષ્મ ઋતુમાં રૂમની હવા હજીએ રોગિષ્ટ ગણાય છે, ને એવે વખતે અધિક મહેનત કર્યાને લીધે એપાફ્રોદીતની તબિયત બગડી હશે.

પણ દેવે તેના પર દયા કીધી, ને કેવળ તેના પરજ નહિ પણ મારા પર પણ, કે મને શોક પર શોક ન થાય. એપાફ્રોદીત માંદો થયો ત્યારે પાઉલે તેના હકમાં કેટલી બધી આગ્રહી પ્રાર્થનાઓ કરી હશે! મદવાડ ભારે હોવાથી બધા ભાઇઓ ચિતાતુર થયા હશે, પરતુ ઈશ્વરે દયા કરીને આ વહાલા ભાઇનો બચાવ કર્યો. તેને કરાર વળ્યો એ ઈશ્વરકૃપાથીજ છે, એમ માનીને પાઉલ જણાવે છે કે તેના પર તેમજ મારા પર પણ દયા કરવામાં આવી ; કેમકે તેનું મોત નીપજ્યું હોત તો બધનથી મને થયલા દુઃખમાં ખાસ વધારો કરવામાં આવત. મારી સેવા કરવામાં આ ભાઇએ પોતાનો જીવ જોખમમાં નાખ્યો હતો (પદ ૩૦) એ વિચારથી વળી પાઉલનુ દુઃખ વિશેષ થાત.

મેં તેને વિશેષ આતુરતાથી મોકલ્યો છે એ સારૂ કે તમે તેને ફરીથી જોઇને આનંદ કરો તેમજ મારો શોક પણ ઓછો થાય. પ્રેરિત એપાફ્રોદીતને પત્ર લઇને મોકલે છે (સરખાવો એફે.
પદ ૨૮. ૬ ; ૨૨. કલો. ૪ ; ૮. ફિલે. ૧૨), એટલુંજ નહિ પણ ચિંતાતુર ફિલિપ્પીઓ તેને જોઇને આનદ કરે તેમ ઉદાસ થયલા ભાઇ વિષે પોતાના મનમાં ચિંતા ઓછી થાય એ કારણથી પ્રેરિત વધતી ઉતાવળથી (કે હોંસથી) તેને રવાને કરે છે. "આતુરતા" અર્થનો શબ્દ "ઉતાવળ" સૂચવે છે, ને વળી "આતુરતા" (રૂમી. ૧૨ ; ૮), "ઉદ્યોગ" (રૂમી. ૧૨ ; ૧૧. ૨ કરીં. ૮ ; ૨૨), "કાળજી" કે "સભાળ" (૨ કરી. ૮ ; ૧૭. તીત. ૩ ; ૧૩), "આગ્રહ" (લુક ૭ ; ૪), "મહેનત" (૨ તીમ. ૧ ; ૧૭)– એટલા તરજુમાથી એને લગતા શબ્દોના અર્થ ગુજરાતી નવા કરારમાં દર્શાવેલા છે. "હોંસથી કામ કરી લેવુ," એ અર્થ આ બધા તરજુમામાં સૂચવાય છે.

એપાફ્રોદીત ફિલિપ્પી જઇને ખુશ થશે એથી પ્રેરિતનું દુઃખ ઓછું થવાનું, પરંતુ બંધનનુ દુ ખ હજુ રહેવાનું છે, એવી આ વાક્યમાં સૂચના રહેલી છે.

પ્રેરિતના મનમા કેટલી બધી દિલસોજી રહેલી હતી, એ આ ઉપરથી જણાય છે કે તેને શિર ભારે દુ ખ છતાં તે એક ભાઇની માંદગી તથા ઉદાસવૃત્તિ વિષે આટલો દુઃખી થાય છે. બીજાઓનાં દુ:ખમાં ભાગ લેવો એ પ્રભુના ખરા સેવકનુ એક ચિહ્ન છે (જુઓ ૨ કરી. ૧૧ ; ૨૯).

એ માટે સર્વ [પ્રકારના] આનંદ સહિત તેનો પ્રભુમાં અંગીકાર કરો, ને એવાઓને માનવંત ગણો. પાઉલે ફિલિપ્પીઓને આનદ પમાડવાને અર્થે એપાફ્રોદીતને મોકલ્યો છે, માટે પ્રભુની સગતમાં

પદ ૨૯

રહેનારાઓને શોભે તેવી રીતે તેનો આવકાર કરવો, એવો તે બોધ આપે છે (સરખાવો રૂમી. ૧૬ ; ૨). પૂર્ણ આનદ સહિત (ચા. ૧ ; ૨) તેનો અગીકાર કરવો એવો આદેશ આપવામાં આવે છે, તે ઉપરથી કેટલાએક એમ ધારે છે કે એપાફ્રોદીત વિષે ફિલિપ્પીની મડળીના કેટલાએક સભાસદો નાખુશ થયા હશે. પદ ૨૬ મા પાઉલે લખ્યુ હતુ કે "તે તમ સર્વનો ઘણોજ અભિલાષી હતો" તેથી (તેમ આ વાક્યની વાતથી) એવો કદાપિ અભિપ્રાય થાય કે જેમ કલોસ્સીઓને એપાફ્રાસના સદ્ભાવ વિષે પાઉલ ખાતરી આપે છે (કલો. ૧ , ૮ : ૪ ; ૧૨, ૧૩) તેમ ફિલિપ્પીઓને આ ભાઇ વિષે પણ ખાતરી આપવાનો ઇરાદો હશે. પરતુ કલોસ્સીના પત્રમાંના જેવી સ્પષ્ટ સૂચના અહિ ન હોવાથી સદરહુ અનુમાન ખાતરી પૂર્વક કહેવાય નહિ.

એપાફ્રોદીતના જેવા ભાઇઓની કદર બુઝીને તેમને માન આપવુ એવી આજ્ઞા પાઉલ ફિલિપ્પીઓને આપે છે, તેનુ કઇ ખાસ કારણુ હતું કે કેવળ સામાન્ય રીતે આવો ઉપદેશ કરે છે, એ વિષે પણ ખાતરી થતી નથી. "માનવત" અર્થનો અસલ શબ્દ આ સિવાય નવા કરારના અન્ય ચાર વાક્યોમાં મળે છે. સુબેદારનો ચાકર તેને "વહાલો" હતો (લુક ૭ ; ૨); જમણુ વખતે કોઇ અધિક "માનવતો" આવવાનો સભવ હોવાથી માનની જગ્યાએ ન બેસવુ (લુક ૧૪ ; ૮); પસંદ થયલો જીવતો પત્થર કે ખુણાનો મુખ્ય પત્થર "મૂલ્યવાન" છે (૧ પીત ૨ ; ૪, ૬)—એ બધી વાતમાં અહિં આવેલો અસલ શબ્દ વપરાયલો છે. એ ઉપરથી જણાય છે કે પ્રભુના જે ભાવિક સેવકો તેમને મૂલ્યવાન ગણીને પ્રીતિમય માન આપવું એ મડળીના લોકની ફરજ છે.

કેમકે, તમારી મારા પ્રત્યેની સેવામાં જે અધુરૂં તે પૂર્ણ કરવાને પોતાનો જીવ [જાણે] હોડમાં મૂકીને, તે ખ્રીસ્તના કામની ખાતર મરણની અણી પર આવ્યો હતો. એપાફ્રોદીત

પદ ૩૦

મડળીમાં ખાસ માન પામવા યોગ્ય છે એના પ્રમાણુ તરીકે પાઉલ રૂમમાં થયલા તેના કામની હકીકત રજુ કરે છે. ફિલિપ્પીથી પાઉલ

પાસે દાન લાવતાં તેને જે શ્રમ થયો, ને વળી રૂમમાં રહીને તેણે પાઉલની જે સેવા કીધી તે ખ્રીસ્તનું કામ જાણવું એ કામમાં તેણે પોતાનો જીવ વહાલો ગણ્યો નહિ (પ્રક. ૧૨; ૧૧), માટે તે લગભગ મરણના દ્વાર આગળ પહોંચી ગયો હતો (સરખાવો રૂમી. ૧૬; ૪). પાઉલે ઘણીવાર સિપાઇઓને પાસા નાખતાં જોયા હશે, એ ઉપરથી તે અહિં લખે છે કે મારી સેવા કરતાં એપાફ્રોદીતે જાણે પોતાનો જીવ હોડમાં મૂક્યો હતો —એટલે પ્રેરિતની સેવા કરતા કરતા તેણે જીવને જોખમમાં નાખ્યો. આ સેવા વડે ફિલિપ્પીઓનુ તે અધુરૂં પૂર્ણ કરતો (જુઓ ૧ કરી. ૧૬; ૧૭. સરખાવો કલો ૧; ૨૪). ફિલિપ્પીઓએ તો દાન ઉઘરાવીને મોકલ્યુ હતું, પરતુ દાન લાવીને આ ભાઇએ પોતાને હાથે પાઉલની માવજત કરી હતી, તેમ તેના કામમાં મદદ આપી હશે, તેથી મડળીની સેવામાં જે બાકી રહેલું હતું તે તેણે પૂર્ણ કર્યું કહેવાય. એ સેવા પૂર્ણ કરવામાં તે મરણતોલ માંદો પડયો જણાય છે, માટે મડળી તેનું સન્માન કરે એ કેવળ ઘટિત હતું.

કેટલાકનું ધારવુ એવુ છે કે પાઉલને આ વખત બહુજ સખત બંધનમાં રાખવામાં આવ્યો હશે, ને ગદા તથા હવાની આવક વગરના કેદખાનામાં પાઉલની માવજત કરતાં એપાફ્રોદીત માંદો થયો હશે. પરતુ લુક સાફ કહે છે કે પાઉલ પુરાં બે વરસ પોતાના ભાડાના ઘરમાં રહ્યો (પ્રે. કૃ. ૨૮; ૩૦), તેમ મુસાફરીના શ્રમથી તથા રૂમની ઝેરી હવાથી મદવાડ ઉપજવાનો ઓછો સભવ ન હતો, તેથી એપાફ્રોદીતના મદવાડ ઉપરથી પ્રેરિત પ્રત્યે અધિક સખતાઇ થયાની કઇ દલીલ થાય એમ ધારવુ સકારણ નથી.

---

*આલેક્સાન્દ્રીઆ શહેરની પુરાતન મડળીમા એક પ્રકારના ધર્મસેવકો હતા કે જેઓ મરકીને વખતે દરદીઓની માવજત કરતા તથા મુએલાઓના મુડદા દાટતા જીવનો જોખમ ખમતા તેઓ અહિં આવેલા અસલ શબ્દ ઉપરથી "પારાબોલાની" (એટલે હોડ મારનારા) કહેવાતા.

અધ્યાય ૩ જો.

(ઈ) ચેતવણીરૂપી બોધ. પ્રેરિતના અનુભવને આધારે આપેલી અસત્ય મત વિષે ચેતવણી. ૩ ; ૧—૨૧.

બીજા અધ્યાયમાં પ્રભુ ઇસુ ખ્રીસ્તે આપેલો નમુનો એ વિષય પ્રધાન હતો. આમાં ખ્રીસ્તના પ્રેરિત પાઉલનો નમુનો આગળ ધરવામાં આવે છે. તે પ્રભુ ઇસુને અનુસરતો માટે પોતા વિષે ગર્વિષ્ટ ન થતાં તે "મને અનુસરો" એવો હુકમ બીજાઓને આપી શકે છે. આ અધ્યાયના ત્રણ પેટા ભાગ કરી શકાય છે. તે નીચે મુજબ :

(ક) પત્ર સમાપ્ત કરનારી ટૂકી આજ્ઞાઓ શરૂ કરતાં પ્રેરિત સ્વપુણ્ય પર ભરોસો ન રાખવો, એવી ચેતવણી આપીને પોતાના અનુભવથી જણાવે છે કે ખ્રીસ્તમાં જે સર્વોત્તમ લાભ તે મેળવવા માટે બીજું બધાંનું નુકસાન વેઠવું યુક્ત છે (પદ ૧—૧૧).

(ખ) ખ્રીસ્તી દોડ દોડવાની પોતાની રીત જાહેર કરીને પાઉલ બધા ખ્રીસ્તીઓની અપૂર્ણતા સૂચવીને આગળ વધવાની અગત્ય સિદ્ધ કરે છે (પદ ૧૨—૧૬).

(ગ) "ખ્રીસ્તના વધસ્તંભના શત્રુઓ" ની વર્તણુક તથા તેમના પરિણામ વિષે ચેતવણી આપીને પ્રરિત ખ્રીસ્તની રાહ જોનારાઓની ધન્યતા વર્ણવે છે (પદ ૧૭—૨૧).

(ક) સ્વપુણ્ય પર ભરોસો ન રાખતાં ખ્રીસ્તમાં જે સર્વોત્તમ લાભ તે મેળવવા માટે બીજાં બધાંનું નુકસાન વેઠવું. પદ ૧—૧૧.

૧ છેલ્લે, મારા ભાઇઓ, પ્રભુમા આનંદ કરો. એનેએજ
વાતો તમારા પર લખવી એ મને કાયર કરતું નથી, પણ તમને તો
દઢ કરનારૂં છે. ૨ કુતરાઓથી સાવધ રહો, દુષ્ટ કામદારોથી સાવધ
રહો, અંગછેદન કરનારાઓથી સાવધ રહો ૩ કેમકે આપણે જે
દેવના આત્માએ ભજન કરનારા ને ખ્રીસ્ત ઇસુમાં વડાઇ કરનારા ને
દેહ પર ભરોસો ન રાખનારા [તે આપણે] સુનતી છીએ. ૪ પરંતુ
મને તો દેહ પર પણ ભરોસો રાખવાનું [કારણ મળે એમ] છે; બીજા
કોઇને જો [પોતાની પાસે] દેહ પર ભરોસો રાખવાનું [કારણ] દીસતું
હોય તો મને અધિક છે. ૫ સુનત ક્રિયા [થતી વેળા]એ આઠ દિવસ
[ની વય] નો, ઈસ્રાએલના વંશનો, બિન્યામીનના કુળનો, હેબ્રીઓ-

માંનો હેબ્રી, નિયમ [પાલન] સંબંધે ફરોશી, ૬ આસ્થા સંબંધે
મંડળીને સતાવનાર, નિયમમાંના ન્યાયીપણા સંબંધે નિરપરાધી
થઇ પડેલો. ૭ પરંતુ આવાં જે વાનાં મને લાભરૂપ હતાં તે મેં ખ્રીસ્તને
લીધે નુકસાન તુલ્ય ગણ્યા છે. ૮ હા, નિશ્ચે હું વળી ખ્રીસ્ત ઇસુ
મારા પ્રભુના જ્ઞાનની ઉત્તમતાને લીધે બધાંને નુકસાન તુલ્ય
ગણું છું, તેને લીધે મે બધાંનું નુકસાન વેઠયું ને તે કચરા સમાન
ગણું છું, એ માટે કે હું ખ્રીસ્તને [લાભ તરીકે] પ્રાપ્ત કરૂં ૯ ને તેનામાં
માલમ પડું,—એટલે નિયમથી જે મારૂં પોતાનું ન્યાયીપણું તે
સહિત નહિ, પણ ખ્રીસ્ત [પર]ના વિશ્વાસને આસરે જે [ન્યાયી-
પણું, એટલે] દેવથી જે ન્યાયીપણુ વિશ્વાસ પર [આધાર રાખે છે]
તે સહિત [તેનામાં માલમ પડું], ૧૦ કે તેને તથા તેના ઉત્થાનના
પરાક્રમને તથા તેનાં દુખની સંગતને જાણું, [ને એમ] તેના મરણને
અનુરૂપ થતો જાઉ, ૧૧ કે હુ કોઇ પણ રીતે મુએલાઓમાંથી જે પુન-
રૂત્થાન તે [લગી] પહોચુ

પહેલા વાક્યમાં સમાયલી વાત પરથી વાંચનાર સ્વાભાવિક રીતે એમ ધારે કે કંઇક ટુંકાં વ્યાવહારિક બોધવચનો લખીને પ્રેરિત હવે પત્ર સમાપ્ત કરશે. પરતુ યહુદી મતના ખ્રીસ્તી બોધકો વિષે સાવધાન રહેવાને તાકીદ કરવામાં આવે છે તે ઉપરથી બાહ્ય ક્રિયાઓ, વંશપરંપરા ભોગવેલા હકો તથા નિયમ પાલનથી જે ન્યાયીપણુ એ સર્વ ખ્રીસ્તના જ્ઞાનની ઉત્તમતાના પ્રમાણમા માત્ર તોટારૂપ છે, એવો પાઉલ પોતાનો અનુભવ જાહેર કરે છે. ખરૂ ન્યાયીપણુ કોનાથી ને કયા સાધનનો ઉપયોગ કર્યાથી મળે છે, તે સૂચવીને પ્રેરિત બતાવે છે કે ખ્રીસ્તની સંગત કરવાને અર્થ, ને તે સંગત વડે જે અત્યંત લાભ મળે છે તે પ્રાપ્ત કરવાને અર્થે તે બધાં વાનાં કચરાવત્ ગણે છે.

છેલ્લે, મારા ભાઇઓ, પ્રભુમા આનંદ કરો. "છેલ્લે" (કે બાકી) એ શબ્દ પાઉલના કોઇ પત્રમાં આવે છે ત્યારે મુખ્યત્વે કરીને સમાપ્ત કરનારાં
પદ ૧ વચન લખવાની તૈયારી થઇ જણાય છે ; જુઓ ૪; ૮. ૨ કરી. ૧૩; ૧૧. એફે. ૬; ૧૦. ૧ થેસ્સા. ૪; ૧. ૨ થેસ્સા. ૩; ૧), એમ માનીને કેટલાક ટીકાકારો એવો અભિપ્રાય જણાવે છે કે પ્રેરિત આ પત્ર સમાપ્ત કરવાની તૈયારીમાં હતો, એટલામાં કોઇ પણ નવીન કારણથી આ અધ્યાયમાં સમાયલી ચેતવણીઓ લખવાનુ સૂઝી આવવાથી તેણે પત્રમાં વધારો કર્યો. પરતુ એમ માનવુ સપ્રમાણ જણાતું નથી. જે છેલ્લો બોધ પ્રેરિત આ પત્રમાં આપે છે તે અહિથી શરૂ થાય છે, એટલુંજ માનવુ યુક્ત

છે. આ ઠેકાણે સુવાર્તા વિરોધીઓની આવી સવિસ્તર વાત શા કારણથી લખી હશે તે જાણવાનુ સાધન કોઇ પણ વિદ્વાન પાસે છેજ નહિ, પરતુ પત્ર લખતી વેળાએ યહુદી મતના બોધકો પાઉલને અડચણ કરતા હોવાથી તેણે તેમની ભૂલ પ્રસિદ્ધ કરવાને અર્થે લખી હશે, એ સભવિત છે.

ભાઇ પરની પ્રીતિ દર્શાવીને પ્રભુનો વૃદ્ધ સેવક આ બોધ શરૂ કરે છે. (સરખાવો ૫દ ૧૩, ૧૭ ૧ ; ૧૨ ૪; ૧, ૮). જે પ્રીતિપૂર્ણ આદેશ પ્રથમ કરવામાં આવે છે તેની આ પત્રમાં પુનરૂક્તિ થાય છે (૨ ; ૧૮ : ૪ ; ૪). આનંદ કરવો, એટલુજ નહિ પણ પ્રભુની સગતમાં રહીને આનંદ કરવો (જુઓ ૨ ; ૧૯ નો ખુલાસો). આ પત્રમાં જે આનંદ કરવાની ફરજ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે (જુઓ ૧ ; ૪ નો ખુલાસો) તે આ જગતનો આનંદ તો નહિ પણ પ્રભુમાં રહ્યાથી જે પૂર્ણાનદ નીપજે છે તે છે (યોહા. ૧૫ ; ૧૧). બોધથી તેમજ નમુનાથી પાઉલ નિત્ય બતાવી આપતો કે સકટ તથા વિપત્તિ છતાં આવો આત્મિક આનદ કરવો પ્રભુના લોકોને ઘટતુંજ છે.

એનેએજ વાતો તમારા પર લખવી એ મને કાયર કરતું નથી, પણ તમને તો દૃઢ કરનારૂં છે. અહિં સૂચવેલી ફરીથી લખેલી વાત કેવી હશે ને ક્યાં અગાઉ લખવામાં આવી હતી એ વિષે મતફેર જણાય છે.

(૧) કેટલાએક ધારે છે કે પ્રભુમાં આનદ કરવા વિષે આ પત્રમાં અનેક વાત આવ્યા પછી આ વાક્યમાં આનદ કરવાનો હુકમ અપાય છે, માટે એ વિષેની સૂચના આહ માનવી જોઇએ. એમ માનવુ તો સ્વાભાવિકજ છે.

(૨) બીજા કેટલાએકનો એવો અભિપ્રાય થાય છે કે ઐક્ય વિષે પ્રેરિત અહિં પુનરૂક્તિ કરવાનો હશે, પરતુ યહુદી બોધક વિષે ચેતવણી આપવાની ખાસ અગત્ય એકાએક જણાયાથી તેણે એ વાત ૪ ; ૨ સુધી મુલતવી રાખી. સ્પષ્ટ છે કે આ અટકળને ટેકો આપનારૂ એકે વચન પત્રમાં મળતું નથી.

(૩) વળી બીજાઓનુ એવુ માનવુ છે કે આ અધ્યાયના મુદ્દા સાથે આ વાતનો સબધ હોવો જોઇએ—એટલે અગાઉ લખેલા પત્રોમાં પાઉલ ફિલિપ્પીઓને યહુદી મતને ટેકો આપનારા બોધ વિષે ચેતવણી આપી હશે, ને હવે આ પત્રમાં એજ બાબત ચેતવણી ફરીથી આપવી દુરસ્ત લાગે છે. એમ તો બન્યુ હશે, કેમકે નવા કરારમાં સમાયલા પત્રો સિવાય પાઉલે અન્ય પત્રો લખ્યા, એવી સૂચનાઓ મળે છે (જુઓ ૧ કરી. ૫ ; ૯. ૨ કરી. ૧૦ ; ૧૦, ૧૧. ૨ થેસ્સા. ૨ ; ૧૫ : ૩ ; ૧૭). પરતુ આ વાક્યના પૂર્વાર્ધમાં આપેલી આજ્ઞા સાથે અહિં આવેલી વાતનો સબધ અધિક સભવિત લાગે છે.

પ્રભુમાં આનદ કરવા વિષે પુનરૂક્તિ કરવામાં મને કટાળો આવતો નથી, ને તેથી તમને દઢીકરણ થવાથી સલામતી છે, એવો પ્રેરિતનો ભાવાર્થ સમજીએ

તો ખોટું ન કહેવાય. લોકોપયોગી બોધ હોય તો તે ફરીફરીને કરતાં આચકો ખાવો નહિ.

"કાયર કરવું" અર્થનો શબ્દ મા. ૨૫; ૨૬. રૂમી. ૧૨; ૧૧ માં પણ મળે છે. તે મંદ પડેલી મનોવૃત્તિ કે કામ વિષે કંટાળો સૂચવે છે બોધ પર બોધ કરવામાં પ્રેરિતને એવો કંટાળો આવતો નહોતો કે સુવાર્ત્તાના કામમાં તે નિવૃત્ત થઇ જાય. આથી મારા વહાલા ખ્રીસ્તી ભાઇઓનો વિશ્વાસ દઢરૂપ થશે, એમ સમજીને તે પૂર્ણ હોંસથી અગત્યની વાતની પુનરૂક્તિ કરતો. તો પણ તે જુના ઉપદેશને નવા રૂપમાં આપાને પિષ્ટપેષણના આરોપથી દૂર રહેતો, ને એમ સઘળા બોધકોને તે આદર્શરૂપ થતો.

"દઢ કરનારૂં" અર્થનો અસલ શબ્દ નિશ્ચયતા સૂચક છે (પ્રે. કૃ. ૨૧; ૩૪. ૨૨; ૩૦: ૨૫; ૨૬) ને એક વાક્યમા તેનો ગુજરાતી તરજુમો "સ્થિર" કર્યો છે (હેબ્રી ૬; ૧૯). શુદ્ધ સુવાર્તામાં રહેલી અમર આશા વડે મંડળીઓના સભાસદોને સ્થિર કરવામાં આવે, એ પ્રેરિતનો નિત્ય ઉદ્દેશ હતો.

કુતરાઓથી સાવધ રહો, દુષ્ટ કામદારોથી સાવધ રહો, અંગછેદન કરનારાઓથી સાવધ રહો. યહુદી મતને લગતો બોધ આપનારાઓથી પાઉલને ઘણી હરકત થઇ હતી, એ તેના લખેલા પત્રોથી માલમ

પદ ૨.

પડી આવે છે (જુઓ ૨ કરી. ૨; ૧૭. ૧૧; ૧૩. ગલા. ૧; ૭, ૯ ૫; ૧૨). એ લોકના ઉપદેશથી કૃપાપૂર્ણ સુવાર્તાની વિરૂદ્ધ અસર થાય છે, એમ જાણીને પાઉલ તેમની સામે કમર કસવાને તત્પરજ રહેતો. આ વાક્યમાં "સાવધ રહો" (અસલમાં "જોજો") એ આજ્ઞા ત્રણ વખત કરવામાં આવે છે (જુઓ કલો. ૨, ૮ ૪, ૧૭ નો ખુલાસો. સરખાવો ૨ યોહા. ૮). આ ઉપરથી એવુ અનુમાન ન કરવુ કે ફિલિપ્પીમાં એ લોકની પ્રબળતા હશે. જો એમ હોત તો આના કરતાં પાઉલ અધિક સખ્તાઇ ભરેલો હુકમ કરત એમ ધારવાનું કારણ છે. પરતુ આ બોધકોનાં કાવતરા વિષે પોતાના વહાલા ફિલિપ્પીઓને ચેતવણી આપવી પાઉલને યુક્ત લાગે છે. ઘણુ કરીને આ લોકો અત્યારે તેને રૂમમાં હરકત કરતા હોવાથી (૧; ૧૫, ૧૭) તે પોતાના તાજા અનુભવથી આ આગ્રહી બોધ કરતો હશે. ત્રણ વાતમાં આ અસત્ય બોધકોનું વર્ણન કરવામાં આવે છે.

(૧) તેઓને "કુતરા" એ નામ આપવામાં આવે છે. કુતરાઓ યહુદીઓથી તેમ વિદેશીઓથી અશુદ્ધ મનાતા પ્રાણી હોવાથી આ નામ હલકાપણું સૂચવે છે. પુન. ૨૩; ૧૮ ઉપરથી જણાય છે કે જે અતિ અશુદ્ધ તે કુતરાના નામથી ઓળખાતો. યહુદીઓમાં કુતરાઓ કેવા હલકા ગણાતા તે ૧ શમૂ. ૨૪; ૧૪. ૨ શમૂ. ૧૬; ૯. ૨ રા. ૮; ૧૩. ગી. ૨૨; ૧૬, ૨૦: ૫૯; ૬. મા.

૭ ; ૬ થી જણાય છે. બેસુનત વિદેશીઓને આ નામ આપીને યહુદીઓ તેમનો તિરસ્કાર કરતા, પણ હવે પાઉલ બતાવે છે કે જેઓ દેવના ખરા ઇસ્રાએલને ધિક્કારે છે તેઓ એ નામને પાત્ર છે. જે વિદેશીઓને યહુદીઓ કુતરા કહેતા તેઓમાંના વિશ્વાસીઓ ઉપર દેવની કૃપા થઇ હતી (જુઓ મા. ૧૫ ; ૨૬, ૨૭), પરતુ જેઓ અવિશ્વાસી રહીને ઈશ્વરના રાજ્યના વિરોધીઓ થાય છે, તેઓ દેવના નગરની બહાર રહેનારા અશુદ્ધ કુતરા સમાન છે (પ્રક. ૨૨ ; ૧૫), પછી તેઓ યહુદી હોય કે વિદેશી.

(૨) તેઓ "દુષ્ટ કામદારો" કહેવાય છે. "કામદાર" અર્થના શબ્દનો તરજુમો ઘણુ કરીને "મજુર" છે (મા ૯; ૩૭, ૩૮ : ૧૦; ૧૦ : ૨૦; ૧, ૨, ૮. લુક ૧૦ , ૨, ૭. યા. ૫ ; ૪). કોઇ વખતે "કરનારા" કે "કામ કરનારા" તરજુમો જણાય છે (લુક ૧૩ ૨૭. ૨ કરી. ૧૧ ; ૧૩. ૨ તીમો. ૨ ; ૧૫), ને એક વાક્યમાં "કારીગર" અર્થ કર્યો છે (પ્રે. કૃ. ૧૯ ; ૨૫). આ લોક દુષ્ટ કૃત્યો કરનારા છે, એટલુજ નહિ પણ તેઓ પ્રભુની વાડીમાં મજુર તરીકે હાજરી આપે છે, પ્રભુનુ કામ હાથમાં લઇને મડળીરૂપી કારખાનામાં કારીગર હોવાનો દાવો કરે છે, એમ છતાં તેઓ દુષ્ટ છે, શુદ્ધ સુવાર્તામાં અસત્યની મેળવણી કરે છે (૨ કરી. ૨ , ૧૭), પોતાના મતનો પ્રસાર કરવામાં આસ્થિત છે (સરખાવો મા. ૨૩ ; ૧૫), પરતુ તેમના અનુયાયીઓને ભૂલાવે છે (૨ કરીં. ૧૧ ; ૩). હા, તેઓ ખરા બોધકોનો વેશ ધારણ કરીને કપટ કરે છે (૨ કરીં. ૧૧ ; ૧૩). તેમનો હેતુ મડળીના લોક પર નિયમશાસ્ત્રની અસહ્ય ઝુસરી નાખવાનો છે, માટે "દુષ્ટ કામદારો"--સુવાર્તાનું કામ બગાડનારા—એ નામ તેમને ઘટતુંજ છે.

(૩) વળી તેઓ "અગછેદન કરનારાઓ" કહેવાય છે. -(જે અસલ શબ્દ અગછેદન કરવાની ક્રિયા સૂચવે છે તે સુનત અર્થના શબ્દના ધાતુને જુદો પ્રત્યય લગાડવાથી રચવામાં આવે છે) જે સુનત વિષે યહુદીઓ અભિમાન ધરાવતા તે કેવળ દેહમાં કરેલી બાહ્ય ક્રિયા હતી—તે સાથે અત કરણની સુનતની આવશ્યકતા તેઓ સમજતા નહિ (જુઓ એફે. ૨ ; ૧૧. કલો. ૨ ; ૧૧ ના ખુલાસાઓ), માટે તે વાસ્તવિક સુનત નહિ પણ કેવળ મૂર્તિપૂજકોએ પોતાને કરેલા ઘા જેવી નિરૂપયોગી ક્રિયા હતી (જુઓ લેવી. ૨૧ ; ૫. ૧ રા. ૧૮ ; ૨૮). એવી સુનત ઉત્તેજક બોધનો પ્રેરિત તુચ્છકાર કરે છે (ગલા. ૫; ૧૨). તેની એવી ઇચ્છા છે કે વિશ્વાસ, પ્રીતિ તથા આજ્ઞાંકિતપણા સહિત જે અતરની સુનત તે હરકોઇને કરવામાં આવે.

કૃત્રિમ સુનતની વાત ઉપરથી વાસ્તવિક સુનતની ઉત્તમતા યાદ આવવાથી પાઉલ નીચે મુજબ લખે છે.

કેમકે આપણે જે દેવના આત્માએ ભજન કરનારા ને ખ્રીસ્ત ઇસુમાં વડાઇ કરનારા ને દેહ પર ભરોસો ન રાખનારા [તે આપણે] સુનતી છીએ. હૃદયની સુનત પામવાથી (રૂમી. ૨; ૨૫-૨૯. સરખાવો લેવી. ૨૬; ૪૧. પુન. ૧૦; ૧૬: ૩૦; ૬. યિર્મે. ૯; ૨૬) પરમેશ્વરના કરારની અંદર આવેલા ખરા ઇસ્રાએલીઓ એ તો વિશ્વાસ કરનારા છે (રૂમી. ૪; ૯-૧૧ ગલા ૩; ૧૭, ૨૯: ૬; ૧૬). સુનતક્રિયા શુદ્ધીકરણ સૂચક હતી, ને જે કોઇ પ્રભુ ઇસુના કરેલા ઉપાય વડે હૃદયમાં શુદ્ધ થયલો તે દેહમાં બેસુનતી છતા પણ, સાર્થક સુનત પામેલો કહેવાય. આવી સાર્થક તથા આત્મિક સુનત પામેલાઓનાં ત્રણ લક્ષણો અહિ વર્ણવવામાં આવે છે

પદ ૩.

(૧) તેઓ દેવના આત્માએ ભજન કરનારા છે (યોહા. ૪; ૨૪). યહુદીઓને બક્ષેલાં કૃપાદાનોની અંદર "ભજનક્રિયા" સમાયલી હતી (રૂમી. ૯; ૪), પરંતુ ભજનક્રિયાનો આત્મિક અર્થ ન સમજતા ઘણાખરા યહુદીઓ માત્ર તેના બાહ્ય વિધિઓ મુજબ દૈહિક ભાવથી ભજન કરનારા થયા. અમુક વખત પ્રાર્થના કરવી, અમુક પ્રકારનાં વસ્ત્ર પહેરવા, અમુક ખોરાક ખાવો, અમુક દિવસોએ ઉપવાસ કરવો, અમુક પર્વો પાળવા, અમુક અર્પણો ચઢાવવાં, અમુક વસ્તુઓનો દશમો ભાગ આપવો, ઇત્યા. (જુઓ લુક. ૧૮; ૧૧, ૧૨), એ ધર્મચુસ્ત યહુદીઓની ભજનપદ્ધતિ થઇ પડી હતી. પરતુ ઇસુએ બતાવી આપ્યુ કે દેવનુ ભજન આત્માથી તથા સત્યતાથી કરવુ જોઇએ, ને એ આત્મિક પદ્ધતિ મુજબ જે પસ્તાનાર દાણીએ ખરા મનથી પ્રભુની કૃપા યાચી, તે ધર્માભિમાની ફરોશી કરતાં ઈશ્વરને પસદ પડયો. ખરા ભાવથી ઈશ્વરનુ ભજન કરવું એ વાત નિઃસશય છે, તથાપિ કેવળ પવિત્ર આત્માની અસરથી આપણો ભાવ એવો આત્મિક થાય છે કે પ્રભુનું ભજન યોગ્યતાથી કરનારા થઇએ. હવે જેઓ ખરા ખ્રીસ્તીઓ થયા છે, તેઓને પવિત્ર આત્માનુ દાન મળે છે, માટે તેઓ એ આત્માએ કરીને ઈશ્વરનુ ભજન શુદ્ધ મનથી કરનારા હોવાથી ખરા સુનતીઓ સાબિત થાય છે.

૨; ૧૭ માં "સેવા" અર્થનો શબ્દ આવ્યો હતો તે કેવળ યાજકોથી કરેલી ભજન સેવા સૂચવે છે. અહિં આવેલા "ભજન" અર્થના શબ્દથી યાજકોએ તેમ બીજા ઇસ્રાએલીઓએ પણ કરેલી ભજનસેવા સૂચવાય છે (જુઓ લુક ૧; ૭૫. હેબ્રી. ૯; ૧, ૬, ૯). યહુદીઓ પોતાને દેવનુ ભજન કરનારા ધારતા, પરંતુ પાઉલ બતાવે છે કે વિશ્વાસીઓ દેવના આત્માએ કરીને ભજન કરનારા છે, માટે તેમની ભજનપદ્ધતિ પ્રભુના ખરા ભક્તોને શોભતી છે.

(૨) વળી તેઓ ખ્રીસ્ત ઇસુમાં વડાઇ કરનારા છે. યહુદીઓને યહોવાહમાંજ વડાઇ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો (યિર્મે. ૯; ૨૩, ૨૪.

સરખાવો રૂમી. ૨ ; ૧૭. ૧ કરીં. ૧ ; ૩૧. ૨ કરીં. ૧૦ ; ૧૭), પરંતુ એ હુકમ ભૂલી જઇને તેઓ નિયમની બાહ્ય ક્રિયાઓમાં વડાઇ કરનારા થયા હતા ; તે એટલે સુધી કે યહોવાહના વચન મુજબ તેનો અભિષિક્ત આવ્યો ત્યારે તેઓએ પોતાને પસદ પડતી પદ્ધતિને વળગી રહીને મશીહનો નકાર કર્યો. તેઓ યહોવાહમાં વડાઇ કરનારા હોત, તો યહોવાહના ઠરાવેલા તારનારનો આવકાર કરત એ સિદ્ધ છે. હવે વિશ્વાસીઓ ખ્રીસ્તમાં વડાઇ કરનારા છે (ગલા. ૬ ; ૧૪), ને તેઓ તારનારમાં અત્યાનદ કરે છે, એટલે ઈશ્વરપિતામાં તેમનો આનદ સમાયલો છે એમ કહેવાય, અર્થાત્ ખરા ઇસ્રાએલીઓનું આ લક્ષણ હાલ ખ્રીસ્તીઓમાંજ જણાય છે. તેથી પણ તેઓ વાસ્તવિક સુનત પામેલા સાબિત થાય છે.

(૩) તેઓમાં તારણની જે ખાતરી તેનો દેહ પર આધાર નથી. તારણ પામવા વિષે યહુદીઓને તો ખાતરી હતી, પરતુ તેનો આધાર માત્ર દેહની ક્રિયાઓ પર રાખવામાં આવતો (જુઓ ગલા. ૬ ; ૧૩). દેહની સુનત, દેહથી પળાતી બાહ્ય ક્રિયાઓ, દેહની શુદ્ધતા ઇત્યા. વાતો પર યહુદીઓનો ભરોસો રહેતો. પરતુ દેહ પર આધાર રાખનારા મરણ તુલ્ય અશક્ત સ્થિતિમાં પડેલા છે (રૂમી. ૭ ; ૧૮, ૨૪). “ જે કઇ ખ્રીસ્તથી નિરાળુ છે તે દેહ કહેવાય ” એ કાલ્વિનની ઉક્તિ પ્રમાણે દેહ પર ભરોસો રાખનારા યહુદીઓ જીવનના ઝરાથી દૂરજ રહેતા. પરતુ ખરા ખ્રીસ્તીઓ દેહ પરનો વ્યર્થ ભરોસો તજી દઇને તારનારનો સ્વીકાર કરે છે, માટે તેઓ ખ્રીસ્તનો આત્મા પામીને પૂર્ણોદ્ધારનો ખરો ભરોસો મેળવે છે (જુઓ રૂમી. ૮ ; ૫-૧૧). તેઓ પણ પ્રથમ દેહ પર આધાર રાખતા હતા (એફે. ૨ , ૩), પરતુ એ આધાર જ્યારે નકામો માલમ પડયો, ત્યારે ખરો તથા સદા અચળ રહેનાર આધાર જે પ્રભુ ઇસુ છે તેના પર આત્મિક ટેકો મૂકીને તેઓ તો સુનિશ્ચિત્ત થયા. ત્યાર પછી તેઓ દેહ પર ભરોસો રાખનારા રહ્યા નથી.

ઈશ્વરના જે ખરા લોકનાં લક્ષણો ઉપર મુજબ વર્ણવવામાં આવ્યાં છે, તેઓમાં આપણે છીએ કે નહિ એ વિષે પોતાને પારખવાની ઘણી અગત્ય છે. પવિત્ર આત્માએ ઉપજાવેલા શુદ્ધ ભાવથી ઈશ્વરનુ ભજન કરીએ છીએ કે નહિ ? ખ્રીસ્ત ઇસુમાં “ વડાઇ ” જેવો અત્યાનદ કરીએ છીએ કે નહિ ? દેહ પરનો ભરોસો તજીને કેવળ દેવના ઠરાવેલા તારનાર પર દઢ વિશ્વાસ રાખીએ છીએ કે નહિ ? એ સવાલોનો સતોષકારક જવાબ આપી શકાય તોજ ખરા ખ્રીસ્તીઓ છીએ, નહિ તો ખ્રીસ્તી નામ ધારણ કર્યા છતાં, દેવના ઇસ્રાએલમાં આપણો સમાવેશ હજી થયો નથી.

દેહ પરના ભરોસાની વાત ઉપરથી પાઉલ હવે બતાવી આપે છે કે જે દૈહિક વાનાંનું યહુદીઓ અભિમાન કરે છે, તે વાનાં તેની પોતાની પાસે હતાં, પરંતુ તેની વ્યર્થતા જાણીને તેણે (ખ્રીસ્તનો અગીકાર કરવાને અર્થે) એ બધાંનો ત્યાગ કીધો હતો.

પરંતુ મને તો દેહ પર પણ ભરોસો રાખવાનું [કારણ મળે એમ] છે; બીજા કોઇને જો [પોતાની પાસે] દેહ પર ભરોસો રાખવાનું [કારણ] દીસતું હોય તો મને અધિક છે.

પદ ૪ યહુદી લોકો જે બાબત પર ભરોસો રાખતા તેની અવગણના જો કોઇ વિદેશી કરે, તો યહુદીઓ જવાબ આપી શકે કે, "અરે, તને અમારા ઉત્તમ હકનો ક્યાંથી અનુભવ થયો છે? દ્રાક્ષને ખાટી કહેનાર વાર્તામાંની લોંકડી જેવો તારો ન્યાય જણાય છે!" પરતુ પાઉલને એવો જવાબ આપી ન શકાય. દ્રાક્ષ ચાખી જોવાથી તેણે ખટાશનો પુરો અનુભવ લીધો હતો. જે બાહ્ય વાનાં પર ભરોસો રાખવાની તે વ્યર્થતા બતાવે છે તે સઘળાં તેની પાસે હતાં, પરતુ તે નિર્માલ્ય જાણીને તેણે તે નાખી દીધાં હતાં. આ દેશનો કોઇ ખ્રીસ્તી થયલો બ્રાહ્મણ નિત્યકર્મની વ્યર્થતા જાહેર કરે, તો તે જાત માહિતીથી બોલે છે, એમ શ્રોતાજનોને કબૂલ કરવુ પડે. એવીજ રીતે બધાંને ખાતરી થાય એ હેતુથી, પાઉલ પોતાની આગલી સ્થિતિ વર્ણવીને દેહ પર ભરોસો રાખવાની ભૂલ સાબિત કરે છે. કુળાભિમાનથી નહિ પણ યહુદી પક્ષકારોનું શિક્ષણ ખંડિત કરવાના ઇરાદાથી તે આ વાક્યોમાં સમાયલી વાત લખે છે (સરખાવો ૨ કરી. ૧૧, ૧૮, ૨૨). તેનો ભરોસો ખ્રીસ્ત પર દઢ છે, પરતુ દેહ પર ભરોસો રાખવામાં કોઇ પ્રકારનો લાભ હોત, તો એ લાભ પણ તેને પૂર્ણ રીતે મળી શકત. ગમે તે ધર્મચુસ્ત યહુદી પોતાના કુળાભિમાન કે દેહશુદ્ધતા કે ધર્માવેશ પર આધાર રાખવા ધારે, પરતુ એવી બાબતના સંબધમાં ખ્રીસ્તનો આ પ્રેરિત એવા ભરોસાનુ વધતું કારણ રજુ કરી શકે એમ છે. આવુ બોલવુ પાઉલના ધારવા પ્રમાણે "મૂર્ખાઇ" કહેવાય (૨ કરી. ૧૧; ૧૭, ૨૧), તથાપિ કોઇ વખતે મૂર્ખને તેની મૂર્ખાઇ પ્રમાણે ઉત્તર દેવો પડે છે (દષ્ટાંત. ૨૬; ૫).

યહુદીઓના મત મુજબ પાઉલની જે લાભકારક વાતો હતી તેની વિગત હવે આપવામાં આવે છે. વશ પરત્વે પાઉલને એવા ચાર લાભ મળ્યા હતા, તે ઉપરાંત તેણે પોતાની પસદગીએ કરીને ત્રણ લાભ સપાદન કર્યા હતા, એમ યહુદીઓ માને.

સુનત [ક્રિયા થતી વેળા] એ આઠ દિવસ[ની વય]નો. આ વાક્યમાં વશ પરત્વે થતા ચાર લાભની હકીકત કરવામાં આવે છે. તેમાંનો પહેલો આ છે કે નિયમશાસ્ત્રના વિધિ મુજબ પાઉલ આઠ

પદ ૫. દિવસની ઉમરનો હતો ત્યારે તેની સુનત કરવામાં આવી હતી (જુઓ ઉત્પ. ૧૭; ૧૨. લેવી. ૧૨; ૩). એ ઉપરથી સાબિત થાય છે કે તે જન્મથી યહુદી હતો, અર્થાત્ યહુદી માબાપથી તેનો જન્મ થયો હતો (સરખાવો રૂમી. ૯; ૩: ૧૧; ૧. ગલા. ૨; ૧૫). ઇસ્માએલીઓની ૧૩ વરસની વયે સુનત થતી, ને થયલા યહુદીઓ પોતે સુનતી થતા ત્યારે તેમના નર બાળકોની પણ સુનત કરવામાં આવતી, પરતુ પાઉલ જન્મથીજ યહુદી હતો.

ઇસ્રાએલના વંશનો. બીજી વાત આ છે કે પાઉલનાં માબાપ થયલા યહુદીઓમાંનાં ન હતાં, તેમ એસાવના સતાનનાં ન હતાં, પણ ખુદ જય પામનાર ઇસ્રાએલના શુદ્ધ લોહીનાં હોવાથી (ઉત્પ. ૩૨ ; ૨૮) તેઓથી જન્મનાર નર બાળક (સદરહુ પક્ષકારોના મત મુજબ) પુરાતન કરારના તથા યહોવાહના રાજ્યના સઘળા હક પામી ચુક્યો કહેવાય (જુઓ રૂમી ૯ ; ૪, ૫. એફે. ૨ ; ૧૨).

બિન્યામીનના કુળનો. ઇસ્રાએલી વશનો પાઉલ કોઇ અપ્રતિષ્ઠિત કુળમાં જન્મ્યો ન હતો. બિન્યામીનનું કુળ પ્રખ્યાતિ પામેલું હતુ (રૂમી. ૧૧ ; ૧). કુળપતિનો જન્મ વચનના દેશમાં થયો હતો (ઉત્પ ૩૫ ; ૧૭, ૧૮). મોઆબના હાથથી ઇસ્રાએલીઓને બચાવનાર એહૂદ ન્યાયાધીશ આ કુળમાંથી નીકળ્યો હતો (ન્યા. ૩ ; ૧૫), એટલુંજ નહિ પણ ઇસ્રાએલનો પ્રથમ રાજા તેમાંનો હતો (૧ શમૂ. ૯ ; ૧, ૨). વળી એનું સ્થાપેલું રાજ્ય વિભાગેલું હતું, ત્યારે અસલ રાજ્યને બિન્યામીનનું કુળ વફાદારીથી વળગી રહ્યું હતું. બિન્યામીનીઓના શૌર્યને લીધે તેઓ નિત્ય સૈન્યમાં અગ્રેસર જેવા લેખાતા (ન્યા. ૫ ; ૧૪. હોશી. ૫ ; ૮). આહાશ્વેરોશની કારકીર્દીમાં યહુદીઓને બચાવનારાં મોર્દખાય તથા એસ્તેર આ કુળનાં હતાં (એસ્તે. ૨ ; ૫, ૭). એઝરાના વખતમાં પાયમાલ થયલા યરૂશાલેમમાં આવીને તેની પુનઃસ્થાપના કરનારાં બે કુળોમાં બિંન્યામીનનું એક હતુ,—એ બધાં કારણોને લીધે બિન્યામીનની પ્રતિષ્ઠા ઘણી સારી ગણાતી. માટે પાઉલને કુળાભિમાન રાખવાનુ કઇ ઓછું કારણ ન હતું.

હેબ્રીઓમાંનો હેબ્રી. યહુદીઓનો પૂર્વજ ઇબ્રાહીમ મોટી નદી ઓળંગીને કનાનમાં આવીને રહ્યા હતો, તેથી તેના વશના લોકોને "હેબ્રી" (ઓળંગનારા) એ નામ આપવામાં આવ્યુ હતું. અન્ય જાતિઓથી ઇસ્રાએલીઓ અલાયદા છે, એમ દર્શાવવાને માટે જુના કરારના જમાનાના વિદેશીઓ આ નામનો ઉપયોગ કરતા હતા. પરતુ પ્રેરિતોના જમાનામાં ઇસ્રાએલીઓ પોતે આ નામ વાપરતા જણાય છે. તે વખતે યહુદીઓની જાણે બે શાખા થઇ હતી. એક શાખાના લોક ધર્મચુસ્ત હોવાથી પૂર્વજોના નિયમ પ્રમાણે ચાલતા હતા. તેઓમાં પાઉલના કુટુંબીઓ હતા (પ્રે. કૃ. ૨૨ , ૩). આ હેબ્રીઓ અરામી ભાષા બોલતા હતા (પ્રે. કૃ. ૨૧ ; ૪૦ઃ ૨૨ ; ૨), ને વિદેશીઓની બધી રીતભાત ધીક્કારતા. બીજી શાખાના લોક "હેલેનીઓ" કહેવાતા (પ્રે. કૃ. ૬ ; ૧), તેઓ યુનાની ભાષા બોલતા, તેમજ વિદેશીઓના કેટલાક રિવાજો સ્વીકારતા. માટે "ઇસ્રાએલી" કરતાં "હેબ્રી" એ ધર્માવેશ સુચક નામ ધર્મચુસ્ત યહુદીઓમાં વધતું માનવંત ગણાતું (૨ કરીં. ૧૧ ; ૨૨). હવે પાઉલ પોતે અગાઉ ધર્મચુસ્ત હેબ્રી હતો, એટલુંજ નહિ પણ ધર્મચુસ્ત હેબ્રીઓની ઓલાદનો હતો, માટે તેની વશાવળી વિષે કોઇ પણ ધર્માંધ યહુદી પણ વાંધો લે એવું નહતુ. પૂર્વજોના શુદ્ધ વશમાં જન્મ પામવાથી જેટલા લાભ મળી શકે તેટલા લાભ પાઉલને પ્રાપ્ત થયા હતા.

હવે પછી પાઉલે પોતે પોતાની પસંદગીએ કરીને જે મનાતા લાભ પ્રાપ્ત કર્યા હતા તેની વિગત આપવામાં આવે છે. એવા લાભ ત્રણ પ્રકારના હતા.

નિયમ [પાલન] સંબંધે ફરોશી. ચાર સુવાર્તાઓ તથા પ્રેરિતનાં કૃત્યો વાંચવાથી માલમ પડે છે કે યહુદી ધર્મમાં બે મુખ્ય પંથ હતા, એટલે ફરોશી તથા સાદુકી. આ પંથોની ઉત્પત્તિ મક્કાબીઓના વખતમાં (ઇ. સ. પૂર્વેના બીજા સૈકામાં) થયલી જણાય છે. સાદુકીઓ સંસારી ભાવ રાખી ધર્મ બાબત નિશ્ચિંત જેવા હતા, પણ ફરોશીઓમાં ધર્માવેશ વિશેષ પ્રજ્વલિત થતો હતો. "ફરોશી" એટલે "જુદાઇ રાખનાર," ને આ પંથવાળા બાપદાદાઓનો ધર્મ ચુસ્ત રીતે પાળીને (પ્રે. કૃ. ૨૬ ; ૫) વિદેશીઓની બધી રીતભાતથી અલગ રહેતા હતા. તેમના નામને શોભે એવા સંકુચિત વિચારો રાખીને તેઓ પોતાને વિદેશીઓની મલીનતાથી વિશુદ્ધ રાખવાના સઘળા ઉપાય કરતા. તેઓનું એક વિશેષ લક્ષણ એ હતું કે તેઓ નિયમશાસ્ત્રના બધા વિધિઓ બહુજ ઝીણી રીતે પાળતા, તેમ બાપદાદાઓના સંપ્રદાય મુજબ ચાલવાને ઘણીજ સંભાળ લેતા (ગલા. ૧ ; ૧૪). નહાવા ધોવા વિષે (મા. ૨૩ ; ૨૫, ૨૬. માર્ક ૭ ; ૧–૫. લુક ૧૧ ; ૩૮, ૩૯), દશાંશ આપવા વિષે (લુક ૧૮ ; ૧૨), ઉપવાસ કરવા વિષે (મા. ૯ ; ૧૪. માર્ક ૨ ; ૧૮), સાબ્બાથ પાળવા વિષે (મા. ૧૨ ; ૧, ૨. લુક ૧૪ ; ૧. યોહા. ૯ ; ૧૬)—એવી બાબતો વિષે તેઓની આસ્થા સુવાર્તાઓની વાતથી સાબિત થાય છે. પરંતુ તેઓની આસ્થા ઢોંગ ભરેલી હતી (માર્ક ૭ ; ૬ ઇત્યા). તેઓ ધોળેલી કબર જેવા આંતરશુદ્ધિ રહિત હતા (મા. ૨૩ ; ૨૭), સર્પના સંતાન જેવા (મા. ૧૨ ; ૩૪ ૨૩ ; ૩૩), ભુંડા તથા વ્યભિચારી પેઢીના લોક (મા. ૧૨ ; ૩૯ · ૧૬ ; ૪), આંધળા માર્ગદર્શીઓ (મા ૧૫ , ૧૪), દુષ્ટતારૂપી ખમીરવાળો બોધ કરનારા (મા. ૧૬ ; ૬, ૧૧, ૧૨. માર્ક ૮ , ૧૫. લુક ૧૨ , ૧) એવા હતા. તે માટે તેમની પાસે આકાશના રાજ્યને ઘટતું ન્યાયીપણું ન હોવાથી (મા. ૫ ; ૨૦) તેઓ ઈશ્વરથી દૂર રહેતા, ને એમ પસ્તાનારાં દાણીઓ તથા કસબેણો પણ તેમની અગાઉ તારણ પામે છે (મા ૨૧ ; ૩૧, ૩૨) એવું પ્રભુ ઇસુએ જાહેર કર્યું હતું. તેમના ધર્માવેશના આ અનિષ્ટ પરિણામનું એવું કારણ જણાય છે કે તેમની શુદ્ધતા કેવળ બાહ્ય હતી —અંતરની ન હતી (મા. ૨૩ ; ૨૫–૨૮. લુક ૧૧ ; ૩૯–૪૧)–માટે તેઓ અંતઃકરણને પારખનારને પસંદ પડ્યા નહિ.

હવે આ ચુસ્ત, ધર્માવેશી પંથના સંપ્રદાય પાઉલના પૂર્વજો પાળતા આવ્યા હતા (પ્રે. કૃ. ૨૩ ; ૬), એટલુંજ નહિ પણ પાઉલ પોતે સમજણો થયો ત્યારે તેણે પોતાની રાજીખુશીથી આ પંથનું શિક્ષણ સ્વીકાર્યું, એવું તે પોતે સૂચવે છે (ગલા. ૧ ; ૧૪). એ શિક્ષણ મુજબ તે નિયમશાસ્ત્ર તથા સંપ્રદાયની સહુથી સૂક્ષ્મ વાત પાળવામાં તલ્લીન રહેતો. ધર્મચુસ્ત યહુદીઓને તેની એ વૃત્તિ અતિશય લાભકારી દીસે એ નિઃસંશય છે.

આસ્થા સંબંધે મંડળીને સતાવનાર. પાઉલ નિયમપાલન વિષે ચુસ્ત હતો, એટલુંજ નહિ પરતુ તેના ધારવા પ્રમાણે યહુદી ધર્મ એ ઈશ્વરનો શુદ્ધ ધર્મ હતો, માટે તેનુ રક્ષણ કરવામાં તે ઘણોજ આવેશી
પદ ૬.
હતો. સ્તેફનને મારી નાખનારઓને તે અનુમતિ આપનાર હતો (પ્રે. કૃ. ૭; ૫૮: ૮; ૧). વળી તે પોતે મડળીને સતાવનાર થયો (પ્રે. કૃ. ૮; ૩: ૯; ૨૧: ૨૨; ૪: ૨૬, ૯-૧૧. ૧ કરી. ૧૫; ૯. ગલા. ૧; ૧૩, ૨૩). ખરી આસ્થા એ તો પ્રભુના ભક્તને ઘટતું લક્ષણ છે (જુઓ ગણ. ૨૫; ૧૧-૧૩. ૧ રા. ૧૯; ૧૦, ૧૪. ગીત. ૬૯; ૯. યોહા ૨; ૧૭). પરતુ ધર્માંધ યહુદીઓની આસ્થા જ્ઞાન પ્રમાણે ન હતી (રૂમી. ૧૦; ૨), તેવીજ રીતે મડળીની સતાવણી કરનારા પાઉલનો ધર્માવેશ અજ્ઞાન તથા અવિશ્વાસ ભર્યો હતો (૧ તીમો. ૧, ૧૩). એ ખોટી આસ્થા વિષે તેણે ખરો પસ્તાવો કર્યો હતો, માટે તે વિષે વડાઇ કરવાનો તેનો હેતુ નથી; પરતુ ધર્માવેશી યહુદીઓના દૃષ્ટિબિંદુથી જોતાં તે જાણે તેમને જણાવે છે કે, "જુઓ, તમારા ધારવા પ્રમાણે ધર્માવેશ એ ખરા ભક્તનું આવશ્યક લક્ષણ છે, ને હાલ એ આવેશને કારણે તમે ખ્રીસ્તીઓ પર નિયમશાસ્ત્રની ઝુસરી મૂકવા શ્રમ કરો છો, તથાપિ એવી ભૂલ ભરેલી આસ્થા વિષે પૂછો તો તમારા કરતાં મારામાં તે અધિક હતી. તમે તો બોધજ કરો છો પણ હુ તો મડળીના લોકને સતાવીને તેમના ઘાણ વાળતો હતો. આવી આસ્થામાં લાભ હોય તો મને કેટલો બધો ફાયદો થયલો હોવો જોઇએ!"

નિયમમાંના ન્યાયીપણા સંબંધે નિરપરાધી થઇ પડેલો. વાસ્તવિક ન્યાયીપણા વિષે પાઉલને સત્ય વિજ્ઞાન થયા પહેલાં તે યહુદી બોધકોના મત મુજબ ધારતો કે નિયમ પાળવામાં ન્યાયીપણુ પ્રાપ્ત થાય છે એ ન્યાયીપણું કેવળ નિયમમાં દર્શાવેલું છે— નિયમ પાળનારના મનમાં રહેલું નથી—એમ પાઉલ હમણાં જાણતો (જુઓ પદ ૯). નિયમના વિધિઓ તથા હુકમો જે કોઇ પૂર્ણ રીતે પાળે તે નિયમ મુજબ પોતાને "ન્યાયી" પ્રગટ કરે—નિયમની કસોટીએ તેનું વર્તન તપાસવામાં આવે તો નિયમ મુજબ તે નિરપરાધી ઠરે, એ વાતની ના પાડી શકાય નહિ. સાઉલ ફરોશીની વર્તણુક નિયમના બાહ્ય વિધિઓને ધોરણે તપાસવાથી તેનામાં દોષ ન મળ્યો. તે નિયમનાં ત્રાજવાંમાં તોળાયો ત્યારે તેનું પલ્લું તો ઊંચે ચઢતું નહિ. પરતુ નિયમનો માંહેલો અર્થ તે જ્યારે સમજવા લાગ્યો ત્યારે તેને પોતાની દોષિત અપૂર્ણતા સૂઝી આવી (રૂમી. ૭; ૭-૧૧). એમ છતાં પણ, તે વેળાએ તેને પારખનાર કોઇ પણ યહુદી કબૂલ કરત કે સાઉલ નિયમપાલનના સબધમાં નિર્દોષ નીવડયો છે. આ નિર્દોષતામાં ઘણોજ લાભ સમાયલો છે, એમ હરકોઇ ધર્મચુસ્ત યહુદી માન્યા વગર ન રહે.

પરંતુ આવાં જે વાનાં મને લાભરૂપ હતાં તે મેં ખ્રીસ્તને લીધે નુકસાન તુલ્ય ગણ્યાં છે. પદ ૫, ૬ માં કહેલી બાબતો આત્મિક રીતે ઘણીજ લાભકારી છે એમ પાઉલ પ્રથમ માનતો. પરતુ જ્યારે પ્રભુ
પદ ૭ ઇસુ વિષેનું સત્ય જ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે તેણે જાણ્યું કે આ બધાંને વળગું તો ખ્રીસ્તમાં જે સર્વોત્તમ લાભ તે ખોઇ બેસીશ (સરખાવો ગલા. ૫; ૪). માટે સર્વોત્તમ લાભ ગ્રહણ કરવા માટે તેણે પૂર્વોક્ત સઘળાં કૃત્રિમ લાભવાળાં વાનાં નાખી દીધાં. ખ્રીસ્તરૂપી ક્ષેત્રમાં આકાશી દ્રવ્ય છે એમ જાણીને—ખ્રીસ્ત સમાન અમૂલ્ય જવાહિર બીજું કશુ નથી એમ માનીને—તેણે ખ્રીસ્તને મેળવવાને અર્થે બીજું બધુ આપી દીધુ (મા ૧૩; ૪૪–૪૬). પાઉલ રૂમ આવતો ત્યારે સુદર બદરમાંથી નીકળ્યા પછી તુફાન થવાથી ખલાસીઓએ વહાણનો મૂલ્યવાન માલ વામી દીધો, ને એમ મોટું નુકસાન થયું (પ્રે. કૃ. ૨૭; ૧૦, ૧૮, ૨૧), પરતુ એમ કરવામાં વહાણની તથા તેમાં બેસનારાઓની સલામતી રહેલી હતી; તેમજ ખ્રીસ્તમાં પોતાના આત્માનો બચાવ કરવાને અર્થે પાઉલે પોતાનાં "લાભ" જેવાં વાનાં જથાબધ વામી દીધાં. હિસાબ કરતાં--નફો તોટો ગણતાં—તેને માલમ પડયુ કે ઉપર કહેલાં વાનાં મૂલ્યવાન લેખાતાં હશે, પરતુ તેનુ ગ્રહણ કરવાથી જીવની હાનિ થાય એમ છે (મા. ૧૬; ૨૬. માર્ક ૮; ૩૬. લુક. ૯; ૨૫, કે જે વાક્યોમાં અહિં આવેલા નામને મળતું ક્રિયાપદ આવે છે). તેથી તેણે એ બધુ નુકસાન તરીકે ગણ્યું— ને હજીએ ગણે છે.

તારનાર પાસે આવેલા શ્રિમત જુવાનને પાઉલના જેવી આત્મિક નફો તોટો ગણવાની આવડત હોત તો દિલગીર થઇને જતો ન રહેત, પણ ખ્રીસ્તમાં પાઉલની પેઠે અત્યત નફો મેળવીને પોતાની જીંદગી પ્રભુના આનદમાં ગાળત.

હા, નિશ્ચે હું વળી ખ્રીસ્ત ઇસુ મારા પ્રભુના જ્ઞાનની ઉત્તમતાને લીધે બધાંને નુકસાન તુલ્ય ગણું છું. પદ ૭માં આવેલી વાત પર સવિશેષ ભાર મૂકીને પાઉલ યહુદીઓમાં લેખાતો "લાભ"
પદ ૮ તથા ખ્રીસ્તમાં જે ખરો નફો એ બે વિષે પોતાની સ્થાયી ભાવના ખાતરીપૂર્વક રીતિએ પ્રદર્શિત કરે છે. તેણે પૂર્વોક્ત લાભની વાત જવા દીધી છે, એટલુંજ નહિ પણ ગમે તે દૈહિક લાભરૂપ વાનુ હોય તે પણ તે હજીએ નાખી દેવા તૈયારજ છે. મનના કોઇ પણ અસ્થિર તરગી વિચારને લીધે તે ખ્રીસ્તી થયો ન હતો—ખ્રીસ્ત ઇસુને પ્રભુ જાણીને તેણે તેના પર ખરો વિશ્વાસ કર્યો હતો—માટે ધર્મફેર કરવા વિષે તે પસ્તાતો ન હતો, પણ નફા તોટાનો હિસાબ કરીને તે હજી ખ્રીસ્તને લીધે ગમે તે પ્રિય વસ્તુનો ત્યાગ કરવા તત્પરજ હતો.

જે અતુલ્ય નફાને લીધે પાઉલ બધાં વાનાંનું નુકસાન વેઠવા તૈયાર હતો તે ખ્રીસ્તના જ્ઞાનની ઉત્તમતામાં રહેલો હતો. આ ખ્રીસ્તના જીવનચરિત વિષે

ઐતિહાસિક જ્ઞાન તો નહિ, તેમ ખ્રીસ્તના પ્રભુત્વ વિષેનાં પ્રમાણનું ઉપલક્રિયું જ્ઞાન નહિ, પણ ખ્રીસ્તની સગત કરવાથી જે અનુભવસિદ્ધ વ્યવહારૂ જ્ઞાન ખ્રીસ્ત પરના જીવવત વિશ્વાસ રાખનારાઓને થાય છે એ હતું. આ જ્ઞાને કરીને ખ્રીસ્ત ઇસુ એ મારો પ્રભુ છે એવો ખાસ નિશ્ચય કરી શકાય છે (૧ ; ૨ ઃ ૨ ; ૧૧), ને એવો નિશ્ચય થવાથી પાઉલને આ જ્ઞાનની ઉત્તમતા સાબિત થઇ હતી. યહુદી ધર્મમાં પ્રભુનો મહિમા દેખાતો ખરો, પરતુ તે મહિમાનો કેવળ ઝાંખો પ્રકાશ પડતો. તારાનો પ્રકાશ સુરજના ઉગવાથી અદૃશ્ય થાય છે તેમ ખ્રીસ્તના અધિક મહિમાના પ્રમાણમાં યહુદી ધર્મ પ્રકાશહીન કહેવાય (૨ કરી. ૩ ; ૧૦). ખ્રીસ્ત ઇસુ વિષે કોઇ ખ્રીસ્તી માણસને એવુ અનુભવસિદ્ધ જ્ઞાન થાય છે કે તેને તે પોતાના પ્રભુ તરીકે ઓળખે છે, ત્યારે સઘળાં વાનાં કરતાં આ જ્ઞાન શ્રેષ્ઠ છે એમ માનીને તે ખ્રીસ્તને વળગી રહેવા સારૂ ગમે તે લાભનો ત્યાગ કરેજ.

તેને લીધે મેં બધાંનું નુકસાન વેઠયું ને તે કચરા સમાન ગણું છું. જે ખ્રીસ્ત ઇસુને પાઉલ પ્રભુ તરીકે ઓળખે છે તેનેજ લીધે તેણે બધાંનું નુકસાન વેઠયું છે. ખ્રીસ્તનુ ગ્રહણ કરતાંજ તેણે પ્રથમ પકડેલા કૃત્રિમ લાભ પડતા મૂકયા. ખ્રીસ્તને પકડી રાખવાને માટે આપણા હાથ અન્ય વાનાં વિષે ખાલી હોવા જોઇએ. બીજાં બધાં વાનાંને નાખી દેવાં એ પાઉલને કોઇ રીતે શોચનીય દીસતું ન હતું, કેમકે તે એ વાનાંને કેવળ કચરાવત્ લેખતો. "કચરા" અર્થનો અસલ શબ્દ આખા નવા કરારમાં અહિંજ મળે છે, તેની વ્યુત્પત્તિ વિષે મતફેર છે. "ખાતરપુંજો" અર્થના શબ્દ ઉપરથી તે વ્યુત્પન્ન થાય છે એમ કેટલાકનું માનવું છે. બીજાઓ ધારે છે કે "કુતરાને નાખેલો એઠવાડ" એવો વ્યુત્પત્તિ મુજબ તેનો અર્થ થાય છે. યહુદીઓ વિદેશીઓને કુતરા સમાન ગણતા (પદ ૨), પરતુ અહિ જણાય છે કે યહુદીઓને જે વાનાં ગ્રહણ કરવા યોગ્ય જણાતાં તે કેવળ એઠવાડ સમાન ગણાવા લાયક છે. પિતાનું થયલુ ભાણું પ્રભુ ઇસુને માનનારા ભક્તોને પીરસવામાં આવે છે તે મૂકીને પોતાથી શોધી કાઢેલો અપથ્ય ખોરાક ખાનારા કેવળ કુતરાઓની પેઠે અશુદ્ધ એઠવાડ ગળી જાય છે.

એ માટે કે હું ખ્રીસ્તને [લાભ તરીકે] પ્રાપ્ત કરૂં. વ્યર્થ "લાભ" પમાડનારાં વાનાંનું નુકસાન વેઠવાનુ પ્રયોજન અહિ જણાય છે. મજકુર વાનાં છોડી દઇને પાઉલે ખ્રીસ્તને મેળવ્યો હતો, ને ખ્રીસ્તને મેળવવામાં અત્યંત લાભ છે. આ જગતનાં વાનાંમાં જેઓ આનદ માણે છે તેઓ આ અત્યુત્તમ લાભ જવા દે છે (પ્રક. ૩ ; ૧૭, ૧૮). એક પુરાતન ગ્રંથકાર કહે છે કે તારી સઘળી કમાણી ઉપરાંત બુદ્ધિ પ્રાપ્ત કર (દૃષ્ટાંત. ૪ ; ૭), પણ પાઉલ કહે છે કે ગમે તે કમાણીનુ નુકસાન વેઠવુ પડે તો પણ ખ્રીસ્ત જે સઘળા લાભના ભંડારરૂપ છે તેને પ્રાપ્ત કરવો. ગમે તે પ્રિયતમ વસ્તુ હોય—જમણી આંખ કે

જમણા હાથ જેવી વસ્તુ હોય–તો પણ તે જો આ સર્વોત્તમ લાભ મેળવવામાં અટકાવ કરતી હોય, તો તેનો ત્યાગ કરીને ખ્રીસ્તને પકડી રાખવો. સોનું મેળવતાં સુદર ચળકતા પાષાણના ચુરેચુરા કરવા પડે છે, તેમજ આ જીવનનાં ઘણાં મનોહર વાનાંની ખોટ વેઠીને સ્વર્ગીય દ્રવ્ય પ્રાપ્ત કરાય છે. ખ્રીસ્તમાં જે લાભ તે અમૂલ્ય તેમ અક્ષય છે, માટે તે મેળવવા સારૂ પાઉલની પેઠે બધાં દૈહિક વાનાં તજી દેવા નિરતર તત્પર રહેવુ.

ખ્રીસ્તને લાભ તરીકે પ્રાપ્ત કરવો એ વાતમાં શુ શું સમાયલું છે તેનો નીચે મુજબ એક ભક્તે ખુલાસો કર્યો છે -- "ખ્રીસ્તને દૃઢતાથી પકડી રાખવો, ખ્રીસ્તનો અત કરણપૂર્વક સ્વીકાર કરવો ને એમ તેને આપણો પોતાનો કરવો તેમ પોતે તેનાજ થઇ જવુ---એવા હેતુથી કે તેને શિરપતિ સમજીને તેની સગતમાં રહીએ, તેને વરરાજા જાણીને તેની સાથે જોડાઇએ, તેને ખોરાક જાણીને તેનામાંથી મળતાં જીવનનાં તત્ત્વો આપણા જીવનનો આધાર કરી લઇએ, તેને થડ જાણીને તેનામાં કલમરૂપે મેળવાઇએ, તેને અચળ પાયો જાણીને તેના પર બધાઇએ." ખરેખર એ રીતે ખ્રીસ્તને પ્રાપ્ત કરનારાઓને ધન્ય છે!

પરતુ ખ્રીસ્તને પ્રાપ્ત કરવામાં શુ શુ સમાયલુ છે તે વિષે પ્રેરિત પોતે પદ ૯---૧૧ માં ખુલાસો કરે છે તે ઉપર ધ્યાન દઇએ

ને તેનામાં માલમ પડું. ખ્રીસ્તને જે કોઇ મેળવે છે તે તો ખ્રીસ્તમાં માલમ પડે છે. એટલે, તેને જે કોઇ ગમે તે વખને તપાસી જુએ તેને એમ જણાય કે આ માણુસ તો ખ્રીસ્તમાં એવી રીતે રહે છે કે તે તથા તેનો તારનાર જાણે એકરૂપ માલમ પડે છે (જુઓ ૧; ૧, ૨૧. યોહા. ૧૪; ૨૦: ૧૫, ૨, ૪, ૫, ૭ ૧૭; ૨૧, ૨૩). જીંદગી પર્યંત ખ્રીસ્તમાં એવી રીતે રહેનાર મરણ સમયે તો ખ્રીસ્તમા જણાશેજ. ખ્રીસ્તના જીવનના ભાગીદાર થયાથી ખ્રીસ્તનું તારણ પણ પ્રાપ્ત થાય છે, બીજી રીતે નહિ. એક વિદ્વાન કહે છે કે "ખરો ખ્રીસ્તી માણુસ ખ્રીસ્તની અતરગત સગતમાં રહીને પોતાની જીવનવૃત્તિનાં બધાં કાર્યો સાધે છે; ખ્રીસ્તમાં ખાતરીપૂર્વક ભરોસો રાખે છે (૨; ૧૯, ૨૪), ખ્રીસ્તમાં આનદ કરે છે (પદ ૧: ૪; ૪, ૧૦), ખ્રીસ્તમાં હિમ્મત રાખે છે (ફિલે. ૮), ખ્રીસ્તમાં વાત કરે છે (એફે. ૪; ૧૭), ખ્રીસ્તમાં સેવાકાર્ય કરે છે (કલો. ૪; ૧૭), ખ્રીસ્તમાં ભાઇઓનો અગીકાર કરે છે (૨; ૨૯), ખ્રીસ્તમાં ભાઇઓ સાથે એક મનનો થાય છે (૪; ૨), ખ્રીસ્તમાં આજ્ઞાપાલન કરે છે (એફે. ૬; ૧), ખ્રીસ્તમાં રહીને પરાક્રમી થાય છે (૪; ૧૩. એફે. ૬; ૧૦). ખ્રીસ્તમાં હોવુ એટલે ખ્રીસ્તનો આત્મા પામીને ખ્રીસ્ત સાથે એકરૂપ થવુ (રૂમી. ૮; ૯. ૧ કરી. ૬; ૧૭)." એ પ્રમાણે ખ્રીસ્ત સાથે જોડાયલા રહીને બધુ કરીએ તોજ તેનામાં માલમ પડીએ, નહિ તો નહિ.

પદ ૯

હવે ખ્રીસ્તમાં માલમ પડતા ખરા ભક્તોની પાસે શું હોવુ જોઇએ તે વિષે વાત કરવામાં આવે છે.

એટલે નિયમથી જે મારૂં પોતાનું ન્યાયીપણું તે સહિત નહિ. પદ ૫, ૬ માં પાઉલે બતાવ્યું છે કે નિયમપાલન કરી તેમ ધર્માવેશી થઇને તે પ્રથમ નિયમના ન્યાયીપણા સબન્ધી નિરપરાધી ગણાતો. પરતુ એ બાહ્ય ન્યાયીપણું તેણે નાખી દીધુ હતું માટે ખ્રીસ્તમાં તે જ્યારે માલમ પડે ત્યારે સ્વપુણ્યરૂપી મેલાં વસ્ત્ર સહિત (યશા. ૬૪ ; ૬) તે માલમ પડવાનો નથી. હમેશને માટે સ્વકૃત્યો પરનો ભરોસો તેણે છોડી દીધો છે ને હવે તે યહોવાહનાં પરાક્રમી કૃત્ય સહિત દેખાય છે (ગીત. ૭૧ ; ૧૬). સ્વપુણ્યરૂપી ન્યાયીપણુ પોતાનું કહેવાય છે, ને એ પોતાનુ ન્યાયીપણું સ્થાપિત કરવાના પ્રયત્ન વડે યહુદીઓ દેવનું ન્યાયીપણુ પડતું મૂકે છે (રૂમી. ૧૦ ; ૩). પાઉલે જાણ્યું હતું કે હું પોતે સંપૂર્ણ રીતે નિયમપાલન કરી શકનો નથી, માટે સ્વપુણ્ય પરનો ભરોસો તે પોતામાં નથી રાખતો, એટલુંજ નહિ પણ જેઓ સ્વપુણ્યને વળગી રહે છે તેમને તે એ હાનિકારક ભૂલથી બચાવવા માગે છે. તેનામાં જે જીવન તે વિશ્વાસ જન્ય છે—ખ્રીસ્તની સગતથી છે (ગલા. ૨ ; ૨૦)–એમ તે સર્વત્ર પ્રગટ કરે છે.

"પોતાનું ન્યાયીપણું" એ નિયમથી છે એટલેથીજ જણાય છે કે પોતાનું ન્યાયીપણુ તે ખરૂં ન્યાયીપણુ નથી. રૂમીઓને તથા ગલાતીઓને લખેલા પત્રોમાં પાઉલ આ વિષય વિષે સવિસ્તર વિવેચન કરીને સાબિત કરે છે કે જો કોઇ સપૂર્ણ રીતે નિયમપાલન કરી શકે તો તે ન્યાયી ઠરે, પરતુ કોઇ નિયમપાલન વિષે નિર્દોષ છેજ નહિ માટે જરૂર હતી કે નિયમથી નહિ પણ વિશ્વાસથી ન્યાયીપણુ થાય. નિયમ તો સારો છે પરતુ માણુસના મનોવિકારને લીધે નિયમની બધી આજ્ઞાઓ પૂર્ણ રીતે પળાય એમ નથી, તેથી ઈશ્વરે દયા કરીને પોતાનું ન્યાયીપણું પ્રગટ કર્યું છે ને એ વાસ્તવિક ન્યાયીપણું વિશ્વાસ વડે પામવામાં આવે છે (જુઓ રૂમી. ૩ ; ૨૯–૩૧ : ૪ ; ૧૩ : ૯ ; ૩૦–૩૨ : ૧૦ ; ૪, ૫. ગલા. ૨ ; ૧૬ : ૩ ; ૧૦–૧૨, ૨૧). દેવનું એ કૃપાદાન સ્વીકારીને પાઉલે પોતાનું કલ્પેલું ન્યાયીપણું નાખી દીધુ હતું, માટે તે સહિત તે હવે પછી માલમ પડવાનો નથી.

પણ ખ્રીસ્ત [પર]ના વિશ્વાસને આસરે જે [ન્યાયીપણું, એટલે] દેવથી જે ન્યાયીપણું વિશ્વાસ પર [આધાર રાખે છે] તે સહિત [તેનામાં માલમ પડું]. જે ન્યાયીપણું તજી દેવા યોગ્ય છે તેની હકીકત ઉપર પ્રમાણે આપેલી હતી ; હવે જે ખરૂં ન્યાયીપણું તેની હકીકત બે રીતે કરવામાં આવે છે.

(૧) આ ન્યાયીપણું ખ્રીસ્ત પરના વિશ્વાસને આસરે છે (સરખાવો રૂમી. ૩ ; ૨૨. ગલા. ૨ ; ૧૬). અર્થાત્ ખ્રીસ્ત આ ન્યાયીપણાનું સાર્થક કારણ છે

ને તેના પરનો વિશ્વાસ ન્યાયીપણું પામવાનું સાધન છે (સરખાવો એફે.૨ ; ૮). ખ્રીસ્તે પ્રાયશ્ચિત્ત કર્યું તેથી તે ન્યાયીપણાનુ સાર્થક કારણ થયો છે (રૂમી. ૩ ; ૨૪ઃ ૪; ૨૫ઃ ૫ ; ૯, ૧૮), પણ તેના પ્રાયશ્ચિત્તનો લાભ લેવા માટે આપણે તેના પર વિશ્વાસ કરવો જોઇએ (રૂમી. ૩ ; ૨૮ : ૫; ૧).

(૨) આ ન્યાયીપણું દેવથી છે, ને વળી તે પૂર્વોક્ત વિશ્વાસ પર આધાર રાખે છે (જુઓ રૂમી. ૩ ; ૨૧ : ૪ ; ૫, ને સરખાવો પ્રે. કૃ. ૩ ; ૧૬). ઈશ્વર તો ન્યાયીપણાના ઝરારૂપ છે. તેની પાસેથી ન્યાયીપણારૂપી કૃપાદાન બક્ષવામાં આવે છે, પરતુ તે દાન લેવાને વિશ્વાસરૂપી હાથ લાંબો કરીએ તોજ મળે. ન્યાયીપણા રૂપી ઇમારત નવા યરૂશાલેમની પેઠે ઈશ્વર પાસેથી ઉતરી આવે છે, પણ આપણે તેને માટે વિશ્વાસરૂપી પાયા તૈયાર રાખવા જોઇએ.

વાસ્તવિક ન્યાયીપણાની અદર પાપની માફી, એટલુજ નહિ પણ દેવ સાથે સમાધાન, નવુ મન, આત્મિક જીવનવૃત્તિ, પૂર્ણોદ્ધારની ખાતરી–એવાં અમૂલ્ય કૃપાદાનો પણ સમાયલાં છે. તે ખ્રીસ્તની માર્મિક સગત સાથે અભેદ્ય રીતિએ જોડાયલું છે એમ આ વાક્યોથી સાબિત થાય છે. આ ન્યાયીપણું માણસના પ્રયત્નોથી નથી, પણ ઈશ્વરથી બક્ષેલું દાન છે, નિયમપાલનથી નથી પણ ખ્રીસ્તના કામને લીધેજ છે. તેનો અગીકાર કરવાનુ સાધન વિશ્વાસ છે—તે આપણામાં વિશ્વાસ સિવાય અન્ય આધાર પર રહી શકતું નથી, એવુ આ વાક્ય ઉપરથી પાઉલ પ્રેરિતનું માનવુ જણાય છે (સરખાવો રૂમી. નો ખુલાસો, પૃષ્ઠ ૨૫૬-૨૫૮). ઈશ્વરને ધન્ય હો કે તેણે આ ન્યાયીપણુ પ્રગટ કર્યુ છે—હરકોઇને માટે ખ્રીસ્ત વડે તે સિદ્ધ કીધુ છે. પ્રભુ કરે ને વિશ્વાસ વડે તે દરેક વાચકના પામવામાં આવે –દરેકના મનમાં તેને માટે વિશ્વાસરૂપી આધાર તૈયાર થયલો જણાય!

ખ્રીસ્તને પ્રાપ્ત કરવો એટલે ખ્રીસ્તમાં ખરા ન્યાયીપણા સહિત માલમ પડવુ, એવો ખુલાસો ઉપર મુજબ થયો છે હવે વધુ ખુલાસો કરતાં પ્રેરિત જણાવે છે કે ખ્રીસ્તને મેળવનાર ખ્રીસ્ત વિષે અનુભવસિદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરે છે તેમ તેના રૂપમાં બદલાય છે.

કે તેને તથા તેના ઉત્થાનના પરાક્રમને તથા તેનાં દુઃખની સંગતને જાણું. પ્રથમ પાઉલ ખ્રીસ્તને જાણતો નહિ. તેના વિષે ઘણી વાત તો સાંભળી હશે પણ તેના વિષે જ્ઞાનપ્રાપ્તિ થઇ ન હતી.

પદ ૧૦. દમસ્કના માર્ગ પર પ્રભુ તેની સાથે બોલ્યો ત્યારે "પ્રભુ, તું કોણ છે?" એવો સવાલ કરવો પડયો. પ્રભુ વિષે જ્ઞાન પામતાં એ જ્ઞાનની ઉત્તમતા એવી જણાઇ કે તેને લીધે તેણે પોતાનાં બધાં લાભકારી વાનાં નાખી દીધાં (પદ ૮). હવે આ જ્ઞાનના વિષયની હકીકત આપતાં તે બતાવે છે કે ખુદ ખ્રીસ્તને જાણવાનો મારો ઉદ્દેશ છે. દેવના આત્મા વડે મનચક્ષુ પ્રકાશિત

થાય છે ત્યારે આ જ્ઞાન પ્રાપ્ત થાય છે (એફે. ૧; ૧૭-૨૧) ને તેથી અનંત જીવન મળે છે (યોહા ૧૭; ૩). ખ્રીસ્ત વિષેનું આ જ્ઞાન મુખપાઠની રીતિએ, કે મગજની મહેનતે કરીને, મેળવાય એમ નથી; પરંતુ ખ્રીસ્તની સગતમાં રહેવાથી, તેનું નિરતર અવલોકન કરવાથી, તેની વાણી સાંભળવાથી, તેની વાતનું મનન કરવાથી—અર્થાત્ જાત માહિતીથી—તેની જાણ મેળવીએ છીએ. પાઉલના જેવા ભક્ત હોઇએ તોપણ ખ્રીસ્ત વિષે અધિકાધિક જાણવાનું છે, માટે જીંદગીપર્યંત સઘળા આત્મિક સાધનોનો સદુપયોગ કરીને ખ્રીસ્તના જ્ઞાનમાં આગળ વધવુ.

ખ્રીસ્ત વિષેના વ્યવહારૂ જ્ઞાનની બે વિગત નીચે મુજબ આપવામાં આવે છે:—

(૧) ખ્રીસ્તના ઉત્થાનના પરાક્રમનો અનુભવ કરવો પુનરૂત્થાન પામેલા પ્રભુ સાથેજ પાઉલની મુલાકાત થઇ હતી માટે ઉત્થાનની વાત તે પ્રથમ કરતો હશે. ખ્રીસ્તનું પુનરૂત્થાન દેવના પરક્રામથી થયુ હતું (રૂમી. ૧; ૪. એફે. ૧; ૨૦) પરતુ એ ઈશ્વરપિતાના પરાક્રમ વિષે અહિ વાત કરેલી જણાતી નથી, પણ એ પરાક્રમે કરીને પુનરૂત્થાન પામેલા ખ્રીસ્તમાં વિશ્વાસીઓને આત્મિક દાન આપવાને જે પરાક્રમ રહેલું છે તેની વાત પ્રેરિત અહિં કરે છે એમ સમજવું. પાઉલના પત્રો તપાસતાં માલમ પડે છે કે ખ્રીસ્તના પુનરૂત્થાનમાં જે વિવિધ પરાક્રમ રહેલું છે તે નીચે મુજબ:—

(અ) ન્યાયીકરણની નિશ્ચયતા આપનારૂં પરાક્રમ (જુઓ રૂમી. ૪; ૨૪, ૨૫: ૮; ૩૪. ૧ કરી. ૧૫; ૧૪-૧૮).

(આ) આત્મિક પુનરૂત્થાન કરનારૂં, એટલે પાપરૂપી મરણમાંથી ઉઠાડી આત્મિક જીવન આપનારૂં પરાક્રમ (રૂમી. ૬; ૪-૧૧. ૧ કરીં. ૧૫; ૪૫. ૨ કરીં ૪; ૧૬. કલો. ૨; ૧૨: ૩; ૧).

(ઇ) શરીરનું મહિમામાં પુનરૂત્થાન કરનારૂં પરાક્રમ (પદ ૨૦, ૨૧. રૂમી. ૮; ૧૧. ૧ કરીં. ૬; ૧૪ ૧૫; ૨૦-૨૩. ૨ કરીં. ૪; ૧૦: ૫; ૧. ૧ થેસ્સા. ૪; ૧૪-૧૮).

(ઉ) પવિત્ર આત્માના દાન વડે ઈશ્વરસેવાને અર્થે સબળ કરનારૂં પરાક્રમ (યોહા. ૨૦; ૨૨. પ્રે. કૃ. ૧; ૮. ૨; ૩૨, ૩૩. રૂમી. ૬; ૧૨-૨૩).

અર્થાત્ પાઉલ એમ સમજતો કે પુનરૂત્થાન પામેલા ખ્રીસ્તની સંગતમાં રહીને હુ તેના પરાક્રમે કરીને દેવ આગળ ન્યાયી ઠરીને નવુ આત્મિક જીવન પામ્યો છું, ને તે નવા જીવનના કારણથી હું પાપ પર જય પામવાને તથા પ્રભુનું કામ કરવાને શક્તિમાન કરાયો છું. વળી આ જીંદગીમાં ઈશ્વરનો મહિમા કરી હું અતે સ્વર્ગીય મહિમાનો ભાગીદાર થવાનો છું, એવી તેની ખાતરી હતી. પરતુ એ

વાતોનો અનુભવ અધિકાધિક થાય એવી તેની અપેક્ષા હોવાથી તે ખ્રીસ્તને વળગી રહીને બીજાં બધાંનો ત્યાગ કર્યા કરતો.

આપણે જો આવો અનુભવ ન કર્યો હોય તો ખ્રીસ્તથી હજુ નિરાળા છીએ. તેનાથી દૂર ન રહેતાં તેનામાં માલમ પડીએ એવો તેના પર તારણ સાધક વિશ્વાસ કરીને તેના વિષે તથા તેના પુનરૂત્થાનના અનહદ પરાક્રમ વિષે જાતમાહિતી કરી લેવી.

(૨) ખ્રીસ્તનાં દુ ખોની સંગતનો પણ અનુભવ કરવાની જરૂર છે. ખ્રીસ્ત સાથે સગત થઇ હોય તો પુનરૂત્થાન પામેલા મહિમાવાન મધ્યસ્થની સંગતમાં, એટલુંજ નહિ પણ વિપત્તિ પામેલા, નિંદાયલા તથા હણાયલા તારનારની સંગતમાં પણ રહેવું પડે છે. ખ્રીસ્તના સ્વર્ગીય જીવનના ભાગીદાર થતાંજ જગતના દ્વેશનો અનુભવ કરવો પડે છે (યોહા. ૭; ૭), માટે ખ્રીસ્તે અગાઉથી પોતાના શિષ્યોને (યોહા. ૧૬; ૩૩) તેમ પાઉલને (પ્રે. કૃ ૯; ૧૬) આ વાત વિષે ચેતવણી આપી હતી. એ ચેતવણી મુજબ પ્રેરિતોએ વિવિધ દુઃખનો કડવો સ્વાદ ચાખ્યો હતો (જુઓ ૧ કરીં. ૪; ૧૦–૧૩ઃ ૧૫; ૩૧. ૨ કરીં. ૧; ૫ઃ ૪; ૮–૧૨. ગલા. ૬; ૧૭. કલો. ૧; ૨૪). તે ઉપરાંત હૃદયમાં વસનાર પાપ સામે નિરતર લડતાં ખ્રીસ્તી માણસ વારવાર સકટમાં પડે છે. વધસ્તંભ ઊંચકીને ખ્રીસ્ત પાછળ ચાલવાની અગત્ય છે, વિપત્તિ પામતાં પામતાં દેવના રાજ્યમાં પ્રવેશ કરાય છે, પોતાને માથે રાખેલો પ્રિય વસ્તુઓનો ગાંસડો નાખી દઇને સાંકડા બારણામાં જવાય છે. કોઇ વખતે પણ માબાપ તથા સગાંવહાલાંનો ત્યાગ કરીને ખ્રીસ્તના શિષ્યો થવુ પડે છે. પાઉલ ખ્રીસ્તી થયો ત્યારે તેના ધર્મચુસ્ત સગાંવહાલાંએ તેનો નકાર કીધો એ નિઃસંશય છે. તેજ પ્રમાણે આ દેશમાં ખ્રીસ્તને કેટલાક અનુસરનારા વિષે થાય છે એવા દાખલા બધાએ જોયા હશે. એ કઇ ઓછું દુઃખ ન કહેવાય, પરતુ એટલામાં દુઃખની હદ વળતી નથી. જગતમાં હાંસી, નિંદા, અપમાનાદિ દુઃખ પામવાં પડે છે, તે ઉપરાંત દેહના વિષયોને મારી નાખતા અતિ ઘણુ કષ્ટ કરવું પડે છે. ખરેખર ખ્રીસ્તને મેળવનારાઓને તેનાં દુઃખની સગત કરવી આવશ્યકજ છે. શેઠ કરતાં ચાકર તો મોટો નથી; ખ્રીસ્તને થયું એ આપણને થાયજ. પરતુ તેની સાથે દુ.ખ સહન કરીએ તો તેની સાથે મહિમા પણ પામીશું. તેણે જગતને જીત્યું માટે તે આપણને જય પમાડશેજ. એવા વિચારોથી જેઓ ખ્રીસ્તનાં દુઃખની સંગત કરે છે તેઓને ધન્ય છે.

ખ્રીસ્તના ઉત્થાનના પરાક્રમનો અનુભવ થાય તો તેનાં દુઃખની સંગત કરવાનું પરાક્રમ મળે એમ છે. પરતુ તેનાં વેઠેલાં દુઃખનો હેતુ તથા તેનું પરિણામ સમજીને તેના પર વિશ્વાસ કરીએ ત્યારેજ તેના ઉત્થાનના પરાક્રમથી વેષ્ઠિત થવાય.

કાલ્વરી પરના વધસ્તંભ પાસે થઇને જઇએ તોજ જૈતુનના પહાડ પર થયલા સ્વર્ગા-રોહણનું દર્શન કરાય. વધસ્તંભ ભણી વિશ્વાસની દૃષ્ટિ ફેરવીએ તોજ ઈશ્વરને જમણે બિરાજમાન થયલા પ્રભુને નિહાળવાને આપણી મનચક્ષુ નિર્મળ થાય.

[ને એમ] **તેના મરણને અનુરૂપ થતો જાઊં.** ખ્રીસ્તનાં દુઃખોની સંગત કરવાથી સ્થિતિફેર થાય છે. પાઉલ પોતાના ધારવા પ્રમાણે અગાઉ "જીવતો" હતો, પરતુ નિયમનો અર્થ સમજવાથી પોતાના પાપની જાણ થઇ ત્યારે તે "મુઓ" (રૂમી. ૭; ૯). હજીએ "મરવુ" આવશ્યક છે, એમ સમજીને તે એવી ઉમેદ રાખે છે કે ખ્રીસ્તનાં દુઃખોની સંગતમાં રહેવાથી-હું ખાસ ખ્રીસ્તના મરણને મળતા સ્વરૂપમાં બદલાઇ જઇશ.

ખ્રીસ્ત બાપને આજ્ઞાધીન થઇને મરણ પામ્યો (૨; ૮). પોતાની ઇચ્છાનો ત્યાગ કરીને ને ઈશ્વરપિતાની ઇચ્છા સ્વીકારીને તેણે આપણું તારણ સાધવાને અર્થે દુઃખનો પ્યાલો પીધો (મા. ૨૬; ૩૯). હવે પ્રભુમાં જે મન હતું તે પાઉલ પોતામાં રાખતો, માટે સુવાર્તાનુ કામ કરતાં જે કંઇ દુઃખ આવતું તે, દેવની ઇચ્છાને આધીન થઇને, તે સહન કરતો. મરણ પામતા ખ્રીસ્તમાં જેવો નિઃસ્વાર્થ તથા આજ્ઞાંકિત ભાવ જણાતો તેવોજ ભાવ પાઉલ પોતામાં રાખવા માગતો, માટે ખ્રીસ્તના મરણની સમાનતામાં તેની સાથે જોડાઇને (રૂમી. ૬; ૫) જાણે રોજ મરતો હોય (૧ કરીં. ૧૫; ૩૧) એવી રીતે તે સદા પોતાના શરીરમાં ખ્રીસ્તનુ મરણ સૂચવતો (૨ કરીં. ૪; ૧૦). પ્રભુ ઇસુને લીધે વેઠેલા જખમનાં ચિહ્ન તે પોતાના શરીરમાં ધારણ કરતો (ગલા. ૬; ૧૭). વિપત્તિના માર્ગમાં પણ તે ખ્રીસ્તનું અનુકરણ કરતો, કેમકે ઈશ્વરને આધીન થઇને તેમજ માણસનું તારણ ઇચ્છીને વધસ્તંભે મરણ પામતા ખ્રીસ્તના જેવોજ ભાવ તે પામતો જતો. અર્થાત્ ખ્રીસ્તના મરણને અનુરૂપ થઇ જતો.

કે હું કોઇ પણ રીતે મુએલાંઓમાંથી જે પુનરૂત્થાન તે [**લગી**] **પહોંચું.** પુનરૂત્થાન પામવાને માટે મરણ પામવાની જરૂર છે, ને પાઉલ ખ્રીસ્તના મરણની સમાનતામાં થઇને તેના પુનરૂત્થાનની

પદ ૧૧. સમાનતામાં પણ હોવાની અપેક્ષા રાખે છે. પુનરૂત્થાને પહોંચવું એ કંઇ સહેલું કામ નથી, એવું પ્રેરિત સૂચવે છે. અવિશ્વાસ, નિશ્ચિતતા, અપ્રેમાદિ ખામીઓ હોવાને લીધે મહિમાવાન પુનરૂત્થાનની આશા નિષ્ફળ થાય, એવી ભીતિ રહે છે. માટે બીજાઓને પ્રેરિત જે ચેતવણીઓ આપે છે (૨; ૧૨. ૧ કરીં. ૧૦; ૧૨) તે તે પોતે મનમાં રાખે છે (સરખાવો ૧ કરીં. ૯; ૨૭). પ્રભુ મને ટકાવી રાખશે એવી પાઉલની ખાતરી છે (રૂમી. ૮; ૩૮. ૨ કરીં. ૫; ૧), પરતુ તે સાથે પોતે બનતા પ્રયત્ન કરવા જોઇએ એમ તે સમજે છે.

જે પુનરૂત્થાને પહોંચવાને પાઉલનો હેતુ છે તે ખાસ રીતે "મુએલાંઓમાંથી" થવાનું પુનરૂત્થાન છે. "મુએલાંઓનું" પુનરૂત્થાન એવી વાત ઘણું કરીને આવે

છે (૧ કરીં. ૧૫; ૪૨) તેથી કેટલાએકનું ધારવું એવું છે કે પાઉલ અહિં સદ્ભક્તોના પુનરૂત્થાનની વાત કરે છે. વ્યાકરણ પ્રમાણે એવું ધારવુ સકારણ નહિ હશે, પરંતુ પાઉલ અહિં પ્રભુના લોકના પુનરૂત્થાનની સૂચના કરે છે એમાં સંદેહ નથી. આ જીવનની બધી વિપત્તિ પૂર્ણ થયા પછી ખ્રીસ્ત મહિમામાં આવશે ત્યારે હું તેની સાથે સ્વર્ગના વૈભવી જીવનનો ભાગીદાર થઇને મારા તારનારની આશીર્વાદપૂર્ણ સમક્ષતામાં સદા રહેવા માટે પુનરૂત્થાન પામીશ, એવી પ્રેરિતની ઉમેદ માલમ પડે છે. આ ઉમેદ પૂર્ણ કરવાને માટે તે સઘળાં વાનાંનું નુકસાન વેઠવા તૈયારજ છે.

(ખ) ખ્રીસ્તી દોડ દોડવાની પોતાની રીત જાહેર કરીને પાઉલ બધા ખ્રીસ્તીઓની અપૂર્ણતા સૂચવીને આગળ વધવાની અગત્ય સિદ્ધ કરે છે. પદ ૧૨—૧૬.

[12] હું અત્યાર સુધી પામી ચુકયો કે અત્યાર સુધી સંપૂર્ણ થયો એમ નથી. પરંતુ હું પાછળ લાગું છું કે જેને સારૂ મને ખ્રીસ્ત ઇસુથી પકડી લીધામાં આવ્યો તે હું પકડી લઉ. [13] ભાઈઓ, મેં પકડી લીધેલું છે, એવો હું હજી સુધી પોતાને લેખવતો નથી; પરંતુ એક [કામ કરૂં છું, એટલે] જે પછવાડે તે વિસરીને ને જે અગાડી તે તરફ [અંગ] આગળ પ્રસારીને [14] ખ્રીસ્ત ઇસુમાં દેવના ઊંચેના તેડાના ઈનામને અર્થે નિશાન ભણી ધાઉ છું. [15] હવે [આપણામાં] જેટલા સંપૂર્ણ હોય તેટલાએ એજ મનોભાવ રાખવો; ને જો કોઈ વાત વિષે જુદોજ મનોભાવ રાખતા હો તો એ પણ દેવ તમને પ્રગટ કરશે. [16] એટલુંજ [કહું છું કે] જે [માર્ગ] પર આપણે આવ્યા તેમાંજ ચાલતા જવું.

હૃદયપૂર્વક નમ્રતાથી પ્રેરિત પોતાની અપૂર્ણતા કબૂલ કરે છે. ખ્રીસ્તના માર્ગમાં તે તો દોડે છે પરંતુ હજી ઘણું દોડવાનું બાકી રહ્યું છે. નિશાન આગળ તે પહોંચ્યો તો નથી પરંતુ નિશાન ભણી આગળ ધાય છે. પછવાડે રહેલી વાત પર લક્ષ ન આપતાં તે અગાડી રહેલા નિશાન તરફ આકાશીય તેડાનું અમૂલ્ય ઇનામ પામવાને માટે પોતાના શરીરના બધા અવયવો લંબાવીને પહેલવાનની પેઠે દોડે છે. આ તેની રીત અનુકરણીય છે. જેટલા ખ્રીસ્તીઓ પોતાને પ્રૌઢ થયલા સમજે છે તેટલાએ પોતાની અપૂર્ણતા જાણીને પરિપૂર્ણતા ભણી આગળ વધવું. કોઇ પણ વાત વિષે તેઓ પોતાને પરિપૂર્ણ ધારતા હોય તો દેવ તે વિષે પણ તેમને ખરૂં જ્ઞાન આપશે. એટલુંજ કરવું કે જે રસ્તામાં રહીને આપણે આત્મિક સ્થિતિના સંબધમાં વૃદ્ધિ પામેલા છીએ તેજ રસ્તામાં આગળ ચાલવું.

હું અત્યાર સુધી પામી ચુકયો કે અત્યાર સુધી સંપૂર્ણ થયો એમ નથી. ("સપૂર્ણ" શબ્દ વિષે જુઓ કલો. ૧; ૨૮ નો ખુલાસો).

પદ ૧૨. પાઉલે ઉપર મુજબ પોતાની ઉચ્ચ જીવનભાવના પ્રગટ કરી છે, પરંતુ પોતાની અપૂર્ણતા પણ જાહેર કરવાની જરૂર જણાય છે, રખેને કોઇ ધારે કે તે એટલામાં પોતાને કૃતાર્થ સમજે છે. પદ ૮–૧૧ માં તેણે જે અત્યુત્તમ લાભ પામવાનો હેતુ જણાવ્યો હતો તે હજી પૂર્ણ રીતે તેને મળ્યો ન હતો. એ લાભ તે અધિકાધિક પામતો જાય છે ને છેવટે તે તેને પૂર્ણ રીતે મળશે. પ્રેરિત અત્યારે સપૂર્ણ થયલો–પરિપૂર્ણ રીતે ખ્રીસ્તની સમાનતામાં બદલાઇ ગયલો છે–એમ ફિલિપ્પીઓએ ધારવું નહિ. જેમ જેમ તે વધતું જ્ઞાન પામે છે તેમ તેમ બહુજ વધારે શિખવાની તેને અગત્ય લાગે છે (એફે. ૩; ૧૭-૧૯); જેમ તે ખ્રીસ્તમાં વૃદ્ધિ પામતો જાય છે તેમ અધિક વધવાની ફરજ જણાય છે (એફે. ૪; ૧૩-૧૬). તેની આત્મિક દોડ પૂરી થઇ ન હતી, ને તે દોડનું અત્યપરિણામ આવ્યાની હજી વાર હતી, પણ એ દોડમાં તે નિરતર આગળ ધાય છે માટે છેવટે તે તો પહોંચવાનોજ.

પરંતુ હું પાછળ લાગું છું કે જેને સારૂ મને ખ્રીસ્ત ઇસુથી પકડી લીધામાં આવ્યો તે હું પકડી લઉં. બીજા યહુદીઓની પેઠે પાઉલ પ્રથમ નિયમના ન્યાયીપણાની પાછળ પડતો (રૂમી. ૯; ૩૦, ૩૧), પરંતુ એ મિથ્યા નિશાન તરફ પીઠ ફેરવીને તે દેવના ન્યાયીપણારૂપી નિશાન પર દૃષ્ટિ રાખીને ખ્રીસ્ત પરના વિશ્વાસની દોડ દોડવા લાગ્યો હતો. ખરૂં જોતાં ખ્રીસ્તે તેને પકડી પાડીને સદ્દમાર્ગમાં વાળ્યો હતો, એવા હેતુથી કે તે નાશથી ફરીને પૂર્ણોદ્ધારની પાછળ લાગે, ને છેવટે તે પકડી લે. પાઉલનું ગ્રહણ કરવામાં ત્રાતાનો જે શુભ હેતુ તેનું અત્યપરિણામ ગ્રહણ કરવાને પ્રેરિત નિત્ય આતુરતાથી શ્રમ કરતો (સરખાવો ગલા. ૧; ૧૫-૧૭). તેમજ પ્રભુએ આપણને કેવા ઇરાદાથી તેડ્યા છે એ સભારીને તે ઇરાદો સફળ કરવા મડયા રહેવું (જુઓ એફે. ૧; ૩-૬).

"પાછળ લાગવું" એ અર્થના શબ્દ વિષે ધ્યાનમાં લેવાનું છે કે પદ ૬ માં એજ શબ્દ આવ્યો હતો ત્યાં તેનો "સતાવવુ" અર્થ કર્યો હતો. પાઉલ પહેલાં ખ્રીસ્તને સતાવતો (પ્રે. કૃ. ૯; ૪, ૫: ૨૨; ૭, ૮: ૨૬; ૧૪, ૧૫), એટલે તારનારના કામનો નાશ કરવાને ખ્રીસ્તની પુઠે લાગતો. હવે તે ખ્રીસ્તના ઉદ્ધારની પાછળ લાગે છે–વેરભાવથી નહિ પણ પ્રેમભાવથી—નાશ કરવાને અર્થે નહિ પણ સર્વોત્તમ લાભ મેળવવાને માટે તે દોડવાનો શ્રમ કરે છે. પ્રભુની પરાક્રમપૂર્ણ સુવાર્તાની આ ખરેખર ચમત્કૃતિ કહેવાય.

હવે આ વાક્યમાં સમાયલી વાતનો વિસ્તાર પદ ૧૩, ૧૪ માં કરવામાં આવે છે.

ભાઇઓ, મેં પકડી લીધેલું છે, એવો હું હજી સુધી પોતાને લેખવતો નથી. પોતાની આત્મિક સ્થિતિ વિષે પ્રેરિતનો જે અભિપ્રાય છે તે

પદ ૧૩. ઉપર તે ખાસ કરીને ફિલિપ્પી મંડળીના સભાસદોનું ધ્યાન ખેંચે છે. ત્યાંના પોતાના વહાલા ખ્રીસ્તી ભાઇઓને સંબોધીને (સરખાવો ગલા. ૩; ૧૫: ૬; ૧) તે ખાતરીપૂર્વક રીતે પોતાની અપૂર્ણતા જાહેર કરે છે. તેઓમાં જો કોઇ પોતાની આત્મિક વૃદ્ધિ વિષે ગર્વિષ્ટ થયો હોય તો તે આ કબૂલાત પર લક્ષ આપીને નમ્રતા રાખે, એવી પાઉલની મતલબ હશે. ખ્રીસ્તમાં જે પરિપૂર્ણ આશિષ છે તે અત્યાર સુધીમાં મારા પામવામાં આવી ગઇ છે એમ પ્રરિતનુ માનવુ છેજ નહિ. બીજાઓ પોતા વિષે ગમે તે અભિપ્રાય રાખતા હોય પરંતુ પાઉલ પોતાની વૃદ્ધિની ગણતરી કર્યા બાદ (સરખાવો રૂમી. ૮; ૧૮) આ નિર્ણય ઉપર આવે છે કે હું તો હજી સુધી ખ્રીસ્તનો પરિપૂર્ણ આશીર્વાદ મેળવી ચુક્યો નથી.

પરંતુ એક [કામ કરૂં છું, એટલે] જે પછવાડે તે વિસરીને ને જે અગાડી તે તરફ [અંગ] આગળ પ્રસારીને. પાઉલની પાસે એકજ વાત હતી, તેને એકજ જીવનભાવના, એકજ ઉદ્દેશ જણાય છે. તે ઘણાં વાનાંનું ગ્રહણ કરવા મથતો નહતો—માત્ર જીંદગીનું જે સર્વોત્તમ પ્રયોજન તે પર લક્ષ આપતો. માટે તેણે લીધેલો શ્રમ એકજ કામ સાધવા માટે છે—એટલે આત્મિક જીંદગીમાં આગળ વધવાને અર્થે તે પોતાના આખા મનોબળનો ઉપયોગ કરે છે. પહેલવાન હમેશ પાછળ જોતો જોતો દોડે તો આગળ પડી શકે નહિ નિશાન પર તેની દૃષ્ટિ ઠરે ને (એક પ્રખ્યાત ટીકાકારના ખુલાસા મુજબ) તેની દૃષ્ટિ જાણે તેના હાથની તેમ તેના હાથ જાણે તેના પગની નિશાન ભણી ખેચ કરતા હોય—તેવી રીતે શરીરના અવયવો આગળ પ્રસારીને દોડે તો આગળ પડવાની આશા રખાય.

પાઉલ પછવાડે રહેલી શી વાત વિસરતો એ વિષે સાધારણે મનાય છે કે મંડળીને સતાવવામાં ઇત્યા. કરેલાં પાપ તે વિસરે છે. પરતુ વિચાર કરતાં માલમ પડે છે કે અહિં ખાસ ખ્રીસ્તી જીદગીની દોડમાં પછવાડે પડેલી વાત સૂચવાય છે. એ દોડમાં પાઉલે એટલામાં ઘણો સતોષકારક શ્રમ કીધો હતો (૧ કરીં. ૪; ૧૧—૧૬: ૧૫; ૧૦. ૨ કરી. ૧૧; ૨૩—૧૨; ૬), પરંતુ તે સમજે છે કે ગતકાળમાં કરેલી વૃદ્ધિ ઉપર સતોષપૂર્વક દૃષ્ટિ રાખુ, ને નિશાન પહોંચતાં સુધી કેટલો અતર બાકી રહેલો છે તે ધ્યાનમાં ન લઉં તો પાછળ પડ્યા વગર હું રહેવાનો નથી. માટે થઇ ગયલી દોડ વિષે કઇ પણ ગર્વ ન કરતાં તે જે હજુ અધુરૂં રહેલું તે પૂર્ણ કરવાને એકનિષ્ઠાથી મહેનત લે છે. તેની ઉત્સુકતા એવી છે કે જાણે આખુ માનવપણું આગળ નાખીને તે અગાડી રહેલી પરિપૂર્ણતા ગ્રહણ કરવાની તૈયારીમાં હોય એવી રીતે સ્વર્ગીય માર્ગ કાપે છે (૧ કરી. ૯; ૨૬, ૨૭).

ઘણા ખ્રીસ્તીઓ પછવાડે રહેલી વાત પર દૃષ્ટિ રાખીને મોટો આશીર્વાદ ખોઇ નાખે છે. ઉપદેશનાં મૂળતત્ત્વોથી સંતોષ પામીને તેઓ જ્ઞાનમાં વધતા નથી (હેબ્રી. ૬; ૧). ખ્રીસ્તના ધાર્મિક બોધનુ રહસ્ય ન સમજતાં તેઓ તેનાથી વિયોગી થાય છે (યોહા. ૬; ૬૬). કાન દઇને સાંભળતા નથી તેથી આગળ ન વધતાં તેઓ પાછળ પડે છે (યિર્મે. ૭; ૨૪). સુવાર્તારૂપી હળે હાથ દીધા પછી પાછળ જુએ છે એટલે આકાશના રાજ્યનો વારસો તેમને મળતો નથી (લુક ૯; ૬૨). એ ભૂલ ફિલિપ્પીનાં કેટલાંક ભાઇબેનો કરતાં હશે તેથી પાઉલ પોતાની રીત જણાવીને તેમને વધુ મહેનત કરવાને ઉશ્કેરે છે. આપણે માટે આ ઉશ્કેરણી જરૂરની છે. જો આગળ વધ્યા હોઇએ તો તે માટે પ્રભુની ઉપકારસ્તુતિ કરવી જોઇએ. પરતુ હજીએ આગળ વધવાનું છે એ ન ભૂલતાં પ્રભુની સહાયતા યાચીને ખ્રીસ્તની પરિપૂર્ણતા તરફ મનની સઘળી ઇચ્છાઓ દોડાવવી, ને એ અગાડી રહેલી પરિપૂર્ણતા ગ્રહણ કરવાને અર્થે બનતા પ્રયત્ન કરવા.

ખ્રીસ્ત ઇસુમાં દેવના ઊંચેના તેડાના ઇનામને અર્થે નિશાન ભણી ધાઉં છું. પદ ૧૨ માં આવેલું ("પાછળ લાગવુ" અર્થનું) ક્રિયાપદ આ વાક્યમાં પણ આવે છે, તેનો અર્થ "ધાવુ" કરવુ પડે છે. "ધાવે સો પાવે" એ કહેવત મુજબ પાઉલ નિત્ય વર્તતો. તે નિશાન ભણી હાથ પ્રસારીને ઉભો રહેતો ન હતો પણ આગળ દોડ્યા કરતો. નિશાન એ તો ખ્રીસ્ત સાથે પરિપૂર્ણ સગત ને તે સગતમાં રહેલી વિવિધ ધન્યતા છે એમ સમજવું. એ નિશાન ભણી પાઉલ દષ્ટિ રાખતો એટલુંજ નહિ પણ તેની ભણી ધસ્યા કરતો. ત્યાં આગળ જે તૈયાર થયલું ઇનામ તે પામવાને તેને અભિલાષા હતી. અખાડાની સરતોમાં આગળ પડતા પહેલવાનનેજ ઇનામ મળતુ (૧ કરી. ૯; ૨૪), પણ ખ્રીસ્તી દોડમાં નિશાન આગળ જે કોઇ પહોચે તેને ઇનામ આપવામાં આવે છે અખાડાની સરતનુ ઇનામ માત્ર ચિમળાનારાં પાંદડાંનો મુગટ હતુ પરતુ તે મેળવવામાં મોટો યશ સમજાતો. ખ્રીસ્તી દોડમાં મુગટ મળે છે તે સર્વકાળનો (૧ કરી. ૯; ૨૫), ન્યાયીપણાનો (૨ તીમ. ૪; ૮), જીવનનો મુગટ છે (પ્રક. ૨; ૧૦). ખ્રીસ્ત પાસેથી જે સર્વકાળનુ જીવન (૧ તીમ. ૬, ૧૨), જે આકાશીય રાજ્ય (૧ થેસ્સા. ૨; ૧૨. ૨ તીમ. ૨; ૧૧) ને જે અવિનાશી મહિમા (રૂમી. ૮; ૧૭. ૨ તીમ. ૨; ૧૦) મળે છે તે અમૂલ્ય ઇનામને અર્થે જેટલો શ્રમ કરીએ કે જેટલું દુઃખ વેઠીએ તે ઓછું કહેવાય.

પદ ૧૪

સદરહુ ઇનામ દેવના ઊંચેના તેડાનું ઇનામ કહેવાય છે. દેવનું આપેલું જે સાર્થક તેડું તેની અહિં વાત સમજવી (સરખાવો રૂમી ૮; ૩૦. ગલા. ૧; ૧૫. ૨ તીમ ૧; ૯). આ તેડા સાથે ઇનામની આશા આપવામાં આવે છે

(એફે. ૧; ૧૮: ૪; ૪), ને એ ઇનામ પામવા માટે નિશાન ભણી દોડીએ તો એ આશા પૂરેપૂરી ફળીભૂત થવાનીજ. ઈશ્વરનું તેડું ઊંચસ્થાનથી આવે છે ને ઊંચસ્થાનમાં નિવાસ કરવાને બોલાવે છે માટે તે આકાશીય તેડુ કહેવાય છે (હેબ્રી. ૩; ૧). વળી તે "ખ્રીસ્ત ઇસુમાં" છે (૧ પીત. ૫; ૧૦. સરખાવો ૧ કરીં. ૭; ૨૨ જ્યાં "પ્રભુમાં તેડાયલો" જોઇએ). સદરહુ તેડું ખ્રીસ્ત વડે આપવામાં આવે છે, ખ્રીસ્તના કામને લીધે સાર્થક થાય છે, ખ્રીસ્તની સગતમાં રહેનારાઓમાં પૂર્ણ રીતે સફળ થાય છે, માટે "ખ્રીસ્ત ઇસુમાંનુ તેડું" એ નામ તેને માટે યુક્તજ છે. ઈશ્વરના તેડાનું ઇનામ પામવાનો ઉપાય ખ્રીસ્તમાં રહેવુજ છે.

પોતાનું જીવનસૂત્ર પ્રસિદ્ધ કર્યા પછી પાઉલ ફિલિપ્પીઓને એજ રીતિએ જીંદગી વ્યતીત કરવાનો બોધ આપે છે.

હવે [આપણામાં] જેટલા સંપૂર્ણ હોય તેટલાએ એજ મનોભાવ રાખવો. સંપૂર્ણતા તો ઈશ્વરપિતાનું લક્ષણ છે (મા. ૫; ૪૮). તથાપિ જે ખ્રીસ્તીઓ બાલ્યાવસ્થા મૂકી દઇને પ્રૌઢ જેવા થયા (જુઓ
પદ ૧૫. એફે. ૪; ૧૩. કલો. ૧; ૨૮ના ખુલાસાઓ, ને સરખાવો ૧ કરીં. ૧૩; ૧૦–૧૨. હેબ્રી. ૫; ૧૪) તેઓ હજી અપૂર્ણ છતાં સપૂર્ણ કહેવાય છે. બીજાઓના પ્રમાણમાં તેઓ શક્તિમાન છે (રૂમી. ૧૫, ૧), આત્મિક છે (૧ કરી. ૨; ૬: ૩; ૧), જ્ઞાની છે (૧ કરી. ૮; ૧), માટે સપૂર્ણ કહેવાય છે (૧ કરી. ૧૪; ૨૦. યા. ૧; ૪ · ૩; ૨). હવે જેઓ એવી આત્મિક વૃદ્ધિ પામેલા છે તેઓએ પાઉલના નમુનાનુસાર થઇને પૂર્વોક્ત જીવનસૂત્ર મુજબ વર્તવુ. પ્રૌઢ થયલો છું માટે હવે મારામાં કઇજ અપૂર્ણતા રહી નથી એમ ધારીને સતોષી થવુ નહિ. ઘણો રસ્તો બાકી રહેલો છે જાણીને આગળ દોડવું. ઘણુ કર્યું હશે પરતુ કાર્યસિધિ હજી થયલી નથી એમ માનીને અધિક શ્રમ કરવો. વચનના દેશમાં પ્રવેશ તો કર્યો તોપણુ વતન કરી લેવાની ભૂમિ હજી બહુ રહી છે, એ ચેતવણી ધ્યાનમાં રાખીને પૂર્ણ વારસો કબજે કરવાની કોશિશ કરવી. એમ કરવામાં "સપૂર્ણતા"ની સાબિતી રહેલી છે. જેઓ પોતાને કૃતકૃત્ય ગણે છે તેઓ સપૂર્ણતાથી દૂરજ રહે છે; જેઓ પાઉલની પેઠે પોતાની અપૂર્ણતા સમજીને ખ્રીસ્ત સાથેની પૂર્ણ સગતમાં રહેવાની ઉમેદથી આગળ વધવા મહેનત કરે છે તેઓજ પ્રૌઢ થયલા કહેવાય. ખ્રીસ્તના જેવો મનોભાવ રાખવાનો બોધ થઇ ચુક્યો છે (૨; ૫); હવે ખ્રીસ્તને અનુસરનાર પાઉલ પ્રેરિતના જેવો મનોભાવ રાખવો એ બોધ ફિલિપ્પીઓને કરવામાં આવે છે (જુઓ પદ ૧૭).

ને જો કોઇ વાત વિષે જુદોજ મનોભાવ રાખતા હો તો એ પણ દેવ તમને પ્રગટ કરશે. જે કોઇ ભક્ત પોતાની અપૂર્ણતા જાણીને

દેવની ઇચ્છાનુસાર સંપૂર્ણ રીતે વર્તવાની અભિલાષા રાખે છે તેને ઈશ્વર પોતાની ઇચ્છા પૂરેપૂરી જાહેર કરશે (યોહા. ૭; ૧૭). કોઇ કદાપિ અપૂર્ણતાની સામાન્ય કબૂલાત આપે તો પણ અમુક બાબત પોતાને કૃતાર્થ લેખવે, એ સભવિત હોવાથી પાઉલ બતાવે છે કે જો સ્વર્ગીય દોડમાં આગળ વધવાનું મન હોય તો અમુક બાબત વિષે ઈશ્વર તમારાં મન એવાં પ્રકાશિત કરશે કે તેમાં શું બાકી રહ્યું છે તે તમને સૂઝશે. ઈશ્વરે કરેલા પ્રકટીકરણથી સઘળું આત્મિક જ્ઞાન પ્રાપ્ત થાય છે (મા. ૧૧; ૨૫, ૨૭: ૧૬; ૧૭ ગલા. ૧; ૧૬). પવિત્ર આત્મા વડે એ પ્રકટીકરણ કરવામાં આવે છે (૧ કરીં. ૨; ૧૦–૧૬. એફે. ૧; ૧૭ ૩; ૫) ને તે આત્મા વડે ઈશ્વર પોતાના ખરા ભક્તોને તેમની સઘળી ખામીઓ વિષે, તેમજ એ ખામીઓ દૂર કરવાના ઉપાય વિષે, જોઇતું જ્ઞાન આપે છે.

એટલુંજ [કહું છું કે] જે [માર્ગ] પર આપણે આવ્યા તેમાંજ ચાલતા જવું. નવુ જ્ઞાન પામવાની ઉમેદ નિત્ય રાખવી, પરંતુ જે જ્ઞાન પ્રાપ્ત થયું તે મુજબ આગળ વધવાની જરૂર છે. દેવે દર્શાવેલા માર્ગમાં દોડીને આપણે જ્યાં સુધી પહોંચ્યા ત્યાંથી એ ને એજ માર્ગમાં આગળ વધ્યા કરવુ. કેટલાક ચચળ ખ્રીસ્તીઓ નવી નવી વાતો શોધી શોધીને પ્રથમ પામેલા બોધને તુચ્છકારીને આમતેમ ભટકતા ફરે છે, તેઓએ આગળ વધવાની આશા ન રાખવી. નિશાન ભણી મોં રાખીને આવ્યા તો એજ લક્ષ્યબિંદુ તરફ મોં રાખીને દોડ્યા કરવુ (ગલા. ૬; ૧૬). જેમ એ માર્ગે આગળ વધીશું તેમ નવું નવુ જ્ઞાન પામવાની આશા સફળ થશે. આડે અવળે માર્ગે ચાલવામાં ઇનામ ખોવાનુ જોખમ રહેલું છે.

પદ ૧૬.

"માર્ગ" અર્થનો શબ્દ અસલમાં અધ્યાહાર છે. ઘણા ટીકાકારો "ધોરણ" કે "નિયમ" શબ્દનો ઉપયોગ કરીને અર્થ પૂર્ણ કરે છે. પરતુ "માર્ગ" નો અર્થ અહિં કરેલી વાતને અનુકૂળ ભાસે છે. "ચાલતા જવું" અર્થનો શબ્દ "હારબધ થઇને ચાલવુ" એ ખાસ અર્થ સૂચવે છે. એમાં સંપ રાખીને આગળ વધવાનો હુકમ સમાયલો હશે, એમ ધારવું (ફિલિપ્પીની મડળીની સ્થિતિ તરફ જોતાં) ચુક્ત દીસે છે. દોડનારાઓ માંહોમાંહે વઢતાં એક બીજાને ધક્કાધક્કી કરે તો તેમનું દોડવુ સફળ થવાની આશા શી રીતે રખાય?

(ગ) "વધસ્તંભના શત્રુઓ" ની વર્તણુક તથા તેમના પરિણામ વિષે ચેતવણી આપીને પ્રેરિત ખ્રીસ્તની રાહ જોનારાઓની ધન્યતા વર્ણવે છે. પદ ૧૭—૨૧.

૧૭ ભાઇઓ, તમે સાથે [મળીને] મારૂં અનુકરણ કરનારા થાઓ, ને અમારામાં તમને જે નમુનો મળે છે તે મુજબ ચાલનારાઓ પર લક્ષ

શાખો. [18] કેમકે ઘણા ચાલે છે કે જેઓ વિષે મે તમને ઘણી વાર
કહ્યું, ને હમણાં રડતો રડતો પણ કહું છું, કે તેઓ ખ્રીસ્તના વધસ્તભના
શત્રુઓ છે. [19] તેઓનો અંત તો વિનાશ [છે], તેઓનો દેવ તો પેટ
[છે] ને તેઓનો મહિમા તો પોતાની લાજમાં [છે], તેઓ તો પૃથ્વી પરનાં
વાનાં પર મન લગાડનારા છે. [20] કેમકે આપણું વતન આકાશમાં
હોય છે, ત્યાંથી પણ આપણે તારનારની, [એટલે] પ્રભુ ઇસુ ખ્રીસ્તની,
રાહ જોઈએ છીએ. [21] તે, જે પ્રેરકશક્તિએ કરીને તે સઘળાં પોતાને
આધીન કરવા પણ પરાક્રમી છે તે મુજબ, આપણી નમ્રાવસ્થાના
શરીરનું રૂપાંતર કરીને પોતાના મહિમાના શરીરને અનુરૂપ કરશે.

અત્યાર સુધી આ અધ્યાયમાં પાઉલ પોતાનો અનુભવ તથા પોતાની દોડ દોડવાની રીત દર્શાવીને ફિલિપ્પીઓને ઉત્તેજન આપતો, પણ હવે આ પેટા-ભાગમાં તે ખ્રીસ્તના ઘરમાં રહેતા શત્રુઓની હકીકત આપીને ચેતવણીદાયક બોધ કરે છે. પાઉલનું તેમ તેને અનુસરનારાઓનુ તો અનુકરણ કરવું, ને વિપરીત રીતે ચાલનારાઓથી ચેતતા રહેવુ, એની અગત્ય સૂચવવાને અર્થે પાઉલ ખ્રીસ્ત વિરોધીઓ તથા ખ્રીસ્તના મિત્રોનો જાણે મુકાબલો કરતો હોય એમ દીસે છે. દૈહિક ખ્રીસ્તીઓની લજ્જાકારક વર્તણુક તથા તેમનો ભયકર અત જોઇને ખરા વિશ્વાસીઓની (ઇહલોકમાં તેમ પરલોકમા) જે ધન્યતા તે કેવી પસદનીય જણાય છે!

ભાઇઓ, તમે સાથે [મળીને] મારૂં અનુકરણ કરનારા થાઓ, ને અમારામાં તમને જે નમુનો મળે છે તે મુજબ ચાલનારાઓ પર લક્ષ રાખો.

પદ ૧૭

ફરીથી ભાઇ પરની પ્રીતિ સહિત (સરખાવો પદ ૧, ૧૩) ફિલિપ્પીઓને સંબોધીને પાઉલ પોતાનો નમુનો તેમની આગળ ધરે છે. પોતે અપૂર્ણ છતાં તે ખરા માર્ગમાં દોડતો તેમ સુવાર્તાની સેવામાં સખત શ્રમ લેતો (પ્રે. કૃ. ૨૦; ૧૮-૨૧, ૩૧-૩૫. ૧ થેસ્સા. ૨; ૭, ૯) તેથી તે ગર્વયુક્ત અભિમાન રહિત પોતાનો નમુનો ખ્રીસ્તીઓ આગળ રજુ કરી શકતો (જુઓ ૪; ૯. ૧ કરી. ૪; ૧૬: ૧૧; ૧. ૧ થેસ્સા. ૧; ૬. ૨ થેસ્સા. ૩; ૭, ૯). શિક્ષક હિસાબ ગણવાની પોતાની રીતિ વિદ્યાર્થીઓને બતાવીને તેમને એજ પદ્ધતિ પ્રમાણે ગણવાની આજ્ઞા કરે, તેમજ પાઉલ પોતાની વર્તણુક પોતાના શિષ્યોને આદર્શરૂપ જણાવે છે. બધાંને આદેશ કરે છે કે "હળીમળીને (એકમનના થઇને) મારૂં અનુકરણ કરનારા થાઓ. અર્થાત્ માંહોમાંહે સપ રાખીને મને સાથી-અનુસરનારા થાઓ, ઐક્યમાં રહીને મારી નક્કલ કરો." પોતે ખ્રીસ્તને અનુસરતો હોવાથી તે આવી આજ્ઞા કરવાને અધિકારી થયો હતો. વળી કહે છે કે, તમને જે નમુનો આપુ છું તે પ્રમાણે

જે ભાઇઓ વર્તે છે તેઓને ધારી જોઇને તેમની રીતાનુસાર વર્તો. સઘળાંને ધારી જોઇને પારખવાં એ દરેક ખ્રીસ્તી માણસની ફરજ છે. પ્રેરિતના બોધ કે નમુનાથી જે વિરૂદ્ધ માલમ પડે તેનો નકાર કરવો (સરખાવો રૂમી. ૧૬, ૧૭) ને તેના શિક્ષણ તથા રીતિ મુજબ હોય તેનો અગીકાર કરવો (સરખાવે ૧ કરી. ૪; ૧૭). "ચાલવુ" એ શબ્દ નવા કરારમાં વર્તનસૂચક છે (સરખાવો રૂમી. ૬; ૪. ૧ કરી. ૩; ૩. ગલા. ૫; ૧૬. એફે. ૨ ૨). અહિં જે ચાલનારાની વાત આવે છે તેઓ તીમોથી તથા એપાફ્રોદીત જેવા પ્રેરિતનો બોધ પાળનારા ખરા વિશ્વાસીઓ હોવા જોઇએ. એવ વિશ્વાસીઓની ફિલિપ્પીમાં ખોટ ન હતી (જુઓ ૪; ૩). એવાઓની ચાલ પર લક્ષ આપીને તેમના નમુનાનુસાર વર્તવુ. એ બોધની વિશેષ અગત પછીની વાતથી સમજાય છે.

કેમકે ઘણા ચાલે છે કે જેઓ વિષે મેં તમને ઘણી વાર કહ્યું, હમણાં રડતો રડતો પણ કહું છું, કે તેઓ ખ્રીસ્તના વધસ્તંભના શત્રુએ છે. આ વિપરીત રીતે વર્તનારા મડળીના માણસો હતા, એ
પદ ૧૮
ભાસે છે–ખ્રીસ્તના ઉઘાડા શત્રુઓ હોત તો તેમના વિષે આવ ચેતવણી આપવાની જરૂર ન પડત. પરતુ મડળીમાં રહીને—ખ્રીસ્તના મિત્રો નામ ધારણ કરીને—તેઓ તારનારના કામમાં ખલેલ પહોંચાડનારા હોવાથી તેમન વિષે ચેતવણી આપવાની ખાસ જરૂર પડે છે. એવી ચેતવણી અગાઉ આપવામ આવી હતી. ગમે તો બોધમાં કે બીજા પત્રોમાં પાઉલે ફિલિપ્પીઓને આ ભુંડા કરનારાઓ વિષે ઘણી વાર ચેતવણી આપી હતી, તથાપિ ફરીથી (શોક સહિત એજ ચેતવણી આપવાની અગત્ય જણાય છે.

આ વાક્યમાં સૂચવેલા લોક કોણ હશે, એ વિષે જુદા જુદા મત જણાય છે પરતુ ઘણુ કરીને "નિયમ વિરોધીઓ" અહિં સૂચવાય છે એમ ધારવુ સકાર છે. રૂમીઓને તથા ગલાતીઓને લખેલા પત્રો ઉપરથી માલમ પડે છે "કૃપા આધિક હોવાથી પાપ કરવા વિષે ચિંતા ન રાખવી" એવું ધારના કેટલાક ખ્રીસ્તી કહેવાયલા માણસો આદ્ય મડળીમાં દાખલ થયા હશે (જુઓ રૂમ ૬; ૧, ૧૩, ૧૫. ગલા ૫; ૧૩, ૧૬ ઇત્યા.). ખ્રીસ્તમાં નિયમથી છૂટ એમ જાણીને તેઓ એ છૂટને લીધે દૈહિક વિષયોને ઉત્તેજન આપતા જણાય (જુઓ એફે. ૫; ૬ નો ખુલાસો). એવા લોક ફિલિપ્પીમાં હતા એમ આ વાક્ય ઉપરથી ન કહેવાય, પરતુ આ વેળાએ રૂમમાં હશે, ને તેમનો બોધ કેવે હાનિકારક છે તે જોઇને પાઉલ અત્યારે આંસુ પાડીને તેમના વિષે ચેતવણી આ છે, એ સભવિત છે પ્રેરિતનાં આંસુ તેની આગ્રહી આસ્થાદર્શક છે (પ્રે. ૨૦; ૧૯, ૩૧. ૨ કરી. ૨; ૪) ફિલિપ્પીની મડળીમાં આવા લોક કદાિ આવીને બિગાડ કરશે એ વિચારથી તેના મનમાં અત્યંત ખેદ ઉત્પન્ન થાય છે.

પાઉલના બોધ મુજબ ખ્રીસ્તના વધસ્તંભ વડે પાપની માફી મળે છે, એટલુંજ નહિ પણ પાપ ઉપર જય મળે છે—પાપનો નાશ કરવામાં આવે છે. ખ્રીસ્ત પર વિશ્વાસ કરનારાઓ પોતાના દૈહિક વિષયોને ખ્રીસ્તના વધસ્તંભે જડીને મારી નાખે છે (ગલા. ૫; ૨૪). વધસ્તંભનો એ ભાવાર્થ નકારીને આ "નિયમવિરોધીઓ" ખ્રીસ્તના મરણને લીધે કૃપા થયલી હોવાથી પાપમાં નિર્ભય રહી શકાય, એમ ધારતા હતા ને વળી શિખવતા હશે. એમ સુવાર્તાની વાત મરડીને—સુવાર્તાને ઉલટાવી નાખનારો બોધ કરીને—તેઓ ખ્રીસ્તના વધસ્તંભના શત્રુઓ થઇ પડયા હતા. ખ્રીસ્તી મડળીમાં રહેતાં કોઇ માણસ ખ્રીસ્તના વધસ્તંભનો શત્રુ થાય એ બહુજ ખેદજનક વાત છે, પરતુ એવા ઘણા "ચાલનારા" હજીએ છે. તેમની દુષ્ટ શિખામણ તથા તેમનો ખોટો નમુનો તજીને જગતની મિત્રાચારીનો નકાર કરવો (યા. ૪; ૪), ને ખ્રીસ્તના સદ્માર્ગમાં દોડનારાનો બોધ તથા નમુનો ધ્યાનમાં લઇને પાપ ઉપર જય પામવાને અર્થે વધસ્તંભે જડેલા ઇસુના ખરા મિત્રો થઇ જવુ જોઇએ.

વિપરીત ચાલનારાઓનું વર્ણન હવે કરવામા આવે છે. તેઓનું પરિણામ, તેઓનો ઇષ્ટ દેવ, તેઓનું ગર્વાસ્પદ, તેઓનો મનોભાવ–એ સઘળાની હકીકત ચાબકના ફટકા જેવો અવાજ કરનારાં સક્ષિપ્ત પણ સખ્તાઇ ભરેલાં વાક્યોમાં આપવામાં આવે છે.

તેઓનો અંત તો વિનાશ [છે]. વધસ્તંભથી પાપનો નાશ થાય છે, ને પાપને વળગી રહેનારા વધસ્તંભના શત્રુઓ પોતાના પાપની સાથે વિનાશ પામશેજ. તેઓ મડળીમાં હોય તો પણ તેમનો ઇન્સાફ
પદ ૧૯. થશે (૧ પીત. ૪; ૧૭). તેઓનાં કામ પ્રમાણે તેમનો અત થવાનો છે (૨ કરી. ૧૧; ૧૫). પાપનું પરિણામ મરણ છે (રૂમી. ૬; ૨૧) ને આવા પાપમાં આનદ કરનારાઓનો સાર્વકાળિક વિનાશ થશે, એમ પાઉલનું માનવુ હતુ. "વાવીએ તેવુ લણીએ" એ નિયમ મુજબ આ દુષ્કર્મીઓનુ પરિણામ ભયકર થશે માટે તેઓનાં કામમા કંઈ ભાગ ન લેવો, એવી અહિં ચેતવણી સમજવાની છે.

તેઓનો દેવ તો પેટ [છે]. તેઓ પેટની સેવા કરનારા છે (રૂમી. ૧૬; ૧૮), એટલે ખાવા પીવામાં ને સુખભોગ કરવામાં તેઓ આનંદ માને છે (૨ પીત. ૨; ૧૩). પોતાની દૈહિક ઇચ્છાઓ તથા વિષયોને તૃપ્તિ આપતાં તેઓ ભૂલી જાય છે કે દેવનું રાજ્ય ખાવા પીવામાં નથી (રૂમી. ૧૪; ૧૭). અન્ન તથા ઉદર, દેહ તથા તેના વિષયો, એ સર્વેનો નાશ થવાનો છે (૧ કરી. ૬; ૧૩), તે વાત ધ્યાનમાં ન લેતાં તેઓ એસાવની પેઠે ક્ષણભગુર દેહતૃપ્તિને સાટે પોતાનો મહિમાવાન વારસો આપી દે છે. સઘળાનો અન્નદાતા, સઘળાં સારાં વાનાં આપનાર તથા અક્ષય સુખનો ઝરો જે પરમેશ્વર તેને વિસરીને

તેઓ જાણે દેહની ઉપાસના કરનારા હોય તેમ સઘળા પ્રકારના સ્વાર્થ તથા લોભથી ભરપૂર થયા છે. એવા લોકનો અંત વિનાશજ હોય. એવાઓનો બોધ તથા નમુનો નકારીએ ને ખ્રીસ્તના ઉત્તમ નમુના મુજબ, તેમ ખ્રીસ્તાનુસારી પાઉલના નમુના મુજબ, સ્વાર્થ તજીને ભાવથી દેવની સેવા કરતાં કરતાં પરમાર્થ સાધી લઇએ.

તેઓનો મહિમા તો પોતાની લાજમાં [છે]. જે લજ્જાકારક કામ તેઓ કરતા તે વિષે શરમિંદા ન થતાં તેઓ તેમાં અભિમાન કરતા. પોતાની લાજ છાની ન રાખતાં (૨ કરીં. ૪; ૨) તેઓ ગર્વથી તે પ્રગટ કરતા. બીજાઓ કરતાં અમને વધારે જ્ઞાન છે, અધિક છૂટ છે, એવી વડાઇ કરીને તેઓ નિરંકુશ રીતે છચોક અશુદ્ધતામાં ચાલતા. આકાશીય વાતોમાં જે ખરો મહિમા તેની અપેક્ષા રાખવી, એમ ન સમજતાં તેઓ પૃથ્વી પરની મલિનતામાં જાણે મહિમા માનતા હોય એવી રીતે વર્તતા. સુલેમાન સત્ય કહે છે કે પોતાની નજરમાં જે જ્ઞાની તેના કરતાં મૂર્ખ વિષે વધારે આશા છે (દૃષ્ટાંત. ૨૬; ૧૨). ધૂળમાંનો કચરો ભેગો કરનારને ઉપરથી આપેલા મુગટનું ભાનજ નથી હોતું. તેમ આ લોકો આત્મિક મહિમાની કદર ન બુઝતાં જે ખરેખર લજ્જાસ્પદ તેને ગર્વાસ્પદ ગણીને પોતાની ભુંડાઇમાં વડાઇ કરતા.

મંડળીના ઘણા લોકો હજુ એવી શરમભરી મૂર્ખાઇ કરે છે, એમ જાણીને દરેક વાંચનારે પોતાના તેમ પોતાનાં ખ્રીસ્તી ભાઇબેહેનોના હકમાં માગવું કે પ્રભુ સર્વની મનચક્ષુ પ્રકાશિત કરીને આપણને દૈહિક વિષયોમાંની લજ્જા, તેમજ આત્મિક વાતોમાંનો અક્ષય મહિમા, દેખાડી આપે.

તેઓ તો પૃથ્વી પરનાં વાનાં પર મન લગાડનારા છે. આ દુષ્કર્મીઓની વર્તણુક તથા પરિણામ તેમના મનની ભાવનાઓથી ઉપજે છે (મા. ૧૫; ૧૯). આકાશીય વાનાં પર નહિ પણ ભૌમિક વાનાં પર તેઓ મન લગાડતા. સંસારી વાતમાંજ તેમનું ચિત્ત રહેતું. મનનાં વિચારો, ભાવનાઓ તથા ઇચ્છાઓ કેવળ દૈહિક હતાં, માટે ખ્રીસ્ત જ્યાં ઈશ્વરપિતાને જમણે બિરાજમાન છે ત્યાંની સ્વર્ગીય વાતોનું વાસ્તવિક ભાન તેમને હતું નહિ (જુઓ કલો. ૩; ૨). ખ્રીસ્તના વધસ્તંભના શત્રુઓ હોવાથી તેઓ ખ્રીસ્ત સાથે દૈહિક વાત સંબંધે મરણ પામ્યા ન હતા માટે ખ્રીસ્તના પુનરૂત્થાનને અનુરૂપ ન થતાં તેઓ તારનાર સાથે નવા જીવનમાં ચાલતા નહિ. ખ્રીસ્તના ખરા સેવકોની હકીકત આથી છેક જુદીજ છે, તે હવે આપવામાં આવે છે.

કેમકે આપણું વતન આકાશમાં હોય છે. પ્રેરિતને તથા તેના અનુયાયીઓને અનુસરવા તેમ દુષ્કર્મીઓના માર્ગથી દૂર રહેવું, એનું કારણ
અહિં દર્શાવવામાં આવે છે. (આ વાક્યનો સંબંધ પદ ૧૭
પદ ૨૦. સાથે સમજીને પદ ૧૮, ૧૯ ની વાત જાણે કૌંસમાં આવેલી
ધારીએ તો "કેમકે" એ કારણદર્શક શબ્દની યોગ્યતા જણાશે). દૈહિક

માણુસનું વતન આ ભૂલોકમાંજ છે, માટે તેનું લક્ષ દૈહિક વાતો પર રહે એ કેવળ સ્વાભાવિક છે. પરતુ આત્મિક માણુસનુ વતન સ્વર્ગમાં હોય છે, માટે તે આકાશી વાતમાં મન પરોવે છે. "વતન" ને ઠેકાણે જે અસલ શબ્દ તેનો મૂળાર્થ "નગરનું પ્રજાસત્તાક રાજ્ય" થાય છે (જુઓ ૧ ; ૨૭નો ખુલાસો); તે ઉપરથી "નાગરિકત્વનો હક" (જુઓ એફે. ૨ ; ૧૨ કે જ્યાં આને મળતો શબ્દ આવે છે) અથવા તો "નાગરિકનું કર્તવ્ય" એવા અર્થ થાય છે. જે નગરના વતનીઓ છીએ તે આ જગતમાંનું નથી (યોહા. ૧૮ ; ૩૬) પણ સ્વર્ગીય નગર છે (ગલા. ૪ ; ૨૬. પ્રક. ૨૧, ૨, ૧૦) માટે એ નગરના વતનીઓની ખાસ ફરજ અદા કરવા બંધાયલા છીએ.

પાઉલને રૂમના વતનીપણાનો હક જન્મથીજ હતો ને તે હકને વળગી રહીને તેણે ફિલિપ્પીમાં પણ તેનો લાભ લીધો હતો (પ્રે. કૃ. ૧૬, ૨૨, ૨૩, ૩૭-૩૯), પરતુ તે કરતાં તે આકાશીય નગરના વતનીહકને અતિશય માનવત તથા લાભકારક સમજતો. ખ્રીસ્તનુ નામ કબૂલ કર્યા પછી તેને આ પૃથ્વી પર કઇ સ્થાયી વતન જણાતુ નથી, પરતુ નવો જન્મ પામ્યાને લીધે તેને આકાશીય વતનીહક પ્રાપ્ત થયો હતો ભૂવાસી છતાં તે ખ્રીસ્તની સગત કરવાથી આકાશીય સ્થાનોમાં રહેનારો હતો (૧ ; ૨૧. ગલા. ૨ ; ૨૦ એફે ૧ ; ૩, ૨૧. કલો. ૩ ; ૩), ને એજ આકાશીય સ્થાનોમાં દરેક ખરા વિશ્વાસીનું વતન છે એવુ પ્રગટ કરીને તે ફિલિપ્પીઓને સ્વર્ગીય નગરવાસીઓને શોભતી ચાલ ચાલવાને ઉત્તેજિત કરવા માગે છે. ઇહલોકમા મને કઇ સ્થાયી વતન નથી એમ સમજીને દરેક ખ્રીસ્તીએ સ્વર્ગીય નગરનો વતની થયાનો નિશ્ચય કરવો (હેબ્રી. ૧૩ ; ૧૪), તેમ એ નગરના વતનીઓનું કર્તવ્ય પૂર્ણ કરવાને અહોનિશ મહેનત કરવી.

ત્યાંથી પણ આપણે તારનારની [એટલે] પ્રભુ ઇસુ ખ્રીસ્તની રાહ જોઇએ છીએ. ફિલિપ્પી જેવા રૂમથી વસાવેલા નગરના લોક પર કંઇ ચઢાઇ કરવામાં આવે તો તેઓ મૂળ વતન તરફ દૃષ્ટિ ફેરવીને બચાવની રાહ જુએજ, તેમ આ જગતના અધિકારીના દુઃખદાયક હુમલાઓથી બચાવ પામવાની આશાએ ખ્રીસ્તીઓએ સ્વર્ગીય વતન તરફ દૃષ્ટિ ફેરવતા રહેવુ (૧ થેસ્સા. ૧ ; ૧૦). ત્યાંથી પૂર્ણોદ્ધાર કરનાર આવવાનો છે (પૂર્ણોદ્ધાર વિષે જુઓ ૧ ; ૧૯, ૨૮. રૂમી. ૧૩ ; ૧૧. ૧ થેસ્સા. ૫ ; ૯. ૨ તીમો. ૨ ; ૧૦. તીત. ૨ ; ૧૩. ૧ પીત. ૧ ; ૫). વાર ઘણી લાગે છે એમ માલમ પડે તોપણ તારનારની વાટ જોતા રહેવુ. એ તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્ત છે. જેને દેવે ઊંચો કીધો છે (૨ ; ૧૧) તે ઊંચસ્થાનથી પોતાના લોકનો પૂરો બચાવ કરવા ઉતરશે ત્યારે પૂર્ણોદ્ધાર પામીને આ જગતનાં સઘળા દુઃખનો બદલો મેળવીશું, ને ખ્રીસ્તની ગાઢ સગતમાં જે સર્વોત્તમ લાભ તે પૂર્ણ રીતે સપાદન કરીશું.

દુષ્કર્મીઓનો અંત વિનાશ છે પરંતુ સદ્દમાર્ગમાંની દોડનું ઇષ્ટ પરિણામ અમૂલ્ય તથા અવિનાશી ઇનામ છે. તારનારની રાહ જોનારા હોઇએ તોજ આ ઇનામ પ્રાપ્ત કરીશું. તારનારના ખરા શિષ્યો જે વાતોની રાહ જુએ છે તે નીચે મુજબ:—

(૧) દેવનાં છોકરાંનું પ્રગટ થવું (રૂમી. ૮ ; ૧૯).
(૨) શરીરનો ઉદ્ધાર (રૂમી. ૮ ; ૨૩).
(૩) અદૃષ્ય વાનાં (રૂમી. ૮ ; ૨૫).
(૪) પ્રભુ ઇસુ ખ્રીસ્તનું પ્રગટ થવુ (૧ કરી. ૧ ; ૭. હેબ્રી. ૯ ; ૨૮).
(૫) ન્યાયીપણાની આશા (ગલા. ૫ ; ૫).

આવી વાતોની અપેક્ષા રાખતા હોઈએ તો ખ્રીસ્તની રાહ જોનારા કહેવાઈએ એટલે આપણી વ્હારે પ્રભુ તારનાર તરીકે આવશે. નહિ તો ન્યાયાધીશ તરીકે આવશે ત્યારે તો ઇન્સાફના બિહામણી વાટ જોનારા માલમ પડીશું (હેબ્રી. ૧૦ ; ૨૭).

તે, જે પ્રેરકશક્તિએ કરીને તે સઘળાં પોતાને આધીન કરવા પણ પરાક્રમી છે તે મુજબ, આપણી નમ્રાવસ્થાના શરીરનું રૂપાંતર કરીને પોતાના મહિમાના શરીરને અનુરૂપ કરશે.

પદ ૨૧. ખ્રીસ્ત કેવો પરાક્રમી તારનાર છે એ આ વાક્ય ઉપરથી દેખાય છે. તે કેવળ આપણો બચાવ કરવાને માટે નહિ પણ આપણને મહિમાવાન કરવાને અર્થે પ્રગટ થશે! આપણને તે સર્વ શત્રુઓના હાથથી છોડાવશે, એટલુંજ નહિ પણ આપણને રાજ્યવૈભવ સોંપશે! ધન્ય છે એવા તારનારને, ને ધન્ય છે એવા તારનારની રાહ જોનારાઓને! એ ધન્યતાના પ્રમાણમાં પૃથ્વી પરનાં વાનાં શી વિસાતમાં છે? અદૃષ્ય વાનાં વિશ્વાસની દૃષ્ટિએ નિહાળીને આપણે સદ્દમાર્ગમાં આગળ વધીએ, એ માટે કે ખ્રીસ્તનું બીજી વાર આવવું થશે ત્યારે તેના આશીર્વાદપૂર્ણ રાજ્યવૈભવથી વેષ્ટિત થઈએ.

ઈશ્વર પિતાથી ખ્રીસ્તને એટલુ બધુ પરાક્રમ સોંપવામાં આવ્યું છે કે તે સઘળાંને પોતાને આધીન કરવા સમર્થ છે (સરખાવો ૧ કરીં. ૧૫ ; ૨૫–૨૮. એફે. ૧ ; ૨૨. હેબ્રી. ૨ ; ૮). ગમે તે આત્મિક શત્રુ હોય–મરણ કે શેતાન પોતે હોય–તો પણ ખ્રીસ્ત સઘળાંને જીતવા પરાક્રમી છે. ખ્રીસ્તમાં રહેલું આ ઈશ્વરી પરાક્રમ તેની પ્રેરકશક્તિની મારફતે કાર્યકારક થાય છે (જુઓ એફે. ૧ ; ૧૮, ૧૯ નો ખુલાસો. સરખાવો ૧ કરીં. ૬ ; ૧૪. એફે. ૩ ; ૭). કાલ્વિન કહે છે તેમ, પરાક્રમ એ વૃક્ષરૂપ ને પ્રેરકશક્તિ એ ફળરૂપ છે.

તારનારના પરાક્રમજન્ય પ્રેરકશક્તિ તેના લોકના આત્માઓમાં કાર્યકારક થાય છે, એટલુંજ નહિ પણ તેમનાં શરીરોમાં પણ તે કાર્યસિધિ કરાવશે. શરીર આપણી નમ્રાવસ્થાનુ શરીર કહેવાય છે, કેમકે તેના વિકારોને લીધે નિશાન

ભણી દોડતા સંતોને ઘણી હરકતો વેઠવી પડે છે. તેના દૈહિક વિષયો આપણને પૃથ્વી પરનાં વાનાં તરફ આકર્ષે છે તેથી શરીરને જાણે મુક્કી મારીને વશ રાખવું પડે છે (૧ કરીં. ૯; ૨૬, ૨૭). શરીર નાશવત છે, અપમાનયુક્ત છે, અબળ છે, પ્રાણિક છે (૧ કરીં. ૧૫; ૪૨–૪૪). સૃષ્ટિમાંનું હોવાથી તે વ્યર્થતાને આધીન રહે છે, માટે તેના ઉદ્ધારની રાહ જોતા રહીએ છીએ (રૂમી. ૮; ૨૦—૨૩). પરંતુ શરીરનો ઉદ્ધાર પણ ખ્રીસ્તના પૂર્ણોદ્ધારમાં સમાયલો છે. પ્રભુ આવશે ત્યારે આપણા આત્માઓને તે પૂરા શુદ્ધ કરશે, એટલુંજ નહિ પણ આપણાં શરીરને અવિનાશી, મહિમાવાન, પરાક્રમી, હા, આત્મિક કરશે—એટલે આખા માનવપણામાં ખ્રીસ્તના જેવા થઇશું. પ્રભુ ઇસુ જીવાડનાર આત્મા છે, ને તે દેખાશે ત્યારે તેના આત્મિક પરાક્રમ વડે આપણે આત્મામાં તેમ શરીરમાં પણ બદલાઇશું (૧ કરીં. ૧૫; ૪૫, ૫૧. સરખાવો રૂમી ૮; ૧૧) ખ્રીસ્તના રૂપાંતર વેળાએ તે બદલાયો તેવી અજાયબ રીતે આપણે (એને એજ વ્યક્તિઓ છતાં) પરમરૂપમાં બદલાઇ જઇશુ. મહિમાવાન થયલા પ્રભુને જેવુ ગૌરવી શરીર છે તેવાં આપણાં શરીર મહિમાવાન થશે.

દમસ્કના માર્ગ ઉપર પ્રભુના મહિમાવાન શરીરનું પાઉલને દર્શન થયુ હતું (પ્રે. કૃ. ૯; ૩: ૨૨; ૬. ૧ કરી. ૯; ૧: ૧૫; ૮) ત્યાર પછી ખ્રીસ્તને આધીન થઇને તે (શરીરમાં દુઃખી થયા છતાં પણ) ખ્રીસ્તના જેવો મહિમા પામવાની આશાને વળગી રહેતો. તેનો એવો નિશ્ચય હતો કે આત્મામાં તેમ શરીરમાં હું મારા પ્રભુની સમાનતામાં થઇ જવાનો છુ.

એવોજ નિશ્ચય આપણે સર્વે રાખવો જોઇએ. શરીરની અબળતાથી પ્રભુની સેવામાં તત્પર થયલા આત્માને જ્યારે જ્યારે પ્રતિરોધ કરવામાં આવે છે—જ્યારે પૃથ્વીની ધૂળમાં ઘસડાતા શરીરને લીધે આત્માનું ઊંચે ઉડવુ અશક્ય થાય છે—ત્યારે પૂર્ણોદ્ધારની રાહ જોતાં શરીરને આત્માવશ કરવાને નિરતર પ્રાર્થનાપૂર્ણ મહેનત કરીએ; દૈહિક વિષયોને દબાવીને આત્મિક ઇચ્છાઓ ઉત્તેજિત કર્યા કરીએ એ માટે કે ખ્રીસ્ત આવશે ત્યારે શરમિંદા ન થઇએ. પ્રભુએ આપણને પોતાના સમાનરૂપની આવી મોટી આશા આપી છે માટે તેના જેવા શુદ્ધ થવાને અર્થે સર્વ આત્મિક સાધનોનો નિત્ય સદુપયોગ કરીએ (જુઓ ૧ યો. ૩; ૧—૩).

અધ્યાય ૪થો.

(ઙ) છેલ્લી આજ્ઞાઓ. પદ ૧—૯.

આ વિભાગમાં પાઉલ ઘણી પ્રીતિ સહિત કેટલીએક અગત્યની આજ્ઞાઓ આપે છે. સ્થિર રહેવા વિષે, ઐક્ય રાખવા વિષે, આનંદ કરવા વિષે, વિનયથી વર્તવા વિષે, પ્રભુની રાહ જોવા વિષે, ભરોસો રાખવા વિષે, પ્રાર્થના કરવા વિષે તથા સુશોભિત વાતોને ધ્યાનમાં લઇને તેનું પોતાનું અનુકરણ કરવા વિષે આદેશ આપીને પ્રેરિત ઈશ્વરની શાંતિ, રક્ષા તથા સમક્ષતાનું વચન લખે છે.

[૧] એ માટે, મારા વહાલા તથા ઇષ્ટ ભાઇઓ, મારા આનંદ તથા
મુગટરૂપ, એવી રીતે પ્રભુમાં ટકી રહો, વહાલાઓ.

[૨] યુઓદીઆને બોધ આપું છું તેમજ સુન્તુખેને બોધ આપું છું
કે તેઓ પ્રભુમાં એકજ મનની થાય. [૩] હા, ખરા જોડીઆ, હું તને
પણ એવી વિનંતી કરૂં છું કે એ [બાઇ]ઓને તું સહાય કરજે, કેમકે
એઓએ મારી સાથે સુવાર્તા [પ્રચાર]માં શ્રમ કર્યો; વળી કલેમેન્ટ
સાથે તેમજ મારા જે બીજા સાથી કામદારોનાં નામ જીવનપુસ્તકમાં છે
તેઓ સાથે [એઓએ શ્રમ કર્યો].

[૪] પ્રભુમાં હમેશાં આનંદ કરો; હું ફરી કહું છું કે આનંદ કરો.
[૫] તમારી કોમળતા બધા માણસોના જાણવામાં આવે. પ્રભુ પાસે [છે].
[૬] કશી વાતમાં ચિંતાતુર ન થાઓ, પણ દરેક બાબતમાં ઉપકારસ્તુતિ
સહિત પ્રાર્થનાએ તથા વિનંતીએ [કરીને] તમારી માગણીઓ દેવ
પ્રત્યે જણાવવામાં આવે. [૭] એમ દેવની શાંતિ જે સઘળા મન[ના
વિચાર]થી ઉત્તમ છે તે ખ્રીસ્ત ઇસુમાં તમારાં હૃદયોની તથા મનોવૃત્તિ-
ઓની ચોકી કરશે.

[૮] છેલ્લે, ભાઇઓ, જે કાંઇ સત્ય, જે કાંઇ આદરયુક્ત, જે કાંઇ
યથાન્યાય, જે કાંઇ શુદ્ધ, જે કાંઇ પ્રીતિકર, જે કાંઇ સુકીર્તિમાન,—જો કંઇ
ઉત્કર્ષ હોય ને જો કંઇ પ્રશંસા હોય તો તે ધ્યાનમાં લો. [૯] વળી જે
વાતો તમે [મારી પાસેથી] શિખ્યા તથા પામ્યા, તેમ મારામાં સાંભળી
તથા જોઇ, તે કરો; ને [એમ] શાંતિનો દેવ તમારી સાથે રહેશે.

આ વિભાગના ત્રણ પેટા ભાગ કરાય એમ છે. તે નીચે મુજબ :—

(ક) પ્રભુમાં સ્થિર રહેવાની આજ્ઞા. પદ ૧.

(ખ) સપ વિષે ખાસ બોધ તથા વિનંતી. પદ ૨, ૩.

(ગ) વિવિધ વિષયોને લગતો આખી મડળીને આપેલો સામાન્ય બોધ. પદ ૪–૯.

એ માટે, મારા વહાલા તથા ઇષ્ટ ભાઈઓ, મારા આનંદ તથા મુગટરૂપ, એવી રીતે પ્રભુમાં ટકી રહો, વહાલાઓ. આ વાક્યનો સંબધ ૩; ૧૭—૨૧ સાથે નિકટ જણાય છે તેથી ઘણા ટીકાકારો તે વાક્યો સાથે આને જોડી દે છે પરતુ પાઉલની છેલ્લી આજ્ઞાઓમાં આનો સમાવેશ કરીએ તો અનુચિત નહિ કહેવાય. ૩; ૧, ૨ માં પાઉલે છેલ્લી આજ્ઞાઓ આપવાની શરૂઆત કરી હતી તે આપણે જોયુ છે. ૩; ૨ માં અસત્ય બોધથી સાવધ રહેવાની ચેતવણી આપી હતી, તેમજ ૩; ૧૮, ૧૯ માં સુવાર્તા વિરોધીઓની દુષ્ટતાનો ચિતાર ખડો કર્યો હતો, પરતુ ખોટા મતથી તથા કુચાલથી સાવધ રહેવુ એટલુજ નહિ, પણ તે સાથે પ્રભુમાં સ્થિર ટકી રહેવાની જરૂર છે (જુઓ ૧; ૨૭ ૧ કરી. ૧૬; ૧૩ ગલા. ૫; ૧. એફે. ૬; ૧૧). આકાશીય નગરના વતની છીએ, ને ત્યાંથી આવીને આપણો પરાક્રમી તારનાર આપણને સ્વર્ગીય મહિમાથી વેષ્ઠિત કરશે, એ કારણને લીધે આપણે પાઉલના પૂર્વોક્ત બોધ મુજબ પ્રભુમાં સ્થિર રહેવાની વિશેષ કાળજી રાખવી. પ્રભુથી નિરાળા રહીએ તો સ્થિરતાની આશા રાખવી ફોકટ છે, માટે પ્રભુની સગત રાખીને સર્વે આત્મિક શત્રુઓની સામે ટકી રહેવુ. પ્રભુમાં બધુ કરવું એ ખ્રીસ્તી માણસની ફરજ છે (જુઓ ૨; ૧૯ નો ખુલાસો), તથાપિ વિશ્વાસમાં સ્થિર રહેવાને અર્થે અધિકારયુક્ત પ્રભુની સગત કરવાની વિશેષ જરૂર છે. એવી રીતે ટકી રહેવાનો નમૂનો પાઉલે આપ્યો છે માટે તેના નમુનાનુસાર વર્તીને (૩; ૧૭) સ્થિર રહેવું. "સ્થિર રહેવુ" એટલે નિવૃત્ત ઉભા રહેવું એમ નથી, પણ પ્રભુમાં દઢ રીતે ટકી રહેવુ એ પ્રેરિતના બોધનો અર્થ છે એ ભૂલવુ નહિ.

પદ ૧.

પ્રેરિતના મનમા ભાઇ પરની પ્રીતિનો ઉમળકો આ વાક્યમાં સ્પષ્ટ રીતે દેખાય છે. "વહાલાઓ" એ વિશેષણ બે વખત આવે છે, વળી આ ભાઇઓની મુલાકાતનો પાઉલ કેવો અભિલાષી છે એ "ઇષ્ટ" અર્થનો શબ્દ સાબિત કરે છે (સરખાવો ૧; ૮). ફિલિપ્પીઓ તેને આનદાસ્પદ જેવા છે, કેમકે તેઓ જો પ્રભુના માર્ગમા અત સુધી આગળ વધતા જાય તો તેનો આનંદ સંપૂર્ણ થશે (૨; ૨, ૧૬). તેમ તેઓ તેના મુગટ સમાન છે (સરખાવો ૧ થેસ્સા. ૨; ૧૯, ૨૦ ૩; ૯, ને જુઓ ૩; ૧૪ નો ખુલાસો), કેમકે છેલ્લે દિવસે તેઓ મહિમામાં જણાય તો તેની દોડની સફળતા સાબિત થશે. તે દોડ પૂરી કરીને તે

જે મુગટ પામવાની ઉમેદ રાખે છે (૨ તીમ. ૪; ૮) તેમાં તેના તારણ પામેલા શિષ્યો ચળકતા જવાહિરરૂપે થશે (સરખાવો ૧ કરી. ૯ , ૨૫). ખ્રીસ્તીઓનો પૂર્ણોદ્ધાર એ પાઉલના ધારવા પ્રમાણે સુવાર્તિકનું ખાસ ઇનામ છે. એ મુગટ કોઇ લઇ ન લે માટે તે હૃદયપૂર્વક પ્રીતિથી તેમને ચેતવણી તથા બોધ આપે છે.

યુઓદીઆને બોધ આપુ ંછુ તેમજ સુન્તુખેને બોધ આપું છું કે તેઓ પ્રભુમાં એકજ મનની થાય. મડળીમાં અણબનાવ થયાની સૂચનાઓ આ પત્રનાં ઘણાં વાક્યોમાં આવેલી છે (જુઓ ૨; ૨-૪,
પદ ૨ ૧૪-૧૬). હવે અણબનાવ કરનારી બે સ્ત્રીઓનાં નામ જણાવવામાં આવે છે. માકેદોનીઆની મડળીઓની સ્થાપના થઈ ત્યારે તે પ્રાંતની ઘણી બાયડીઓમાં ધાર્મિક ભાવ માલમ પડ્યો હતો (પ્રે. કૃ. ૧૬; ૧૩ : ૧૭; ૪, ૧૨). ફિલિપ્પીની મડળીમાં એવી ધાર્મિક સ્ત્રીઓ હતી એ નિઃસશય છે. આ વાક્યમાં કહેલી બે બાઇઓ મડળીમાં પ્રભુનુ કામ સારી રીતે કરનારી હતી એ સભવિત છે, પરતુ કોઇ પણ કારણથી તેમની વચ્ચે તકરાર થયાને લીધે મડળીમાં પક્ષાપક્ષી ઉત્પન્ન થઈ હશે એમ લાગે છે. ઐક્ય વિષે સામાન્ય બોધ આપવાથી સતોષ ન પામતાં પાઉલ જાણે આ બે વિશ્વાસેણોની રૂબરૂમાં બોલતો હોય તેવી રીતે મડળીની મારફતે તેમને સુબોધ આપે છે. તેઓ પ્રભુની સગતમાં રહી હોત તો તેમની વચ્ચે વિરૂદ્ધતા ન થાત, તેટલા માટે પાઉલ તેમને એક મનની થવાનુ ફરમાવે છે, એટલુજ નહિ પણ પ્રભુની સગતમાં રહીને એક બીજી સાથે પ્રીતિયુક્ત સગત રાખવાનો બોધ કરે છે. યુઓદીઆ તથા સુન્તુખેના મનમાં પોતાની સ્થિરતા વિષે કઇ સદેહ તો નહિ હોય. દરેક પોતાને નિર્દોષ તેમ સામીવાળીને દોષિત ગણતી હશે. પરતુ પ્રેરિત સૂચવે છે કે આવો અણબનાવ થયો છે ત્યારે બને પક્ષકારનો આ દોષ હોવો જોઇએ કે તેઓ પ્રભુમાં એક બીજાની સગત રાખતી નથી. પ્રભુમાં તેઓ પ્રીતિને બધને જોડાયલી હોત તો અપ્રીતિનું કારણ દૂર કરીને તેઓ એક બીજીના આત્મિક લાભને અર્થે મહેનત કરત. પરતુ બને અહંભાવ રાખીને પોતાનાંજ વાનાં પર લક્ષ આપે છે તેથી તેઓ જુદાઇ રાખીને આ શુદ્ધ મડળીમાં અયોગ્ય ચરસાચરસી કરાવે છે, માટે આ ખાસ બોધ લખવો પડે છે. આ બોધ લખતાં પાઉલ પ્રીતિભાવથી મજકુર બાઇઓને સબોધે છે, એ તેની ભાષાથી જણાય છે. "બોધ કરૂં છું" એ અર્થના અસલ ક્રિયાપદનો તરજુમો "વિનંતી કરૂં છું" કે "દિલાસો દઉં છુ" થઇ શકે (જુઓ કલો. ૨; ૨ નો ખુલાસો)

હા, ખરા જોડીઆ, હુ તને પણ એવી વિનંતી કરૂં છુ ંકે એ [બાઇ] ઓને તું સહાય કરજે. આ "ખરો જોડીઓ" કોણ હશે એ વાતનો કઇ ખાતરીપૂર્વક ખુલાસો મળતો નથી. કેટલાક ટીકાકારોનો એવો મત
પદ ૩. છે કે "જોડીઓ" એ અર્થનો ગ્રીક શબ્દ (સુઝુગૉસ) ફિલિપ્પીના એક ખ્રીસ્તી ભાઇનુ નામ હોવો જાઇએ. તેના નામ મુજબ તે

ખરેખર સુવાર્તાના કામમાં જોડીઓ છે, એમ સૂચવતાં પાઉલ તેની સહાયતાની માગણી કરે છે, એમ ધારવું અસભવિત નથી. પરતુ એ મત ખરો છે કે કેમ એનો નિર્ણય કરવાને સાધન નથી. આ ભાઇ ગમે તે હોય તોપણ તેને સંબોધીને પ્રેરિત આ તકરાર સમાવવામાં તેની મદદ માગે છે તેથી તે શાણો તથા વજનદાર ભાઇ જણાય છે. "ખરો" અર્થનો અસલ શબ્દ ૨; ૨૦ માં તીમોથી વિષે આવ્યો હતો. તીમોથીની લાયકી વિષે પાઉલની પૂર્ણ ખાતરી હતી, તેવી આ ભાઇ વિષે તે ખાતરી રાખે છે કે મડળીમાં શાંતિ કરાવવામાં તે તેના અહિં આવેલા નામને શોભતું કામ કરનાર જણાઇ આવશે.

આ બાઇની પાસે પાઉલ જે માગણી કરે છે તે આ કે તે આ બે બાઇઓને મદદ કરે. તેઓ જાણતી નહિ હોય કે અમારે કોઇની મદદની જરૂર છે; નહિ તો જે મદદની જરૂર તેમને જણાઇ હશે તે પોતાના પક્ષના લાભમાં આપેલી મદદ હોવી જોઇએ. તથાપિ પ્રેરિત સૂચવે છે કે બને જે ભૂલમાં પડી છે તેમાંથી નીકળવાને માટે સહાયતા આવશ્યક છે—જે શાંતિનો માર્ગ તેઓએ મૂકી દીધો તે પર ફરી આવવા સારૂ મદદની ખાસ જરૂર છે. સદરહુ બાઇ તેમની મુલાકાત લઇને તેમની ગેરસમજનો ખુલાસો કરે, તેમની ભૂલ જણાવે, તેમની ફરજ સભરાવે, તેમની આગળ ખ્રીસ્તનો, તેમજ ખરા ખ્રીસ્તીઓનો, સદ્‌નમુનો રજુ કરે, તેમને પ્રેરિતની ચિંતાનું ઊંડું કારણ સમજાવે, તેમની સાથે તથા તેમના હકમાં પ્રાર્થના કરે, ને વળી આ બધુ કરવામાં શુદ્ધ તથા પરમાર્થી પ્રેમ દર્શાવે-એવી પાઉલની ઇચ્છા જણાય છે. જે મડળીમાં એવા ખરા જોડીઆ હોય છે તે મડળીમાંની તકરારો વધી જવા પામેજ નહિ, એમ ખાતરીથી કહેવાય.

"સહાય કરવી" એ અર્થનો અસલ શબ્દ "સાથે પકડવા"ની ક્રિયા સૂચવે છે. પીતરની હોડીમાંથી નાખેલી જાળમાં જ્યારે ઘણી માછલીઓ પકડાઇ ત્યારે બીજી હોડીમાંના ભાગિયાને ઇસારો કરીને તેમને સહાય કરવાની સૂચના કરવામાં આવી (લુક ૫; ૭ કે જ્યાં અહિં આવેલો શબ્દ મળે છે). એવી રીતે મડળીના લોકો સુવાર્તાની જાળ સાથે પકડીને માણુસોને બચાવવાના પ્રયત્ન કરતાં એકરૂપ હોવા જોઇએ. આ બે બાઇ એ વાત ભૂલી ગઇ હતી તેથી મડળીનું કામ બગડતુ, પણુ પાઉલનો આ ખરો જોડીઓ તેમની પાસે જઇને આ કામમાં તેમની સહાય ફરીથી મેળવે તો પ્રભુ ઇસુના હુકમથી નાખેલી સુવાર્તારૂપી જાળ સાથે પકડવાની ફરજ તેમને સાંભરી આવે, એવી આશા રખાય. બધાં ખ્રીસ્તી ભાઇ બેનોએ વિચાર કરવો કે પ્રભુના કામનાં તંત્રો સાથે ન પકડીએ તો સુવાર્તાની સફળતા ઓછીજ થવાની. એ વિચારથી ભિન્નભાવ તથા અન્યોન્ય નડતર કરનારા પ્રયત્નો મૂકી દઇને એક રાગે કામ કરવું. તેમ જેઓમાં અણબનાવ થયલો જણાય છે તેઓ એકજ મનના થાય તે માટે બધા ખરા ખ્રીસ્તીઓએ સુલેહ કરવાનું કામ હાથમાં લીધા વગર રહેવુ નહિ.

કેમકે એઓએ મારી સાથે સુવાર્તા [પ્રચાર]માં શ્રમ કર્યો. પાઉલે ફિલિપ્પીમાં કષ્ટ કરીને બી રોપ્યાં હતાં (૧ થેસ્સા. ૨; ૨) તે વેળાએ આ બાઇઓએ તેને મદદ કરવામાં શ્રમયુક્ત મહેનત કરી હશે. પહેલવાનના જેવું કષ્ટ વેઠીને (જુઓ ૧; ૨૭ નો ખુલાસો) તેઓ તેની સાથે આત્મિક દોડ દોડવા મડી ગઇ હતી. પરંતુ હવે એક બીજીને (વસ્તુતઃ, આખી મડળીને) નડતર કરીને તેઓ પછાત પડી છે. તેઓની દોડની શરૂઆતમાં લીધેલો શ્રમ નિષ્ફળ ન જાય એ કારણથી પ્રેરિત તેમનો અણબનાવ દૂર કરી ફરીથી તેમને નિશાન ભણી દોડતી કરવાને આટલી બધી ઉત્સુકતા બતાવતો હશે. જેઓએ પ્રભુને નામે સારૂં કામ કર્યું છે તેઓ જ્યારે ભૂલમાં પડે છે ત્યારે એથી કોઇ ખરો ખ્રીસ્તી આનંદ નહિજ કરે, પણ તેમની ભૂલ સુધારવાને દરેક ભક્ત પ્રીતિયુક્ત મહેનત કરે એજ યુક્ત કહેવાય.

વળી કલેમેંટ સાથે તેમજ મારા જે બીજા સાથી કામદારોનાં નામ જીવનપુસ્તકમાં છે તેઓ સાથે [એઓએ શ્રમ કર્યો]. અર્થ પૂર્ણ કરવાને માટે ચોરસ કૌંસમાં જે શબ્દ મૂકયા છે તે વિષે મતફેર જણાય છે. ઘણાખરા ટીકાકરો અહિ આપેલા શબ્દો વડે વાક્ય પૂર્ણ કરે છે. પરંતુ ડા. લાઇટફુટ તથા તેના કેટલાક અનુયાયીઓ "સહાય કરજે" અર્થનું ક્રિયાપદ અધ્યાહાર સમજે છે—એટલે "ખરો જોડીઓ" સદરહુ બાઇઓની મદદ કરવામાં આ વાક્યમાં સૂચવેલા ભાઇઓને પણ સાથે રાખે, એવી પ્રેરિતની માગણી સમજે છે. તથાપિ બધી વાતનો વિચાર કરતાં ઉપર આપેલો અર્થ યુક્ત લાગે છે. પ્રખ્યાત પ્રેરિતની સાથે એટલુંજ નહિ પણ સ્થાનિક મંડળીના ક્લેમેંટાદિ સદ્દભક્તો સાથે આ બાઇઓએ દુઃખ વેઠીને ગતકાળમાં સારૂં કામ કર્યું હતુ, તેથી આશા રખાય છે કે તેમને જોઇતી આત્મિક સહાય મળે તો તેઓ ફરીથી મડળીના અગ્રેસરો સાથેના ઐક્યમાં રહીને પ્રભુના કામમાં મહેનત કરનારી થશે.

આ ક્લેમેંટ વિષે નવા કરારમાં અથવા તો મડળીના ઇતિહાસમાં બીજી કંઇ વાત આવતી નથી. રૂમના જે ક્લેમેંટે ઇ. સ. ૯૬ માં કરીથી મડળી પર પત્ર લખ્યો તે જુદો હોવો જોઇએ એ વિદ્વાનોનો અભિપ્રાય ખરો જણાય છે. પાઉલે ફિલિપ્પી મડળીની સ્થાપના કરી ત્યારે આ ભાઇએ તેની મદદ કરી, ને ત્યાર પછી પ્રેરિતની ગેરહાજરીમાં પણ પ્રભુને અર્થે સારૂં કામ કર્યું, એમ માનવુ સકારણ છે. તેની સાથે બીજા તેના જેવા ભાવિક ભાઇઓ પણ કામ કરતા તેમનાં નામ અહિં આપેલાં નથી, પરંતુ "જીવનપુસ્તક"માં તેમનાં નામ નોંધાયા વગર રહ્યાં નથી. માણસોમાં તેઓ પ્રખ્યાતિ પામ્યા નહિ હશે પણ પ્રભુના રાજ્યાસન સુધી તેમની સુકીર્તિ પહોંચી છે, ને પુસ્તકો ઉઘાડાશે ત્યારે પ્રભુ તેમને પોતાના રાજ્યના મહિમામાં નામ દઇને બોલાવશે. તેઓ એપાફ્રોદીતના જેવા પાઉલના સાથી કામદારો હતા (જુઓ ૨; ૨૫), ને તેમનો વિશ્વાસ તથા શ્રમ જોયાથી પાઉલને

તેમની આત્મિક દોડની સફળતા વિષે ખાતરી થઇ હતી. ગુજરાતના એવા ઘણા ખ્રીસ્તીઓ થઇ ગયા છે કે જેઓનાં નામ બીજી મડળીઓમાં પ્રખ્યાત નથી, પરતુ તેઓનાં નામ પ્રભુના જીવનપુસ્તકમાં લખેલાં હોવાથી તેઓ સર્વોત્તમ કીર્તિ પામી ચુક્યા છે. આપણે પણ એવી સુકીર્તિ પામીએ એવી રીતે સુવાર્તાના કામમાં ભાગ લઇએ.

"જીવનપુસ્તક" એ નામ વારવાર પ્રકટીકરણના પુસ્તકમાં આવે છે (પ્રક. ૩; ૫ ૧૩; ૮: ૨૦; ૧૨, ૧૫· ૨૧; ૨૭). તે સિવાય આખા નવા કરારમાં તે અહિંજ જણાય છે. કરારની અદર સમાયલા ઇસ્રાએલીઓની ટીપ વિષેની સૂચના જુના કરારમાં આવે છે (યશા. ૪, ૩. હઝ. ૧૩; ૯), તે ટીપ જીવનના પુસ્તક સમાન ગણાતી સભવે છે. એ પુસ્તકમાંથી કોઇનુ નામ ભુસી નાખવામાં આવે તો તેણે ઈશ્વરની પ્રસન્નતા ખોઇ નાખી હતી એમ જણાતું (ગીત. ૬૯; ૨૮ સરખાવો નિર્ગ. ૩૨; ૩૨), પણ તેમાં નોંધાયલાઓ પુનરૂત્થાન પામી અનંત જીવનમાં પ્રવેશ કરશે, એવી સૂચના આપવામાં આવી હતી (દા. ૧૨; ૧—૩). પ્રકટીકરણમાં સમાયલી વાતથી સ્પષ્ટ જણાય છે કે સર્વકાળનું જીવન પામનારાનાંજ નામ આ પુસ્તકમાં લખેલાં સમજવાં. વળી આ પુસ્તક "હલવાનનુ જીવનપુસ્તક" કહેવાય છે, એ ઉપરથી સૂચવાય છે કે કેવળ ખ્રીસ્તના કામને કારણે ને ખ્રીસ્તનો શિષ્ય થવાથી હરકોઇનું નામ જીવન-પુસ્તકમાં નોંધાય છે.

પ્રભુમાં હમેશાં આનંદ કરો; હું ફરી કહું છું કે આનંદ કરો. આ વાક્યમાં ૨; ૧૮ તથા ૩, ૧ મા આપેલા બોધની પુનરૂક્તિ થાય છે (સરખાવો ૧ થેસ્સા. ૫; ૧૬). આ અગત્યની આજ્ઞા કરતાં પાઉલ
પદ ૪. કટાળી જતો ન હતો કેમકે માનતો કે તેથી દઢીકરણ થવાનો સભવ છે (૩; ૧). ખુશાલીની વેળાએ આનંદ કરવો એટલુજ નહિ, પરતુ દુઃખ હોય ત્યારે પણ આનંદ કરવો (હબા. ૩; ૧૭, ૧૮. રૂમી. ૫; ૩). સાંપ્રત કાળમાં આનદ કરવો તેમ ભવિષ્યમાં ગમે તેમ થાય તોપણ પ્રભુની સગતમાં રહીને આનદ કરવો, એ પ્રેરિતનો બોધ છે પોતે દુઃખનો અનુભવી છતાં પાઉલ ફરી ફરીને આ બોધ કરે છે તેથી તેની આવશ્યકતા સિદ્ધ છે.

તમારી કોમળતા બધા માણસોના જાણવામાં આવે. ખ્રીસ્તમાં કોમળતા હતી (૨ કરીં. ૧૦; ૧) તેથી પોતાના હકને વળગી ન રહેતાં તેણે માણસનુ હિત તાકયુ હતુ (૨; ૫–૮. સરખાવો મા. ૧૭;
પદ ૫ ૨૪–૨૭). "કોમળતા" અર્થનો અહિ આવેલા અસલ શબ્દનો તરજુમો "સહનશીલ" (૧ તીમ ૩; ૩) તથા "નમ્ર" (તીત. ૩; ૨. યા. ૩; ૧૭ ૧ પીત. ૨; ૧૮) એવો કરેલો છે. કજીઆખોરના સ્વભાવથી આ શબ્દે સૂચવેલો ગુણ ઉલટો છે. ખ્રીસ્તના જેવી કોમળતા દેખાડનાર ભાઇ

બીજાઓનાં વાનાં પર લક્ષ આપીને સહેજમાં તપી ઉઠશે નહિ, પણ સમવૃત્તિ રાખીને સુશીલતાથી બધાં કામ કરશે. બધાં માણસ આગળ (ખ્રીસ્તીઓ તેમ વિધર્મીઓ આગળ) એ સદ્‌ગુણ દર્શાવવો એ દરેક વિશ્વાસીની ફરજ છે.

પ્રભુ પાસે [છે]. આ વાક્યમાં આપેલી કોમળતા વિષેની આજ્ઞા તેમ ચિંતા ન કરવી એ પછીથી આપેલી આજ્ઞાનું કારણ અહિં જણાવવામાં આવે છે. પ્રભુ ઇસુ ખ્રીસ્ત પૂર્ણોદ્ધાર કરનાર તરીકે આવશે, એમ પાઉલે ઉપર લખ્યું હતું (૩; ૨૦, ૨૧) હવે પ્રભુ વહેલો આવશે એવો તે પોતાનો અભિપ્રાય જણાવે છે. પ્રેરિતના જમાનામાં એ વિશ્વાસીઓની સાધારણ અપેક્ષા હતી (રૂમી. ૧૩; ૧૨. ૧ કરી. ૧૬; ૨૨. યા. ૫; ૮. ૧ પીત. ૪; ૭). ન્યાયાધીશ પાસે છે તેથી આપણે બીજાઓ તરફ ગુસ્સો દેખાડવો નહિ (રૂમી. ૧૨; ૧૯-૨૧), તેમ જગતનાં વાનાં વિષે ચિંતા કરવી નહિ (૧ કરીં. ૭; ૨૯-૩૧), પરતુ ધીરજ રાખીને સુબુદ્ધિથી વર્તવુ ઉચિત છે. પ્રભુના બીજીવાર આવવા વિષે અહિ વાત કરેલી છે તથાપિ બીજી રીતિએ "પ્રભુ પાસે છે" કહેવાય (જુઓ ગીત. ૧૧૯; ૧૫૧: ૧૨૧; ૫. મા. ૨૮, ૨૦). આપણામાં બધા સદ્‌ગુણોની વૃદ્ધિ કરવાને માટે તેમ આપણી સઘળી ગરજ પૂરી પાડવાને માટે પ્રભુ નિત્ય આપણી પાસે હાજરજ છે.

કશી વાતમાં ચિંતાતુર ન થાઓ (જુઓ ૨; ૨૦ નો ખુલાસો). પ્રભુ ઇસુએ પોતે આ મનાઇ હુકમ આપ્યો હતો (મા. ૬; ૨૫–૨૮ ઇત્યા.).

૫૬ ૬.

સસારી ચિંતાથી પ્રભુની વાત નિષ્ફળ થાય છે (મા. ૧૩; ૨૨. માર્ક ૪; ૧૯. લુક ૮; ૧૪) તેમ આત્મિક વાતના સબધમાં મન જડ થઇ જાય છે (લુક ૨૧; ૩૪), માટે પ્રભુએ મારથાને તેણીના ચિંતાતુર મનને લીધે ઠપકો આપ્યો હતો (લુક ૧૦; ૪૧). પ્રભુ અમારી ચિતા કરે છે (ગીત. ૪૦, ૧૭) એમ જાણીને આપણે અવિશ્વાસ ભરી ફીકર ન કરવી, પણ ઈશ્વર પર ભરોસો રાખીને તેની ઇચ્છાનુસાર વર્તવાને રોજ પ્રયત્નો કરવા.

પણ દરેક બાબતમાં ઉપકારસ્તુતિ સહિત પ્રાર્થનાએ તથા વિનંતીએ [કરીને] તમારી માગણીઓ દેવ પ્રત્યે જણાવવામાં આવે. આ આદેશથી ઉપરોક્ત મનાઇ હુકમની પરિપૂર્ણતા સાધવામાં આવે છે. એક ટીકાકાર કહે છે કે ચિંતા કરવી તથા પ્રાર્થના કરવી એ બે વચ્ચે આગ તથા પાણી કરતાં અધિક શત્રુવટ છે. સઘળી ગરજ પૂરી પાડનાર ઈશ્વરનો આભાર માનતાં આપણે જો નિત્ય પોતાની અગત્ય તેને પ્રાર્થનાદ્વારા જણાવીએ તો તેના પર રાખેલા વિશ્વાસને લીધે અઘટિત ચિંતાથી દૂર રહી શકાશે. સામાન્ય પ્રાર્થનાઓ સિવાય ખાસ જરૂરો જણાવનારી પ્રસગાનુસાર વિનંતીઓ પણ કરવી (જુઓ ૧; ૪. એફે. ૬; ૧૮. ૧ તીમ. ૫; ૫). જીંદગીને લગતી એવી

કોઇ પણ બાબત નથી કે જે વિષે પ્રાર્થના કરવાની ફરજ નથી, એમ સમજીને આપણે પોતાની સર્વ માગણીઓ કૃપાળુ ઈશ્વરપિતાને જાહેર કરવી.

ઉપકારસ્તુતિ એ પ્રાર્થનાનો એક આવશ્ય અંશ છે, એ ભૂલવું નહિ (જુઓ કલો. ૧; ૩, ૪. ૧ થેસ્સા. ૧, ૨ ૫; ૧૭, ૧૮). ઈશ્વરની સ્તુતિ કરનારાઓમાં પ્રાર્થના કરવાનો ભાવ ઉત્તેજિત રહે છે, તેમ પ્રાર્થના કરનારાઓને રોજ સ્તુતિ કરવાનાં નવાં કારણો જણાઇ આવે છે—એવો પ્રાર્થના તથા ઉપકારસ્તુતિનો અભેદ્ય અન્યોન્ય સંબંધ છે. સ્તુતિ કરવાનું બીજું કારણ ન હોત તોએ ઈશ્વરની પ્રાર્થના કરવાની રજા છે એ સ્તુતિનું મોટું કારણ હોય છે. પરંતુ સ્તુતિ કરવાનાં અનેક કારણો રોજ મળે છે, તેને માટે ઉપકાર માનનારા ન થઇએ તો ઈશ્વરેચ્છાને આધીન થયલા નહિ કહેવાઇએ. તેમ ઈશ્વર પ્રાર્થના સાંભળે છે એ વિશ્વાસ આપણામાં હોય તો માગણી કરતી વેળાએ પણ એ તેની કૃપાને લીધે ઉપકારસ્તુતિ કરીશું (જુઓ ૧ યોહા. ૫, ૧૫).

"પ્રત્યે" અર્થના અવ્યયમાં એવી સૂચના રહેલી છે કે પ્રાર્થના વેળાએ ઈશ્વરના સાંનિધ્યમાં છીએ. આદિએ દેવનો શબ્દ દેવ સંઘાતે હતો (યોહા. ૧; ૧) તેવીજ રીતે ઈશ્વરની પ્રાર્થના કરનારા ઈશ્વરની હજુરમા છે. જેના સાંનિધ્યમાં રહીએ છીએ તે આપણી બધી ગરજ જાણે છે (મા. ૬; ૮), પરંતુ તેની હજુરમાં રહીને આપણે તેનાં બાળકોને ઘટે તેમ તેની ઇચ્છાને આધીન થઇને પોતાની અગત્યો જણાવવી. એવી આત્મિક વૃત્તિનું પરિણામ હવે પછી જણાવવામાં આવે છે.

એમ દેવની શાંતિ જે સઘળા મન [ના વિચાર] થી ઉત્તમ છે તે ખ્રીસ્ત ઇસુમાં તમારાં હૃદયોની તથા મનોવૃત્તિઓની ચોકી કરશે.

પદ ૭ વિશ્વાસની પ્રાર્થનાનું પરિણામ દેવની શાંતિ છે. ફિલિપ્પી મંડળીમાં પૂરી શાંતિ ન હતી, એનું કારણ એજ હશે કે જ્યારે અણબનાવ થયો ત્યારે એનો નિર્ણય કરવાનો રસ્તો ઈશ્વર બતાવશે એવો વિશ્વાસ રાખીને ભાઇબેનોએ દેવ પ્રત્યે એને લગતી માગણીઓ કરી નહિ હશે. શાંતિ રૂપી અમૂલ્ય દાન કેવળ શાંતિના દેવ પાસેથી (પદ ૯), ઇસુ ખ્રીસ્તની મારફતે મળે છે (યોહા. ૧૪; ૨૭ઃ ૧૬; ૩૩). ઉપકારસ્તુતિ સહિત પ્રાર્થનામાં લાગુ રહેવું એ શાંતિ પ્રાપ્ત કરવાનો શાસ્ત્રોક્ત ઇલાજ છે. એ શાંતિ મનમાં પ્રમુખસ્થાને બિરાજમાન ન હોય તો મનની અંદર કોઇ અવિશ્વાસરૂપી શત્રુ પેઠેલો જાણવો (જુઓ કલો. ૩; ૧૫).

આ વાક્યની અંદર દેવની શાંતિ વિષે ત્રણ જાણવા જેવી વાત કરેલી છેઃ (અ) તે મનના સઘળા વિચારોથી ઉત્તમ છે; (આ) તે હૃદય તથા મનોવૃત્તિઓની ચોકી કરે છે; (ઇ) એ ચોકી કેવળ ખ્રીસ્ત ઇસુમાં કરાય છે.

(અ) આ શાંતિ મનના સઘળા વિચારોથી ઉત્તમ છે એ વાતના અર્થ વિષે મતફેર જણાય છે.

(૧) ઘણાખરા ટીકાકારો સમજશક્તિથી બહાર—એટલે અચિંત્ય—એવો અર્થ કરે છે (સરખાવો એફે. ૩ ; ૧૯). આ અર્થ પ્રમાણે દેવની શાંતિ એવી પૂર્ણ તથા ઉત્તમ છે કે કોઇના મનમાં તે વિષે યોગ્ય ખ્યાલ થઇ શકે એમ નથી. આ અર્થ અગ્રેજી સુધારેલી આવૃત્તિમાં આપેલો છે, ને તે ગ્રીક ધર્મપિતૃઓના ખુલાસા મુજબ છે તેથી તે પસદ કરવા યોગ્ય લાગે છે

(૨) પરંતુ ડા. લાઇટ્ફુટાદિ કેટલાક સુજ્ઞ વિદ્વાનો આ વાતનો જુદો અર્થ કરે છે. તેઓનો એવો અભિપ્રાય છે કે શાંતિ પામવાને અર્થે માણસે કલ્પેલી બધી યોજનાઓ સાથે દેવની આપેલી શાંતિનો અહિં મુકાબલો કરવામાં આવે છે. શાંતિ પામવા સારૂ માણસ પોતાના મનોબળથી ગમે તે ઉપાય યોજી કાઢે તો પણ એ વ્યર્થ થવાનો. કેવળ પ્રાર્થનાના ઉત્તરમાં બક્ષેલી દેવની શાંતિથી માણસને ખરો વિસામો મળે છે (સરખાવો મા. ૧૧ ; ૨૮). આ અર્થ અહિં પ્રસગાનુસાર લાગે છે ખરો, પરતુ ઉપરોક્ત કારણને લીધે તે સ્વીકારવામાં હરકત પડે છે.

" ઉત્તમ છે " અર્થના ક્રિયાપદનાં બીજાં રૂપો ૨ ; ૩ ૩ ; ૮ માં આવ્યાં હતાં તે વાક્યો જુઓ.

(આ) દેવની શાંતિ એ પહેરેગીરરૂપે છે એમ પાઉલ સૂચવે છે. જેમ રૂમી સિપાઇઓ અહોનિશ પ્રેરિતની ચોકી કરતા તેમ દેવની શાંતિ નિત્ય પ્રભુની પ્રાર્થના કરનારા ભક્તોનાં હૃદય તથા મનોવૃત્તિઓની ચોકી કરે છે. ચિંતાતુર થયલા ખ્રીસ્તીઓ પોતાની ચોકી કરવાની માથાકુટ કરે પણ એ ચોકી સલામતી ભરેલી નથી. જેઓ પોતાને તથા પોતાના સઘળા વિચારો શાંતિના દેવના હાથમાં સોપે છે તેમનાં હૃદયોમાં દેવની શાંતિ ખડી કરવામાં આવે છે કે જેથી તેમનું આત્મિક સરક્ષણ અચુક રીતે થાય છે (૧ પીત. ૧ ; ૫ કે જ્યાં અહિં આવેલા શબ્દનો તરજુમો " સભાળી રાખવુ " કર્યો છે). પ્રેરિતનો નાશ કરવાના હેતુથી દમસ્કના રાજ્યાધિકારીએ શહેરની ચોકી કીધી હતી (૨ કરીં. ૧૧ ; ૩૨), વળી તેની આગલી જીંદગીમાં નિયમશાસ્ત્રથી તેની ચોકી કરવામાં આવતી (ગલા. ૩ ; ૨૩), પણ હાલ દેવની શાંતિ તેના આત્મિક પહેરેગીરરૂપે છે ને તેજ પહેરેગીરથી ફિલિપ્પીઓ પણ રક્ષિત થાય એવી તેની ઉમેદ જણાય છે.

(ઇ) આ શાતિરૂપી પહેરેગીર ખ્રીસ્તરૂપી કિલ્લામાંનો પહેરેગીર છે, એ ભૂલવું નહિ. ખ્રીસ્તથી દૂર હોઇએ તો દેવની શાંતિથી રક્ષિત રહેવાની આશા રાખવી ફોકટ છે. પાઉલની પેઠે ખ્રીસ્તમાં માલમ પડીએ (૩ ; ૯) તોજ દેવની શાંતિ આપણને સઘળા આત્મિક શત્રુઓના ભયથી મુક્ત કરે છે. હૃદયની

ભાવનાઓ તથા મનોવૃત્તિઓ આવા શત્રુઓથી અસ્પર્શ્ય રાખવી દુર્લભ છે, પરંતુ જ્યારે ખ્રીસ્ત ઇસુની સગતમાં રહી આપણા સઘળા વિચારો તારનારને આધીન થાય છે (૨ કરી. ૧૦ ; ૫) ત્યારે દેવની શાંતિ વડે હૃદયની સઘળી ધારણાઓ નિર્દોષ રખાય છે

આ વાક્યમાં આવેલા ત્રણ અસલ શબ્દો વિષે અધિક વિવેચન કરવુ યુક્ત દીસે છે.

(૧) "મન" અર્થનો શબ્દ પાઉલનાં લખાણમાં ઘણીવાર આવે છે (રૂમી. ૧ ; ૨૮ ૭ ; ૨૩, ૨૫. એફે. ૪ ; ૧૭, ૨૩. કલો. ૨ ; ૧૮ ઇત્યા.). "મન" એ વિચાર, અનુમાન, કલ્પના, સમજ, ઠરાવાદિ માનસિક વૃત્તિઓનું સ્થાન છે. તે વડે દેવનુ જ્ઞાન ગ્રહણ થાય છે (રૂમી. ૧ ; ૨૦). દૈહિક માણસનું મન દૈહિકજ છે ને તે વડે દેહના વિષયો અસરકારક થાય છે, પરતુ પવિત્ર આત્માની અસરથી તે આત્મિક થઇ શકે છે (રૂમી. ૧૨ ; ૨). એમ છતાં તેમાં સુચાલ પ્રેરવાની શક્તિ નથી (રૂમી. ૭; ૨૫).

(૨) "હૃદય" વિષે જુઓ ૧ ; ૭. એફે. ૧ ; ૧૮. કલો. ૨ ; ૨. "હૃદય" મા વિચારશકિત, ઇચ્છાશકિત તથા પ્રેમવૃત્તિ જેવી લાગણીઓ રહેલી હોય એવી રીતે પાઉલ આ શબ્દનો ઉપયોગ કરે છે. હૃદયમાં પ્રકાશ અથવા તો અધકાર રહેલો હોય છે (રૂમી. ૧ , ૨૨). તેમાં ઠરાવો થાય છે (૧ કરી. ૭; ૩૭. ૨ કરીં. ૯ ; ૭), સુબોધનો અગીકાર થાય છે (એફે. ૬ ; ૫), વળી તેમાં પ્રેમ, આનદ, શોકાદિ લાગણીઓ થાય છે (રૂમી ૯; ૨ ૧૦; ૧. ૨ કરી. ૨ ; ૪ઃ ૬ ; ૧૧). તેમાં આવીને પવિત્ર આત્મા કાર્યકારક નીવડે છે (રૂમી ૫ ; ૫. ૨ કરી. ૧ ; ૨૨. ગલા. ૪ , ૬. સરખાવો કલો. ૩ ; ૧૫. ૧ થેસ્સા. ૩ ; ૧૩). તેમાં વિશ્વાસ પોતાનું રહેઠાણ કરે છે (રૂમી. ૧૦ , ૯), હા, એ વિશ્વાસ વડે હૃદય ખ્રીસ્તનુ પણ રહેઠાણ થાય છે (એફે. ૩ ; ૧૭).

આ સક્ષિપ્ત હકીક્તથી જણાશે કે "હૃદય" ની અદર "મન" સમાયલું છે, પણ મનમાં ન થઇ શકે એવી વૃત્તિઓ હૃદયમાં નીપજે છે

(૩) "મનોવૃત્તિ" તે ઉપર ચરચાયલા "મન" અર્થના શબ્દ પરથી વ્યુત્પન્ન થયલુ નામ છે. આ વાક્ય સિવાય તે આખા નવા કરારમાં માત્ર પાંચ વખત મળે છે, વળી પાંચે વખતે તે ૨ કરી.માં મળે છે. તે મનમાં થતી ક્રિયાઓના પરિણામ સૂચક નામ છે. જે વિચારો, ઠરાવો, કલ્પનાઓ, ઇચ્છાઓ, યુકિતઓ ઇત્યાદિ મનમા ઉપજે છે તે "મનોવૃત્તિઓ" કહેવાય. શેતાનની યુક્તિઓના અર્થમાં આ શબ્દ ૨ કરી. ૨ ; ૧૧ માં વપરાય છે, એ યુક્તિઓને લીધે માણસની મનોવૃત્તિઓ કઠોર થાય છે (૨ કરી. ૩ ; ૧૪) તેમ અધરાયલી થાય છે (૨ કરી. ૪ ; ૪). સુવાર્તાના પરાક્રમે કરીને એવી મનોવૃત્તિઓ પણ ખ્રીસ્તને વશ કરાય છે (૨ કરી. ૧૦ ; ૫), એમ છતાં સુધરેલી મનોવૃત્તિઓ શેતાનના

કર્યાથી ફરીથી બગડે એવી ભીતિ રહે છે (૨ કરી. ૧૧ ; ૩). એ ભીતિ દૂર કરવાનો ખરો ઉપાય પાઉલ અહિ બતાવે છે. પ્રાર્થનામાં લાગુ રહ્યાથી દેવની આપેલી શાંતિ મેળવીએ તો તેની કરેલી પહેરેગીરીથી મનના સઘળા વિચારો ખ્રીસ્તને શરણે સહીસલામત રહેશે.

મન, હૃદય તથા મનોવૃત્તિઓ—એ સર્વને લીધે ખ્રીસ્તી માણસને આત્મિક દોડમાં વિશેષ નડતર થાય છે. પરતુ એ સર્વને તારનારને આધીન રાખવાનું જે સાધન અહિ દેખાડવામાં આવે છે તેની સાર્થકતા વિષે પૂર્ણ ભરોસો રાખીને આપણે ખરી આંતરશુદ્ધિ પામવાનો નિરતર ઉપાય અજમાવી જોવો.

છેલ્લે, ભાઇઓ. હવે પત્રની સમાપ્તિ થવાની છે એવુ જણાય છે. એવી સૂચના ૩ ; ૧ માં આવી હતી પણ, પાઉલની રીત મુજબ (જુઓ એફે. ૩ ; ૧ ના ખુલાસો), તેને પોતાના અનુભવ તથા નમુના

પદ ૮.

વિષેની સવિસ્તર વાત પત્રમાં દાખલ કરવાનુ સૂઝી આવ્યાથી છેલ્લા આદેશો અત્યાર સુધી પૂર્ણ થયા નહિ. હવે એ પૂર્ણ કરવામાં આવશે, માટે ભાઇઓને ફરીથી સંબોધીને તે આવતી આજ્ઞાઓ પર તેમનુ ધ્યાન ખેંચે છે. તેમના અતરના વિચારો સુરક્ષિત થશે એવી ખાતરી તે તેમને પમાડી ચુક્યો છે, પણ હવે તેઓને જે કામ કરવાની અગત્ય છે તે પર લક્ષ આપવાનુ સૂચવે છે. તારનારને શરણે નિવૃત્ત ન રહેતાં શુભ વિચારો તેમજ શુભ કામો પણ કરવાની ફરજ છે. કિલ્લામાં રહેનારાઓની ચોકી તો થાય છે, તથાપિ તેઓમાંના દરેકને પોતાને સોંપેલુ કામ સદ્ભાવથી કરવુ જોઇએ. દરેક ખ્રીસ્તીએ જે જે વાતો પર ધ્યાન આપવુ તે નીચે મુજબ છે.

જે કાંઇ સત્ય. ઈશ્વર સત્ય છે, ઈશ્વરને પ્રગટ કરનાર ખ્રીસ્ત પણ સત્ય છે (યોહા. ૧૪ ; ૬); અસત્યરૂપી અધકાર પ્રભુમાં છેજ નહિ માટે તેના લોકોમાં પણ નહિ જોઇએ. જે જે વાત કે કામમાં અસત્યની ભેળવણી હોય તે તે વાતો તથા કામોથી ખ્રીસ્તીઓએ દૂર રહેવુ. ખ્રીસ્તની સગત રાખીને સત્ય બોલવુ, એટલુંજ નહિ પણ સત્યને અનુસરવુ (એફે. ૪; ૧૫). સુવાર્તામાં સત્ય પ્રગટ કરવામાં આવે છે (કલો. ૧ ; ૫) તેથી સુવાર્તાને માનનારાઓએ કેવળ સત્યપૂર્ણ વિષયો પર લક્ષ આપવુ.

જે કાંઈ આદરયુકત. "આદરયુક્ત" અર્થનો અસલ શબ્દ ૧ તીમ. ૩ ; ૮, ૧૧. તીત. ૨ ; ૨ માં આવે છે ત્યાં "ગભીર" એવો તરજુમો કર્યો છે. વળી તેને મળતું નામ ૧ તીમ. ૨ ; ૨ · ૩ ; ૪. તીત. ૨ ; ૭ માં મળે છે જે કંઇ વાત કે કામમાં કોઇ પણ પ્રકારનો અપજશ નથી પણ તેથી ઉલટું જેને કારણે બોલનાર કે કરનારનું માન રાખવામાં આવે એવી વાતો તથા કામો તરફ ખ્રીસ્તીઓનું ધ્યાન ખેંચાવુ જોઇએ. પ્રભુના ખરા લોકોમાં એવી ઉમદા સુશીલતા દેખાવ દે છે કે બહારના લોકો પણ તેમને માન આપવા તૈયાર થાય.

જે કાંઈ યથાન્યાય. ખ્રીસ્તી માણુસની વર્તણુકમાં અન્યાયની લેશ માત્ર મેળવણી નહિ જોઇએ. ખ્રીસ્તમાં ઈશ્વરે પોતાનું ન્યાયીપણું પ્રગટ કર્યું છે, ને તે ન્યાયીપણુ ખ્રીસ્ત પરના વિશ્વાસ વડે પ્રાપ્ત થાય છે, માટે વિશ્વાસીઓએ ન્યાયીપણા ભરેલી વાનો પર ધ્યાન આપીને ઈશ્વરની આજ્ઞા પાળવા માટે તેમજ ખ્રીસ્તના નમુનાને અનુસરવા માટે હમેશાં પ્રયત્નો કરવા. જે વાત કે કામમાં અન્યાયનો અશ હોય તે કરવાની ધારણા પણ ન કરવી, પણ ઈશ્વર પ્રત્યે, પડોસી પ્રત્યે તથા પોતા વિષે પણ એવી રીતે વર્તવુ કે દેવે દર્શાવેલા ન્યાયીપણાના માર્ગમાં અત સુધી ટકી રહેવાય.

જે કાંઈ શુદ્ધ. અહિ આવેલો શબ્દ "પવિત્ર" અર્થના શબ્દને મળતો આવે છે, તોપણ અર્થફેર છે. "પવિત્ર" ખાસ જુદુ થયલુ સૂચવે છે ત્યારે આ શબ્દ સઘળી મલિનતાના અભાવ સૂચક છે. એનો તરજુમો ૨ કરી. ૧૧, ૨. ૧ તીમ ૫; ૨૨. ૧ યોહા ૩; ૩ મા "શુદ્ધ" કરેલો છે. યા. ૩; ૧૭ તથા ૧ પીત. ૩; ૨ માં "નિર્મળ" ને ૨ કરી. ૭, ૧૧ માં "નિર્દોષ", એવી રીતે તરજુમો થયલો છે. અર્થાત્ જે વાત કે કામમા અશુદ્ધતાની મેળવણી હોય તેથી ખ્રીસ્તી માણસે દૂરજ રહેવુ. વિચારમાં, બોલવામાં તથા કરણીમાં શુદ્ધતાજ હોવી જોઇએ. દેવના નિર્દોષ હલવાનથી તારણ પામનારા હોઇએ તો શુદ્ધ ઉદ્દેશથી તેમ શુદ્ધ સાધન વડે, શુદ્ધ પરિણામ તાકીને ને શુદ્ધ રીતિઓ અનુસરીને, આપણે બધુ કરવુ, ને એમ થાય માટે નિર્મળતાપૂર્ણ વાનો ધ્યાનમાં લેવી. રૂમમાં પાઉલના જે વિરોધીઓ તેઓ શુદ્ધભાવથી સુવાર્તા પ્રગટ કરતા નહિ (૧; ૧૭), તેમના જેવા ન થવુ.

જે કાંઈ પ્રીતિકર. જે વાત કે કામને કારણે બીજાઓનો પ્રેમ આકર્ષાય તે કરવા તરફ નિત્ય ધ્યાન આપવુ જોઇએ. બીજાઓની સ્વાભાવિક લાગણીઓ ન દુ:ખાય પણ બીજાઓ આપણે પ્રત્યે હેતભરી દૃષ્ટિએ જુએ એવી રીતો પસદ કરવી. આમા દભ કે ખુશામદ કરવાનુ ઉત્તેજન રહેલુ નથી એ સ્પષ્ટ છે, કેમકે બધી વાતમાં સત્યને અનુસરવુ એ આપણે જોયુ છે. માત્ર એમ સમજવુ કે બીજાઓનાં વાનાં પર લક્ષ આપીને તેઓ પ્રત્યે એવી રીતે વર્તવુ કે આપણાં સર્વ કૃત્યો (બનતા સુધી) તેમને પસદ પડે.

જે કાંઈ સુકીર્તિમાન. ઘણાખરા ટીકાકારોનો એવો મત છે કે અહિ આવેલા વિશેષણનો ખરો અર્થ "સુસ્વર કાઢનારૂ" થાય છે. એ અર્થ મુજબ, જે વાત કે કામમાં એવા સદ્ગુણો રહેલા હોય કે તે પોતાને મેળે જાણે મધુરતાથી બોલીને બીજાઓને મનોહર નીવડે તે ઉપર ધ્યાન આપવાની આજ્ઞા અહિ આપ. વામાં આવે છે. એવાં ઉમદા સુકીર્ત્તિમાન વાનાં પસદ કરીને તેનુ ગ્રહણ કરવુ ખ્રીસ્તીઓને શોભતુજ છે.

જો કંઇ ઉત્કર્ષ હોય ને જો કંઇ પ્રશંસા હોય તો તે ધ્યાનમાં લો. એટલે જે કંઇ ઉમદા સુશીલતા ને જે કંઇ (તેની શ્રેષ્ઠતાને લીધે) માણસમાં વખણાય તે ધ્યાનમાં લેવુ "ઉત્કર્ષ" અર્થનો શબ્દ ૧ પીત ૨ ; ૯માં ("સદ્ગુણ") તથા ૨ પીત. ૧; ૩, ૫ માં ("સાત્વિકપણુ") મળે છે. વિદેશી તત્ત્વજ્ઞાનીઓ એ શબ્દનો ઉપયોગ કરતા ને તેનો અર્થ તેઓ "ઉત્તમ સદ્વર્તન" કે "શ્રેષ્ઠ સદ્ગુણ" એવો સમજતા. ખીસ્તી માણસ વિશ્વાસથી તારણ પામવાની ખાતરી રાખે છે, પરતુ તે સાથે શુદ્ધાચાર તથા શુભલક્ષણો વિષે તે નિશ્ચિત રહેતો નથી. જેમાં કઇ પણ અયોગ્યતા કે અપકીર્ત્તિ હોય તે પર તેની દૃષ્ટિ ઠરતી નથી, પણ જે ઉત્કૃષ્ટ તેને પ્રશસનીય સમજીને તે પર તે લક્ષ આપે છે. (ઉદાહરણ—પ્રીતિ પર પાઉલની દૃષ્ટિ કેવી રીતે ઠરતી ને તેનુ વખાણ તેણે ૧ કરી. ૧૩ માં કેવી ઉત્તમ રીતે કર્યું છે !).

"ઉત્કર્ષ" તથા "પ્રશસા" છે કે નહિ એ વિષે પ્રેરિતના મનમાં કઇ શકા નથી, પણ એ હોય છે માટે તે વિષે વિચાર કરી (અસલ પ્રમાણે "ગણતરી કરી" તેની ઉત્તમતાની કદર બુઝવી, એવી પાઉલની આ આજ્ઞા સમજવી. મનોબળનો વ્યય નજીવી કે વ્યર્થ વાતો પાછળ ન કરતાં પૂર્વોક્ત વજનદાર વાતોનુ અવલોકન કરવામાં વિચારશક્તિનો સદુપયોગ કરવો જોઇએ. યોગીની પેઠે નિવૃત્ત થઇને માત્ર ધ્યાન ધરવામા જીદગી વ્યતીત કરવી, એવુ પાઉલનુ કહેવુ નથી. શોભતી રીતે વર્તી શકાય માટે ઉત્તમ વાતો ધ્યાનમાં લેવી એ આ વાક્યનુ તાત્પર્ય છે.

ડા. લાઇટ્ફુટનો એવો અભિપ્રાય હતો કે આ વાક્યમાં સમાયલી વાતની અદર તે વખતના વિદેશીઓમાં સ્વીકારેલા તત્ત્વજ્ઞાનના નીતિ વિષેના મતનુ શિક્ષણ સૂચવાય છે, તથાપિ એ વાત ખાતરીપૂર્વક નથી. એટલુજ ખાતરીથી કહી શકાય કે સદ્વર્તનને લગતી સઘળી આવશ્યક વાતોનો આ વાક્યમાં સમાવેશ કરીને પાઉલ ફિલિપ્પીઓને આપેલા વ્યાવહારિક બોધમા બધા સર્વમાન્ય સદ્ગુણો તરફ તેમનુ ધ્યાન ખેંચે છે. આવીજ વાતથી તેમનો ઉદ્ધાર થશે એ પાઉલનુ શિક્ષણ નથી, પણ તેઓ ખ્રીસ્તની સગત કરનારા હોય તો એવી વાતો પર લક્ષ આપવાની અગત્ય છે, એ તે તેમને સભરાવે છે.

વળી જે વાતો તમે [મારી પાસેથી] શિખ્યા તથા પામ્યા, તેમ મારામાં સાંભળી તથા જોઇ, તે કરો. પૂર્વોક્ત ઉત્તમતા વિષે સામાન્ય બોધ આપવાથી પાઉલને સતોષ થયો એમ નથી, પણ ફરીથી તે

પદ ૯. ખાસ પોતાના શિક્ષણ તથા નમુનાનુ અનુકરણ કરવાનુ ફરમાવે છે (જુઓ ૩ ; ૧૭). પ્રેરિતના શિક્ષણથી એટલુંજ નહિ પણ તેના નમુનાથી જ્ઞાનપ્રાપ્તિ થઇ હતી. તેણે તેઓ મધ્યે રહીને જે બોધ કર્યો હતો તેથી તેઓ શિખ્યા એટલુંજ નહિ પણ તેઓને જ્ઞાનપ્રાપ્તિ થઇ હતી. અર્થાત્ પાઉલે

શિખવેલા ધર્મબોધનું પોપટીયું જ્ઞાન તો નહિ પણ તેનું અસરકારક જ્ઞાન તેમને ખરેખર પ્રાપ્ત થયું હતું. પ્રેરિતનો બોધ જેવો છે તેવુ તેનું વર્તન પણ થાય છે, એની સાક્ષી તરીકે તેની હાજરીમાં થયલી અનેક વાત તેમના સાંભળવામાં તથા જોવામાં આવી હતી (સરખાવો ૧ ; ૩૦). પાઉલ એફેસસમાં આદર્શરૂપ હતો (પ્રે. કૃ. ૨૦; ૧૮–૨૧, ૨૬, ૩૧, ૩૩–૩૫) તેવો ફિલિપ્પીમાં પણ હતો એ નિ સદેહ છે, માટે પોતાના બોધમાં આવેલી વાત તેમ પોતાના નમુનાનો પ્રકાર તેમને સભરાવીને તે કહે છે કે "તે કરો." જે બોધક એ પ્રમાણે પોતાની વૃત્તિ અનુકરણીય નમુના તરીકે પોતાના શ્રોતાજનો આગળ રજુ કરવાને યોગ્ય થયો હોય તેને ધન્ય છે! આવા ઉત્તમ બોધ તથા નમુનાને અનુસરવાથી જે પરિણામ નીપજે છે તે શાંતિના દેવની સમક્ષતા છે, એ હવે જણાવવામાં આવે છે.

ને [એમ] શાંતિનો દેવ તમારી સાથે રહેશે. ઉત્તમ વાતો ધ્યાનમાં રાખવાથી, ઉત્તમ બોધ તથા નમુનાને અનુસરવાથી શાંતિ મળે છે (પદ ૭), એટલુજ નહિ પણ શાંતિ આપનાર દેવ પોતે મળે છે. (દેવનું આ નામ નીચે લખેલાં વાક્યોમાં મળે છે—રૂમી. ૧૫; ૩૩ · ૧૬; ૨૦. ૨ કરી. ૧૩; ૧૧. ૧ થેસ્સા. ૫; ૨૩. હેબ્રી. ૧૩; ૨૦). ઈશ્વર તથા માનવ વચ્ચે પાપજન્ય જે વિરૂદ્ધતા (રૂમી. ૮; ૭) તે દૂર કરવામાં, માનવેચ્છાને પોતાની શુભેચ્છાને આધીન કરવામા તથા પોતા પર માણસના અત·કરણમા પૂર્ણ ભરોસો ઉપજાવી માનવી ·મનનો સર્વ ચિતાતુર ગભરાટ સમાવવામાં (યશા. ૨૬; ૩) ઈશ્વર "શાતિનો દેવ" ઠરી ચુકયો છે. ઈશ્વરની શાતિદાયી સમક્ષતામા રહેવા માટે જીવવત વિશ્વાસ તથા આત્મિક સગતની જરૂર છે. અવિશ્વાસ, અનીતિ કે અપ્રેમ જ્યા રહે છે ત્યાં શાતિનો દેવ પોતાનુ રહેઠાણુ કરે છે, એમ કેમ કહેવાય? ફિલિપ્પીઓમાં થયલા અણબનાવને લીધે તેમની શાતિ લુપ્ત થઇ ગઇ હશે, પણ ઉપર આવેલા આદેશ પાળવાથી શાતિનો દેવ પોતે હાજર રહીને તેમને પૂર્ણ શાંતિ આપશે એવી પ્રેરિત ખાતરી આપે છે. શાતિનો દેવ તેઓ મધ્યે રહેશે એટલે તેઓ તેના જેવા પવિત્ર થતા જશે (૧ થેસ્સા. ૫; ૨૩) ને એ પવિત્રતાને કારણે તેઓ શાતજ થશે.

શાંતિનો દેવ પોવાના કાર્યો ખ્રીસ્ત વડે કરાવે છે. જુના કરારમાં શાંતિ એ મશીહના રાજ્યનો આશીર્વાદ લેખાય છે (ગીત. ૭૨; ૭ ૮૫; ૧૦. મીખાહ ૫; ૫). નવા કરારમાં પ્રગટ થયલી ખ્રીસ્તની સુવાર્તા શાતિદાયક છે (પ્રે. કૃ. ૧૦; ૩૬. એફે. ૨; ૧૭: ૬; ૧૫) તેથી તે શાંતિનો પ્રભુ કહેવાય છે (૨ થેસ્સા. ૩; ૧૬).

શાતિના દેવના સાનિધ્યમાં પોતાના વહાલા ભાઇઓને સોંપીને પાઉલ હવે પત્રના છેલ્લા પેટા ભાગમાં મડળીએ તેના પર કરેલા ઉપકારની વાત કાઢે છે.

(ऊ). મોકલેલા દાન માટે મડળીનો આભાર માનીને પ્રેરિત પોતાનો સતોષી સ્વભાવ પ્રગટ કરે છે. પદ ૧૦-૨૦.

[10] હું તો પ્રભુમા ઘણોજ આનંદ કરૂં છું કે હવે આખરે તમે
મારા વિષેની કાળજી વિકસાવી છે; એ બાબત તમે તો કાળજી રાખતા
હતા, પરંતુ તક મળી ન હતી. [11] હું તંગીને લીધે [આ] કહું છું
એમ નથી, કેમકે જે હાલતમા છું તેમા સંતોષી રહેવાને શિખેલો છું.
[12] નમ્ર [કેમ] થવું એ હું જાણું છું, વળી પુષ્કળતામા [કેમ] રહેવું
એ પણ જાણું છું, સર્વમાં તથા સર્વે વાતે તૃપ્ત થવાનો તથા ભૂખ્યો
રહેવાનો, પુષ્કળતા ભોગવવાનો તથા તગી વેઠવાનો મર્મ મને જણા-
વવામાં આવ્યો છે. [13] જે મને પરાક્રમી કરે છે તેનામા હું સર્વ
સંબધો સમર્થ છુ. [14] તથાપિ મારી વિપત્તિમા તમે [મારા] સંગ-
તીઓ થયા તે સારૂં કર્યું. [15] વળી હે ફિલિપ્પીઓ, તમે પોતે પણ
જાણો છો કે સુવાર્તા [ના પ્રસાર] ની શરૂઆતમા હું માકેદોનીઆ-
માથી નીકળ્યો ત્યારે એકલા તમારા વિના બીજી કોઇ પણ મંડળીએ
આપ લે કરવા બાબત મારી સંગત કરી નહિ, [16] કેમકે થેસ્સાલોની-
કામા પણ તમે એક વાર ને બીજી વાર પણ મારી ગરજ [પૂર્ણ કરવા]-
ને અર્થે [મદદ] મોકલી [17] હુ કઇ દાન મેળવવા યત્ન કરૂ છુ એમ
નથી, પણ તમારે લેખે અધિકાધિક ગણાય એવું પ્રતિફળ મેળવવા
યત્ન કરૂ છુ [18] મને તો સઘળાં [વાના] મળ્યા છે, હા, [મારી પાસે]
પુષ્કળ છે, તમારી પાસેથી [આવેલા] વાના એપાફ્રોદીતની હસ્તક
પામવાથી હુ ભરપૂર થયો છુ, એ તો સુગધીદાર વાસ, માન્ય યજ્ઞા-
ર્પણ, દેવને પસદ પડતુ છે. [19] અને મારો દેવ, પોતાની સંપત્તિ
પ્રમાણે, તમારી સર્વ ગરજ મહિમાએ ખ્રીસ્ત ઇસુમા પૂરી પાડશે.
[20] હવે આપણા દેવ તથા બાપને યુગોના યુગો સુધી મહિમા
થાઓ. આમેન

પ્રેરિતનો નિર્વાહ મડળી કરે એ કેવળ ઘટતું કહેવાય (ગલા. ૬ ; ૬), પરતુ પાઉલ બહુધા પોતાને હાથે કામ કરીને પોતાનોજ નિર્વાહ કરતો. એથી તે સ્વાર્થના દોષથી મુક્ત થતો (જુઓ ૧ કરી. ૯ ; ૩-૧૮. ૧ થેસ્સા. ૨ ; ૫). તથાપિ ફિલિપ્પીઓનો સદ્દભાવ જાણીને તે તેમનાં દાન સ્વીકારતો (૨ કરી. ૧૧ ; ૮, ૯). હાલ કાચી કેદમાં હોવાથી એવા દાનની વિશેષ અગત્ય પડી હશે તો પણ તે પોતાની ગરજ વિષે કઇ ફરિયાદ કરતો નથી. કાઇસારીમાં

બંદીવાન હતો તે દરમિયાન, ને અત્યાર સુધી રૂમમાં, ફિલિપ્પીઓ પાસેથી તેને કઇ મદદ મળી ન હતી તે વિષે પણ તે કઇ અસતોષ બતાવતો નથી, પણ હાલ તેઓએ જે દાન મોકલ્યુ છે તેમાં તેમની પ્રીતિનું પ્રમાણ જોઇને તે આનંદ કરતાં પોતાના મનનો સ્થાયી સતોષ તેમને જણાવે છે.

હું તો પ્રભુમાં ઘણોજ આનંદ કરૂ છું કે હવે આખરે તમે મારા વિષેની કાળજી વિકસાવી છે. પ્રભુમાં આનદ કરવાની વાત ફરીથી કાઢવામાં આવે છે (સરખાવો પદ ૪ઃ ૧ ; ૧૮ ૨ ; ૧૭, ૧૮,

પદ ૧૦.

૨૮ઃ ૩ ; ૧). અહિ જે આનદ જણાવવામાં આવે છે તે ફિલિપ્પીઓએ મોકલેલા દાનના કારણથી છે. મારા હિતાર્થે તેઓ કાળજી રાખે છે-મારી સ્થિતિ પર મન લગાડે છે—એમ જાણીને પ્રેરિત હરખાય છે. તેનો આ આનદ પ્રભુમા છે, કેમકે પ્રભુના લોકો તેની સાથે પ્રભુની સગતમાં રહીને તેના પર પોતાનો પ્રેમ આ દાનની મારફતે બતાવે છે. પ્રભુની સગતમાં રહેવાથી ફિલિપ્પી ખ્રીસ્તીઓ મારી સાથે ખરી સગત રાખે છે એના પ્રમાણ તરીકે આ દાન આપ્યુ છે, એમ સમજીને પાઉલ તત્સબધી આનદ કર્યા વગર કેમ રહે ? આ તેના આનદમાં લોભ કે સ્વાર્થનો કઇ પણ અશ નથી એ પદ ૧૧ ઉપરથી માલમ પડે છે.

ફિલિપ્પીઓએ ગતકાળમાં પ્રેરિત ઉપર આવા દાન મોકલ્યા હતાં (પદ ૧૫, ૧૬. ૨ કરી. ૧૧ ; ૯), પરતુ કેટલીક વારથી તેઓએ પાઉલની કઇ મદદ કરી ન હતી એવી આ વાક્યમાં સૂચના રહેલી જણાય છે. પાઉલ પોતાની ત્રીજી મુસાફરી પૂરી કરીને આશરે પચાસમા પર્વ વખતે યરૂશાલેમ ગયો (પ્રે. કૃ. ૨૦; ૧૬) ત્યારે તેઓએ તેની હસ્તક યરૂશાલેમના ગરીબ ભાઇઓને માટે સારૂં ઉઘરાણુ મોકલ્યુ હતું (૨ કરી ૮; ૧–૩). પ્રેરિત યરૂશાલેમ જઇને પકડાયો ને કાઇસારીઆ બે વરસ રહ્યા બાદ ફેલીક્સની જગ્યાએ ફેસ્તસ આવ્યો (પ્રે કૃ. ૨૪ ; ૨૭). નવા હાકેમના આવ્યાને પદરેક દિવસ થયા પછી પાઉલે અપીલ કરી (પ્રે. કૃ. ૨૫; ૧, ૬, ૧૧) ને "કેટલાએક દિવસ વિત્યા બાદ" તેને રૂમ મોકલવામાં આવ્યો. તે વખતે શિયાળો પાસે હતો (પ્રે. કૃ. ૨૭; ૯, ૧૨). વહાણ ભગ થયા પછી તે મેલીટસમાં ત્રણ મહિના રહ્યો, ત્યાર પછી રૂમ જવાની તક મળી હતી (પ્રે. કૃ. ૨૮ ; ૧૧). માટે પાઉલ રૂમ પહોંચ્યો ત્યારે લગભગ ત્રણ વરસ સુધી ફિલિપ્પીઓ પાસેથી તેને કઇ મદદ મળી ન હતી, એવુ સભવે છે. રૂમમાં કેટલીક વખત સુધી કાચી કેદમાં રહ્યા પછી આ દાન છેવટે આવી પહોચ્યુ, ત્યારે તેણે પ્રભુમાં આનંદ કર્યો કે મારા વહાલા શિષ્યો મને ભૂલી ગયા નથી પણ હજીએ મારા વિષે કાળજી રાખે છે.

ઝાડની ઉપમાનો ઉપયોગ કરીને પાઉલ આ કાળજીના તાજા પ્રમાણની વાત કાઢે છે. ઠંડા દેશોનાં વૃક્ષો શિયાળામાં મુખ્યત્વે કરીને પાતરાં રહિત હોય

છે, પરંતુ વસંતઋતુ બેસતાંજ તેઓ વિકાસીને તાજાં પાતરાંથી સુશોભિત થાય છે. ફિલિપ્પીઓ એવાં ઝાડ જેવા છે (સરખાવો ગીત. ૧; ૩: ૧૦૪; ૧૬. યશા. ૬૧; ૩. યોહા. ૧૫; ૫) એમ પાઉલ સૂચવે છે. તેઓમાં તેને મદદ કરવાનું મન તો હતું, પરતુ વસ્તુસ્થિતિની પ્રતિકૂળતાને લીધે તેઓ અત્યાર સુધી પોતાની કાળજી દેખાડી શકતા નહિ. હવે એટલા બધા દિવસ પછી અનુકૂળ વેળા આવવાથી તેઓ આ દાન વડે પ્રેરિત પર પોતાની પ્રીતિ દેખાડી આપે છે (સરખાવો યા. ૨; ૧૪–૧૭).

એ બાબત તમે તો કાળજી રાખતા હતા, પરંતુ તક મળી ન હતી. ઘણે દહાડે દાન આવી પહોચ્યુ છે એ વિષે પાઉલ ફિલિપ્પી મડળીનો દોષ કાઢતો નથી. તે માને છે કે મડળીમાં મારા પરની પ્રીતિ અખંડજ હતી, પણ તે પ્રીતિ દેખાડવાને લાગ ન ફાવ્યાથી તેનું કઇ પ્રમાણ મોકલી શકાયુ નહિ. ઝાડના થડમાં રસ તો રહે છે, છતાં અનુકૂળ ઋતુ આવે ત્યારેજ એ રસ ચઢીને ખિલતી કળીઓમાં દેખાવ દે છે, તેમ દાન મોકલવાની તક મળી ત્યારે ફિલિપ્પીઓનાં હૃદયમાં રહેલી પ્રીતિ પ્રત્યક્ષ રીતે દેખાડવામાં આવી હતી.

હું તંગીને લીધે [આ] કહું છું એમ નથી. પ્રેરિત રૂમની કાચી કેદમાં રહીને તંગી વેઠતો હશે પરતુ આવેલા દાનથી એ તગી મટી એજ કારણથી તે આનદ કરે છે, એમ ધારવુ નહિ. તગી છતાં તે આનંદ
પદ ૧૧. કરી શકતો, તથાપિ ફિલિપ્પીઓની પ્રીતિનું પ્રમાણ જોઇને તેને ઘણોજ આનદ થયો હતો.

કેમકે જે હાલતમાં છું તેમાં સંતોષી રહેવાને શિખેલો છું. પાઉલની દુ:ખદ સ્થિતિમા બહારથી મદદ મળે તોજ સતોષી થવાય, એમ ન હતું. પ્રભુની સગતને લીધે તે દુ:ખમાં પણ આનંદ કરી શકે છે. હા, ખ્રીસ્તની શાળામાં સાનુભવ અભ્યાસ કર્યાથી તે આફતની વેળાએ પણ સતોષી રહે છે. પોતાના હૃદયમાં ખ્રીસ્ત વિશ્વાસ વડે રહે છે માટે હર વખતે તેની આત્મિક તૃપ્તિ થાય છે.

"સતોષી" અર્થનો શબ્દ સ્તોઇકી ફિલસુફોથી સાધારણે વપરાતો હતો. તેનો મૂળાર્થ "સ્વાશ્રિત" થાય છે. "સ્વાશ્રય" એ સદ્ગુણ વિશેષ અગત્યનો છે એમ સ્તોઇકીઓ માનતા. સોક્રટેસને પુછવામાં આવ્યુ કે "સહુથી ધનવાન કોણ?" ત્યારે તેણે જવાબ દીધો કે "અલ્પતમથી જે સતોષી રહે છે તે સહુથી ધનવાન, કેમકે સ્વાશ્રય એ કુદરતી દ્રવ્ય છે." પરતુ સોક્રટેસાદિ ફિલસુફો પોતા પર આધાર રાખી દુ:ખમાં મન મારતા હતા,–પાઉલ પ્રભુ પર ભરોસો રાખીને દુ:ખમાં આનદ કરે છે (જુઓ ૨ કરીં. ૭; ૫–૭ ને સરખાવો ૧ તીમ. ૬; ૬).

નમ્ર [કેમ] થવું એ હું જાણું છું, વળી પુષ્કળતામાં [કેમ] રહેવું એ પણ જાણું છું. તેની હાલત ગમે તેવી હોય તો પણ તેમા પ્રેરિતે સતોષી રહેવાનો અભ્યાસ કર્યા હતો એ વાતનો વધુ ખુલાસો અહિં

પદ ૧ૂ૨ કરવામાં આવે છે. નદીમાં થતા ફેરફારો પ્રેરિતના મનમાં હોય એમ અસલ શબ્દો સૂચવે છે. સુકવણાને લીધે નદીનુ પાણી વિશેષ ઘટી જાય છે ત્યારે કાંઠે રહેનારાઓને ફીકર થવા લાગે છે, તેમ નદીનુ પાણી અતિશય વધી જાય છે ત્યારે પૂરથી નુકશાન થાય એવી ધાસ્તી રહે છે. માણસ વિષે પણ બીક છે કે બહુ તગી થાય તો દાનત બગડે, અથવા તો અતિશય આબાદી થાય તો અહકારી નીવડે. બને સ્થિતિમાં જોખમ હોવાથી યાકેહના પુત્ર આગૂરે વિનતી કરી કે "મને દરિદ્રતા ન આપ તેમજ દ્રવ્ય પણ ન આપ" (જુઓ દષ્ટાત. ૩૦, ૮, ૯). પરતુ તગીની નમ્રાવસ્થામાં રહીને પ્રભુનુ કામ કર્યા કરવુ એ પાઉલનો હેતુ હતો (૨ કરી. ૧૧, ૭) માટે દુ ખના ભાર નીચે તે કદી કચડાતો નહિ (૨ કરી. ૪; ૮, ૯). તેમ પુષ્કળતાની વેળાએ તે આભારી થઇને પામેલુ દ્રવ્ય ઈશ્વરને ચઢાવેલુ અર્પણ લેખવતો (પદ ૧૮), માટે તૃપ્તિની વેળાએ તે ફુલી જતો નહિ (સરખાવો પુ ૩૨, ૧૫. ગીત. ૧૦૬, ૧૫). એમ આત્મિક વાનાં પર લક્ષ આપીને તે દેહિક તગી કે તૃપ્તિને કારણે અઘટિત રીતે વર્તતો નહિ.

સર્વમાં તથા સર્વ વાતે તૃપ્ત થવાનો તથા ભૂખ્યો રહેવાનો, પુષ્કળતા ભોગવવાનો તથા તંગી વેઠવાનો મર્મ મને જણાવવામાં આવ્યો છે. વિદેશીઓમા એવી સભાઓ હતી કે જેના સભાસદોને ધર્મને લગતા "મર્મો" જણાવવામા આવતા, એ વિષે અહિ સૂચના હશે ઈશ્વરની પાસે ગહન મર્મો છે કે જે તે પોતાના લોકને જાહેર કરે છે (ગી ૨૫, ૧૪. સરખાવો એફે ૩; ૩, ૪, ૯. કલો. ૧; ૨૬ ૨; ૨). પ્રભુના મર્મનુ પ્રકટીકરણ પાઉલને થયુ હતુ માટે દરેક બાબતમાં, હા, બધી વાતે તે સમભાવ રાખતા શિખેલો હતો. તૃપ્તિ થાય તો પ્રભુનો ઉપકાર માને, ને ભૂખ વેઠવી પડે તોએ જીવનની રોટલીને લીધે તેનો આત્મા ધરાય; પુષ્કળતા હોય તોએ ગર્વ ન કરે. તગીમા પડે તોપણ વિશ્વાસના સબધમાં ધનવાન જણાય. પ્રભુ ઇસુ ભૂખ્યો થતો તેમ મોટા લોકને ત્યાં જમતો, પણ તે સદા પોતાના પિતાની ઇચ્છાને આધીન રહેતો, તેમજ પ્રભુની માર્મિક સગતમા રહેવાથી પાઉલ ગમે તે દેહિક સ્થિતિમાં હોય તોપણ તેમા પ્રભુનો વિશ્વાસુ સેવક રહેતો.

જે મને પરાક્રમી કરે છે તેનામાં હું સર્વ સંબંધી સમર્થ છું. ખ્રીસ્તમાં રહીને (૩; ૯) પાઉલ ખ્રીસ્તના પરાક્રમનો ભાગીદાર થયો હતો (સરખાવો ૨ કરી ૯, ૮: ૧૨; ૯, ૧૦. કલો. ૧; ૧૨.

પદ ૧૩ ૧ તીમ. ૧; ૧૨. ૨ તીમ. ૨; ૧-૪; ૧૭). એ પરાક્રમ તેનામાં અસરકારક થયાથી તે સામર્થ્ય પામ્યો હતો ને એ સામર્થ્યને લીધે તે

સર્વે વાતે શક્તિમાન થતો. ઉપર કહેલી વિવિધ વસ્તુસ્થિતિમાં તે યોગ્યતાથી વર્તતો, એટલુંજ નહિ પણ સામાન્ય રીતે જોતાં તે બધી વાત વિષે એવો સમર્થ થયો હતો કે તે કશાથી બીતો નહિ.

એ સામર્થ્ય પાઉલનેજ માટે હતું એમ સમજવું નહિ. પ્રભુ પર દરેક વિશ્વાસ કરનારને તે મળે છે (જુઓ રૂમી. ૪, ૨૦, ૨૧). ખ્રીસ્તની સગત જે કોઇ કરે છે તે એ સામર્થ્ય પામ્યા વગર રહેવાનો નથી (યોહા. ૧૫; ૪, ૫).

તથાપિ મારી વિપત્તિમાં તમે [મારા] સંગતીઓ થયા તે સારૂં કર્યું. પદ ૧૧–૧૩ માં જે વાત આવી તેને લીધે ફિલિપ્પીઓ કદાપિ ધારે કે અમારા મોકલેલા દાનની અગત્ય ન હોવાથી પ્રેરિતે તેની

પદ ૧૪

કદર ન બુઝી હોય એવુ તેમનું ધારવુ ન થાય માટે આ વાક્યમાં પાઉલ તેમના આ ઉદાર કૃત્યનુ વખાણ કરે છે. દૈહિક ગરજ વિષે તેની ચિંતા ન હતી, પરતુ તેના પ્રિય ફિલિપ્પીઓ તેના દુઃખમા ભાગ લે છે એ જોઇને તેને આનદ કેમ ન થાય ? ખ્રીસ્તમા તેઓ તેના સહભાગિયા થયા હતા (જુઓ. ૧ ; ૭) એનુ આ તાજુ પ્રમાણ જોઇને તે હરખાય છે. વળી વિપત્તિ વેળાએ તેઓ આ પ્રમાણે પોતાની દિલસોજી તથા પ્રેરિત સાથે પોતાનો નિર્મળ પ્રેમમય સબધ દેખાડે છે એથી તેને વિશેષ આનદ થયો. તેના દુ ખમાં ભાગ લઇને તેઓએ મદદ કરી તે કામને ઉમદા જણાવીને તે તેમની પ્રશસા કરે છે. હાલ તેઓએ જે કર્યું છે તે ગતકાળમાં થયલા તેમના ઉપકારને મળતુંજ હતું, એવુ પાઉલ પદ ૧૫, ૧૬ માં જણાવે છે

વળી હે ફિલિપ્પીઓ, તમે પોતે પણ જાણો છો કે સુવાર્તા [ના પ્રસાર] ની શરૂઆતમાં હું માકેદોનીઆમાંથી નીકળ્યો ત્યારે એકલા તમારા વિના બીજી કોઇ પણ મંડળીએ

પદ ૧૫

આપ લે કરવા બાબત મારી સંગત કરી નહિ. માકેદોનીઆ પ્રાંતની મડળીઓમાં ફિલિપ્પી, થેસ્સાલોનીકા તથા બેરીઆ, એ ત્રણ શહેરોની મડળીઓ સમાયલી હતી. આ પત્ર લખ્યાને આસરે દશ વર્ષે પહેલાં પાઉલના બીજી મુસાફરીમાં એ પ્રાંતમાં સુવાર્તા પ્રથમ જાહેર કરવામાં આવી હતી. તે વેળાએ પાઉલ જ્યારે માકેદોનીઆ મૂકીને આખાયા પ્રાતમાં ગયો (પ્રે. કૃ. ૧૭; ૧૪, ૧૫) ત્યાર પછી આખાયાની મડળીઓ પર ભાર નહિ નાંખતાં તે ફિલિપ્પીઓ પાસેથી દાન સ્વીકારતો (૨ કરી. ૧૧ ; ૮, ૯). માટે પ્રથમથીજ બીજી મડળીઓ કરતાં ફિલિપ્પીની મડળી પ્રેરિતની ખાસ સગત રાખનારી હતી એ પ્રેરિત પોતે જાણતો, એટલુજ નહિ પણ મજકુર મડળીના સભાસદોને આ વાત વિદિત હતી. તેમની તરફ પાઉલ પ્રીતિની દૃષ્ટિએ હમેશ જાતો એ અજાયબ જેવું ન હતું. આ વાક્યમાં તેમને સબોધવાની જે રીત તેણે વાપરી છે તે તેના મનનો ઉભરો દેખાડી આપે છે. કરીંથીઓને તેમ ગલાતીઓને તે આવી રીતે સંબોધે

છે (૨ કરીં. ૬; ૧૧. ગલા. ૩; ૧), પરતુ ફિલિપ્પીઓ પ્રત્યે તે જે ઉભરો મનમાંથી કાઢે છે તે નરી પ્રીતિનો છે એ નિઃસદેહ છે.

ફિલિપ્પીઓ પાઉલની સાથે જે સગત રાખતા તે આપ લે કરવા બાબત હતી. આત્મિક ખોરાક પમાડનારા સુવાર્તિકનો નિર્વાહ મડળીઓ કરે એ પાઉલના અભિપ્રાય પ્રમાણે કેવળ ઘટિત કહેવાય (જુઓ ૧ કરી ૯; ૬-૧૮. સરખાવો રૂમી. ૧૫; ૨૭ ગલા. ૬; ૬). પ્રેરિત તથા મડળી વચ્ચે એવી આપવા લેવાની રીત હોત તો એ વાજબી કહેવાત. પરતુ અન્ય મડળીઓને પાઉલ આપતો હતો છતાં તેમની પાસેથી લેતો નહિ કેવળ ફિલિપ્પીઓ સાથે તે જમા ઉદ્ધારની સાધારણ હિસાબી રીત રાખતો. તેઓ બીજી મડળીઓની પેઠે પ્રેરિત પાસેથી લેતા, વળી બીજી મડળીઓ જ્યારે આપવા પામતી નહિ ત્યારે ફિલિપ્પીઓના દાન સ્વીકારવામા આવતા. અહિ અન્ય મડળીઓનો કઇ દોષ કાઢવામાં આવતો નથી, પણ ફિલિપ્પીઓ સાથે પોતાની ખાસ સગત સૂચવીને પાઉલ તેમની ઉદારતા પર પોતાની પ્રસન્નતા દર્શાવતો જણાય છે.

કેમકે થેસ્સાલોનીકામાં પણ તમે એકવાર ને બીજીવાર પણ મારી ગરજ [પૂર્ણ કરવા] ને અર્થે મદદ મોકલી. માકેદોનીઆ છોડયા પછી પાઉલને ફિલિપ્પીથી દાન મળ્યા એટલુજ નહિ,
પદ ૧૬
પરતુ માકેદોનીઆમાં હતો ત્યારે પણ એવાં અનેક દાન તેના પર મોકલવામા આવ્યાં હતા થેસ્સાલોનીકા શહેર ફિલિપ્પી કરતા મોટું તથા આબાદ હતુ, તથાપિ પાઉલ ત્યાં કામ કરતો (પ્રે કૃ. ૧૭; ૧-૯) ત્યારે ગરજ છતાં પણ તે થેસ્સાલોનીકીઓ પર ભાર ન નાખતાં ફિલિપ્પીઓની મદદ સ્વીકારતો (૧ થેસ્સા. ૨; ૬, ૯ ૨ થેસ્સા. ૩; ૮).

હું કંઈ દાન મેળવવા યત્ન કરૂં છું એમ નથી, પણ તમારે લેખે અધિકાધિક ગણાય એવું પ્રતિફળ મેળવવા યત્ન કરૂં છું. મોકલેલા દાનની આટલી બધી વાત થઇ છે તેથી એમ ન ધારવુ કે
પદ ૧૭
પ્રેરિત પત્ર વાચનારા પાસેથી કઇ કઢાવવા માગે છે. મોકલેલાં નાણા પર તેનુ લક્ષ રહેતુ નથી, પરતુ દાનમાં પ્રગટ થતી નિ સ્વાર્થ પ્રીતિ એ સુવાર્તાનુ ફળ છે, હા, પ્રભુના આત્માનુ ફળ છે, ને આ ફળ પ્રેરિત પાસેના હિસાબમા જમે થશે, એટલુજ નહિ પણ તેનુ પ્રતિફળ પ્રભુ પાસેના હિસાબમાં જમે થશે, એમ જાણીને એવુ ફળ વધારવાને માટે તે તેમને ઉત્તેજિત કરે છે. તેઓ ઉદારતાએ એવા સુકૃત્યો વાવે તો ઉદારતાએ લણશે (૨ કરી. ૯; ૬) માટે પ્રેરિત એવાં કામની વૃદ્ધિ ઇચ્છે છે. પામવા કરતા આપવામા વધારે ધન્યતા છે (પ્રે. કૃ. ૨૦; ૩૫) એ પ્રભુ ઇસુના વચનની સત્યતા અહિં સપ્રમાણ થાય છે. પ્રભુના કામને ટેકો આપવામા જે કોઇ પૈસાનો ઉપયોગ કરે છે તે જાણે પ્રભુને ત્યાં પોતાનાં નાણાં વ્યાજે મૂકે છે, ને હિસાબ થશે ત્યારે તેને મોટો

નફો થયલો માલમ પડશે. માટે પોતાના હાથમાં સોંપેલુ દ્રવ્ય દાટી ન મૂકતાં તેનો સુકૃત્ય કરવામાં ને પ્રભુના કામને ટેકો આપવામાં સદુપયોગ કરવો, એવી રીતે કે અંતે તેનો વાસ્તવિક લાભ લેવાશે.

મને તો સઘળાં [વાનાં] મળ્યાં છે, હા, [મારી પાસે] પુષ્કળ છે; તમારી પાસેથી [આવેલાં] વાનાં એપાફ્રોદીતની હસ્તક પામવાથી હું ભરપૂર થયો છું. પાઉલ દાન મેળવવાને લોલુપ નથી

પદ ૧૮ એનુ એક કારણ અહિ જણાવવામાં આવે છે. સઘળાં જોઇતાં વાનાં તેને મળ્યાં છે–ખરૂ જોતા જોઇએ તે કરતાં તેની પાસે અધિક છે, કેમકે ફિલિપ્પીઓએ મોકલેલુ દાન તેને પહોચ્યુ છે. હાલ હુ ભરપૂર થયો છું, એમ જણાવીને તે પોતાનો પૂર્ણ સતોષ પ્રગટ કરે છે. રૂમમાના મોટા લોકના પ્રમાણમા પાઉલ દરિદ્રી હતા પરતુ પોતાની ગરજ ધ્યાનમા લઇને એપાફ્રોદીતની મારફતે આવેલા દાનથી તેનો ભડાર ઉભરાતો થયો હતો.

એક ટીકાકાર લખે છે કે આ વાક્યમાં જે પહેલુ ક્રિયાપદ ("મળવું") તેનો મિસરમાથી શોધી કાઢેલા પુરાતન હસ્તલેખોમાં નાણાંની પહોંચ લખવામાં ઉપયોગ કરેલો છે. તેથી તે એવો અભિપ્રાય જણાવે છે કે પાઉલ ફિલિપ્પીઓ પાસે જે કઇ માગણી કરી શકતો તેની પૂરી રકમ આ દાનથી આપવામા આવી છે, એવી તે જાણે પહોચ લખી આપે છે. પૂરી રકમ મળી એટલે હવે પછી તે વધારે માગવાનો નથી, એવુ આ મત મુજબ પદ ૧૭ માની વાતનુ કારણ દર્શાવવામાં આવે છે. (પરતુ એનેએજ શબ્દ મા. ૬, ૨, ૫, ૧૬ લુક ૬, ૨૪. ફિલે. ૧૫ ઇત્યાદિ મા મળે છે, ત્યાં એવો અર્થ સભવતો નથી).

પાઉલના સતોષનો આધાર તેના વિશ્વાસ ઉપર રહેલો હતો એ સ્પષ્ટ છે. ચિંતા ન કરતાં તે પોતાની ગરજ પ્રભુની આગળ જણાવતો (પદ ૬) તેથી પ્રભુ તેની ગરજ પ્રમાણે તેને જોઇતા વાના અપાવતો (સરખાવો પદ ૧૯).

એ તો સુગંધીદાર વાસ, માન્ય યજ્ઞાર્પણ, દેવને પસંદ પડતું છે. એપાફ્રોદીતની હસ્તક આવેલુ દાન કેવળ પ્રેરિતને અર્પિત થયુ ન હતુ, તે ઈશ્વર પ્રત્યે ચઢાવેલુ અર્પણ પણ હતુ. પ્રભુના સેવકોનો નિર્વાહ કરવામાં પ્રભુના લોકો દેવને પસદ પડે એવો સુવાસિક યજ્ઞ કરે છે. પુરાતન જમાનાના લોક માનતા કે દહનીયાર્પણનો ધુમાડો ઈશ્વર ભણી ચઢતાં તેને સુવાસ સમાન લાગે છે, તેથી સત્યશાસ્ત્રમા આ અલંકારિક ઉપમા વાપરવામાં આવે છે (ઉત્પ. ૮, ૨૧. નિર્ગ. ૨૯; ૧૮ લેવી. ૧; ૯, ૧૩, ૧૭. જુઓ એફે. ૫; ૨ નો ખુલાસો). આવાં સુવાસિક અર્પણો ચઢાવવાની આપણી ફરજ છે (હેબ્રી. ૧૩; ૧૫, ૧૬) કેમકે એવી આત્મિક સેવાને અર્થ ઈશ્વરે આપણુને યાજકપદ સોંપ્યુ છે (૧ પીત. ૨; ૫).

"પસદ પડતું" અર્થનો અસલ શબ્દ કેવળ પાઉલના પત્રોમાં તથા હેબ્રીઓને લખેલા પત્રમાં મળે છે. આ સિવાય દેવને પસદ પડતાં વાનાં નીચે મુજબ જણાય છે —

(૧) શરીરનુ અર્પણ કરવુ (રૂમી. ૧૨ ; ૧).
(૨) ખ્રીસ્તની સેવા કરવી (રૂમી. ૧૪ ; ૧૮).
(૩) સદ્વર્તન કરવુ (૨ કરી. ૫ ; ૯. એફે. ૫ ; ૧૦. હેબ્રી. ૧૩ ; ૨૧).
(૪) માબાપ તથા ઉપરીઓ પ્રત્યે આજ્ઞાપાલન કરવુ (કલો. ૩ ; ૨૦. તીત. ૨ , ૯).

અને મારો દેવ, પોતાની સંપત્તિ પ્રમાણે, તમારી સર્વ ગરજ મહિમાએ ખ્રીસ્ત ઇસુમાં પૂરી પાડશે. કેટલાએક ટીકાકારો "મહિમાએ તેની જે સપત્તિ તે પ્રમાણે" એવો તરજુમો કરે છે. એથી
પદ ૧૯ પણ સારો અર્થ થાય છે (સરખાવો એફે ૧ ; ૧૮ ૩ ; ૧૬. કલો. ૧ ; ૨૭), પરંતુ આપેલો તરજુમો વધનો ઉચિત દીસે છે.

ફિલિપ્પીઓએ પ્રેરિતની ગરજ પૂરી પાડી હતી (પદ ૧૮). હવે તે તેમને વચન આપે છે કે મારો દેવ (જુઓ ૧ ; ૫) તમારી જે કઇ ગરજ હોય તે પૂરી પાડશે (સરખાવો ૨ કરી ૯ ; ૮–૧૧). દૈહિક ગરજની સૂચના આ વાક્યમાં સ્પષ્ટ છે, વળી ૨ કરી. ૮ ; ૨ ઉપરથી માકેદોનીઆના ભાઇઓની દરિદ્રતા પણ સૂચવાય છે, પરતુ દૈહિક ગરજ ઉપરથી આત્મિક ગરજ યાદ આવે છે, માટે પાઉલ ખાતરી આપે છે કે દેહિક દાન ઉપરાત ઈશ્વર તમને મહિમાવાન દાન પમાડશે.

ઈશ્વર પોતાની સપત્તિ પ્રમાણે (જુઓ એફે. ૧ , ૭ નો ખુલાસો) પોતાના લોકની સઘળી ગરજ પૂરી પાડે છે. ગરીબ માણુસ પરોપકારી હોય તોપણુ પોતાની તગીને લીધે ઘણી મદદ ન કરી શકે, પરતુ ક્રોડપતિ ચાહે તેવી મદદ કરવા સમર્થ કહેવાય. ઈશ્વર પાસે આકાશીય દ્રવ્યનો અખૂટ ભડાર છે, દૈહિક તેમ આત્મિક આશીર્વાદોનો અઢળક ખજાનો છે, તેમાથી તે આપણુને ભરપૂર કરી શકશે. આપણી ગરજ અથાગ ખાઇ જેવી હોય તોપણુ ઈશ્વરની સપત્તિ તેને પૂરી નાખી શકે એમ છે.

દેવની આ સપત્તિ આપણુને "મહિમાએ" તેમ "ખ્રીસ્તમા" મળશે એમ કહેલુ છે. ખ્રીસ્તની સગતમા રહેવાથી ભરપૂરી થાય છે (કલો. ૨ ; ૧૦). ત્રાતાની સગતમાં રહી આ દેહમાંનુ જીવન તેના પરના વિશ્વાસથી ગાળીએ છીએ એટલામાં આ અલૌકિક સપત્તિ આપણુને પ્રાપ્ત થાય છે. પરતુ ખ્રીસ્ત મહિમાએ પ્રગટ

થશે (કલો. ૩; ૪) ત્યારે પ્રભુના લોકોની કંઇ પણ અછત રહેશે નહિ. ગૌરવી રાજ્યાસનની મધ્યે જે હલવાન તે આપણો પાળક થઇને જીવનના પાણીના ઝરાઓ પાસે આપણને દોરી લેશે ત્યારે સર્વ ગરજ છેવટે પૂરી પાડવામાં આવેલી જણાશે. આ અચિંત્ય મહિમાનો વિચાર કર્યાથી પાઉલ ઈશ્વરસ્તુતિ કરવા લાગે છે એ યુક્ત છે (સરખાવો રૂમી, ૭; ૨૫ : ૯; ૫ : ૧૧; ૩૬. ૨ કરીં. ૯; ૧૫. એફે. ૩; ૨૦, ૨૧).

હવે આપણા દેવ તથા બાપને યુગોના યુગો સુધી મહિમા થાઓ. આમેન. દેવને પાઉલ "મારો દેવ" કહે છે એટલુંજ નહિ, પણ

પદ ૨૦. વિશ્વાસીઓ પર લખીને તેને "આપણો દેવ" કહે છે. ઈશ્વર પોતાના સર્વ લોકનો દેવ તથા પિતા છે (સરખાવો ગલા. ૧; ૪. ૧ થેસ્સા. ૧; ૩ : ૩; ૧૧, ૧૩). નવો જન્મ પામીને, અથવા તો દત્તકપુત્ર કરાઇને, તેના વિશાળ કુટુંબમાં દાખલ થયા હોઇએ તો તે આપણો દેવ તથા બાપ છે, ને આપણે તેની સેવા કરનારા તથા તેને આધીન રહેનારાં તેનાં છોકરાં છીએ. દેવ તથા બાપ હોવાથી તે આપણી સર્વ ગરજ પૂરી પાડશેજ એવો વિશ્વાસ રાખીને આપણે સદા તેનો મહિમા પ્રગટ કરવો. ઈશ્વરનો મહિમા સદાય રહેશે—યુગો સમાપ્ત થવાના, પણ ઈશ્વરનો મહિમા ઝાંખો થવાનો નથી (સરખાવો રૂમી. ૧૧; ૩૬ ગલા. ૧; ૫. એફે. ૧; ૨૧ ૩; ૨૧. ૧ તીમ. ૧; ૧૭. ૨ તીમ. ૪; ૧૮. ૧ પીત. ૪; ૧૧). તારણોપાય યોજીને ઈશ્વર વિશ્વાસીઓનો દેવ તથા પિતા થયો છે માટે તેનો તેજસ્વી વૈભવ સર્વત્ર જાહેર થાય એ યુક્ત છે. એ મહિમા પ્રસિદ્ધ કરવાની આપણી ખાસ ફરજ છે

"આમેન" એ નિશ્ચયતાસૂચક શબ્દથી આ સ્તોત્રરૂપી વાક્ય સમાપ્ત થાય છે (જુઓ રૂમી ૧૧; ૩૬ નો ખુલાસો). ઈશ્વરના સાર્વકાળિક મહિમાની કબૂલાત આપતા આપણે તે મહિમા પ્રગટ કરવાને બધાવુ જોઇએ (સરખાવો પુન. ૨૭; ૧૫ ઇત્યા. ગીત. ૭૨; ૧૯. યિર્મે ૧૧; ૫).

પદ ૨૧–૨૩. ઉપસંહાર. ક્ષેમકુશળ તથા આશીવર્ચન.

[21] ખ્રીસ્ત ઇસુમાં દરેક પવિત્રને સલામ કહેજો. મારી સાથે જે ભાઇઓ તેઓ તમને સલામ કહે છે. [22] સર્વ પવિત્રો, ને વિશેષ જેઓ કાઇસારના ઘરમાંના છે તેઓ તમને સલામ કહે છે.

[23] પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તમારા આત્મા સાથે થાઓ.

પોતાના પત્રોની અત્યવાત પાઉલ કોઇ વખતે પોતાને હાથે લખતો (ગલા. ૬; ૧૧) માટે આ છેલ્લાં ત્રણ વાક્યો તેણે પોતે લખ્યાં હશે, પરતુ એ વિષે અહિં કંઇ સૂચના આપવામાં આવી નથી. તેની પાસે કયા ભાઇઓ આ વખતે

રહેતા તે વિષે આ વાક્યો કંઇ પુરાવો આપતાં નથી રૂમી ખ્રીસ્તીઓ-માંથી જેઓ રાજમહેલમાં દાસ હતા તેઓની સાથે ખાસ સંબધ હોય એવી રીતે પ્રેરિત લખે છે.

ખ્રીસ્ત ઈસુમાં દરેક પવિત્રને સલામ કહેજો. બધાં ભાઇબેનોનાં નામ ન લખતાં પ્રેરિત સામાન્ય આજ્ઞા આપે છે કે ત્યાંના દરેક સતને મારી સલામ કહેજો. "ખ્રીસ્ત ઇસુમાં" આ શબ્દોનો સબધ "દરેક

પદ ૨૧.

પવિત્ર" સાથે કરવો કે "સલામ કહેજો" સાથે કરવો, એ વિષે મતફેર છે. તારનારની સગતમાં રહેવાથી દરેક ખ્રીસ્તી "પવિત્ર" છે, એવા દરેક સતને મારી સલામ કહેજો-એવો અથ કેટલાએક ટીકાકારો કહે છે. બીજા કેટલાએક એવો અર્થ કરે છે કે "દરેક ખ્રીસ્તીને ખ્રીસ્ત ઇસુમાં સલામ કહેજો"-એટલે હુ તેમની સાથે ખ્રીસ્તમાં રહીને પ્રીતિયુક્ત સલામ કરૂ છું એમ કહેજો. આ અર્થ રૂમી. ૧૬ ; ૨૨. ૧ કરી. ૧૬ ; ૧૯ માં જણાય છે તેથી અહિ અધિક સભવિત છે. પરતુ પૂર્વોક્ત અર્થ પણ સારો છે.

મારી સાથે જે ભાઈઓ તેઓ તમને સલામ કહે છે. પાઉલ પાસે તીમોથી ઇત્યા. તેના જે સગાથીઓ આ પત્ર લખતી વેળાએ રહેતા તેઓ ફિલિપ્પીનાં ભાઇબેહેનોને ક્ષેમકુશળ કહે છે, પરતુ તેઓ કોણ કોણ હતા તે વિષે કંઇ નિશ્ચય નથી.

સર્વ પવિત્રો, ને વિશેષ જેઓ કાઈસારના ઘરમાંના છે તેઓ તમને સલામ કહે છે. ઉપર પાઉલના સગાથીઓની સલામો આવી હતી ને હવે રૂમના ખ્રીસ્તીઓની સલામ લખવામાં આવે છે.

પદ ૨૨.

પાઉલને વળગી રહેનારા રૂમીઓ તેની સ્થાપેલી મડળીઓના લોક પ્રત્યે પ્રીતિ દેખાડે એ સ્વાભાવિક છે, પરતુ કાઇસારના ઘરમાંના ખ્રીસ્તીઓ વિશેષ ભાવથી સલામ લખાવે છે એમ જણાય છે આ લોકો કોણ હતા એ વિષે ડા. લાઇટ્ફુટાદિ સુજ્ઞ વિદ્વાનોએ એવો ખુલાસો કર્યો છે કે આ કોઇ મોટા રાજ્યાધિકારીઓ તો નહિ, પરંતુ બાદશાહી મહેલમાં વિવિધ કામ કરનારા ગુલામો હતા. રૂમના તે જમાનાના ગુલામોમાંના કેટલાએક સારી રીતે ભણેલા હોવાથી વૈદ, શિક્ષક, કારકુન ઇત્યાદિનું કામ કરતા. તેઓમાંના ઘણાખરા પૂર્વ પ્રાંતોમાંથી આવેલા હતા, એવુ ઇતિહાસકારો જણાવે છે. રૂમીઓને લખેલા પત્રના ૧૬ મા અધ્યાયમાં જે ભાઇબેનો પર પાઉલ સલામ લખાવે છે તેઓમાંનાં કેટલાંએક કાઇસારના ઘરનાં હશે એ સંભવિત છે (જુઓ રૂમી. ૧૬ ; ૧૦, ૧૧ નો ખુલાસો). માટે પ્રેરિતના રૂમ પહોંચ્યા પહેલાં કાઇસારના ઘરમાં ખ્રીસ્તી દાસ દાસીઓ હતાં એ અનુમાન સકારણ છે, તેમજ પાઉલના બોધને લીધે બીજાં ઘણાંએ વિશ્વાસ કર્યો હશે (સરખાવો ૧; ૧૩). આવાં

ભાઇબેનો પ્રેરિત પર વિશેષ ભાવ રાખતાં હશે, તેથી તેઓ વિશેષ પ્રીતિયુક્ત સલામ પ્રેરિતના વહાલા ફિલિપ્પીઓ પર લખાવતાં હશે.

પ્રભુ ઇસુ ખ્રીસ્તની કૃપા તમારા આત્મા સાથે થાઓ. (આના જેવું ટુંકુ આશીર્વચન ફિલે. ૨૫ માં આવે છે તેનો ખુલાસો જુઓ, ને સરખાવો ગલા. ૬; ૧૮. ૨ તીમ. ૪; ૨૨). પાઉલના પત્રો પ્રભુની

પદ ૨૩.

કૃપાની વાતથી શરૂ થાય છે તેમ એજ વાતથી સમાપ્ત થાય છે. સદરહુ કૃપા દેવની છે પરતુ તે ખ્રીસ્તમાં વિશેષ પ્રગટ કરાય છે, ને તેની મારફતે મનુષ્યોને બક્ષવામાં આવે છે, માટે આશીર્વચનોમાં ખ્રીસ્તની કૃપા સાધારણે યાચવામાં આવે છે. ખ્રીસ્તની કૃપાથી દૈહિક લાભ તો મળે છે, પરતુ માનવપણાનો જે શ્રેષ્ઠ ભાગ, એટલે માનવાત્મા, તે પર આ કૃપાની વિશેષ અસર થાય છે. એ કૃપાથકી આપણા આત્મા નિર્દોષ, સુબુદ્ધિમાન તથા પરાક્રમી થાય છે, માટે જે નાઝારેથનો ઇસુ દેવનો અભિષિક્ત ઠર્યો છે ને હાલ ઊંચસ્થાને પ્રભુ તરીકે બિરાજેલો છે તેની કૃપા ફિલિપ્પીઓ પર અહિં માગવામાં આવે છે. આપણા પર તેમ આપણાં સર્વે ખ્રીસ્તી ભાઇબેનો પર રહીને આ કૃપા સર્વને આત્મામાં પૂર્ણ કરતી જાય એવી પ્રાર્થના નિત્ય કરવી, ને તે સાથે પાઉલ પ્રેરિતની પેઠે સદ્દનમુનો આપીને પ્રીતિથી સુબોધ પણ કર્યા કરવો, એ દરેક ખ્રીસ્તી માણસની જે ફરજ તે અદા કરવાને ચુકવુ નહિ.